8551

સ્વાધ્યાય

પુસ્તક ૧૨
અંક ૪

જન્માષ્ટમી
વિ. સં. ૨૦૩૧



ચિત્ર ૫
મહિષાસુરમર્દિની

ચિત્રોની સમજુતી માટે જુઓ આ અંકમાં શ્રી વસંતકુમાર પંડ્યાનો લેખ

સ્વાધ્યાય
અને
સંશોધનનું
ત્રૈમાસિક

સંપાદક
અરુણોદય ન. જાની
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા



ચિત્ર ૬
અંબિકા

ચિત્ર ૧
ગદાધર વિષ્ણુ
[ચિત્રોની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી પારેખનો લેખ]

સ્વાધ્યાય

જન્માષ્ટમી, વિ. સં. ૨૦૩૧ પુસ્તક ૧૨

ઑગસ્ટ, ૧૯૭૫ અંક ૪

સત્ય-ધર્મસ્વરૂપ શ્રીકૃષ્ણ

ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

શાર્ઙ્ગધન્વા શ્રીકૃષ્ણે હસ્તિનાપુરથી દ્વારકા તરફ જવા પ્રયાણ કર્યું ત્યારે વાયુ અનુકૂળ બનીને ભારે વેગપૂર્વક વાવા માંડ્યો અને માર્ગમાંથી કાંટા, કાંકરા, ધૂળ સાફ કરવા લાગ્યો. ઇન્દ્ર પણ પવિત્ર સુગન્ધસભર પાણી અને દિવ્ય પુષ્પો વરસાવવા લાગ્યો. (એમ કરીને માર્ગને અત્યંત મનોરમ અને અનુકૂળ રાખવા માંડ્યો.)[1] એમ સફર કરતા શ્રીકૃષ્ણ મરુભૂમિના સમથળ પ્રદેશમાં આવ્યા. ત્યાં તપસ્વી ઉત્તંક મુનિ મળ્યા. અન્યોન્ય કુશળ પ્રશ્ન પૂછ્યા પછી મહાભારત યુદ્ધથી અણજાણ ઉત્તંક, શ્રીકૃષ્ણે વિષ્ટિ દ્વારા સુલેહ કરાવી છે એવું માનીને ઉત્કંઠાપૂર્વક પૂછવા લાગ્યા : 'શૂરવંશી કેશવ! તમે કૌરવો પાંડવોમાં અચલ ભ્રાતૃભાવ સ્થાપ્યો છે ને? તમે સંધિ કરાવીને જ પાછા ફર્યા છો ને? વૃષ્ણિપુંગવ! તમારા એ સૌ સંબન્ધી તમને સદૈવ પ્રિય છે. તમે મને સમાચાર આપો. પાંચે પાંડવો અને કૌરવો તમારા સાન્નિધ્યમાં આનંદથી વિહરશે ને? તમારા જેવા સંરક્ષકને પામીને કૌરવો પ્રશાન્ત થયા છે, એટલે રાજાઓ પોતપોતનાં રાષ્ટ્રોમાં હવે સુખશાન્તિથી રહી શકશે ને? ભરતવંશીઓમાં તમે સુલેહ કરાવશો એવી આશા રાખીને હું તો બેઠો છું, તે તમે સફળ કરી દીધી છે ને? (૧૪-૫૨-૪ થી ૧૪).

શ્રીકૃષ્ણે સંક્ષેપમાં યથાર્થ ઉત્તર આપ્યોઃ 'બ્રહ્મન! કૌરવોને ભાઈચારામાં સ્થાપવા મેં ઘણી મહેનત કરી પણ એ લોકોની રુચિ અધર્મમાં હોવાથી હું સંધિ કરાવી શક્યો નહિ. પરિણામે તે સૌ પુત્ર-પરિવાર સાથે મૃત્યુ પામ્યા છે. ખરેખર! બુદ્ધિ અથવા બળથી દૈવને—

---

૧ આ ચમત્કારિક જેવું જણાતું વર્ણન કવિનો ઠાલો કલ્પનાવિલાસ નથી. આ લેખક પોતાની અત્યંત નબળી શારીરિક અવસ્થામાં સપત્નીક હિમાલયના પ્રવાસે ગયેલ ત્યારે તા. ૧૦-૯-૧૯૭૧ થી ૨૨-૯-૧૯૭૧ સુધી ઇન્દ્ર (વર્ષા) અને વાયુ સહિત દિવ્ય, માનુષ-મનસાદિ સચરાચર સકળ સૃષ્ટિ અન્તરમાં અને બહાર એના સ્રષ્ટાના દિવ્ય-ભવ્ય-રમ્ય-રૌદ્ર-મહાકાલ રૂપોનાં દર્શન કરાવતી જે અનુપમ પ્રસાદ, અનુકૂળતા અને સોઈસગવડથી વર્તી તે કલ્પનાતીત હતી. એમ છતાં એમાં કંઈ ચમત્કાર નહોતો, સ્વાભાવિકતા હતી.

ભાવિભાવને- ઉલ્લંઘી શકાતું નથી.[૨] મહર્ષિ ! તમે આ તો જાણો જ છો. એ લોકોએ મારી, ભીષ્મની અને વિદુરની (હિતકર) સલાહની અવહેલના કરી અને આપસમાં લડીને યમલોકમાં સીધાવ્યા, એમાંથી કેવળ પાંચ પાંડવો જ અવશિષ્ટ રહ્યા છે. એમનો પુત્રમિત્રાદિ પરિવાર નાશ પામ્યો છે, જ્યારે કૌરવો તો પુત્રપરિવાર સહિત બધાયે નાશ પામ્યા છે.' (૧૪-૫૨-૧૫ થી ૧૮).

શ્રીકૃષ્ણનાં વચનો સાંભળતાં જ ઉત્તંકનો પિત્તો ગયો. એમણે તો ડોળા ફાડીને શ્રીકૃષ્ણને ઉધડા જ લેવા માંડ્યા: 'કૃષ્ણ ! તમે શક્તિશાળી હોવા છતાં સંબન્ધી અને પ્રિયજન એવા કૌરવ-પાંડવોને વિનાશમાંથી બચાવ્યા નથી માટે હું તમને અવશ્ય શાપ આપીશ. મધુસૂદન ! તમે એમને બલાત્કારે પણ લડતા અટકાવ્યા નહિ એટલે મને રોષ વ્યાપી ગયો છે. હું તમને શાપ દઈશ. માધવ ! તમે સમર્થ હતા છતાં, મિથ્યાચારથી કુરુશ્રેષ્ઠોની પૂરેપૂરી ઉપેક્ષા કરી એમને છેતર્યા છે.' (૧૪-૫૨-૧૯ થી ૨૨).

વિભૂતિમાન શ્રીકૃષ્ણ શાપની ધમકીથી કેમ બીએ ? એમણે નમ્રતાપૂર્વક ઉત્તંકને એમનું સ્થાન બતાવી દેતાં ઉત્તર આપ્યો : 'ભૃગુનન્દન ! હું તમને વિસ્તારથી ખુલાસો કરું છું. તે સાંભળો: તમે તો 'તપસ્વી' છો એટલે મારો અનુનય ગ્રહણ કરો. તમે મારી પાસેથી અધ્યાત્મજ્ઞાનનું શ્રવણ કરી લો; અને તે પછી મને અત્યારે જ શાપ આપજો ! બાકી કોઈ પણ માણસ (આત્મતત્ત્વની અનુભૂતિ વગરના કાયાને કષ્ટ આપનાર, બહુ મોટા દેખાતા પણ ખરેખર તો) અલ્પ તપથી મને દબાવી શક્તો નથી. વળી જપતાં વર ! હું તમારા તપનો (વ્યર્થ) નાશ ન થાય એમ ઇચ્છું છું. (ભલેને સ્થૂળ છતાંય) તમે મહાન દીપ્તિમાન તપ કર્યું છે. ગુરુઓને સંતોષ્યા છે. તમારા કુમારાવસ્થાના બ્રહ્મચર્યપાલનની મને ખબર છે. મહાદુઃખે કરીને સંપાદન કરેલું તમારું તપ (વ્યર્થ) વેડફાઈ જાય એ મને ગમતું નથી.'[૩] (૧૪-૫૨-૨૩ થી ૨૬).

---

૨ न दिष्टमभ्यतिक्रान्तुं शक्यं बुद्धया बलेन वा । १४-५२-१६ ગ૭

પ્રબળ પુરુષાર્થી શ્રીકૃષ્ણ, દીર્ઘતપસ્વી છતાં 'બાલ' ઉત્તંકને આ શબ્દો કહે છે તેની નોંધ લેવી ઘટે. ઉત્તંકનું ચિત્તતંત્ર સૂક્ષ્મ સક્રિયતા યથાતથ સમજવાની ક્ષમતા ધરાવતું નથી.

૩ शृणु मे विस्तरेणेदं यद्वक्ष्ये भृगुनन्दन ।
गृहाणानुनयं चापि तपस्वी ह्यसि भार्गव ॥ १४-५२-२३.
श्रुत्वा त्वमेतदध्यात्मं मुञ्चेथाः शापमद्य वै ।
न च मां तपसाल्पेन शक्तोऽभिभवितुं पुमान् ॥ १४-५२-२४.
न च ते तपसो नाशमिच्छामि जपतां वर ।
तपस्ते सुमहद्दीप्तं गुरवश्चापि तोषिताः ॥ १४-५२-२५.
कौमारं ब्रह्मचर्यं ते जानामि द्विजसत्तम ।
दुःखार्जितस्य तपसस्तस्मान्नेच्छामि ते व्ययम् ॥ १४-५२-२६.

ઉત્તંક ઉત્તમ ગુરુભક્ત હતા. બ્રહ્મચર્યપૂર્વક ગુરુ ગૌતમની સુશ્રૂષા કરતાં એમને સો વર્ષ (ઘણાં વર્ષ) વીતી ગયાં. એમની પછી અભ્યાસ કરવા આવેલા હજારો શિષ્યોને ગુરુએ ઘેર જવાની રજા આપી, પણ ઉત્તંકને ન આપી. (સંભવ છે કે મંદબુદ્ધિ હશે તેથી). છેવટે ઉત્તંક નિરાશ થઈને રડવા માંડ્યા, તે પછી ગુરુએ એમને ઘેર જવાની અનુજ્ઞા આપી. પોતાની અવિવાહિત પુત્રી તેમને પરણાવી વગેરે; કથાપ્રસંગ માટે જુઓ 'અશ્વમેધિક પર્વ', अ. ૫૫ થી ૫૮.

ગાન્ધારી જેવી અપ્રમત્તપણે સમબુદ્ધિથી તપશ્ચરણ કરનાર વ્યક્તિનો શાપ કે જે ભક્તની ફરિયાદ તથા તપઃપ્રભાવથી કરેલું ભાવિભાવનું દર્શન હોય તેને શ્રીકૃષ્ણ સ્વીકારે.

ભોળા ઉત્તંક ઢીલા પડ્યા. ભોંઠા પડીને આત્મમાન સંભાળતા બોલ્યા : 'તમે મને અનવદ્ય અધ્યાત્મતત્ત્વ યથાતથ કહો. તે સાંભળીને જનાર્દન! હું તમારું શ્રેય કરીશ અથવા તો શાપ આપીશ! (૧૪-૫૩-૧)

અસીમ ધૈર્યશીલ ભગવાન શ્રીકૃષ્ણે ઋષિની મર્યાદા પારખી. એમને ઉન્નત કરવા અધ્યાત્મ-તત્ત્વ સમજાવવા માંડ્યું. જેમ એક બાળકને સમજાવે એમ: 'તમસ્, રજસ્, અને સત્ત્વ એ ત્રણે ભાવો મારે આધારે છે. તેમ જ રુદ્રો-વસુઓ પણ મારામાંથી ઉદ્ભવ્યા છે. મારામાં સર્વ ભૂતો છે અને હું પણ સર્વ ભૂતોમાં રહેલ છું, એમ તમે સમજી લો. આ બાબતમાં તમે જરાય શંકા કરશો નહિ. એ જ રીતે સર્વ દૈત્ય-યક્ષ-રાક્ષસ-નાગ-ગન્ધર્વ-અપ્સરાઓના ગણો પણ મારામાંથી જ ઉત્પન્ન થયા છે એમ જાણો. વિદ્વાનો જેને સત્, અસત્, અવ્યક્ત વ્યક્ત, અક્ષર અને ક્ષર કહે છે એ બધું કેવળ મારું રૂપ છે. ચાર આશ્રમોમાં જે ચાર પ્રકારના ધર્મ કહેવામાં આવ્યા છે તે, અને જે દેવોને ઉદ્દેશીને થતાં કર્મો છે એ સર્વ પણ મારું સ્વરૂપ છે. અસત્, સત્-અસત્ અને સત્-અસતથી પર જે વિશ્વ છે તેનાથી સનાતન દેવાધિદેવ (એવા મારા) કરતાં બીજું કંઈ શ્રેષ્ઠ નથી.[૪] ૐકારમાંથી ઉત્પન્ન થયેલા વેદો એ હું છું. એ જે પ્રમાણે યજ્ઞમાં યૂપ, સોમ તથા દેવોને (અપાતું) પુષ્ટિકારક હવિ પણ હું જ છું. હું જ હોતા, હવ્ય, અધ્વર્યુ, યજ્ઞસામગ્રી તૈયાર કરનાર અને અત્યંત સંસ્કારેલું હવિ પણ હું જ છું. મોટા યજ્ઞમાં ઉદ્ગાતા સામગાનના ઘોષથી મને જ સ્તવે છે. પ્રાયશ્ચિત્તોમાં શાન્તિપાઠકો, મંગલવાચકો અને દ્વિજશ્રેષ્ઠો સર્વ સર્જક એવા મારી સતત સ્તુતિ કરે છે. દ્વિજસત્તમ! ધર્મ મારો પરમ પ્રિય પાટવી પુત્ર છે, એમ સમજો. એ મારા મનમાંથી જન્મ્યો છે અને સર્વ પ્રાણીઓ ઉપર દયા રાખવી એ તેનું સ્વરૂપ છે. એ ધર્મમાં પ્રવૃત્ત રહેનાર અને (કામનાઓથી, લોભક્રૂરતાથી) નિવૃત્ત રહેનારા મનુષ્યો દ્વારા હું અનેક પ્રકારની યોનિઓમાં ધર્મના સંરક્ષણ અને સંસ્થાપન માટે તે તે પ્રકારના વેશ અને સ્વરૂપ ધારણ કરીને હું ત્રણે લોકમાં વિચરણ કર્યા કરું છું. હું વિષ્ણુ, બ્રહ્મા, ઇન્દ્ર, ઉત્પત્તિ અને વિલય છું. સમગ્ર ભૂતગ્રામનો સર્જક અને સંહારક છું. અધર્મમાં વર્તનારાં સર્વપ્રાણીઓને પ્રત્યેક યુગમાં પ્રજાનું હિત કરવાની કામનાથી તે તે યોનિઓમાં પ્રવેશીને (તથા અવતરીને) હું જ ધર્મના સેતુ

---

૪ असच्च सदसच्चैव यद्विश्वं सदसतः परम् ।
ततः परं नास्ति चैव देवदेवात्सनातनात् ॥ १४-५३-७.

સર૰ ગીતા ૧૧-૩૭ (મ. ભા. ૬-૩૩-૩૭).

कस्माच्च ते न नमेरन्महात्मन्,
गरीयसे ब्रह्मणोऽप्यादिकर्त्रे ।
अनन्त देवेश जगन्निवास,
त्वमक्षरं सदसत्तत्परं यत् ॥

અર્જુન : 'મહાત્મન્! તમને તેઓ શા માટે નમસ્કાર ન કરે? તમે તો બ્રહ્માથી પણ મહાન આદિકર્તા છો. હે અનન્ત! દેવેશ! જગન્નિવાસ! તમે સત્ છો (સ્થાયી, અમૃતતત્ત્વ), અસત્ છો (ક્ષણભંગુર તત્ત્વ) અને તેનાથી જે પર છે તે પણ તમે જ છો. (જુઓ શાંકરભાષ્ય : 'સત્ એટલે વિદ્યમાન અને અસત્ એટલે જ્યાં નાસ્તિ બુદ્ધિ છે તે. આ સત્ અને અસત્ જે પર અક્ષરને આશ્રયે રહે છે તે સદસત્ તત્પર છે.

(અથવા મર્યાદા)માં બાંધું છું.[5] ભૃગુનન્દન! જ્યારે દેવયોનિમાં અવતરું છું ત્યારે હું સમગ્ર આચરણ દેવની પેઠે જ કરું છું એમાં કંઈ સંશય નથી. જ્યારે હું ગન્ધર્વ યોનિમાં અવતરું છું ત્યારે હું ગન્ધર્વની પેઠે, નાગયોનિમાં અવતરું છું ત્યારે નાગની પેઠે, અને યક્ષ-રાક્ષસની યોનિમાં અવતરું છું ત્યારે યક્ષ-રાક્ષસની પેઠે જ યથાવત્ આચરણ કરું છું. અત્યારે મનુષ્યયોનિમાં વિચરું છું એટલે (માનવોના પ્રાકૃતિક સ્વભાવ પ્રમાણે) દીન બનીને (શાન્તિની) યાચના કરી હતી, પણ કૌરવો મોહગ્રસ્ત હોઈ મારાં હિતવચન સ્વીકાર્યાં નહિ. મેં મહાભય દર્શાવીને તેમ જ રોષે ભરાઈને ધમકી આપી હતી અને યથાયોગ્ય માર્ગદર્શન પણ આપ્યું હતું, પણ તેઓ તો અધર્મમાં ચકચૂર થઈને કાળધર્મથી ઘેરાઈ ગયા. છેવટે યુદ્ધમાં (ક્ષાત્ર) ધર્માનુસાર હણાઈને સ્વર્ગમાં પહોંચી ગયા એમાં કંઈ શક નથી. દ્વિજોત્તમ! હવે પાંડવો જગતમાં વિખ્યાત થયા છે. તમારા પ્રશ્નના જવાબમાં આ સર્વ વિગત તમને કહી.' (૧૪-૫૩-૨ થી ૨૨) [અર્થાત્ હું હાલ મનુષ્યયોનિમાં અવતરેલ હોઈ દૈવી શક્તિથી નહિ પણ પરમ પુરુષાર્થથી જ કાર્ય સિદ્ધ કરું. ભોળા ભાવે તમે મારા દ્વારા કંઈ દૈવી શક્તિના ઉપયોગની આશા કરી તે યોગ્ય નથી. દૈવી શક્તિનો ઉપયોગ નહિ કરીને મારે માનવજાતિને પરમ પુરુષાર્થની દીક્ષા આપવી હતી. નિર્મમ, અહંકાર રહિત, માધુર્યસભર સાચી સક્રિયતાની—કે જે સક્રિયતા કોઈ પણ 'ચમત્કાર' કરતાં વધારે ચમત્કારિક છે તેની દીક્ષા આપવી હતી, એ ધર્મમર્યાદામાં બાંધવી હતી.]

તપસ્વી ઉત્તંકના મનમાં વાત ઊતરી, રાજી થઈ ગયા. બોલ્યા: 'જનાર્દન! તમે જગત્કર્તા છો તે હું જાણું છું. ખરેખર, આ તો તમારો (મનુષ્યજાતિ ઉપરનો) પ્રસાદ જ છે, એમાં કંઈ સંદેહ નથી. મારું ચિત્ત સુપ્રસન્ન છે અને તમારામાં અનુરક્ત થઈ ગયું છે. પરંતપ! મારો કોપ ઊતરી ગયો છે. જો હું તમારા જરીકેય અનુગ્રહને પાત્ર હોઉં તો જનાર્દન! હું તમારું પેલું ઈશ્વરી (વિશ્વ) રૂપ જોવા ઇચ્છું છું, તે મને દેખાડો. द्रष्टुमिच्छामि ते रूपमैश्वरं तन्निदर्शय ॥' (૧૪-૫૪-૧ થી ૩; ૩ ગદ્ય=કે. ગીતા. ૧૧-૩ ગદ્ય द्रष्टुमिच्छामि ते रूपमैश्वरं पुरुषोत्तम ॥).

ભગવાન શ્રીકૃષ્ણ આ ભોળિયા તપસ્વી ઉપર પ્રસન્ન થયા, અને બુદ્ધિમાન ધનંજયે જે શાશ્વત વિષ્ણુસ્વરૂપ જોયું હતું તે રૂપ બતાવ્યું. ઉત્તંકે મહાત્મા શ્રીકૃષ્ણના મોટી ભુજાઓવાળા વિશ્વરૂપને જોયું. એ ઈશ્વરી રૂપને જોઈને ઉત્તંક ચકિત થઈને સ્તુતિ કરવા લાગ્યા: 'વિશ્વકર્મન્! બે ચરણોથી પૃથ્વીને અને મસ્તકથી આકાશને છાઈ દેતા તમારા આવા સ્વરૂપને હું વંદન કરું છું. સ્વર્ગ અને પૃથ્વી વચ્ચેનો ગાળો તમારા ઉદરથી વ્યાપ્ત છે. અચ્યુત! તમારી ભુજાઓથી દિશાઓ ઘેરાઈ ગઈ છે. તમે જ આ દૃશ્ય જગતરૂપ છો. દેવ! તમારા આ અક્ષય અને ઉત્તંક સ્વરૂપને હવે સમેટી લો. હું તો આપ સનાતન પુરુષને પુનઃ પોતાના રૂપમાં શ્રીકૃષ્ણરૂપમાં જોવા ઇચ્છું છું'[6] (૧૪-૫૪-૪ થી ૮).

---

૫ अधर्मे वर्तमानानां सर्वेषामहमप्युत ।
धर्मस्य सेतुं बध्नामि चलिते चलिते युगे ।
तास्ता योनीः प्रविश्याहं प्रजानां हितकाम्यया ॥ ૧૪-૫૩-૧૫.

૬ શ્રીકૃષ્ણે વિવિધ પ્રસંગે બતાવેલાં વિશ્વરૂપ વિશે જુઓ ખંડ ૩, પ્રકરણ ૫માં ઉપર્યુક્ત સંદર્ભો.

પ્રસન્ન થઈને ગોવિન્દ શ્રીકૃષ્ણે ઉત્તંકને વરદાન માગવા કહ્યું. ઉત્તંકે કૃતાર્થતાથી ભાવનાપૂર્વક ઉત્તર આપ્યો: 'મહાદ્યુતે શ્રીકૃષ્ણ! આજે તમારા આ સર્જક-સંહારક રૂપને હું જોઈ રહ્યો છું, એ જ પૂરતો વર છે. (બીજી શી જરૂર છે?)' ત્યારે શ્રીકૃષ્ણે અનુગ્રહપૂર્વક પુનઃ કહ્યું કે, 'તમે જરીયે ખચકાઓ નહિ. તમારે વર અવશ્ય માગવો જ જોઈએ. મારું દર્શન અમોઘ હોય છે.' (૧૪-૫૪-૯ થી ૧૧).

એટલે ઉત્તંકે વર માગ્યો: 'તમને લાગતું હોય કે મારે વર માગવો જ જોઈએ તો મરુભૂમિ- (મારવાડ)માં દુર્લભ એવા પાણીની (તે જરૂરના સમયે મને મળી રહે તેની) ઇચ્છા રાખું છું.' (૧૪-૫૪-૧૨).

'જ્યારે જળની જરૂર પડે ત્યારે મારું ચિન્તવન કરજો,' એવો વર આપીને, તથા પોતાનું વિશ્વરૂપનું તેજ સમેટી લઈને શ્રીકૃષ્ણે દ્વારકા તરફ પ્રસ્થાન કર્યું.

હવે એ પછી મરુભૂમિમાં વિચરણ કરતાં કરતાં એક વખતે ઉત્તંક મુનિને તરસ લાગી. એટલે એમણે શ્રીકૃષ્ણનું સ્મરણ કર્યું. સ્મરણ કરતાં વેંત એમણે કાદવથી ખરડાયેલા એક નગ્ન માતંગ- (ચાંડાળ)ને દીઠો. એની આજુબાજુ કૂતરાંનું ટોળું ઘૂમતું હતું. એણે તલવાર તથા ધનુષ્ય-બાણ ધારણ કર્યાં હતાં અને વિકરાળ દેખાતો હતો. એના પગ પાસેની પખાલમાં પુષ્કળ પાણી હતું. ત્યાં તો ચાંડાળ જાણે હસતો હોય એમ ઉત્તંકને નામ દઈને બોલાવીને કહેવા લાગ્યો કે, 'હે ભૃગુનન્દન! અહીં આવો. મારી પાસેથી જળ ગ્રહણ કરો, તમને તૃષાતુર જોઈને મને ઘણી જ દયા આવે છે.' પણ (તપોજડ) મુનિએ એ પાણીને સ્વીકાર્યું નહિ; અને ઉપરથી અચ્યુત શ્રીકૃષ્ણને ઉગ્ર વાણીથી ઠપકો આપવા માંડ્યા! બીજી બાજુ પેલો ચાંડાળ તો એમને વારંવાર 'જળ પીઓ, પીઓ' એમ કહેવા લાગ્યો! તે છતાં વિહ્વળ અને ક્રુદ્ધ ઉત્તંકે પાણી ન જ પીધું અને દૃઢ નિશ્ચયથી ચાંડાળને ધુત્કારી કાઢ્યો. એટલે પેલો ચાંડાળ પણ કૂતરાઓની સાથે ત્યાં જ અંતર્ધાન થઈ ગયો! (૧૪-૫૪-૧૩ થી ૨૦).

આ જોતાંજ ઉત્તંક મનમાં શરમિંદા થઈ ગયા. એમણે માન્યું કે 'શ્રીકૃષ્ણે મને બનાવ્યો.' (આ વસ્તુ એમણે યાદ રાખી) અને જ્યારે શંખચક્રગદાધાર શ્રીકૃષ્ણ આ જ માર્ગે પુન: આવ્યા (ઘણું કરીને પાંડવોના અશ્વમેધમાં જવા માટે) ત્યારે ઉત્તંકે એમણે ઠપકો આપ્યો: 'પુરુષોતમ! બ્રાહ્મણ- શ્રેષ્ઠોને આ રીતે ચાંડાળની પખાલનું પાણી પીવા માટે આપવું એ તમારે માટે અયોગ્ય છે.' (૧૪-૫૪-૨૧ થી ૨૩)

ઉત્તંકના ઠપકાના ઉત્તરમાં એમને મધુર વાણીથી સાન્ત્વન આપતાં મહાબુદ્ધિમાન શ્રીકૃષ્ણ બોલ્યા: 'અહીં જેવું રૂપ ધારણ કરવાનું પસંદ કરીને તમને ખરેખર જે આપવું ઉચિત હતું, એ જ (અમૃત) મેંતમને (ચાંડાળના સ્વરૂપે) આપ્યું, પરન્તુ તમે (બુદ્ધિમાંદ્યથી) એ સમજ્યા જ નહિ. તમારે માટે તો મેં વજ્રપાણિ ઇન્દ્રને કહ્યું હતું કે, તું ઉત્તંકને જળના રૂપમાં અમૃત પ્રદાન કરજે. ત્યારે દેવેન્દ્રે મને વારંવાર કહ્યું કે, 'મનુષ્ય અમરત્વ પામી ન શકે. તેથી તમે એમને કોઈ વરદાન આપો.' પણ મેં તો તમને અમૃત જ આપવા ભાર દઈને કહ્યું, ત્યારે દેવરાજ ઇન્દ્ર મને પ્રસન્ન કરીને બોલ્યો: 'મહાદ્યુતે! જો તમારે અમૃત અવશ્ય આપવું જ છે તો હું ભાર્ગવ ઉત્તંકને

ચાંડાળના વેશમાં આપીશ. જો ઉત્તંક મારી પાસેથી આ રીતે અમૃત ગ્રહણ કરે તો તો હું એમને અમૃત આપવા અત્યારે જ જાઉં છું પણ જો એ મને ધુત્કારશે તો હું તેને નહિ આપું.' (૧૪-૫૪-૨૪ થી ૩૦)

'આવી શરત કરીને ઇન્દ્ર તમારી પાસે ચાંડાળના રૂપમાં ઉપસ્થિત થયો અને અમૃત આપવા માંડ્યો. પણ તમે તો ચાંડાળરૂપી ભગવાન ઇન્દ્રને અપમાનિત કર્યા તે આપનો મહાન અપરાધ છે. ઠીક, હવે તો તમારી (પ્રાપ્ત કરવાની, અમૃત તો ગયું !) ઇચ્છા પૂર્ણ કરવા મારાથી શક્ય તેટલું ફરીને કરીશ. તમારી પાણીની ઇચ્છા હું સફળ કરીશ. બ્રહ્મન્ ! જે જે દિવસોએ તમને જળ પીવાની ઇચ્છા થશે, ત્યારે મરુભૂમિમાં જળથી પૂર્ણ વાદળાં પ્રકટ થશે, અને તે વાદળાં તમને સ-રસ જળપ્રદાન કરશે. આ વાદળાં 'ઉત્તંકમેઘ' એ નામથી વિખ્યાત થશે ![7] (૧૪-૫૪-૩૧ થી ૩૪). આ સાંભળી ઉત્તંક રાજી થઈ ગયા. આજે પણ ઉત્તંકમેઘ મારવાડમાં વરસે છે ! (૧૪-૫૪-૩૫)

['અનુગીતા'માં—આશ્વમેધિકપર્વ, અધ્યાય ૧૬ થી ૫૦—ભગવદ્‌ગીતાના લગભગ બધા વિષયો ઉપર ઉદ્‌ઘાટન કરેલું છે, પરન્તુ વિશ્વરૂપદર્શન તથા विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि । शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः ॥ ગીતા ૫-૧૮ ॥ વિદ્યા અને વિનયસંપન્ન બ્રહ્મવેત્તા બ્રાહ્મણમાં, ગાયમાં, હાથીમાં, કૂતરામાં અને કૂતરાને રાંધી ખાનાર ચાંડાળમાં પંડિતો સમાન દૃષ્ટિ રાખે છે. આ બે વિષયોની આમૂલ વિચારણા થયેલી નથી તેથી વેદવ્યાસે (= એમની સાથે અદ્વૈત અનુભવનાર કોઈ સમદર્શી કવિએ) ઉત્તંક મુનિનું આખ્યાન, ઘણા પ્રાચીન સમયમાં મહાભારતમાં દાખલ કર્યું છે એવું પ્રતીત થાય છે. એ કવિ શ્રીકૃષ્ણને 'દીનબંધુ, માનવજાતિને પુરુષાર્થની દીક્ષા આપનાર, દેવાધિદેવ નારાયણરૂપે' નિહાળે છે. આ વૈષ્ણવ કવિ—જેમણે વેદવ્યાસને આત્મસાત્ કર્યા છે—તેમના જમાનામાં સનાતન હિન્દુધર્મના જીવનતત્ત્વ તેમ જ સૌન્દર્યને પોતાની ઝેરી અસરથી નાબૂદ કરવા મથતી અસ્પૃશ્યતાએ પોતાનો મજબૂત પગદંડો જમાવ્યો હશે. ત્યારે આ કવિની નજર સ્ત્રી-વૈશ્ય-શૂદ્રોના તારણહાર, તાજગીભર્યા, સમગ્ર ક્રાંતિકારીઓના સુમેરુ ત્રિવિક્રમ શ્રીકૃષ્ણના નિર્મળ ચારિત્ર્ય ઉપર પડી હશે. એ પ્રતિભાવંત કવિએ તપોજડ મુનિ, સાધનાનું રહસ્ય નહિ પામવાથી, જે સાધના અમૃતત્ત્વ અપાવે તેમાંથી કંઈ પામ્યા વિના નિરર્થક તરસે મરે છે એનું સમાજના તમામ સ્તરોના મનુષ્યોને ગળે ઊતરે એવી સત્યદર્શી કવિવાણીમાં, શ્રીકૃષ્ણના

---

७ स तथा समयं कृत्वा तेन रूपेण वासवः ।
उपस्थितस्त्वया चापि प्रत्याख्यातोऽमृतं ददत् ।
चण्डालरूपी भगवान्सुमहांस्ते व्यतिक्रमः ॥ १४-५४-३१.
यत्तु शक्यं मया कर्तुं भूय एव तवेप्सितम् ।
तोयेप्सां तव दुर्धर्ष करिष्ये सफलामहम् ॥ १४-५४-३२.
येष्वहःसु तव ब्रह्मन्सलिलेच्छा भविष्यति ।
तदा मरौ भविष्यन्ति जलपूर्णाः पयोधराः ॥ १४-५४-३३.
रसवच्च प्रदास्यन्ति ते तोयं भृगुनन्दन ।
उत्तङ्कमेघा इत्युक्ताः ख्यातिं यास्यन्ति चापि ते ॥ १४-५४-३४.

ચરિત્ર દ્વારા પ્રભાવશાળી નિરૂપણ કર્યું છે. તથા મહાભારતની વાચના તૈયાર કરનાર ઋષિઓએ આ કથાનકને તેમાં સુયોગ્ય રીતે સ્થાન આપીને એ પૂર્ણ પુરુષોત્તમના જીવનચરિત્રનું સૂર્યસમું દીપ્તિમાન પાસું સતત જનતાની સમક્ષ રહે એ રીતે મૂક્યું છે.[૮] પણ જાણે કે જનતાએ ઊંચનીચ-ભાવના મોટા જાડા પાટાઓથી આંખો બીડીને જાતે જ અન્ધત્વ સ્વીકાર્યું, અને એ રીતે સૂર્યના અસ્તિત્વનો ઈન્કાર કરી દીધો એ જુદી વાત છે.

અહીં આદિ શંકરાચાર્યના જીવનના પ્રસંગનું સ્મરણ થાય છેઃ ગ્રીષ્મ ઋતુની એક બળબળતી બપોરે આચાર્ય શંકર વિદ્યાર્થીઓની સાથે ગંગાતીરે કેટલાંક આત્મિક કૃત્યો કરવા માટે જતા હતા. માર્ગમાં ચાર કૂતરા સાથે એક ચંડાળ મળ્યો. આચાર્યના મુખમાંથી 'દૂર હઠ' શબ્દો નીકળી ગયા. ચાંડાળ માથાનો હતો. એણે સામું પૂછ્યું; 'ઉપનિષદનાં સેંકડો વાક્ય અદ્વિતીય અનવદ્ય, અસંગ, સત્-ચિત્-આનન્દરૂપ, ભેદરહિત બ્રહ્મનું પ્રતિપાદન કરે છે એ બ્રહ્મમાં તમે અદ્વૈતમતના પ્રવર્તક આચાર્ય ભેદની કલ્પના કરો છો, એ તો આશ્ચર્યની વાત છે!, વળી ચાંડાળે આગળ ચાલીને પુષ્પિત વાણી બોલતાં જ્ઞાનહીન ઠગ જેવા વેશધારી સંન્યાસીઓ ઉપર આક્ષેપ કર્યો, અને પૂછ્યું 'યતિપુંગવ! શું એક અન્નમય કોશ બીજા અન્નમય કોશથી ભિન્ન છે? શરીરમાં રહેનારો દૃષ્ટા સાક્ષી બીજા સાક્ષીથી શું જુદો છે? પ્રત્યગાત્માના વિષયમાં બ્રાહ્મણ અને ચાંડાળમાં ભેદ સમજવો એ શું આપણા જેવા અદ્વૈતવાદી માટે બરાબર છે ખરું? સુરનદી (ગંગા) અને સુરા (મદિરા) ઉપર પ્રતિબિમ્બિત થતા સૂર્યમાં કંઈ ભેદ છે ખરો? હું પવિત્ર બ્રાહ્મણ છું અને તું શ્વપાક છે માટે દૂર હઠ એવો આપનો મિથ્યા આગ્રહ કઈ જાતનો છે?! તમે તો શરીરોમાં રહેનારા એક અશરીરી, પૂર્ણ, પુરાણ, પુરુષની ઉપેક્ષા કરી રહ્યા છો!...અહો! આપના જેવા મહાપુરુષ પણ પેલા વિશાળ માયાવી પરમાત્માની ઇન્દ્રજાળમાં ફસાઈ જાય છે!' આચાર્ય શંકર તુરત ચાંડાળને વંદન કરીને બોલ્યા : 'હે ભૂતપ્રવર (હે પ્રાણીઓમાં શ્રેષ્ઠ)! આપે કહ્યું તે સત્ય છે. તમે આત્મજ્ઞાની છો! તમે અન્ત્યજ છો, એવી ભેદબુદ્ધિ હું દૂર કરું છું. જિતેન્દ્રિય લોકો ઉપનિષદોનું મનન કરે છે. મનને આત્મામાં રમણ કરાવે છે તોપણ ભેદબુદ્ધિ સમજી શકતા નથી. જે દઢબુદ્ધિ પુરુષને આ સમગ્ર વિશ્વ સદૈવ આત્મરૂપથી પ્રકાશિત થાય છે તે બ્રાહ્મણ હો કે ચાંડાળ, વન્દનીય છે એવી મારી દઢ નિષ્ઠા છે. 'જે ચૈતન્ય વિષ્ણુથી માંડીને કીડા-મંકોડામાં સ્ફુરિત થાય છે તે ચૈતન્ય હું છું, આ દૃશ્ય જગત નહિ' એવી જેની બુદ્ધિ છે, તે ભલેને પુલ્કસ હોય, મારો તો ગુરુ છે...' આમ બોલતાં બોલતાં આચાર્ય સામે અન્ત્યજ નહિ પણ (અન્ત્યજમાં) ચારે વેદો સહિત સાક્ષાત્ શંકરનાં દર્શન કર્યાં. ('श्री शङ्कर-दिग्विजय', સર્ગ ૬,૨૧ થી ૩૯).

વેદોના પુરુષસૂક્તના અજ્ઞાન-અભિમાનમૂલક અણઘડ અર્થઘટને ભારતમાં અત્યંત જડ સ્વરૂપમાં ઊંચનીચભાવનો દોર જમાવ્યો. (બીજા દેશોમાં જુદી રીતે એ દોર છે તેનો ઉલ્લેખ અહીં અસ્થાને છે. જેને ઉન્નત થવું છે તેણે એવો વિચાર કરવાનો ન હોય.) એનું સાચું અર્થઘટન કરનાર કવિકુલસુમેરુ વેદવ્યાસ તેમ જ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણને ભારતે પૂજ્યા ખરા, પણ અનુસરણ તો પેલા અણઘડ અર્થઘટનનું કર્યું! ('પુરુષસૂક્ત'ના જડ અર્થઘટન માટે જુઓ ખંડ ૪, પ્રકરણ ૪, 'ચિત્તજ્ઞ'માં નોંધ ૬.)

---

૮ નિર્મળ સમદર્શી વૈષ્ણવો ચાંડાળ-અન્ત્યજો પ્રત્યે જે કુશળ ભાવનાથી જોતા હતા તેના કેટલાક નમૂના માટે જુઓ 'ભાગવત' ૩–૩૩–૬, ૭; ૧૦–૭૦–૪૩.

ગુજરાતના મહાકવિ શ્રી ઉમાશંકર જોશીએ પુરુષસૂક્તનું ઉત્તમ અર્થઘટન કર્યું છે. પરમશ્રી વેદવ્યાસ આધુનિક યુગમાં જો મહાભારતની નૂતન વાચના તૈયાર કરવા પધારે તો એ અર્થઘટનને સ્વીકારી લે એવું હોઈ એમાંથી મહત્તાની કંડિકા અહીં પ્રસ્તુત કરી છે: 'કોઈ પણ માનવસમુદાયના ચારે સમાજિક થરોમાં વિભક્તરૂપે જે કંઈ ઉત્તમ છે તે બધું વૈશ્વિક આકૃતિમાં એકસ્થ સમાહિત છે. મુખ એ સત્યનું વાહન બનવાનું જ. પગ આમતેમ દોડવાનું કામ કરવાના. કોઈ સકલપુરુષ(Integrated Personality)માં પણ આમ જ હોવાનું. મહાત્મા ગાંધીમાં ચારે વર્ગોમાં જે કંઈ ઉત્તમ હતું તે જોવા મળતું. તે મહાબ્રાહ્મણ હતા, કેમ કે તેમના વર્તનમાં ક્યાંક કૃપણતા ન હતી સમુદારપણું હતું, તેઓ સત્યનું મુખ હતા. એ મહાક્ષત્રિય હતા. તેમના સમયના મહાનમાં મહાન સામ્રાજ્ય સામે એમણે બાથ ભીડી હતી. મહાવૈશ્ય હતા, બલકે વાણિયા ન હતા તો બીજું કંઈ ન હતા. અને તેઓ ઉત્કૃષ્ટ ભંગીકામ કરનાર મહાશૂદ્ર હતા. **આ રીતે પુરુષસૂક્તનું અર્થઘટન કરી શકાય. એનો વાચ્યાર્થ લેવો એ તો વૈદિક ઋષિઓની મહાન કલ્પનાશક્તિને અન્યાય કરવા જેવું થશે; આઘાતક લેખાશે.** આ અને આવાં બીજાં પ્રાચીન વચનોનો દબાયેલાંઓને વધુ કચડવામાં ઉપયોગ કરવામાં આવ્યો એ જોતાં ઇતિહાસે અર્વાચીન હિંદના નવા મનુ તરીકે ભાગ ભજવનાર ડૉ. આંબેડકર નિપજાવ્યા એમાં જરૂર એક જાતનો કાવ્યન્યાય હતો.' ('હરિજનોની અને ગિરિજનોની સમસ્યા' શીર્ષક નીચે શ્રી ઉમાશંકર જોશીએ ૧૨-૧૧-૧૯૭૦ના રોજ રાજસભામાં આપેલું પ્રવચન, 'સંસ્કૃતિ'; ડિસેમ્બર ૧૯૭૦, પૃ. ૪૪૨).

ઉત્તંકની મનોદશા કરતાં ઊલટી રીતે જીવનને ઉન્નત કરતો સ્વામી વિવેકાનંદના ચરિત્રનો એક પ્રસંગ અહીં મનનીય છે: સ્વામીજી રાજસ્થાનના ખેતડીમાં જવા નીકળ્યા. રસ્તામાં એક ગામે રાત પડતાં રોકાયા. ગામના જિજ્ઞાસુઓનું ટોળું ભેગું થયું. ત્રણ દિવસ અને રાત સુધી જરાય વિશ્રાંત આપ્યા વિના લોકો પ્રશ્નો પૂછવા અને દર્શન કરવા આવ્યા, પણ કોઈએ ખાવાનું કે પાણી પીવાનું પૂછ્યું નહિ! ત્રીજી રાત્રે એક ગરીબ કંગાલ ડોસો આવ્યો. ખબર પૂછી સ્વામીજીને ભૂખ્યા તરસ્યા દેખી એ બહુ કચવાતો હતો. સ્વામીએ તેની પાસે ભોજન માગ્યું. અસ્પૃશ્ય ચમાર વૃદ્ધે કાચું સીધું આપવા કહ્યું. સ્વામીજીએ તો તેના ઘરના રોટલા માગ્યા. ચમાર તો ધ્રૂજી ઊઠ્યો. ગામ કાઢી મૂકે! વિવેકાનંદના આગ્રહથી છેવટે તે રોટલા લાવ્યો, અને તેમને જમાડ્યા. ત્યારે સ્વામીજીએ ઉદ્‌ગાર કાઢ્યા. 'સજા થવાનું જોખમ વેઠીને પણ તે ચમાર પહેરણ નીચે સંતાડીને રોટલા લાવ્યો. એ વખતે જો ખુદ દેવરાજ ઇન્દ્ર હાજર થઈને સોનાના પાત્રમાં અમૃત લઈને મારી સામે ધરી રહ્યા હોત તો તે પણ મને એ રોટલા જેટલું મીઠું લાગત કે કેમ તે શંકા છે. તે મોચીના પ્રેમથી મારી આંખો ભરાઈ આવી; અને મારા મનમાં થયું કે, 'આવા હૃદયની વિશાળતાવાળા હજારો લોકો નાનાં ઝૂંપડાંમાં રહે છે; અને આપણે હલકા, નીચ જાતિના અને અસ્પૃશ્ય કહીને તેમનો તિરસ્કાર કરીએ છીએ.' ખેતડીના મહારાજાએ પછી આ ચમારનો દરબારમાં સત્કાર કરીને સારો સરપાવ આપ્યો હતો. 'સ્વામી વિવેકાનંદ', લેખક સ્વામી ચૈતન્યાનન્દ, પૃ. ૧૩૨ થી ૧૩૪.]

*   *   *

ઉત્તંકને વરપ્રદાન કર્યા પછી શ્રીકૃષ્ણ-સાત્યકિ વિવિધ સરોવરો, નદીઓ અને વનોને પાર કરતાં રમ્ય દ્વારકામાં પહોંચી ગયા. એ સમયે દ્વારકામાં રૈવતક પર્વતનો (વસંત-)ઉત્સવ—'મહ'—ઊજવાતો હતો. સાત્યકિને સાથે લઈને શ્રીકૃષ્ણ ત્યાં (રાત્રે) પધાર્યા. પર્વતને વિવિધ પ્રકારના સોનેરી ઘાસથી શણગાર્યો હતો. એની ગુફાઓ અને નિર્ઝરોને સુંદર કાંચનમાળાઓ, પુષ્પો, વસ્ત્રો, કલ્પવૃક્ષો (મંદાર, પારિજાત, સંતાન, કલ્પવૃક્ષ અને હરિચન્દન એ પાંચ વૃક્ષ) અનેસોનાની દીપમાળાઓથી એવાં સજાવ્યાં હતાં કે એ મહાશૈલ ઉપર જાણે દિવસ ઊગ્યો હોય એવું પ્રતીત થતું હતું. ચોમેર ઘંટડીઓવાળી ધજાપતાકાઓ ફરકતી હતી, એની ઘંટડીઓ અને સ્ત્રી-પુરુષોના મધુર નાદથી પર્વત જાણે સંગીતમય બની ગયો હતો, અને મુનિગણોની જેમ મેરુ પર્વત પ્રેક્ષણીય બને છે એમ દ્વારકાવાસીઓથી રૈવતક અત્યંત પ્રેક્ષણીય બની ગયો હતો. એ પર્વતરાજ ઉપર હર્ષોન્મત્ત થઈને ગાતાં સ્ત્રી-પુરુષોનો સ્વર જાણે કે સ્વર્ગ સુધી પહોંચી જતો હતો. એ પ્રમત, મત્ત, ચકચૂર, હાલતમાં નાચતાં-કૂદતાં અને કિલકારીઓ કરતા હતાં. (આ મેળામાં) મોટું બજાર ભરાયું હતું, ખાવા-પીવાની, હરવા-ફરવાની સર્વ સગવડ હતી. વસ્ત્રો-ફૂલમાળાઓના ઢગલા હતા. વીણા-વેણુ-મૃદંગ વાગતાં હતાં. સુરા-મૈરેયવાળાં ખાણાં-પીણાં દીન-અન્ધ-અનાથોને નિરંતર મળ્યા કરતાં હતાં. એમ એ મહાગિરિનો ઉત્સવ પરમ મંગલકારી દીસતો હતો. **बभौ परमकल्याणो महस्तस्य महागिरेः ॥ १४-५८-१२ गद्य ॥**[૯] આ રૈવતક યાદવવીરોનું વિહારસ્થાન હતું. ત્યાં બાંધેલા વિહારગૃહોથી એ દેવલોકના જેવો શોભતો હતો, અને શ્રીકૃષ્ણના સાન્નિધ્યથી તો એ ગિરિરાજ સાક્ષાત્ ઇન્દ્રભવનના જેવો બની રહ્યો. બધાંનાં સમ્માન ઝીલતા શ્રીકૃષ્ણ અને સાત્યકિ પોતપોતાના ભવનોમાં ગયા. દાનવોને પરાક્રમથી હરાવવાનું દુષ્કર કર્મ કરીને જેમ ઇન્દ્ર પોતાના નિવાસમાં પ્રવેશે એમ (કૌરવોને હરાવવાનું કર્મ કરી) ચિરકાલપ્રવાસી પ્રસન્નચિત્ત શ્રીકૃષ્ણ પોતાના નિવાસમાં પ્રવેશ્યા. દેવો જેમ ઇન્દ્રનું સ્વાગત કરે એમ ભોજ-વૃષ્ણિ-અન્ધક વંશના યાદવોએ એમનું સ્વાગત કર્યું. શ્રીકૃષ્ણે એમનો વળતો સત્કાર કરી કુશળતા પૂછી અને પછી પ્રેમપૂર્વક માતાપિતાના ચરણમાં વન્દન કર્યું. દેવકી-વાસુદેવે મહાબાહુ શ્રીકૃષ્ણને દૃઢ આલિંગન આપ્યું અને મીઠાં વચનથી સાન્ત્વન આપ્યું. (ભલેને જગદ્ગુરુ, જગન્નાથ હોય. દેવકી-વાસુદેવનો તો એ દીકરો હતો.) શ્રીકૃષ્ણે હાથ-પગ ધોઈ વિશ્રામ લીધો. ત્યાર બાદ બધા યાદવો એમને વીંટાઈને બેઠા અને પિતા વસુદેવે પૂછવાથી એમણે મહાયુદ્ધનો વૃત્તાંત કહેવા માંડયો. ('અશ્વમેધિકપર્વ', અ. ૫૮)

વસુદેવજી પૂછે છે: 'પુત્ર! લોકો પાસેથી હું આ અતિ અદ્ભુત સંગ્રામ વિશે સાંભળું છું. પણ મહાભુજ! તેં તો યુદ્ધને પ્રત્યક્ષ જોયું છે, તેમ જ તું એનો કાર્યજ્ઞ—મૂળ કારણનો જ્ઞાતા પણ છે. માટે મને સંગ્રામનો યથાતથ વૃત્તાંત કહી સંભળાવ. મહાત્મા પાંડવો અને ભીષ્મ, કર્ણ, કૃપ, દ્રોણ, શલ્ય વગેરેની સાથે અને અન્ય અનેક દેશવાસી, વિવિધ વેશ તથા આકૃતિવાળા કૃતાસ્ત્ર ક્ષત્રિયો વચ્ચે આ મહત્તમ સંગ્રામ કેવી રીતે ખેલાયો હતો?' (૧૪-૫૯-૧ થી ૪.)

---

૯ શ્રીકૃષ્ણે વ્રજમાં 'શક્રમહ' (ઇન્દ્રનો ઉત્સવ) બંધ રખાવી 'ગિરિયજ્ઞ' કે 'ગિરિમહ' ચાલુ કરાવી ગોવિન્દ અને ઉપેન્દ્ર નામ પ્રાપ્ત કરેલાં તે પરંપરા અનુસાર દ્વારકામાં આ રૈવતક મહાગિરિનો 'મહ' ઠાઠમાઠ અને ધામધૂમથી ઊજવાય એ સ્વાભાવિક છે. વળી આ વર્ણનમાં ગોપાલ યાદવોની ગીત-સંગીત-નૃત્ય-ઉત્સવપ્રિયતા પણ ભારોભાર ઊભરાતી જણાય છે. જેના આધારે કાવ્ય-પુરાણ-ભક્તિસાહિત્યમાં હૃદયને આનન્દવિભોર કરી પવિત્ર વૃન્દાવનમાં પરિવર્તન કરતી શ્રીકૃષ્ણલીલાની કાલિન્દી વહી રહી છે.

માતા (અને યાદવમંડળ)ની ઉપસ્થિતિમાં પિતાજીએ પ્રશ્ન કર્યો, ઉત્તરમાં શ્રીકૃષ્ણે સંહારની કથની કહી: 'સંગ્રામમાં ક્ષત્રિયોએ એટલાં બધાં અતિ અદ્દ્ભુત કર્મો કર્યાં છે કે એનું સેંકડો વર્ષે પણ વર્ણન થઈ શકે નહિ. એટલે અમરદ્યુતે! હું મુખ્ય બનાવોનું સંક્ષેપમાં વર્ણન કરીશ; જેમ ઇન્દ્ર દેવોના સેનાપતિ થાય એમ ભીષ્મ કૌરવોની અગિયાર અક્ષૌહિણી સેનાઓના સેનાપતિ થયા. પાંડવોની સાત અક્ષૌહિણી સેનાનો (દશમે દિવસે) સેનાપતિ બુદ્ધિમાન શિખંડી થયો. સવ્યસાચી અર્જુન શિખંડીના સંરક્ષક બન્યા. ત્યાર પછી કૌરવ-પાંડવો વચ્ચે સુમહાન રોમહર્ષણ સંગ્રામ ખેલાયો. એ મહાયુદ્ધમાં ઝૂઝતા ભીષ્મને ગાંડીવધન્વા અર્જુનની સહાયતાથી શિખંડીએ જથ્થાબંધ બાણોથી ઘાયલ કરી નાખ્યા. પરિણામે ભીષ્મ શરશય્યામાં પોઢ્યા. મુનિવ્રત ધારણ કર્યું. દક્ષિણાયન સમાપ્ત થતાં એમણે ઉત્તરાયણમાં કાળ કર્યો. કૌરવોની બચેલી નવ અક્ષૌહિણી સેનાઓના અસ્ત્રવેત્તાઓમાં પણ નિપુણ દ્રોણ, જેમ દૈત્યોના શુક્રાચાર્ય સેનાપતિ બને એમ સેનાપતિ બન્યા. સમશ્લાઘી દ્રોણનું રક્ષણ કૃપ-કર્ણ કરતા હતા. મહાસ્ત્રવેત્તા ધૃષ્ટદ્યુમ્ન પાંડવોની પાંચ અક્ષૌહિણીનો સેનાપતિ થયો. મિત્ર દેવ જેમ વરુણનું રક્ષણ કરે છે એમ ભીમસેન એનો રક્ષક હતો. દ્રોણે પિતા દ્રુપદનું અપમાન કરેલું તેનું સ્મરણ કરીને એણે સંગ્રામમાં ભારે પરાક્રમ કર્યું. દ્રોણ-ધૃષ્ટદ્યુમ્નના સંગ્રામમાં મોટી સંખ્યામાં વીર ક્ષત્રિયો માર્યા ગયા. એ રીતે પાંચ દિવસ પરમ દારુણ યુદ્ધ ચાલ્યું. છેવટે (વૃદ્ધ) દ્રોણ થાકી ગયા, અને ધૃષ્ટદ્યુમ્નના વશમાં પડીને માર્યા ગયા. ત્યાર બાદ દુર્યોધનની અવશિષ્ટ રહેલી પાંચ અક્ષૌહિણીનો કર્ણ સેનાપતિ થયો. જ્યારે પાંડવોની ત્રણ અક્ષૌહિણી સેના, કે જેમાંથી મોટા ભાગના પ્રમુખ વીરનરો માર્યા ગયા હતા, તેના અર્જુન સેનાપતિ થયા. પતંગિયું જેમ અગ્નિમાં કૂદીને ભસ્મીભૂત થઈ જાય એમ બીજે દિવસે (સત્તરમે દિવસે) અર્જુન સામે ટકરાતાં કર્ણ માર્યો ગયો. કર્ણ માર્યો જતાં નિસ્તેજ તથા નિરુત્સાહ કૌરવોએ શલ્યને બાકીની ત્રણ અક્ષૌહિણીનો સેનાપતિ બનાવ્યો. જ્યારે જેનાં મોટા ભાગનાં વાહનોનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો એવી નિરુત્સાહ એક અક્ષૌહિણી સેનાના કુરુરાજ યુધિષ્ઠિર સેનાપતિ થયા. એમણે (અઢારમા દિવસે) મધ્યાહ્ન થતાં થતાં દુષ્કર કર્મ કરીને શલ્યને હણી નાખ્યો. શલ્ય મરાયા પછી સહદેવે કલહના મૂળ કારણ શકુનિને મારી નાખ્યો. મોટા ભાગનું સૈન્ય અને (કલહમૂળ) શકુનિ માર્યો જતાં દુર્યોધન અતિ ખિન્ન થઈ હાથમાં ગદા લઈને ભાગ્યો. પ્રતાપી ભીમે એનો પીછો પકડ્યો અને દ્વૈપાયન હ્રદના પાણીમાં છુપાયેલો હતો તેને શોધી કાઢ્યો. એટલે અવશિષ્ટ રહેલા લક્ષણથી ઉમંગવાળા પાંડવોએ સરોવરને ઘેરો ઘાલ્યો અને દુર્યોધનની પાસે પહોંચી ગયા. પાંડવોના વાગ્બાણોથી ખૂબ ઘવાઈને દુર્યોધન ગદા સાથે લડવા માટે પાણીની બહાર નીકળ્યો. ત્યાર બાદ ખેલાયેલા મહાસ્મરમાં રાજાઓની નજર સમક્ષ ભીમસેને પરાક્રમ કરીને એને મારી નાખ્યો. એ પછી પાંડવ લશ્કર રાત્રે ઊંઘતું હતું ત્યારે પિતાનું મૃત્યુ સહન ન થવાથી અશ્વત્થામાએ એને સંહારી નાખ્યું. પરિણામે પાંડવોના પુત્રો, સેના અને મિત્રો માર્યાં ગયાં, કેવળ પાંચ પાંડવ, સાત્યકિ અને હું એટલા જ બચ્યા છીએ. કૌરવોમાં કૃપ, કૃતવર્મા અને અશ્વત્થામા બચ્યા. પાંડવોનો આશ્રય લેવાથી (અને બચેલી સ્ત્રીઓને હસ્તિનાપુર લઈ જવાના ધર્મકૃત્યથી) કૌરવ્ય યુયુત્સુ પણ બચી ગયો છે. પરિવાર સહિત સુયોધન માર્યો જતાં (કૌરવોના સજ્જન મન્ત્રીઓ) વિદુર અને સંજય ધર્મરાજની સેવામાં ઉપસ્થિત થયા છે. પ્રભો! એ રીતે અઢાર દિવસ સુધી યુદ્ધ ચાલ્યું, રાજાઓ હણાઈને સ્વર્ગે સંચર્યા છે. (૧૪-૫૯-૫, ૬ થી ૩૫).

આ રોમહર્ષણ યુદ્ધકથા સાંભળીને યાદવો દુઃખ-હર્ષ-પરિક્લેશથી વ્યાકુળ થયા. (૧૪-૫૯-૩૬)

પ્રતાપી શ્રીકૃષ્ણે મહાભારતનો વૃત્તાંત કહ્યો, પરંતુ પિતાને લાડકા દૌહિત્રના મૃત્યુનો આઘાત ન લાગે માટે એમણે અભિમન્યુના (ખૂન જેવા) વધનો વૃત્તાંત જાણીબૂઝીને છોડી દીધો. પણ પાસે તો અભિમન્યુની પ્રેમાળ-દુઃખી માતા સુભદ્રા બેઠી હતી. માતૃહૃદય આ કેમ સહી શકે? એ વચ્ચે જ, 'કૃષ્ણ! અભિમન્યુના વધના સમાચાર તો આપો,' એમ બોલીને ભોંય પર પછડાઈ પડી. સુભદ્રાને પછડાતી જોઈને વૃદ્ધ વસુદેવ પણ દુઃખથી બેહોશ થઈને પૃથ્વી પર પછડાયા. થોડી કળ વળતાં એમણે દુઃખશોકભર્યા સ્વરે શ્રીકૃષ્ણને કહ્યું : 'પુંડરીકાક્ષ! **તું તો જગતમાં સત્યવાદી તરીકે વિશ્રુત છે. ननु पुण्डरीकाक्ष सत्यवाग्भुवि विश्रुतः** ॥ ૧૪-૬૦-૭ કખ । છતાં શત્રુહન્તા! તું તો મારા દૌહિત્રના વધના સમાચાર આપતો જ નથી (છુપાવી રાખે છે)! મને હવે તારા ભાણેજના મૃત્યુનો સંપૂર્ણ વૃત્તાંત કહે. હાય! બરાબર તારા જેવી જ આંખોવાળો અભિમન્યુ રણમાં શત્રુઓ દ્વારા શી રીતે માર્યો ગયો?! । ખરેખર સમય થયા પહેલાં મરવું અત્યંત કઠણ છે, એટલે તો આવા માઠા સમાચાર સાંભળવા છતાં પણ મારા હૃદયના સેંકડો ટુકડા થઈ જતા નથી. મરતાં અગાઉ એણે માતા સુભદ્રાને અને મને શો સંદેશો કહાવ્યો હતો? ચપળ આંખોવાળો મારો એ લાડકો સંગ્રામમાં પાછી પાની કરીને તો મૃત્યુ નથી પામ્યો ને? યુદ્ધમાં એણે વિકૃત મુખ તો કર્યું નહોતું ને? વળી કૃષ્ણ એ મહાતેજસ્વી, પ્રભાવશાળી મારી આગળ (નાના આગળ) બાળભાવથી પોતાનાં વખાણ કરતો હોય એમ પોતાના વિજયની વાતો કહેતો હતો. મારો એ દૌહિત્ર દ્રોણ-ભીષ્મ-કર્ણ સાથે રણમાં સ્પર્ધા કરતો હતો. દ્રોણ-કર્ણ-કૃપ વગેરેએ એને વિકૃત કરીને તો ધરણી પર નહતો ઢાળ્યો ને? કેશવ એ મને કહે.' (૧૪-૬૦-૧ થી ૧૪)

આ રીતે ખૂબ દુઃખી થઈને વિલાપ કરતા પિતા વસુદેવને (પિતાના દુઃખના સહભાગી હોઈ) દુઃખિતતર પુત્ર શ્રીકૃષ્ણ (પોતે સ્થિતિપ્રજ્ઞ હોઈ સંયમ રાખી સાન્ત્વન આપતાં) બોલ્યા: 'સમર્થ પિતાજી! ના જી, એણે સંગ્રામના મોરચે મુખ વિકૃત કર્યું નથી. દુસ્તર સંગ્રામમાં એણે પીઠ દેખાડી નથી. સેંકડો અને હજારો રાજાઓનો સંહાર કર્યા પછી દ્રોણ-કર્ણે એને થકવ્યો ત્યારે એ દુઃશાસનના પુત્રના સપાટામાં આવ્યો. (લડાઈના કરેલ નિયમ મુજબ, જો નિરંતર એક યોદ્ધો એક સામે જ લડતો હોત તો સાક્ષાત્ વજ્રધારી ઇન્દ્ર પણ એને હણી શકત નહિ. પણ અહીં તો પૂર્ણરૂપેણ અધર્મયુદ્ધ કરવામાં આવ્યું હતું.) એ વખતે સંશપ્તકો અર્જુનને પડકારી એને સંગ્રામમાં બીજે ખેંચી ગયા હતા અને ક્રોધાયમાન દ્રોણ વગેરેએ એને યુદ્ધમાં ઘેરી લીધો હતો, તોપણ પિતા અર્જુનની જેમ વિક્રમશીલતાથી મહાન શત્રુસંહાર કરીને, વાર્ષ્ણેય! તમારો દૌહિત્ર દુઃશાસનના પુત્રના સપાટામાં આવ્યો. ('માર્યો ગયો' એવા આઘાતજનક શબ્દો બોલવાનું શ્રીકૃષ્ણ શરૂમાં ટાળે છે.) એ ચોક્કસ સ્વર્ગે જ ગયો છે, માટે મહામતે! તમે શોકનો ત્યાગ કરો, **કારણ કે સંકટમાં ફસાઇ પડ્યા હોય તોપણ (આપના જેવા) સજ્જનો કદી પણ ઢીલા થઈ જતા નથી. न हि व्यसनमासाद्य सीदन्ते सन्नराः क्वचित्** । જેણે મહેન્દ્ર જેવા પરાક્રમી દ્રોણ-કર્ણ વગેરેને પણ હંફાવ્યા છે તે કેમ સ્વર્ગને ન પામે? માટે દુર્ધર્ષ! તમે શોક છોડો. મન્યુના

સકંજામાં ન આવે.[10] પરપુરંજય અભિમન્યુ તો શસ્ત્રાઘાતથી પવિત્ર થયેલી ગતિને પામ્યો છે. એ વીર હણાતાં, આ મારી બહેન સુભદ્રા સાસુ કુન્તીની પાસે જઈને ટીટોડીને પેઠે વિલાપ કરવા લાગી હતી. વળી દ્રૌપદીની પાસે જઈને દુઃખમગ્ન શબ્દો બોલીને પૂછતી હતી કે, 'આર્યે! બધાં બાળકો ક્યાં છે? મારે એ સૌને જોવાં છે! એનાં આવાં કરુણ વચનો સાંભળીને બધી કૌરવ સ્ત્રીઓ એને બન્ને હાથોથી પકડીને પરમ આર્તની જેમ કલ્પાંત કરવા લાગી. સુભદ્રાએ ઉત્તરાને પૂછ્યું પણ ખરું કે, 'ભદ્રે! તારો પતિ કયાં ગયો છે? તું એને શીઘ્ર મારા આવાગમનની ખબર આપ. વિરાટકુમારિ! જે અગાઉ મારો અવાજ સાંભળીને ઘરમાંથી દોડતો મારી પાસે આવતો હતો, તે તારો પતિ આજે કેમ મને મળવા આવતો નથી?' વળી અભિમન્યુને ઉદ્દેશીને કલ્પાંત કરવા લાગી: 'અભિમન્યો! તારા મહારથી મામાઓ (શ્રીકૃષ્ણ, બલરામ વગેરે) કુશળ છે. લડવા માટે રણમેદાનમાં આવેલા તારું એમણે સૌએ કુશળ પૂછ્યું છે. અરિંદમ! તું પૂર્વની પેઠે જ આજે મને યુદ્ધકથા કહે. હું વિલાપ કરી રહી છું તોપણ તું આજે કેમ બોલતો જ નથી?!' સુભદ્રાનો કરુણ વિલાપ સાંભળીને સુદુઃખાર્ત કુન્તી એને આસ્તે આસ્તે સમજાવતાં બોલ્યાં: 'સુભદ્રે! વાસુદેવ, સાત્યકિ અને અર્જુન જેને લાડથી ઉછેરતા હતા તે બાળક અભિમન્યુ તો કાળધર્મને લીધે માર્યો ગયો છે. મૃત્યુલોકમાં જન્મેલ મનુષ્યનો ધર્મ આવો છે માટે યદુનન્દિનિ! मा शुचः । શોક ન કર. તારો દુર્જય પુત્ર પરમ ગતિને જ પામ્યો છે. તું મહાત્મા ક્ષત્રિયોના મહાન કુળમાં જન્મી છે. એટલે કમળપાંખડી જેવાં નેત્રવાળી! તું એ ચંચળ નેત્રવાળા અભિમન્યુનો શોક મૂકી દે. ગર્ભિણી ઉત્તરાના સામું નજર કર (અને ભાવિ વંશવેલાનો વિચાર કરીને) શોક છોડી દે. એને શીઘ્ર પુત્રનો પ્રસર થશે.' એ રીતે પિતાજી! ફોઈ કુન્તીએ એને આશ્વાસન આપ્યું, (છાતી કઠણ કરી) અસહ્ય શોક ત્યજીને અભિમન્યુના શ્રાદ્ધની ગોઠવણ કરી. ધર્મરાજ, ભીમ અને યમ જેવા નકુલ-સહદેવની સંમતિથી (અર્જુન શોકનિમગ્ન અને જયદ્રથવધના આયોજનમાં મશગુલ હોઈ તેમને નથી જણાવ્યું) ધર્મજ્ઞા કુન્તીએ અનેક પ્રકારનાં દાન દીધાં. બ્રાહ્મણોને ગાયોનું દાન દીધા પછી પરમ સંતોષ પામીને (અત્યંત વ્યવહારકુશળ અને અનુભવી) કુન્તીએ (સગર્ભા) ઉત્તરાને કહ્યું: 'યશસ્વિનિ! હવે તારે તારા પતિનો સંતાપ કરવો નહિ, પણ ગર્ભમાં રહેલા મારા શિશુનું રક્ષણ કરવું.' મહાદ્યુતે પિતાજી! કુન્તીએ એટલી સૂચના આપી. ત્યાર બાદ એમની અનુજ્ઞા લઈને હું સુભદ્રાને મારી સાથે લેતો આવ્યો છું. માધવ! આમ તમારો દૌહિત્ર મૃત્યુ પામ્યો છે. દુર્ધર્ષ! હવે આપ સંતાપ દૂર કરો અને મનને શોકમગ્ન કરશો નહિ.' (૧૪-૬૦-૧૫ થી ૪૧).

પુત્ર શ્રીકૃષ્ણનાં આશ્વાસક વચનો સાંભળીને વસુદેવે શોક મૂકયો. અભિમન્યુ પાછળ અનુપમ શ્રાદ્ધ કર્યું. એ જ પ્રમાણે શ્રીકૃષ્ણે પણ પિતાજીના લાડકવાયા ભાણેજની ઔર્ધ્વદૈહિક ક્રિયા કરી.

૧૦ કાર્યજ્ઞ પુત્ર પિતાને વિનયથી ભગવદ્ગીતાના પાઠ આપે છે, પણ આ શોક તે શી બિસાતમાં છે? હજી તો આ દેવાધિદેવ પુત્ર અને સાક્ષાત્ સંકર્ષણ જેવા પુત્ર બલરામ સહિત સમગ્ર પરિવાર અને જાતિનું સ્વધામગમન અતિ વૃદ્ધ આંખોથી જોવાનું વસુદેવજીના નસીબમાં હતું. એ આગામી પ્રચંડ શોક-સાગરનાં પહાડ જેવાં મોજાં સામે જે ધૈર્ય તથા તીવ્ર તપસ્યાથી વસુદેવ-દેવકીએ સાક્ષાત્ વિષ્ણુને પુત્ર તરીકે મેળવ્યા હતા, એનાથી સહેજ પણ ઓછાં નહિ એવાં ધૈર્ય અને તીવ્ર તપસ્યાથી એમને ટક્કર લેવાની હતી. એ માટે સ્વયં નારાયણ પ્રેમાળ પુત્રરૂપે મીઠી સહાનુકમ્પાથી કોમળપણે એમને તૈયાર કરે છે—દુઃખ-શોક-સંતાપ અને દુઃખ જેનો પ્રતિભાવ છે એવાં 'હર્ષ-સુખ'ને છોડીને સકળ આનન્દોની પ્રતિષ્ઠા એવા, **'હું'કારથી રહિત 'સ્વ'માં પ્રતિષ્ઠિત થવા, સ્વસ્થ થવા.**

બ્રહ્મભોજન કરાવ્યાં.[૧૧] સુવર્ણ, ગાયો, શય્યા અને વસ્ત્રોનાં દાન દીધાં કે બ્રાહ્મણો 'બસ, બસ' બોલી ઊઠ્યા અને પછી શ્રીકૃષ્ણ, બલદેવ, સત્યક અને સાત્યકિએ પણ અભિમન્યુનું શ્રાદ્ધ કર્યું. પણ આઘાત એટલો ઊંડો હતો કે દાન-શ્રાદ્ધ કરવા છતાં એમને (કાર્યજ્ઞ શ્રીકૃષ્ણ સિવાયનાંને) કળ વળતી નહોતી. (૧૪-૬૧-૧ થી ૬).

આ બાજુ વેદનાની ભઠ્ઠીમાં શેકાતા પાંડવોનેય ચેન નહોતું પડતું. અભિમન્યુનો વિરહ અસહ્ય હતો. પરિસ્થિતિની મહાન કરુણતા તો એ હતી કે શોકાર્ત સગર્ભા ઉત્તરાએ ઘણા દિવસની લાંઘણો ખેંચી હતી. પરિણામે કૂખમાંનો ગર્ભ અત્યંત લીન થઈ ગયો (ગળી ગયો). મુનિ વેદવ્યાસ દિવ્યચક્ષુથી આ બિના જાણી ગયા; આવ્યા. કુન્તી અને ઉત્તરાને મળ્યા. સમજ પાડી: 'યશસ્વિનિ ઉત્તરા! આ શોક કરવો મૂકી દે. તને મહાતેજસ્વી પુત્ર જન્મશે. વસુદેવના પ્રભાવથી અને મારા વચનથી એ પાંડવોની પછી પૃથ્વીનું પાલન કરશે. આ પછી ધર્મરાજની સન્મુખ શોકનિમગ્ન અર્જુનને તત્કાર શોક ખંખેરી નાખવા જણાવીને બોલ્યા કે, 'તારો પૌત્ર સમુદ્રપર્યંતની પૃથ્વીનું રાજ્ય કરશે. મારું આ વચન સાચું પડશે. વૃષ્ણિવીર શ્રીકૃષ્ણે અગાઉ કહ્યું હતું તેમ જ થશે. તેમાં કંઈ પણ સંદેશો આણીશ નહિ.[૧૨]... એટલે તારે કે કોઈ બીજા કુરુવંશીએ પણ શોક કરવાની જરૂર નથી.' (૧૪-૬૧-૭ થી ૧૫).

પિતામહ વેદવ્યાસે સમજણ પાડી એટલે અર્જુને શોક ત્યજ્યો; સંતોષ પકડ્યો. ઉત્તરાનો ગર્ભ પણ શુક્લ પક્ષના ચંદ્રની જેમ વધવા લાગ્યો. વેદવ્યાસ યુધિષ્ઠિરને અશ્વમેધ કરવા પ્રેરણા કરી ચાલ્યા ગયા. (૧૪-૬૧-૧૬ થી ૧૮). યુધિષ્ઠિરે બધા ભાઈઓને બોલાવી મન્ત્રણા કરી. ધર્મશીલ અને સુહૃદોની ઉન્નતિ ચાહનારા ગુરુ વેદવ્યાસ, પિતામહ ભીષ્મ અને ધીમાન ગોવિન્દે આપેલી સલાહ તે મુજબ તેમણે અશ્વમેધ કરવાનું નક્કી કર્યું. મહાદારુણ સંગ્રામને લીધે પૃથ્વી ક્ષીણરત્ના થયેલી હોઈ વેદવ્યાસની સૂચના પ્રમાણે હિમાલયમાંથી મરુત્તનું ધન લાવવા હિમાલય જવાનું નક્કી કર્યું. ધ્રુવ નક્ષત્ર અને ધ્રુવ દિવસે[૧૩] મહેશ્વરનું પૂજન અને સ્વસ્તિવાચન

---

૧૧ ૬૦ લાખ બ્રાહ્મણોને ભોજન કરાવ્યાની વિગત છે! દાનો કેવળ જાતિ બ્રાહ્મણને આપ્યાં હતાં એમ નહિ, પણ શ્રીકૃષ્ણના આચાર અને વિચાર અનુસાર દૈવી સંપતના અનુષ્ઠાતા બ્રહ્મવેત્તાઓને અપાયાં હતાં એમ ગૃહીત છે.

૧૨ જુઓ ખંડ ૪, પ્રકરણ ૭, 'પરિત્રાતા'માં ૧૦-૧૬-૮ થી ૧૭નો સંદર્ભ.

૧૩ ઉત્તરા ફાલ્ગુનિ, ઉત્તરાષાઢા, ઉત્તરા ભાદ્રપદ અને રોહિણી એ ચાર નક્ષત્રો ધ્રુવ છે, સૂર્ય એ એક જ ગ્રહ ધ્રુવ હોઈ રવિવાર એ એક જ વાર ધ્રુવ છે: તેથી ઉપરનાં ચાર પૈકીનું એક નક્ષત્ર અને રવિવાર એવો અર્થ કરી શકાય. પણ મહાભારતમાં વારનો ઉલ્લેખ થયો હોય એમ લાગતું નથી તેથી नक्षत्रेऽहनि च ध्रुवे । નો અર્થ ધ્રુવ નક્ષત્ર અને દિવસે (અર્થાત્ રાતે નહિ) પ્રયાણ કર્યું એમ લેવું પડે.

યાત્રામાં ધ્રુવ નક્ષત્ર લેવાતાં નથી તેથી 'च ध्रुवे'ને બદલે 'पूजिते' પાઠાંતર છે અને તેનો અર્થ 'શ્રવણ નક્ષત્રે' એવો આપેલો છે. શ્રવણ નક્ષત્ર યાત્રામાં લેવાય છે. તેથી શ્રવણ નક્ષત્રમાં અને દિવસે પ્રયાણ કર્યું એવો અર્થ પણ લઈ શકાય. ત્યાર બાદ ૧૪-૬૩-૧૨માં नक्षत्रे दिवसे शुभे અને ૧૪-૬૩-૧૫માં नक्षत्रमहश्च पुण्यम् । એવો ઉલ્લેખ આવે છે (અર્થાત્ શુભ નક્ષત્ર અને શુભ દિવસે) તેથી આ નિર્દેશનો 'શુભ નક્ષત્ર અને શુભ દિવસે' પ્રયાણ કર્યું એવો અર્થ પણ સંગત છે.

કરાવી હિમાલય ગયા. ત્યાંથી હાથી-ઘોડા-ઊંટ-ગધેડા ઉપર લાદીને અને મજૂરો પાસે ઉપડાવીને અનર્ગળ દ્રવ્ય લાવ્યા. (૧૪-૬૧-૧૯, અને અ. ૬૨ થી ૬૪).

પાંડવો ધન લઈને હસ્તિનાપુર આવ્યા તે અરસામાં (પાંડવો આવી પહોંચ્યા તેના કેટલાક દિવસ અગાઉ) અશ્વમેધનો સમય થયો છે એમ સમજીને શ્રીકૃષ્ણ પણ યાદવોની સાથે હસ્તિનાપુર આવ્યા. આવીને પ્રદ્યુમ્ન, સાત્યકિ, ચારુદેષ્ણ, શામ્બ, ગદ, કૃતવર્મા, સારણ, વીર, નિશઠ, ઉલ્મુક[14] વગેરે સાથે લઈને તેમ જ બલદેવ અને સુભદ્રાને મોખરે રાખી દ્રૌપદી, ઉત્તરા, કુન્તી અને બીજી ક્ષત્રિયાણીઓને આશ્વાસન આપવા ગયા. ધૃતરાષ્ટ્ર-વિદુર-યુયુત્સુએ એમનું વિધિવત્ સ્વાગત કર્યું. આદરસત્કાર પામ્યા પછી નરોત્તમ વગેરે ત્યાં જ રહ્યા. એ દરમિયાન પરિક્ષિતનો જન્મ થયો. બ્રહ્માસ્ત્ર વાગેલું હોઈ તે નિશ્ચેષ્ટ શબના રૂપમાં જન્મ્યો, તેથી એનો જન્મ (પુત્રજન્મના કારણે) હર્ષ અને (વંશનો ઉચ્છેદ થવાથી) શોક વધારનારો હતો! પરિણામે એના જન્મથી આનન્દવિભોર બની ઊછળતા લોકોનો હર્ષનાદ થોડા વખતમાં તદ્દન શાન્ત પડી ગયો. (૧૪-૬૫-૧થી ૧૦).

આ વિદારક સમાચાર મળતાં શ્રીકૃષ્ણનું મન અને ઇન્દ્રિયો વ્યથિત થયાં. તેઓ યુયુધાન સાત્યકિને લઈને અતિ ત્વરાથી અન્તઃપુરમાં પહોંચી ગયા. ત્યાં તો તેમણે ફોઈ કુન્તીને 'વાસુદેવ! દોડો, દોડો' એમ વારંવાર પોકાર કરતાં ધસ્યાં મસ્યાં આવતાં દીઠાં. એમની પાછળ જ દ્રૌપદી, સુભદ્રા ઇત્યાદિ સ્ત્રીઓ કરુણ વિલાપ કરતી આવતી હતી. શ્રીકૃષ્ણને સત્વર આવતા દીઠા એટલે કુન્તી એમની નિકટ આવી આંસુથી રુંધાયેલા કંઠે બોલ્યા : 'મહાબાહો વાસુદેવ! તને પ્રાપ્ત કરીને દેવકી ઉત્તમ સંતાનવાળી મનાય છે. તું અમારી ગતિ અને અમારો આધાર છે. આ કુળનું રક્ષણ તારે આધીન છે. યદુપ્રવીર! જો આ તારા ભાણેજનો પુત્ર છે, જે અશ્વત્થામાના હાથે હણાઈને મૂએલો જન્મ્યો છે, તેને તું સજીવન કર. યદુનન્દન! જ્યારે અશ્વત્થામાએ ઈષીકાના બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરેલો ત્યારે તેં પ્રતિજ્ઞા કરી હતી કે, 'એ બાળક મૃત જન્મશે પણ હું તેને સજીવન કરીશ.'[15] તાત! આ એ જ પુત્ર મૃત જન્મ્યો છે, તેના ઉપર તારી (અમી) નજર નાંખ. માધવ! ઉત્તરા, સુભદ્રા, દ્રૌપદી, ધર્મરાજ, ભીમ, અર્જુન, નકુલ, સહદેવ અને મારો—આમ બધાંનો તમે ઉદ્ધાર કરો (વંશનાશ અટકાવો). પાંડવો અને મારા પ્રાણ આને આધીન છે. મારા શ્વસુર વિચિત્રવીર્ય અને પાંડુનો પિંડ પણ એને આધીન છે.

---

૧૪ પ્રદ્યુમ્ન (શ્રીકૃષ્ણનો રુક્મિણીથી થયેલો પુત્ર); સાત્યકિ (યાદવ સત્યકનો પુત્ર); અર્જુન (શ્રીકૃષ્ણનો શિષ્ય); ચારુદેષ્ણ (શ્રીકૃષ્ણનો રુક્મિણીથી થયેલો પુત્ર); સામ્બ (શ્રીકૃષ્ણનો જામ્બવતીથી થયેલો પુત્ર); ગદ (શ્રીકૃષ્ણનો ઓરમાન નાનો ભાઈ-વસુદેવ-સુનામ્નીનો પુત્ર. 'હરિવંશ' ૧-૩૫-૧૦); કૃતવર્મા (ભોજવંશી યાદવ); સારણ (શ્રીકૃષ્ણનો ઓરમાન ભાઈ વસુદેવ-રોહિણીનો પુત્ર. 'હરિવંશ' ૧-૩૫-૫); વીર (શ્રીકૃષ્ણનો નાગ્નજિતીથી થયેલો પુત્ર. 'ભાગવત' ૧૦-૬૧-૧૩); નિશઠ (બલરામ અને રેવતીનો પુત્ર. 'હરિવંશ' ૧-૩૫-૭); ઉલ્મુક (બલરામ-રેવતીનો પુત્ર, 'વિષ્ણુપુરાણ' ૪-૧૫-૨૦).

૧૫ त्वया ह्येतत्प्रतिज्ञातमैषीके यदुनन्दन ।
अहं संजीवयिष्यामि मृतं जातमिति प्रभो ॥ ૧૪-૬૫-૧૭.

નિર્દિષ્ટ પ્રસંગ માટે જુઓ ઉપર નોંધ ૧૨ તથા નીચે નોંધ ૨૨.

તમારુ કલ્યાણ થજો. જનાર્દન ! જે તમને પ્રિય હતો અને જે તમારા સદંશ પરમ સુન્દર હતો તે દિવંગત આ અભિમન્યુનું પ્રિય કરો. (આ મૃત બાળકને જીવતદાન આપો.) વહુ ઉત્તરા અભિમન્યુની કહેલી આ એક વાત મીઠી લાગતી હોઈ કહ્યા કરે છે, તે તમને પ્રિય હતો માટે જ; અભિમન્યુએ ઉત્તરાને કહેલું : 'ભદ્રે ! તારો પુત્ર મોસાળમાં જશે. ત્યાં વૃષ્ણિ-અન્ધકોના કુળમાં એ ધનુર્વેદ, વિવિધ અસ્ત્રો અને સંપૂર્ણ નીતિશાસ્ત્રનું અધ્યયન કરશે.' અભિમન્યુએ (તમારા ઉપરના) પ્રણયથી આ વાત કહેલી તે નિઃસંદેહ સાચી પડવી જોઈએ. એટલે મધુસૂદન ! આ કુળના હિતને માટે અમે તમને પ્રણામ કરીને યાચના કરીએ છીએ કે, 'અમારા કુળનું ઉત્તમ કલ્યાણ કરો.' પૃથુલોચના પૃથા શ્રીકૃષ્ણને એમ વીનવ્યા પછી દુઃખી થઈને ભૂમિ ઉપર તૂટી પડયાં. એ સાથે બીજી સ્ત્રીઓની પણ એ જ દશા થઈ. એ સર્વ સ્ત્રીઓની આંખોમાંથી અશ્રુધારા વહેતી હતી અને રડતાં રડતાં બોલતી હતી કે, 'શ્રીકૃષ્ણના ભાણેજનો પુત્ર મૃત હાલતમાં જન્મ્યો છે. (કેવી અસંભાવ્ય અને દુઃખદ ઘટના !)' (૧૪-૬૫-૧૧થી ૨૮)

શ્રીકૃષ્ણે ભોંય પર પડેલાં કુન્તીને ટેકો આપી બેઠાં કર્યાં અને સાત્વન આપ્યું.

હવે દુઃખવ્યાકુળ સુભદ્રા ભાઈ શ્રીકૃષ્ણ આગળ રડવા માંડી : 'પુંડરીકાક્ષ ! ધીમાન અર્જુનના પૌત્રને જુઓ. કુરુઓ પરિક્ષીણ થયા એટલે એ પણ પરિક્ષીણ અને આયુષ્યહીન જન્મ્યો છે ! અશ્વત્થામાએ ભીમસેન ઉપર ઉગામેલી ઇષીકા ખરેખર તો ઉત્તરા, મારા અને અર્જુન ઉપર પડી છે ! કેશવ ! એ ભડભડાટ બળતી ઇષીકા મારા હૃદયમાં અત્યારે ય ચોંટેલી છે, કારણ કે, દુર્ધર્ષ ! વિભો ! હું મારા પૌત્રને જોઈ શકતી નથી. અભિમન્યુનો પુત્ર જન્મતાં વેંત મૃત્યુ પામ્યો, એ સાંભળીને પાંચે પાંડવ ભાઈઓ શું કહેશે ? આ તો જાણે કે વાષ્ણેય ! અશ્વત્થામાએ પાંડવોનું સર્વસ્વ લૂંટી લીધું છે ! શ્રીકૃષ્ણ ! અભિમન્યુ પાંડવોને બહુ વહાલો હતો એમાં કંઈ શંકા નથી. અશ્વત્થામાના અસ્ત્રથી પરાજિત થયેલ તેઓ (હિમાલયમાંથી આવી પહોંચશે) ત્યારે શું બોલશે ? જર્નાદન ! (જેના ઉપર પ્રજાતન્તુનો આધાર હતો તે) અભિમન્યુનો પુત્ર મૃત જન્મે તેનાથી ભારે મોટું દુઃખ શું હોય ? એટલે શ્રીકૃષ્ણ ! હું તમને શિર ઢાળીને પ્રસન્ન કરવા ઇચ્છું છું. આ કુન્તી અને દ્રૌપદી પણ તમને પ્રણામ કરે છે. એ સૌ તરફ પુરુષોત્તમ ! કૃપાદૃષ્ટિ કરો. જ્યારે અશ્વત્થામા પાંડવોના ગર્ભસ્થિત પ્રજાતન્તુનો નાશ કરતો હતો ત્યારે તમે કોપિત થઈને એને કહ્યું હતું કે, 'બ્રહ્મબન્ધો ! નરાધમ ! હું તારી ઇચ્છા નિષ્ફળ કરીશ. હું કિરીટી અર્જુનના પૌત્રને સજીવન કરીશ.' તમારું એ વચન સાંભળીને તમારું બળ જાણતી હું તમને પ્રસન્ન કરું છું કે દુર્ધર્ષ ! તમારા પ્રસાદથી અભિમન્યુનો પુત્ર જીવતો થાઓ. વૃષ્ણિશાર્દૂલ ! આવી પ્રતિજ્ઞા લીધા બાદ, તમે જો એ શુભવાણીને સફળ નહિ કરો તો મને મૂએલી જ જાણજો. (હું પ્રાણત્યાગ કરીશ). તમો જીવો છો છતાં પણ જો અભિમન્યુનો આ પુત્ર જીવિત ન થાય તો તમારાથી મને શો લાભ ? માટે જેમ વરસાદ વરસાવીને વાદળાં ખેતીવાડીને સજીવન કરે એમ તમારા સદૃશ આંખો-વાળા અભિમન્યુના આ મૃત દીકરાને જીવાડો કારણ કે કૌરવ ! તમે ધર્માત્મા, સત્યવાદી અને સત્યવિક્રમ-જેનું દરેક ડગલું, દરેક કાર્ય સત્ય છે, જેનું કોઈ કાર્ય મિથ્યા નથી-છો એટલે તમારે તમારી વાણીને સત્ય (ઋત) કરવી જોઈએ. તમે ચાહો તો મૃત્યુ પામેલા આ ત્રણે લોકોને જીવાડી શકો. તો પછી ભાણેજનો આ પ્યારો પુત્ર કે જે મૃત જન્મ્યો છે, તેને જીવડાવો એ તમારે માટે કયો ધાડ મારવાની છે ? ભાઈ કૃષ્ણ ! હું તમારા પ્રભાવને જાણું છું તેથી તમને આ વેણ કહું છું કે,

'તમે પાંડવો ઉપર આટલો પરમ અનુગ્રહ કરો.' અને પછી અનન્યભાવે પરમ પ્રિય ભાઈ ભગવાન શ્રીકૃષ્ણના શરણે જઈ બોલી: 'મહાબાહો! આ મારી બ્હેન છે અથવા જેનો પુત્ર માર્યો ગયો છે એવી કોઈ (દુઃખિયારી) છે અથવા મારે શરણે આવેલી છે એવું સમજીને તમે મારા ઉપર અત્યારે દયા કરો. स्वसेति वा महाबाहो, हतपुत्रेति वा पुनः । प्रपन्ना मामियं वेति दयां कर्तुमिहार्हसि ॥ (૧૪-૬૬-૧ થી ૧૯).

આ રીતે અનન્યપણે શરણે જઈને પ્રાર્થના કરવામાં આવી એટલે (ભક્તોના દુઃખે) દુઃખમૂર્છિત (અર્થાત્ ભક્તોના દુઃખથી દ્રવી જનાર ભક્તવત્સલ) શ્રીકૃષ્ણ એમને આહ્લાદ પમાડતા હોય એમ ઉચ્ચ સ્વરે બોલ્યા: 'વારુ. એમ જ થશે.' એમનાં આ શીતળ વચનોથી, ઘામથી અકળાયેલાં જેમ જળસિંચનથી આહ્લાદ પામે એમ કુન્તી-સુભદ્રા વગેરે આહ્લાદ પામ્યાં. તુરત જ શ્રીકૃષ્ણ સૂતિકાગૃહમાં પ્રવેશ્યા. ગૃહને શ્વેત પુષ્પોથી સુસજ્જ કરેલું હતું. ચારે દિશામાં જળથી પરિપૂર્ણ કુંભ ગોઠવેલા હતા. ઘી સીંચેલા ટીંબરુના અંગારા, સરસવ, (શસ્ત્રક્રિયા માટેનાં?) ચમકતાં શસ્ત્રો અને અગ્નિઓ સ્થાપેલા હતા. વૃદ્ધ અને અભિરામ સ્ત્રીઓ પરિચર્યા માટે, તથા કુશળ અને દક્ષ વૈદ્યો ચિકિત્સા માટે હાજર હતાં. રક્ષોઘ્ન (જંતુઘ્ન) દ્રવ્યો વિધિવત્ સ્થાપેલાં હતાં. હૃષીકેશ શ્રીકૃષ્ણ સૂતિકાગૃહની સુવ્યવસ્થા જોઈને પ્રસન્ન થઈ હસતા વદને એની 'સરસ, બહુ સરસ' એમ પ્રશંસા કરવા લાગ્યા. દરમિયાન દ્રૌપદી ઉતાવળી ઉતાવળી ઉત્તરા પાસે ગઈ, શ્રીકૃષ્ણ આવી રહ્યાના સમાચાર આપ્યા: 'ભદ્રે! જો આ તારા (મામા) સસરા અચિન્ત્યસ્વરૂપ, અપરાજિત, પુરાણ મુનિ, મધુસૂદન કૃષ્ણ તારી નજીક આવી રહ્યા છે. ઉત્તરાએ રડવું બંધ કર્યું. આંસુ ખાળ્યાં, વસ્ત્રો ઠીકઠાક કર્યાં, અને દેવવત્ કૃષ્ણ (પરમાત્મા જેવા શ્રીકૃષ્ણ)ની પ્રતીક્ષા કરવા લાગી. પણ શ્રીકૃષ્ણને આવતા જોતાં એના સંયમની પાળો તૂટી ગઈ. એની આંખમાંથી ગંગા-જમના વહેવા માંડી. દુણાતા હૃદયે એ દુઃખિયારી દીન બનીને કરુણ વિલાપ કરતાં બોલવા લાગી: 'પુંડરીકાક્ષ! જનાર્દન! જુઓ તો ખરા અમે બન્ને છોકરાં અત્યારે તરછોડાયાં છીએ. અભિમન્યુ અને હું તુલ્ય રીતે કાળનો કોળિયો બન્યાં છીએ. મધુહન્તા વીર! આપના ચરણોમાં માથું મૂકીને હું આપની પ્રસન્નતા ચાહું છું. અશ્વત્થામાના અસ્ત્રથી દગ્ધ મારા લાડકવાયાને સજીવન કરો. જો ધર્મરાજા, ભીમસેન અથવા તો કમલનયન આપ એવું બોલ્યા હોત કે, 'આ ઇષીકાસ્ત્ર (ગર્ભને ન મારતાં એની) અણજાણ માતાને જ મારી નાખો,' તો કેવળ હું નાશ પામત, પણ આ દશા ન થાત. અરેરે! ગર્ભસ્થ શિશુનો બ્રહ્માસ્ત્રથી ઘાત કરવાથી અશ્વત્થામાને શો લાભ મળ્યો? શત્રુનિબર્હણ ગોવિન્દ! તમને મસ્તક નમાવી પ્રસન્ન કરીને હું આ બાળકના જીવનદાનની યાચના કરું છું. જો એ સજીવન નહિ થાય તો હું પ્રાણત્યાગ કરી દઈશ. હે સત્પુરુષ! મેં તો આ પુત્રના આશરે કેટલાય મનોરથ દોડાવ્યા હતા. પણ અશ્વત્થામાએ એ સૌનો નાશ કરી નાખ્યો એટલે કેશવ! હું જીવીને શું કરું? મારી તો દૃઢ ભાવના હતી કે પુત્રને ગોદમાં લઈને તમને પ્રણામ કરવાનું ભાગ્ય મને સાંપડશે. પણ એ તો વ્યર્થ થઈ ગઈ. અભિમન્યુનો વારસ પુત્ર મૃત્યુ પામતાં શ્રીકૃષ્ણ! મારા સર્વ મનોરથ વિફળ થયા છે. મધુસૂદન! ચપલાક્ષ અભિમન્યુ તમને ખરેખર અતીવ પ્રિય હતા. બ્રહ્માસ્ત્રથી માર્યા ગયેલા એમના પુત્રને જુઓ. ખરેખર! આ તો એના પિતા જેવો કૃતઘ્ન અને નૃશંસ છે, કારણ તે પાંડવી શ્રી તજીને આજે યમલોકમાં ચાલ્યો ગયો છે! રણમોરચે જ્યારે અભિમન્યુ હણાયા ત્યારે મેં પ્રતિજ્ઞા કરેલી કે, 'વીર! હું અલ્પ સમયમાં જ તમને આવી મળીશ.' પણ

શ્રીકૃષ્ણ! કઠોર હૃદયની અને જીવિતપ્રિયા (જીવતરને વહાલું ગણનારી) મેં એ પ્રતિજ્ઞા પાળી નહિ. હવે (પુત્રમૃત્યુના આઘાતથી પ્રાણત્યાગ કરીને) હું પરલોકમાં જઈશ ત્યારે અર્જુનકુમાર અભિમન્યુ મને શું કહેશે? ('અશ્વમેધિકપર્વ' અ-૬૭).

પુત્રના જીવનની તીવ્ર લાલસાવાળી દીનદુ:ખિયારી ઉત્તરાએ આ રીતે વિલાપ કરતાં કરતાં ગાંડાની જેમ ભોંય પર પછાડ ખાધી. એટલે દુ:ખાર્ત કુન્તી સહિત ભરત સ્ત્રીઓ પણ આક્રંદ કરવા લાગી. દુ:ખશોકથી ભરપૂર આક્રંદની ચીસોથી પાંડવોનો મહેલ મુહૂર્તભર તો અપ્રેક્ષણીય -આંખે દેખી ન શકાય એવો થઈ ગયો હતો. મુહૂર્તભર બેહોશ પડી રહ્યા પછી ઉત્તરા ભાનમાં આવી. ભાનમાં આવતાં મૃતપુત્રને ખોળામાં લીધો, અને કોઈનું પણ હૃદય વિદારી નાખે એવી કરુણ વક્રોક્તિથી બોલી: '(બેટા!) ધર્મજ્ઞનો પુત્ર હોવા છતાં તું તો અધર્માચરણ કરે છે! કેમ કે વૃષ્ણિપ્રવીર (દાદામામા) ભગવાન શ્રીકૃષ્ણને તું નીચો નમીને વન્દન કરતો નથી! અને દીકરા! પરલોકમાં જઈને તારા પિતાને મારો સંદેશો કહેજે કે, 'વીર! અન્તકાળ આવ્યા વિના પ્રાણીઓ માટે મરવું કોઈ પણ રીતે મહા કઠણ છે. તેથી તો હું તમને-પતિને તેમ જ પુત્રને-ખોઈ બેઠી છું, મારુ સૌભાગ્ય નંદવાયું છે, હું અકિંચન બની છું અને મારે મરવું જ જોઈએ છતાંય અત્યાર સુધી જીવતી રહી છું! મહાભુજ! ધર્મરાજની અનુમતિ લઈને હવે હું તીક્ષ્ણ ઝેર ખાઈશ અથવા તો ચિતામાં બળી મરીશ.' અથવા તો મારા લાડકડા! મરવું જ મહામુશ્કેલ છે, કારણ કે, પતિ-પુત્રવિહીન એવી મારા આ હૃદયના હજારો ટુકડા થઈ જતા નથી.[૧૬] બેટા! ઊઠ, ઊભો થા. તારાં આ આર્ત, દુ:ખથી ઘેરાઈ ગયેલાં દીન, શોકસાગરમાં ડૂબી ગયેલાં વડદાદી કુન્તીને તો જો. તારી દાદીઓ આર્યા દ્રૌપદી, દુ:ખિયારી સુભદ્રા અને શિકારીએ વીંધી નાખેલી મૃગલી જેવી અતિ દુ:ખિયારી મારા સામું નજર તો કર! જેમ પૂર્વે હું ચપલાક્ષ અભિમન્યુના મુખને નીરખતી હતી એમ બેટા! ઊભો થા, અને ધીમાન જગન્નાથ, કમલદળના સમાન નેત્રોવાળા શ્રીકૃષ્ણના વદનકમળની શોભાને નીરખ.' આ રીતે ખૂબ ખૂબ વિલાપ કરીને ઉત્તરા પુન: ભૂમિ પર પટકાઈ પડી. બીજી સ્ત્રીઓએ એને બેઠી કરી. બેઠી થયા પછી ઉત્તરાએ ધૈર્ય ધારણ કર્યું. બે હાથ જોડી ભૂમિ પર પડીને શ્રીકૃષ્ણને (મૂકવાણીથી હૃદયપૂર્વક) પ્રણામ કર્યા. (૧૪-૬૮-૧ થી ૫).

૧૬　अथ वा दुर्मरं तात यदिदं मे सहस्रधा ।
पतिपुत्रविहीनाया हृदयं न विदीर्यते ॥ १४-६८-१०.

દુ:ખશોકના અતિશય બોજા નીચે ચગદાતા મનુષ્યના ચિત્તની આવી જ હાલત હોય છે. કોઈ વિરલા જ આમાંથી બચીને ચિત્તને સંતુલિત રાખી શકે.

મ.ભા.નાં કેટલાંક મહત્ત્વનાં પાત્રોની દુ:ખી મન:સ્થિતિના નિર્દેશ માટે જુઓ. ધૃતરાષ્ટ્રના: દ્રોણવધ પછી ૭-૮-૧૦; કર્ણવધ પછી ૮-૨૫-૨૪, ૩૪; શલ્યવધ અને દુર્યોધનપતન પછી ૯-૨-૪; ભીષ્મપતન પછી ૬-૧૫-૫૩: દુર્યોધન સહિત સોયે પુત્રો માર્યા ગયા તે પછી ૧૦-૧-૧૦. અર્જુનના: અભિમન્યુના વધ પછી ૭-૫૦-૪૯; ૫૦-૫૪. કર્ણનું સ્મરણ કરતી કુન્તીનો: ૧૫-૨૨-૧૨. દુર્યોધનનું શબ જોયા પછી શોકર્ષિત ગાન્ધારીનો ૧૧-૧૭-૨૫. ભીષ્મ માટે શોક કરતી મહા નદી ગંગાનો ૧૩-૧૫૪-૨૧, ૨૨. અને આ બધાથી વિલક્ષણ રીતે જુદો પડતો નિર્દેશ નિષ્કામ થયેલા મંકિનો: 'ઓ કામ! ખરેખર તારું હૃદય વજ્રસારથી બન્યું હોય એવું દૃઢ છે, કારણ કે એ સેંકડો અનર્થોથી ઘેરાયેલું હોવા છતાં એના સેંકડો ટુકડા થતા નથી!' ૧૨-૧૭૧-૨૩.

ઉત્તરાનો (અને કુન્તી-સુભદ્રા આદિનો) વિપુલ વિલાપ સાંભળીને પુરુષોત્તમ શ્રીકૃષ્ણે આચમન કર્યું અને પછી બ્રહ્માસ્ત્રને શાન્ત કરી દીધું. વિશુદ્ધ હૃદયવાળા, કદી પણ પોતાના મહિમામાંથી વિચલિત નહિ થનારા શ્રીકૃષ્ણે આ બાળકને સજીવન કરવાની પ્રતિજ્ઞા કરી અને સમગ્ર જગતને સંભળાવતાં બોલ્યા: 'ઉત્તરે ! હું મિથ્યા બોલતો નથી. મારું આ વચન સત્ય થશે. સમસ્ત પ્રાણીઓનાં દેખતાં દેખતાં હમણાં જ હું આને સજીવન કરી દઉં છું. મેં પૂર્વે સ્વૈર-વર્તનમાં પણ કદીય મિથ્યા ભાષણ કર્યું નથી. તેમ જ હું યુદ્ધમાંથી કદી પણ પાછો હઠ્યો નથી, તેથી તેના પ્રભાવથી આ પુત્ર જીવતો થાઓ."[૧૭] જો મને ધર્મ (સમાજને ધારણ કરનાર પ્રેમસભર અર્થાત્ અહિંસક આચરણ) અને બ્રાહ્મણો (બ્રહ્મવેત્તાઓ) વિશેષે કરીને વહાલા હોય તો અભિમન્યુનો આ મૃત અવસ્થામાં જન્મેલો પુત્ર સજીવન થાઓ. જો મેં વિજયનો (સનાતન સખા નર અર્જુનનો, અથવા જ્ઞાનવૈરાગ્ય વગેરે વૈજયન્ત ગુણોનો) કદી મનમાં પણ વિરોધ કર્યો ન હોય તો તે સત્યના પ્રભાવથી આ મૃત શિશુ જીવતો થાઓ. મારામાં જેમ સત્ય (સૈદ્ધાન્તિક પરમ સત્ય) અને ધર્મ નિરંતર પ્રતિષ્ઠિત છે (સદાકાળ સ્થિર રહેલાં છે) એ કારણે એના પ્રભાવથી અભિમન્યુનો આ મૃત બાળક જીવતો થાઓ. જો કંસ અને કેશીને મેં ધર્મ અનુસાર હણ્યા હોય તો તે સત્યના પ્રભાવથી આ બાળક અત્યારે જ પુનર્જીવિત થાઓ.'[૧૮] (૧૪-૬૮-૧૬ થી ૨૩)

---

૧૭ श्रुत्वा स तस्या विपुलं विलापं पुरुषर्षभः ।
उपस्पृस्य ततः कृष्णो ब्रह्मास्त्रं संजहार तत् ॥ १४-६८-१६.
प्रतिजज्ञे च दाशार्हस्तस्य जीवितमच्युतः ।
अब्रवीच्च विशुद्धात्मा सर्वं विश्रावयज्जगत् ॥ १४-६८-१७.
न ब्रवीम्युत्तरे मिथ्या सत्यमेतद्भविष्यति ।
एष संजीवयाम्येनं पश्यतां सर्वं देहिनाम् ॥ १४-६८-१८.
नोक्तपूर्वं मया मिथ्या स्वैरेष्वपि कदाचन ।
न च युद्धे परावृत्तस्तथा संजीवतामयम् ॥ १४-६८-१९.

૧૮ यथा मे दयितो धर्मो ब्राह्मणाश्च विशेषतः ।
अभिमन्यो सुतो जातो मृतो जीवत्वयं तथा ॥ १४-६८-२०.
यथाहं नाभिजानामि विजयेन कदाचन ।
विरोधं तेन सत्येन मृतो जीवत्वयं शिशुः ॥ १४-६८-२१.
यथा सत्यं च धर्मश्च मयि नित्यं प्रतिष्ठितौ ।
तथा मृतः शिशुरयं जीवितामभिमन्युजः ॥ १४-६८-२२.
यथा कंसश्च केशी च धर्मेण निहतौ मया ।
तेन सत्येन बालोऽयं पुनरुज्जीवतामिह ॥ १४-६८-२३.

૧૪-૬૮-૨૨ સાથે સર૦

ब्रह्मणो हि प्रतिष्ठाहममृतस्याव्ययस्य च ।
शाश्वतस्य च धर्मस्य सुखस्यैकान्तिकस्य च ॥ गीता. १४-२७ (= ६-३६-२७).

વાસુદેવ શ્રીકૃષ્ણે એ રીતે પ્રતિજ્ઞાવચન ઉચ્ચારતાં બાળક સચેતન થઈને ધીરે ધીરે અંગોપાંગ હલાવવા ચલાવવા માંડચો. (૧૪-૬૮-૨૪).[૧૯] બ્રહ્માસ્ત્રની અસર નાબૂદ થતાં સૂતિકાગૃહ પરિક્ષિતના (જીવન-સૂર્યના) તેજથી ઝળહળવા માંડયું. રાક્ષસ માત્ર (અશુભ, ઉત્સાહ ભંગ કરનાર તત્ત્વો) ગૃહ છોડીને ભાગી ગયાં (અને એને બદલે શુભ, ઉત્સાહવર્ધક તત્ત્વોથી ઘર ઊભરાઈ ગયું). આકાશવાણી થવા માંડી: 'બહુ સારું કર્યું, કેશવ! તમે તો બહુ સરસ કાર્ય કર્યું!' પેલું પ્રજ્વલિત બ્રહ્માસ્ત્ર બ્રહ્માજી પાસે ચાલ્યું ગયું. બાળક પરિક્ષિત પણ પોતાની તાકાત અને ઉત્સાહ અનુસાર હાથ-પગ ઊછળવા મંડચો. એની ચેષ્ટા જોઈને ભરતોની સ્ત્રીઓના હૃદયમાં પણ આનન્દ હિલોળા લેવા લાગ્યો. ગોવિન્દ શ્રીકૃષ્ણની આજ્ઞા અનુસાર એમણે બ્રાહ્મણો દ્વારા સ્વસ્તિવાચન કરાવ્યું. કુન્તી, દ્રૌપદી, સુભદ્રા, ઉત્તરા સહિત તમામ સ્ત્રીઓનાં હૃદય જાણે (દુઃખનો સમુદ્ર) પાર કરનારી નૌકા મળી ગઈ હોય એમ હર્ષથી ઊભરાવા માંડચાં અને સર્વ આનન્દમગ્ન થઈને શ્રીકૃષ્ણની પ્રશંસા કરવા લાગી. અને પછી તો ચોમેર આનન્દની છોળો ઊડવા લાગી. મલ્લો, નટો, ઝલ્લો (ભાંડ જેવા સેવકો), જોશીઓ, સૌખશાયિકો (સુખનિદ્રાના સમાચાર પૂછનારા), સૂતો (પૌરાણિકો) અને માગધો (વંશવર્ણન કરનાર વહીવંચા)ના સમુદાયો શ્રીકૃષ્ણ અને કુરુવંશની સ્તુતિ કરવા લાગ્યા. (૧૪-૬૯-૧ થી ૭).

હવે પ્રસન્ન પ્રસન્ન ઉત્તરા (બાળકને તૈયાર કરીને તેમ જ પોતે તૈયાર થઈને) બાળકને ઓદમાં લઈને યથાસમયે ઊઠી અને પુત્ર સહિત પ્રેમથી યદુનન્દન શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા. શ્રીકૃષ્ણે પણ ભાવભર્યા હૃદયે ઉત્તરાને અનેક રત્નો (ઉત્તમ વસ્તુઓ) ભેટ આપ્યાં. બીજા યાદવોએ પણ ભેટો આપી. ત્યાર પછી સત્યસંકલ્પ સમર્થ જનાર્દને બાળકનું નામ પાડયું: 'અભિમન્યુનો આ પુત્ર પરિક્ષીણ થયેલા કુરુકુળમાં જન્મ્યો છે, માટે એનું નામ પરિક્ષિત (વંશનો ખૂબ વિસ્તાર કરનાર, વંશવિવર્ધન) પાડો.'[૨૦] (૧૪-૬૯-૮, ૯).

પરિક્ષિત ઉછરવા માંડ્યો. એક માસનો થયો તે અરસામાં પાંડવો હિમાલયમાંથી ઢગલાબંધ રત્નો લઈને આવી પહોંચ્યા. પ્રજાએ હસ્તિનાપુરને ધ્વજા-પતાકા અને ફૂલેથી ભવ્ય રીતે શણગાર્યું.

---

૧૯ इत्युक्तो वासुदेवेन स बालो भरतर्षभ ।
शनैः शनैर्महाराज प्रास्पन्दत सचेतनः ॥ १४-६८-२४.

જુઓ 'આદિપર્વ પર્વ'માં 'પર્વસંગ્રહ'માં આ પ્રસંગનો નિર્દેશ: '(એમાં પાંડવો દ્વારા હિમાલયમાંથી) સુવર્ણકોશની પ્રાપ્તિ અને અસ્ત્રાગ્નિથી પૂર્વે બળી ગયેલા પરિક્ષિતનો જન્મ અને શ્રીકૃષ્ણે એને પુનઃ સજીવન કર્યાની કથા છે...' ૧-૨-૨૦૭.

૨૦ परिक्षीणे कुले यस्माज्जातोऽयमभिमन्युजः ।
परिक्षिदिति नामास्य भवत्वित्यब्रवीत्तदा ॥ १४-६९-१०.

શ્રીમદ્ ભાગવતમાં આ પ્રસંગનું એના મહાન ભક્ત-જ્ઞાની કવિ ઋષિએ એમની દિવ્ય શૈલીમાં અદ્ભુત નિરૂપણ કર્યું છે. તેથી ત્યાં આ બાળક 'પરિક્ષિત' ન હોતાં 'પરીક્ષિત' છે: "અશ્વત્થામાએ પાંડવોના વંશનો ઉચ્છેદ કરવા માટે બ્રહ્માસ્ત્ર ઉત્તરાના ગર્ભ પર મૂક્યું. અસ્ત્રતેજથી બળતી ઉત્તરાએ

વિદુરજીએ પાંડવોના શુભ-લાભ અર્થે દેવાલયમાં બહુવિધ પૂજન કરાવ્યાં. નર્તકો-ગાયકો અને સ્ત્રી સહિત અનેક બન્દીજનોને કારણે નગર કુબેરની અલકાપુરીના જેવુ દીસતું હતું. રાજશાસક અમાત્યે ઘોષણા કરી કે, 'આજે રત્નો અને આભૂષણોરૂપ લક્ષણવાળો આખી રાત્રીનો મહોત્સવ છે.' શ્રીકૃષ્ણ યાદવ અગ્રેસરો તથા (કુરુ સામ્રાજ્યના) અમાત્યોની સાથે પાંડવોને લેવા માટે સામા ગયા. (૧૪-૬૯-૧૦ થી ૨૦;૭૦-૧; સુવર્ણકોશની પ્રાપ્તિ અને અસ્ત્રાગ્નિથી દગ્ધ પરિક્ષિતને શ્રીકૃષ્ણે સજીવન કર્યાનો નિર્દેશ જુઓ (આદિપર્વ ૨-૨૦૭).

પ્રસ્તુત પ્રકરણમાં સંત્ય અને ધર્મસ્વરૂપ કાર્યજ્ઞ શ્રીકૃષ્ણના ચારિત્ર્યથી મંત્રમુગ્ધ કરનારી સુગંધ ફેર્યા કરે છે.

પરિક્ષિતને શ્રીકૃષ્ણે સજીવન કર્યો તે પ્રસંગને વિવિધ દષ્ટિઓથી નિહાળી શકાય છે અને તે દષ્ટિ એમની મહત્તા તથા ગૌરવની પ્રભાની ઝાંખી કરીને કૃતાર્થ થાય છે.

અભિમન્યુના વિરહથી શોકાતુર ઉત્તરાએ કેટલીય લાંઘણો ખેંચી, પરિણામે કૂખમાંનો ગર્ભ ગળી ગયો. વેદવ્યાસની સમજાવટથી એને મનને મારીને ખાવાનું શરૂ કર્યું. ગર્ભ વધવા લાગ્યો. પરન્તુ પ્રસવ થતાં પોષણની ક્ષતિ તથા માતાના દુઃખ-શોકના તીવ્ર આઘાતોની અસરથી બાળક મૃતવત્ જન્મ્યો અથવા એવી સદ્ય મૃતાવસ્થામાં જન્મ્યો કે જેમાં એના શરીરના કોશોનું વિઘટન

મહાયોગી શ્રીકૃષ્ણનું શરણ લીધું. સર્વ પ્રાણીઓના હૃદયમાં બિરાજમાન યોગેશ્વર શ્રીકૃષ્ણે પાંડવોનો વંશતન્તુ ચલાવવા માટે ઉત્તરાના ગર્ભને પોતાની માયાના કવચથી ઢાંકી દીધો; જોકે બ્રહ્મશિરસ્ અસ્ત્ર અમોઘ હતું, તોપણ વિષ્ણુના તેજની સામે આવીને એ પૂર્ણ શાન્ત થઈ ગયું...('ભાગવત' સ્કંધ ૧, અધ્યાય ૮). ઉત્તરાના ગર્ભમાં રહેલો વીર બાળક જ્યારે અસ્ત્રતેજથી દાઝવા લાગ્યો ત્યારે એણે પોતાની સમક્ષ નિર્મળ, અત્યન્ત સુન્દર, શ્યામ, વીજળી જેવું ચમકતું પીતાંબર અને ઝળહળતો સુવર્ણ મુકુટ પહેરેલા એક (જ્યોતિર્મય) પુરુષને દીઠો. સુંદર ચાર દીર્ઘ બાહુવાળા, તપાવેલા સુવર્ણનાં કુંડળધારી, લાલચોળ આંખોવાળા અને હાથમાં ઉલ્કાની જેમ ગદાને (વિષ્ણુની ગદા એટલે બુદ્ધિતત્ત્વ અથવા ઓજસ્-બળ સહિત પ્રાણતત્ત્વ) ઘુમાવતો અને બાળકની આજુબાજુ ઘૂમતો એ પુરુષ જેમ સૂર્ય ધુમ્મસને ઉડાડી મૂકે એમ અસ્ત્રતેજને શાન્ત કર્યે જતો હતો. એને જોઈને ગર્ભસ્થ શિશુ વિચારવા લાગ્યો કે 'આ કોણ હશે ? એમ દશ માસ સુધી ધર્મગોપ્તા અપ્રમેય ભગવાન કૃષ્ણ બ્રહ્માસ્ત્રના તેજને શાન્ત કરીને અન્તર્ધાન થઈ ગયા. એ પછી શુભકાળે આ પાંડવોનો વંશધર પુત્ર જન્મ્યો...જોશીઓએ કહ્યું, "દૈવની દુર્નિવાર ગતિથી આ વંશનો છેદ થવાનો હતો, પરન્તુ જગતકર્તા વિષ્ણુએ અનુગ્રહ કરીને એને આપ્યો છે, રાતઃ। તેથી એનું નામ વિષ્ણુરાત (વિષ્ણુએ દીધેલો) પડશે. આ બાળક જગતમાં નિસંદેહ મહાયશસ્વી, મહાભાગવત અને મહાપુરુષ થશે,'...પણ તે સમર્થ પોતે જે (અંગુષ્ઠમાત્ર પરિત્રાતા શ્રીકૃષ્ણ) પુરુષને દીઠો હતો તેનું અનુધ્યાન કરીને, 'અહીં દેખાતાં માણસોમાં એ છે કે નહિ' એમ પરીક્ષા કરતા હતા તેથી એ જગતમાં 'પરીક્ષિત' નામથી વિખ્યાત થયા.

स एष लोके विख्यातः परीक्षिदिति यत्प्रभुः । गर्भे दृष्टमनुध्यायन् परीक्षेत नरेष्विह ॥"

'ભાગવત' ૧-૧૨-૧ થી ૩૦

('વિષ્ણુપુરાણ' ૪-૨૦-૫૨, ૫૩માં મૃત પરિક્ષિતને સકલ સુરાસુરવન્દિત ચરણયુગલ, આત્મેચ્છાથી મનુષ્યરૂપ ધારણ કરનાર શ્રીકૃષ્ણે પુનર્જીવિત કર્યાનો નિર્દેશ છે).

થયું નહોતું.[૨૧] શ્રીકૃષ્ણે આ મૃતવત્ કે મૃત બાળકને તપઃપ્રભાવે અને સત્સક્રિયાથી સજીવન કર્યો.[૨૨]

[कार्येन्द्रियसिद्धिरशुद्धिक्षयात्तपसः ॥ 'योगसूत्र' २-४३ ॥

તપની પ્રતિષ્ઠા થતાં તે વડે અશુદ્ધિનો ક્ષય થવાથી શરીર અને ઇન્દ્રિયો અંગેની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

सत्यप्रतिष्ठायां क्रियाफलाश्रयत्वम् ॥ 'योगसूत्र' २-३६ ॥

સત્યની નિરંતર સ્થિરતા થવાથી ક્રિયાની સાથે જ ફળની પ્રાપ્તિ થાય છે—યોગી સત્ય-સંકલ્પ બને છે.]

અર્થાત્ આ મૃત બાળક કે જે મૃતવત્ અથવા પુનઃ જીવનનો સંચાર થઈ શકે એવી મૃતાવસ્થામાં જન્મેલો તેને શ્રીકૃષ્ણે પોતાના તપઃસંચિત (આયુર્વેદના અને યોગના) જ્ઞાનનિધિથી તથા સત્યસંકલ્પથી સજીવન કર્યો. શરણાગત કુન્તી, સુભદ્રા, દ્રૌપદી ઉત્તરાની પ્રાર્થનાઓ સાંભળી, દ્રવી ગયા અને યોગૈશ્વર્ય દર્શાવ્યું.

પણ પ્રશ્ન એ થાય છે કે આ યોગેશ્વર, સ્વયં અભિમન્યુ હણાયો ત્યારે કેમ ન દ્રવી ગયા ? અથવા ઉત્તંકની જેમ આપણને એવો વિચાર આવે કે, એમણે આ ઘોર સંહાર જ કેમ ન

---

૨૧ (૧) શરીરના કોશોનું, તેમાંય ફેફસાં, હૃદય અને મગજના કોશોનું વિઘટન શરૂ થયું ન હોય તો, તેમાં પુનઃ ચૈતન્ય આવી શકે છે એમ આધુનિક શરીરવિજ્ઞાન માને છે. રશિયન દાક્તરોએ બરફમાં થીજીને મૃત્યુ પામેલાં, પણ જેમના શરીરકોશો અકબંધ સચવાઈ રહેલા તેવાં માણસોને સજીવન કર્યાનું નોંધાયું છે. હૃદય જેવાં અંગોનું પુનરરોપણ ઠીક ઠીક સફળતાથી થાય છે એ તો જાણીતું છે. હાડકાંના માળાનું પુનર્રોપણ પણ સફળતાથી થયું છે.

(૨) 'આરોગ્ય વિશે સામાન્ય જ્ઞાન' (આવૃત્તિ ૫મી), પૃ. ૬૨ ઉપર ગાંધીજીએ જાણીતા જર્મન નિસર્ગોપચારક એડોલ્ફ જુસ્ટનો અનુભવ ટાંક્યો છે. તેમાં સર્પદંશથી મુએલા મનાતા માણસને માટીમાં દાટીને જુસ્ટે શુદ્ધિમાં આણેલો, એમ લખ્યું છે તે દ્રષ્ટવ્ય.

૨૨ સર૦ શ્રીકૃષ્ણે અશ્વત્થામાને કહેલું: 'નરાધમ ! મારાં તપ અને સત્યનું સામર્થ્ય નિહાળજે. पश्य मे तपसो वीर्यं सत्यस्य च नराधम ॥' ૧૦-૧૬-૧૫ હ્ય ॥ જુઓ ખંડ ૩, પ્રકરણ ૮, 'પરિત્રાતા'-માં નોંધ ૧૬.

તપની અલંઘ્ય તાકાતનું વર્ણન જુઓ :

यद्दुस्तरं यद्दुरापं यद्दुर्गं यच्च दुष्करम् ।

सर्वं तु तपसा साध्यं तपो हि दुरतिक्रमम् ॥ 'મનુસ્મૃતિ' ૧૧-૨૩૮.

જે કંઈ પાર કરવું, પ્રાપ્ત કરવું, પહોંચવું અથવા કરી શકવું અત્યન્ત કઠણ છે, તે સર્વ પણ તપથી સાધ્ય થાય છે. ખરેખર, તપનું અતિક્રમણ કરવું અતિ કઠણ છે.

તપની વ્યાખ્યા ભગવાને ગીતા ૧૭–૧૪ થી ૧૯માં શ્રીમુખે વિસ્તારથી આપી છે. તદનુસાર સંયમ પરિશ્રમ, જ્ઞાનોપાસના અને સામર્થ્ય વધારવાની સર્વ પ્રક્રિયાઓ તપ છે. ફલેચ્છા વિનાના સમતાયુક્ત મનુષ્યો પરમ શ્રદ્ધાથી જે તપ કરે છે તે તપ સાત્ત્વિક તપ છે.

અટકાવ્યો ? અથવા અતિ વૃદ્ધ માતાપિતા વસુદેવ-દેવકીના જીવતાં જ એમણે અવતારલીલા શા માટે સંકેલી લીધી ? શા માટે પોતે વહેલા સ્વધામ પધાર્યા ? આ અને આવા પ્રશ્નો હૃદયવિદારક છે. સનાતનકાળથી માણસ પૂછતો આવ્યો છે, પૂછ્યા કરશે. એનું મનન, અનુધ્યાન કરશે. એમાંથી પ્રકાશ પામી દર્શન, અનુદર્શન કરશે. પ્રથમ વિષ જેવા કડવા ઘૂંટડા ભરવાની શક્તિ કેળવી, અમૃત સમાન સુખને પ્રાપ્ત કરશે. માણસ—'નર'—આગળ મનુષ્યજીવનનો આદર્શ, અપરિમેય એવા પોતાના ચારિત્ર્યને માપવાનો વિરાટ માનદંડ શ્રીમુખે રજૂ કરવા જ જાણે કે મહાયોગેશ્વર દ્રવી ગયા, અને જેઓ સ્વયં મૃત્યુ તથા જીવનરૂપ છે તેમણે બાળક પરિક્ષિતને સજીવન કર્યો; પાંડવોનો વંશવિસ્તાર કર્યો. અને એમ એ નન્દનન્દને (૧ આનન્દને પણ આનન્દ આપનાર. ૨. નન્દગોપના પુત્ર) સૌના હૃદયમાં આનન્દની છોળો ઉડાડી.

સત્યવ્રત શ્રીકૃષ્ણે પાંચ વાર પ્રતિજ્ઞા લીધી છે: (૧) મેં પૂર્વે સ્વૈર વર્તનમાં પણ કદીય મિથ્યા ભાષણ કર્યું નથી.[૨૩] તેમ જ હું યુદ્ધમાંથી કદી પણ પાછો હઠ્યો નથી. (૨) મને ધર્મ (સત્યા-

---

૨૩ આ વચનને મળતાં મહાભારતનાં કેટલાંક ઉદાહરણ સર°

શૃંગીએ 'પરિક્ષિતને તક્ષક યમસદનમાં લઈ જશે' એવું શાપવચન ઉચ્ચારતાં પિતા શમીકે એને વાર્યો. ઉત્તર આપતાં શમીકે કહ્યું: 'હું સ્વૈર વર્તનમાં પણ મૃષા બોલતો નથી, તો પછી શાપ આપતાં શાને બોલું ?' ૧-૩૮-૨.

માતા જરત્કારુએ પુત્ર આસ્તીકને જનમેજયના સર્પસત્રમાંથી નાગોને બચાવી લેવાનો અનુરોધ કર્યો. માતાની માગણી સ્વીકારતાં આસ્તીકે જવાબ આપ્યો: 'હું સ્વૈરમાં પણ અનૃત વાણી બોલ્યો નથી. તો બીજે તો શાનો બોલું ?' ૧-૪૯-૧૯.

રાજા ઉપરિચર વસુને ચેદિ પ્રદેશ ઉપર રાજ્યાધિકાર આપતાં ઇન્દ્રે ચેદિના લોકોનું સદ્વર્તન વર્ણવતાં કહ્યું હતું. 'અહીંના લોકો સ્વૈર વર્તનમાંય મિથ્યા પ્રલાપ કરતા નથી તો બીજે વખતે તો શાના બોલે ?' ૧-૫૭-૧૦.

સગર્ભા ગાન્ધારીએ બે વર્ષ સુધી ગર્ભ ધારણ કર્યો પણ પ્રસવ થયો નહિ. દરમિયાન એણે સાંભળ્યું કે કુન્તીને બાલસૂર્ય જેવો પુત્ર (યુધિષ્ઠિર) જન્મ્યો છે. એટલે એણે પરાણે પ્રસવ કરાવ્યો. પરિણામે લોખંડના ગઠ્ઠા જેવી માંસપેશી જન્મી ! માંસપેશીને ફેંકી દેવાનું કર્યું. ત્યાં તો વેદવ્યાસ આવ્યા; અટકાવી, એક સો પુત્રો જન્મશે એમ જણાવ્યું, અને બોલ્યા 'હું પૂર્વે સ્વૈરાચરમાં પણ કદી વિતથ-મિથ્યા બોલ્યો નથી તો બીજે તો શાનો બોલું ?' ૧-૧૦૭-૧૭.

દ્રૌપદીને પાંચે પાંડવ ભાઈઓ પરણે એવો પ્રસ્તાવ કરતાં યુધિષ્ઠિર બે વખત બોલ્યા કે, 'હું અનૃત વાણી બોલતો નથી, તેમ મારી બુદ્ધિ અધર્મમાં પરોવાતી નથી.' ૧-૧૮૭-૨૯, ૧૮૮-૧૩.

નાગકન્યા ઉલૂપીને પ્રથમ મળ્યા ત્યારે તેની સાથે વાત કરતાં અર્જુન બોલેલા. 'મેં પૂર્વે ક્યારેય જરા જેટલું પણ અનૃત વચન ઉચ્ચાર્યું નથી.' ૧-૨૦૬-૨૨.

પોતાનો તપોભંગ કરાવવા આવેલી વર્ગા વગેરે અપ્સરાઓને શાપ આપ્યા પછી શાપનું વારણ કરી ધીરજ આપતાં તપોધન બ્રાહ્મણે કહ્યું હતું: 'મેં પૂર્વે કદી પણ હસવામાંય અનૃત ઉચ્ચાર્યું નથી.' ૧-૨૦૯-૧૦

રાજા નહુષને ચ્યવન ઋષિને રાજી કરવાનો ઉપાય બતાવતાં ગવિમત નામના મુનિએ કહ્યું હતું: 'હું સ્વૈરમાં પણ મિથ્યા વચન બોલતો નથી તો બીજી વખતે શા માટે બોલું ?' ૧૩-૫૧-૧૭

ચરણ) અને બ્રાહ્મણો (ધર્મચરણીઓ) ખાસ વહાલા છે. (૩) મેં વિજયનો કદી પણ વિરોધ કર્યો નથી.[૨૪] (૪) સત્ય (પરમ સત્ય) અને ધર્મ (સત્યનો આધાર, પરમ ધર્મ—અહિંસા) મારામાં નિરન્તર સ્થિર રહેલા છે.[૨૫] (૫) કંસ અને કેશીને મેં ધર્મ અનુસાર હણ્યા છેઃ પ્રતિજ્ઞાઓ લેવાતાં શ્રીકૃષ્ણના સત્યસંકલ્પના સામર્થ્યથી પરિક્ષિત સજીવન થયો. પ્રસ્તુત પ્રતિજ્ઞાઓના સંદર્ભમાં અવલોકતાં શ્રીકૃષ્ણના અણીશુદ્ધ નિર્દોષ, જગતિહતકર, સક્રિય, કરુણા-વાત્સલ્યથી પરિપૂર્ણ મધુર ચારિત્ર્યનો જરીક ખ્યાલ આપશે. અર્થાત્ એમના ચરિત્રનિરૂપણમાં જે કંઈ સત્ય અને ધર્મ પ્રતિષ્ઠિત હોય તે જ અધિકૃત છે; બીજું નિરૂપણ નહિ. એમ બની શકે કે, ભિન્ન દેશ, કાળ, જ્ઞાન તેમ જ સત્ય-ધર્મના અનુષ્ઠાનની ઉત્કટતાની કમીને કારણે એમના ચારિત્ર્યનો જે પ્રાચીન મસાલો આપણને મળે છે તેમાંના કેટલાકનું અર્થઘટન અયથાર્થ થતું હોય, અને તેને

---

૨૪. વિજય=૧, યુદ્ધદુર્મદ શત્રુઓને જીતનાર અર્જુન. ૧ જ્ઞાન–વૈરાગ્ય–ઐશ્વર્ય આદિ ગુણોથી વિશ્વને જીતી લેનાર ભગવાન વિષ્ણુ (જુઓ વિ. સં. શાંકરભાષ્ય ૨૯.) અર્થાત્ વૈરાગ્ય, ઐશ્વર્ય, ધર્મ, યશ, શ્રી, અને જ્ઞાન એ છ ગુણોની પોતે ઉત્કૃષ્ટ સાધના કરી છે.

૨૫ દ્રષ્ટવ્ય : (૧) यो वै स धर्मः सत्यं वै तत्तस्मात्सत्यं वदन्तमाहुर्धर्मं वदतीति धर्मं वा वदन्तं सत्यं वदतीत्येतद्ध्येवैतदुभयं भवति ॥

એ જે ધર્મ છે તે જ સત્ય છે. તેથી સત્ય બોલવાવાળાને કહે છે કે ' આ ધર્મમય બોલે છે'. અને ધર્મમય બોલનારાને કહે છે કે ' આ સત્ય બોલે છે', કેમ કે આ બન્ને એક જ છે. (બૃહ. ૮. ૧–૪–૧૪). આ કંડિકાનું ઉપરનું શાંકર ભાષ્ય : ' જગતના પુરુષો દ્વારા આચરિત આચારરૂપ ધર્મ તે જ સત્ય; સત્ય શાસ્ત્રાનુસાર અર્થનું નામ છે. એ જ જ્યારે આચરણમાં ઊતરે છે ત્યારે ધર્મ કહેવાય છે અને શાસ્ત્રના (અનુભવસિદ્ધ વિજ્ઞાનના) તાત્પર્યરૂપે જણાતાં એ જ સત્ય કહેવાય છે..આ જ્ઞાનરૂપે જણાતી અને આચરાતી બન્ને વસ્તુ એક જ છે તેથી એ જ્ઞાન અને આચારરૂપ ધર્મ, શાસ્ત્રજ્ઞ અને અશાસ્ત્રજ્ઞનું સર્વનું નિયમન કરે છે. તેથી એ ક્ષત્રનું (ક્ષત્રિયનું, શાસકનું) પણ નિયામક છે. તેથી એનું અભિમાન રાખનાર અવિદ્વાન તેનું વિશિષ્ટ રૂપમાં અનુષ્ઠાન કરવા માટે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર રૂપ કોઈ નિમિત્ત વિશેષમાં અભિમાન કરે છે. (સકલપુરુષ બનતા નથી). આ વર્ણો તો નૈસર્ગિક રીતે જ કર્માધિકાર નિમિત્તે છે. (વિકસીને સકલપુરુષ બનવા માટે છે. અધૂરા રહેવા માટે નહિ.) '

(૨) ' ભાગવત ' ૧૦–૨–૨૬. ભગવાન શ્રીકૃષ્ણના જન્મ પૂર્વે શંકર અને બ્રહ્મા સહિત સર્વ દેવો કંસના કારાગારમાં આવીને સ્તુતિ કરવા માડ્યા :

सत्यव्रतं सत्यपरं त्रिसत्यं, सत्यस्य योनिं निहितं च सत्ये ।
सत्यस्य सत्यमृतसत्यनेत्रं, सत्यात्मकं त्वां शरणं प्रपन्नाः ॥

' આપ સત્યસંકલ્પ છો. સત્યથી પ્રાપ્ત થાઓ છો. ત્રણે કાળમાં કે ત્રણે અવસ્થામાં આપ જ સત્ય છો. પંચમહાભૂતરૂપી (અથવા પ્રકૃતિરૂપી) સત્યનું કારણ આપ છો. (અન્તર્યામી રૂપે) આપ એ સત્યમાં વિરાજમાન છો. આપ (વિશ્વરૂપી) સત્યના પણ પરમ સત્ય છો આપ ઋત અને સત્યના પ્રવર્તક નેતા છો. અમે કેવળ સત્ય–ધર્મસ્વરૂપ એવા આપણે શરણે આવ્યા છીએ : ' વળી જુઓ ' કમળ જેવા નેત્રવાળા ! પ્રાણીમાત્રના નિવાસ એવા આપનામાં સમાધિપૂર્વક ચિત્ત સ્થાપીને આપના ચરણ કમળરૂપી વિશાળ સરસ જહાજમાં બેસીને કેટલાક ભક્તો ભવસાગરને વાછરડાના પગલામાં ભરાયેલા ખાબોચિયાની જેમ અનાયાસે તરી જાય છે. ' ભાગવત ' ૧૦–૨–૩૦.

ભગવાનનું ચરણકમળ એટલે આ પૃથ્વી. (' ભાગવત ' ૧૦–૨–૩૮) અર્થાત્ પૃથ્વી પર વસનાર પ્રાણીઓ.

(૩) જુઓ ગાંધીજીકૃત ' મંગલપ્રભાત 'માં ' સત્ય ' અને ' અહિંસા ' વિશેના નિબંધો.

લીધે કંઈ ભળતું જ સમજાતું હોય. એમ પણ બને કે એ મસાલાની કેટલીક વિગતો કપોલકલ્પિત હોય અને એ જ રીતે ઘૂસી ગઈ હોય–ઘુસાડનારાઓમાં શુભ, અશુભ અને શુભાશુભ ભાવનાઓ સંભવે છે.

સત્યનિષ્ઠા અને જ્ઞાનનો ઉત્કર્ષ ન થવાથી કામ-ક્રોધાદિના-રજોગુણના, પ્રાબલ્યને કારણે સૂક્ષ્મ અર્થદર્શનને બદલે સ્થૂળ અર્થદર્શન તરફ સહેજે ઝૂકી જવાય છે. આવા સમયે કોઈ સ્વમાની -અર્થાત્ અન્તરપુરુષ પાસેથી માન મેળવનારા એના અનુશાસનમાં રહેનારા–વિરલા જ સૂક્ષ્માતિ-સૂક્ષ્મ ધર્માર્થદર્શન કરી શકે છે. એટલે તો શ્રીકૃષ્ણે અર્જુનને શીખવ્યું હતું: 'ધનંજય! સાંભળ. સત્યવચન શ્રેષ્ઠ છે. સત્ય કરતાં કંઈ જ ઉત્તમ નથી. સત્યનું અનુષ્ઠાન કરનારા માટે પણ (કેટલીક વખત) એનું હાર્દ જાણવું સુદુર્જ્ઞેય–અત્યન્ત કઠણ છે જેમ કે મૌન રાખવું સત્ય બની શકે, અને દેખીતું 'સત્ય' વચન અસત્ય બને......ઇત્યાદિ.' (૮-૪૯-૨૬થી ૨૮; જુઓ ખંડ ૪, પ્રકરણ ૪, 'ચિત્તજ્ઞનું'માં નિરૂપણ). પરમર્ષિ વેદવ્યાસે સત્યનાં તેર પાસાં વર્ણવ્યાં છે:

> सत्यं च समता चैव दमश्चैव न संशयः ।
> अमात्सर्यं क्षमा चैव ह्रीस्तितिक्षानसूयता ॥ १२-१५६-८.
> त्यागो ध्यानमथार्यत्वं धृतिश्च सततं स्थिरा ।
> अहिंसा चैव राजेन्द्र सत्याकारास्त्रयोदश ॥ १२-१५६-९.

'સત્ય, સમતા, દમ, અમાત્સર્ય, ક્ષમા, હ્રી, તિતિક્ષા, અનસૂયા, ત્યાગ, ધ્યાન, આર્યત્વ, સતત સ્થિર ધૃતિ અને અહિંસા, સત્ય સાથે સંબંધ ધરાવતા આ તેરે ગુણ સત્યની જ વૃદ્ધિ કરે છે બાકી સત્યના ગુણો એટલા બધા છે કે તેની ગણત્રી થઈ શકે જ નહિ......(૧૨-૧૫૬-૮ થી ૨૩. વધુ માટે જુઓ 'ભારત-રત્ન'માં 'સત્ય' પ્રકરણ.) સંક્ષેપમાં સત્યની અભિવૃદ્ધિ કરનારા સર્વ ગુણો સત્ય અહિંસા બ્રહ્મચર્ય, અસ્તેય અને અપરિગ્રહનું પાલન; એકાદશ ઇન્દ્રિય દ્વારા સંતુલિત ધર્માનુષ્ઠાનથી પ્રાપ્ત થતું તથ્ય, અને એ તથ્યોના સમૂહમાંથી અતીંદ્રિય તેમ જ કેવળ શુદ્ધ બુદ્ધિ દ્વારા ગમ્ય એવા પરમ સત્યનું આકલન; તથા આ સર્વમાં અનુસ્યૂત એવી સ્વાભાવિક નમ્રતા દેહધારીને નિરપેક્ષ સત્યની નિકટ લઈ જાય. પરમપૂજ્ય શ્રીકૃષ્ણ સત્યની પ્રથમ કટુતમ લાગતી પણ પછીથી મધુરતમ એવી સાધનાથી સત્ય-ધર્મ સાથે એકરૂપ થઈ સત્ય-ધર્મ સ્વરૂપ બન્યા હતા, કે જે સત્ય-ધર્મ સર્વ કાળ-સ્થળ-અવસ્થામાં વિદ્યમાન છે.

શ્રીકૃષ્ણની વાણી અમોઘ હતી. તેઓ કદી મિથ્યા બોલ્યા નથી.[૨૯] (મહાભારતના યુદ્ધમાં

---

૨૯ એમની અમોઘ વાણીમાંથી કેટલીક નમૂનારૂપ પ્રશામક સામગ્રી :

(૧) न हि कल्याणकृत् कश्चिद्दुर्गतिं तात गच्छति ॥ ગીતા, ૬–૪૦ ગદ્ય
હે તાત! કલ્યાણમાર્ગે જનારની કદી દુર્ગતિ થતી જ નથી.

(૨) कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ॥ ગીતા, ૯–૩૧ ગદ્ય
હે કૌન્તેય! તું નિશ્ચયપૂર્વક જાણી લે (અને દુનિયાને પણ જણાવ) કે મારો ભક્ત નાશ પામતો નથી.

(૩) मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ॥ ગીતા, ૧૮-૬૫ ગદ્ય સર. ગીતા ૯-૩૪ ગદ્ય
તું મને જ પામીશ, એ મારી સત્ય પ્રતિજ્ઞા છે. તું મને પ્રિય છે.

શસ્ત્ર ધારણ નહિ કરવાની એમની પ્રતિજ્ઞા ઉપર થતો આક્ષેપ નિરાધાર છે, તે યોગ્ય સ્થાનોએ સમુચિત રીતે દર્શાવ્યું છે.) (મન્યુ અર્થાત્ અધર્મ સામેના) યુદ્ધમાંથી તેઓ કદી પાછા હઠ્યા નથી. तस्मात् सर्वेषु कालेषु मामनुस्मर युध्य च ॥ના ઉપદેષ્ટા સતત ઝૂઝયા છે. (જરાસંધ અને કાલયવનનાં આક્રમણોને કારણે મથુરા છોડી દ્વારકામાં વસનાર શ્રીકૃષ્ણે વ્યૂહાત્મક પીછેહઠ કરી હતી, શરણાગતિ નહિ. કાલયવનનો તો એમણે બહુ ટૂંકા વખતમાં નાશ કરેલો જ્યારે જરાસંધના નરમેધનું વૈદિક આર્યધર્મ માટે આ અશ્રુતપૂર્વ દુષ્કૃત્ય બંધ રખાવવા એમણે ગણત્રીપૂર્વકનું જોખમ ઉઠાવ્યું હતું, અને જાલિમનો નાશ કર્યો. શ્રીકૃષ્ણ મૂર્ધાભિષિક્ત રાજા થવા માટે અયોગ્ય એવા યાદવ હતા. સાધારણ 'રાજા' પણ નહોતા, અને જરાસંધ તો એમને માટે 'કંસના દાસનો પુત્ર' એવું તિરસ્કારસભર વિશેષણ વાપરતો. આવા 'સામાન્ય' પણ નિર્ભય પુરુષ શ્રીકૃષ્ણે જરાસંધ જેવા સમર્થ સમ્રાટને એનો નરમેધ બંધ કરવા દૃઢતાપૂર્વક આદેશાત્મક સ્વરમાં આ યાદગાર શબ્દો સંભળાવ્યા હતા: 'હે બાર્હદ્રથિ! ધર્મના રક્ષણમાં સમર્થ એવા અમે ધર્માચારીઓ જીવતા હોવા છતાં જો તું આવું પાપ કરે તો તારા એ પાપનો દોષ અમને ય લાગે......' ૨-૨૦-૯ ઇત્યાદિ. ધર્મ-સંસ્થાપન તથા અત્યાચારના ઉન્મૂલન માટે જિતાત્મા એવા એમણે, અનેક વાર તે વખતના જ્ઞાત જગતનો દિગ્વિજય કર્યો હતો. એમણે ધર્મ અને ધર્માચરણીઓ પરમ પ્રિય હતા. (એટલા માટે તો હિમાલયમાં શિષ્ટસંપ્રતિપ્રત્તિ-સત્રો યોજીને એમણે શિષ્ટ પુરુષોમાં ધર્મતત્ત્વવિષયક મતૈક્ય સ્થાપેલું. યુધિષ્ઠિર પાસે રાજસૂય કરાવી, જરાસંધના નરમેધનું મૂળ ઉખાડી, તેમને ધર્મરાજ્ય સ્થાપવા પ્રેરેલા અને સ્થપાવેલું. માનવજાતિના અપરિપક્વ ચિત્તમાં રહેલી નબળાઈઓને કારણે અલ્પ ફળ આપ્યા પછી ધર્મરાજ્યનો એ પ્રયોગ નિષ્ફળ ગયો. હજારો વર્ષ પછી આજે પણ ધર્મરાજ્ય સમતા, સહિષ્ણુતા અને પ્રેમમાધુર્યનું રાજ્ય હજુ સ્થપાયું નથી. માનવચિત્ત વિકાસ પામીને તે વિકસિત ચિત્તમાં સત્યની પ્રતિષ્ઠા થતાં એ સ્થપાશે તે નક્કી છે.) એમણે વિજયનો મનમાંય વિરોધ કર્યો નથી. (અર્જુનના ઐહિક અને પારલૌકિક કલ્યાણના સદૈવ મિત્ર રહ્યા છે. વૈજયન્ત ગુણોનો ઉત્કર્ષ સિદ્ધ કર્યો છે.) પરમ સત્ય અને પરમ ધર્મ એમનામાં નિત્ય પ્રતિષ્ઠિત હતાં. (यद्भूतहितमत्यन्तमेतत्सत्यं मतं मम। પાઠાંતર °परं मतं। જે પ્રાણી માત્રનું અત્યન્ત હિત કરનાર છે તે સત્ય છે એવો મારો મત છે, અથવા એ પરમ સત્ય છે. 'શાન્તિપર્વ' ૩૧૬-૧૩; अहिंसा परमो धर्मः स च सत्ये प्रतिष्ठितः। અહિંસા સત્યમાં પ્રતિષ્ઠિત પરમ ધર્મ છે. 'આરણ્યક-પર્વ') ૧૯૮-૬૯) એમનું અને સત્ય-અહિંસાનું એવું અદ્વિતીય અને લગભગ અવર્ણનીય અદ્વૈત સધાયું હતું કે કોઈ વિશિષ્ટ દૃષ્ટિકોણથી જોતાં એમ જ દેખાય છે કે તેઓ સત્ય-અહિંસાની પ્રતિષ્ઠા હતા, અને તેથી એમણે અધિકારપૂર્વક ગાયું હતું: यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते। हत्वापि स इमाँल्लोकान्न हन्ति न निबध्यते ॥ જેનામાં અહંભાવ નથી, જેની બુદ્ધિ (મમત્વ ભાવથી) મલિન નથી, તે આ જગતને હણવા છતાં હણાતો નથી અને બંધનમાં પડતો નથી. 'ભગવદ્ગીતા', ૧૮-૧૭. જગતકલ્યાણકર શ્રીકૃષ્ણે અત્યાચારી જાલીમો સામે નિર્મમ ભાવે તેમનું પણ હિત ચાહીને પગલાં લીધાં હતાં. એ પગલાં કેટલીક વખત સર્જ્યનની છરી જેવાં હતાં. કેટલીક વખત એના કરતાં ઘણાં કડક હતાં, અત્યાચારીઓના સકંજામાંથી દલિતોને મુક્ત કરવાનાં હતાં. કોઈ પણ અન્યાયીને પોતાના શોષિતને કે અન્યાયાર્જિત સંપત્તિને—તે પછી ભલે સ્થાવરજંગમ નાનામાં નાની મિલકત હોય, સામ્રાજ્ય હોય કે 'જ્ઞાન'ના રૂપમાં

હોય—મુક્ત કરવી ગમતી નથી. કોઈ મુક્ત કરાવે એ અતિ આકરું પડે છે. સર્વભૂતાત્મ-ભૂતાત્મા શ્રીકૃષ્ણે શોષક અને શોષિત, અત્યાચારી અને અત્યાચારનો ભોગ બનનાર સર્વનું હિત તાકીને સર્વને મુક્ત કરવાનો પરમ પુરુષાર્થ—સત્ય અને અહિંસા—સિદ્ધ કર્યો હતો.[૨૭] (પરિણામે મૂર્તિમન્ત પ્રેમરૂપે ભારતવર્ષમાં એમની આરાધના થાય છે.) મામા કંસ અને તેના બળવાન અશ્વ કેશીને તેમના અત્યાચાર અને અનાચારથી રીબાતી સ્વજાતિને બચાવવાની કર્તવ્ય-બુદ્ધિથી એમણે હણ્યા હતા. એમાં એમનો કિંચિન્માત્ર સ્વાર્થ નહોતો. યોગાચાર્ય એવા એમણે કર્મયોગ વડે યાદવોના રાજા થવાનું પસંદ ન કરતાં, રાજ્યધુરા ઉગ્રસેનને સોંપી. એનાં કટુફળ; વાત્સલ્ય તથા ક્ષમાશીલતાથી સહન કર્યાં; નેતા અને ગુરુ(શિક્ષક)ના અડોલ ધૈર્યથી યાદવોને કેળવ્યા, તૈયાર કર્યાં, સદાચારી અજેય બનાવ્યા, ઉત્સાહ સીંચીને યશ વિસ્તાર્યો, મૃતવત જાતિને સજીવન કરી.

સત્ય અને ધર્મપ્રતિષ્ઠિત એ જ વિશ્વકલ્યાણકર સંકલ્પના બળે શ્રીકૃષ્ણે મૃતવત્ પરિક્ષિતમાં ચૈતન્યનો સંચાર કર્યો.

* * *

ખરેખર તો આત્મતત્ત્વની વિસ્મૃતિ એ મૃત્યુ છે. આત્માનું–સત્–ચિત્ આનંદરૂપ ભૂલી ક્ષુદ્ર બની, તૃષ્ણાની-વાસનાઓની દુનિયામાં વિહરવું એ મરણ, એમાંથી આત્મતત્ત્વની નિરન્તર સ્મૃતિ રાખીને મુક્ત રહેવું તે અમરત્વ. શ્રીભગવાન સાધકને સ્વયં અમરતાના માર્ગે દોરે છે, એનું યોગક્ષેમ વહન કરે છે:

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥

ગીતા, ૯–૨૨ (૬–૩૧–૨૨).

જે માણસો અનન્ય ભાવે (પરમાત્મા મારાથી જુદો નથી એવા ભાવે) મારું ચિંતવન કરતા મને સંપૂર્ણ રીતે ઉપાસે છે તે નિત્ય મારામાં જ રત રહેનારાઓના યોગક્ષેમને હું વહન કરું

---

૨૭ જગતહિતકારી શ્રીકૃષ્ણે દાખવેલી પરંપરામાં (બુદ્ધ, આચાર્ય શંકર, આચાર્ય રામાનુજ, ગુરુ તેગબહાદુર, શ્રી રામકૃષ્ણ પરમહંસ વગેરેની) ગાંધીજીએ એમની અનુભૂતિઓથી મૌલિક પ્રદાન કરેલું છે તથા એ ક્ષેત્રમાં રહેલા મોકળા મેદાનનું સૂચન અને આહ્વાન પણ કર્યું છે. ગાંધીજીનાં આ અવતરણ હૃદયમાં ઉતારવા લાયક છે: 'પરમેશ્વરનું ખરું નામ જ સત્ એટલે સત્ય છે. તેથી પરમેશ્વર એ 'સત્ય' છે એમ કહેવા કરતાં 'સત્ય' એ જ પરમેશ્વર છે એમ કહેવું વધારે યોગ્ય છે......વિચાર કરતાં તો 'સત્' કે 'સત્ય' એ જ ખરું નામ છે ને એ જ પૂર્ણ અર્થ સૂચવનારું છે.' ('મંગલપ્રભાત'માં 'સત્ય' વિશેના નિબંધમાંથી) 'આટલું સહુ જાણી લે: અહિંસા વિના સત્યની શોધ અસંભવિત છે. અહિંસા અને સત્ય એવાં ઓતપ્રોત છે, જેમ સિક્કાની બે બાજુ અથવા લીસી ચકરડીની બે બાજુ. તેમાં ઊલટી કઈ અને સૂલટી કઈ? છતાં અહિંસાને સાધન ગણીએ. સત્યને સાધ્ય ગણીએ. સાધન આપણા હાથની વાત તેથી અહિંસા પરમ ધર્મ થઈ. સત્ય પરમેશ્વર થયું. સાધનની ફિકર કર્યા કરીશું તો સાધ્યનાં દર્શન કોઈક દિવસ કરશું જ...આપણે વિશ્વાસ ન છોડતાં એ જ મંત્ર જપીએ–સત્ય છે. તે જ છે. તે જ એક પરમેશ્વર, તેનો સાક્ષાત્કાર કરવાનો એક જ માર્ગ, એક જ સાધન તે અહિંસા; તેને કદી નહિ છોડું. જે સત્યસ્વરૂપ પરમેશ્વરને નામે આ પ્રતિજ્ઞા કરી છે તેનું પાલન કરવાનું તે બળ આપો.' ('મંગલપ્રભાત'માં 'અહિંસા' વિશેના નિબંધમાંથી.)

છું.[૨૮] [બીજા બધા ભક્તોના યોગક્ષેમને ભગવાન જ ચલાવે છે ને ? હા ચલાવે છે, પરન્તુ તેમાં આ વિશિષ્ટતા છે—જેઓ બીજા ભક્તો છે તેઓ તો પોતાને માટે જ યોગક્ષેમ ઇચ્છે છે, પરંતુ અનન્યદર્શીઓ તો પોતાને માટે યોગક્ષેમ નથી ઇચ્છતા; ખરેખર ! તેઓ પોતાના જીવનમાં કે મરણમાં (ગીધ જેવી) આકાંક્ષા નથી કરતા; તેઓ તો કેવળ ભગવાનને શરણે છે, તેથી ભગવાન જ તેમનું યોગક્ષેમ વહન કરે છે :

केवलमेव भगवच्छरणाः ते, अतः भगवान् एव तेषां योगक्षेमं वहतीति ॥–શંકરાચાર્ય.]

શ્રીમદ્ ભાગવતના વિદ્વાન ભક્તકવિને આનું સચોટ દર્શન છે. ગ્રન્થની પુષ્પિકામાં વક્તા શુકદેવજીને નમસ્કાર કરતાં એમણે લખ્યું છે:

योगीन्द्राय नमस्तस्मै शुकाय ब्रह्मरूपिणे ।
संसारसर्पदष्टं यो विष्णुरातममूमुचत् ॥ 'ભાગવત' ૧૨-૧૩-૨૧

જેમણે **સંસારરૂપી સર્પથી ડસાયેલા** વિષ્ણુરાત કહેતાં પરીક્ષિતને છોડાવ્યો તે બ્રહ્મ-સ્વરૂપ યોગીન્દ્ર શુકદેવજીને અમે નમસ્કાર કરીએ છીએ.

શ્રીકૃષ્ણનાં 'ધર્મ' અને 'ધર્માચરણ', ભિન્ન ભિન્ન અનુગમોના ધાર્મિક કહેવાતા ધર્માભિ-માનીઓ, 'ધર્મ'ને નામે અધર્મના પુરસ્કારકો અને પ્રચારકો, રાજકીય-સામાજિક વાડાબંધીઓ, ઝનૂન, ઊંચનીચભાવ વગેરેની સાથે નામ માત્ર પણ સંબંધ રાખતાં નથી. તેથી તો તેમને અર્જુનને આદેશ સાથે હૈયાધારણ આપી છે:

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥ ગીતા ૧૮-૬૬ (૬-૪૦-૬૬)

સર્વ ધર્મોનો (ઘેટાંબકરાં પૂરવાના વાડા જેવા અભિમાનોનો) ત્યાગ કરીને તું એક મારું જ શરણ લે. હું તને બધાં પાપોથી મુક્ત કરીશ. શોક ન કર.

[અથવા સર્વ ધર્મોનો એટલે કે પંચ મહાભૂતના ધર્મ (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એટલે કે પાંચ વિષયોનો) ત્યાગ કરીને (હે કૌન્તેય!) તું એક મારું જ શરણું લે. એટલે હું તને બધાં પાપોથી મુક્ત કરીશ. તું શોક ન કર].

પરમ સત્ય અને પરમ ધર્મ શ્રીકૃષ્ણનું અમરત્વ પ્રદાન કરનારું સ્વરૂપ છે. *

---

૨૮ યોગક્ષેમ=અપ્રાપ્ત વસ્તુ મેળવવી અને પ્રાપ્ત વસ્તુ સાચવવી. એના ઉપરથી રૂઢ અર્થ પ્રમાણે સાંસારિક જરૂરિયાત. પરંતુ અહીં આ રૂઢ અર્થ ગૌણ રૂપે છે, મુખ્ય અર્થ છે યોગ એટલે ભગવાનમાં નિષ્ઠા. અને ક્ષેમ એટલે નિષ્ઠામાં વાસનાઓ દ્વારા આવતા આવરણનું નિવારણ, અર્થાત્ પરમાત્મામાં નિરંતર નિષ્ઠા. એથી તો યોગક્ષેમ વહન કરવાનું (અમોઘ) વચન આપ્યા પહેલાં અર્થાત્ પરમાત્મામાં અર્જુનને સાફ આદેશ આપ્યો હતો :

त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन । निर्द्वन्द्वो नित्यसत्त्वस्थो निर्योगक्षेम आत्मवान् ॥ ગીતા ૨–૪૫॥ હે અર્જુન ! વેદો ત્રણ ગુણોને વિષય કરનારા છે. તું ત્રણે ગુણોથી અલિપ્ત રહે. સુખદુઃખોથી મુક્ત થઈ નિરંતર સાત્ત્વિક વૃત્તિવાળો રહે. **યોગક્ષેમ**(ની જંજાળમાં)થી છૂટો થા. આત્મપરાયણ થા.

* [લેખકના આગામી પુસ્તક 'શ્રીકૃષ્ણ-પુરુષોત્તમ અને અન્તર્યામી'નું એક પ્રકરણ.]

સંસ્કૃત નાટકો અને તેની ટીકાઓ

બિપિનચંદ્ર કાપડિયા

સંસ્કૃત સાહિત્ય ઘણું વિશાળ, સમૃદ્ધ તથા સત્ત્વમાં ઊંડાણ ધરાવનારું સાહિત્ય છે. સાહિત્ય માટે બીજો પ્રયોગમાં લેવાતો શબ્દ તે કાવ્ય છે. તેના બે પ્રકાર પડાય છેઃ દશ્ય અને શ્રવ્ય. દશ્યના બે પ્રકાર તે રૂપક અને ઉપરૂપક. રૂપકો દશ છે; જ્યારે ઉપરૂપકો અઢાર બતાવાય છે. નાટક શબ્દ સામાન્યતઃ આ કોટિના સાહિત્ય માટે આમજનતા વાપરે છે. લગભગ બધા (નાટક) પ્રકારો સાહિત્યના ક્ષેત્રમાં ખેડાયેલા જોવા મળે છે. લેખકે લખેલી કૃતિ પાઠક સારી રીતે સમજી શકે તે માટે લેખક અથવા અન્ય વ્યક્તિ ગદ્ય કે પદ્યમાં લખાયેલી કૃતિ પર ટીકા લખતો. આવી ટીકામાં કૃતિમાં પ્રયોજાતા અપ્રચલિત શબ્દો, તેની વ્યુત્પત્તિ, તેનો છંદ, તેના અલંકાર, તેનું વિવેચન, અન્વય, વાદ, ખંડનમંડન વગેરે પર પ્રકાશ પાડવામાં આવતો. ઋગ્વેદથી શરૂ કરી અદ્યાવધિ સંસ્કૃતમાં લખાતી કૃતિ પર આવી ટીકાઓ સંસ્કૃત, પ્રાકૃત તથા પાલિ સાહિત્યમાં લખાઈ તથા લખાય છે. ટીકા, વૃત્તિ, ભાષ્ય, નિર્યુક્તિ, ચૂર્ણિ, અવચૂર્ણિ, ટબ્બા વગેરે શબ્દો તેને માટે પ્રયોગમાં આવ્યા છે. આથી પ્રાચીન સમયમાં એવો એક ચીલો પડી ગયો હતો કે સાહિત્યિક તેમજ શાસ્ત્રીય કૃતિઓ પર ટીકાઓ લખવી. કેટલીક વાર તો ટીકાના ઉપર પણ ટીકા લખાતી. ઉદાહરણ તરીકે ભટ્ટોજી દીક્ષિતની **પ્રૌઢમનોરમા** નામની વ્યાકરણવિષયક કૃતિનું પંડિતરાજ જગન્નાથે ખંડન કર્યું છે. કહેવાય છે તેમ ભટ્ટોજીએ પોતાના વ્યાકરણશાસ્ત્રના ગુરુ કૃષ્ણશેષનાં વ્યાકરણશાસ્ત્રનાં કેટલાંક મંતવ્યોનું ખંડન કર્યું હતું, જે કૃષ્ણશેષના પુત્રના શિષ્ય પંડિતરાજ જગન્નાથને ન ગમ્યું અને તેથી તેણે ભટ્ટોજીની પ્રૌઢમનોરમાનું ખંડન મનોરમાકુચમર્દન નામની કૃતિમાં કર્યું. વેદાન્ત, ન્યાય, મીમાંસા, તર્ક વગેરે કોટિના સાહિત્યમાં ટીકા પર લખાયેલી ટીકાઓ જોવા મળે છે. કેટલીક વાર મૂળના કરતાં આવી ટીકાઓ સમજવી અઘરી થઈ પડે છે.

સંસ્કૃત સાહિત્યગગનમાં તેજસ્વી તારક કાલિદાસની સાતે વિશ્વસનીય ગણાતી કૃતિઓ પર ટીકાઓ લખાઈ છે. 'नामूलं लिख्यते किञ्चित् नानपेक्षितमुच्यते'થી પ્રસિદ્ધ બનેલા ટીકાકાર મલ્લિનાથે વિવરણાત્મક ટીકાઓ લખી છે. સંસ્કૃત સાહિત્ય જેમ વિશાળ અને સમૃદ્ધ છે તેમ તેનું ટીકા-સાહિત્ય પણ વિપુલ અને સમૃદ્ધ છે. તેથી, પ્રસ્તુત લેખમાં સંસ્કૃત નાટકો પર લખાયેલી કેટલીક ટીકાની ઉપયોગિતા તથા મહત્ત્વ પ્રસ્થાપિત કરવા અંગુલિનિર્દેશરૂપે આવી કેટલીક ટીકાની સોનેરી બાજુ રજૂ કરવા પ્રયત્ન કરું છું.

સંસ્કૃત નાટકો પર ઘણી ઉપયોગી, આકર્ષક તથા ચિત્તને ચમત્કૃત કરે તેવી ટીકાઓ લખાઈ છે. આવી ટીકાઓ ઉપયોગી, આનંદદાયી, અભ્યાસપૂર્ણ, શાસ્ત્રીય તથા વિવરણાત્મક હોય છે. કેટલાંક સંસ્કૃત નાટકો ઉપર લખાયેલી કેટલીક ટીકાઓનો અત્રે ઉલ્લેખ કરુંઃ **અનર્ઘરાઘવ** પર ભવનાથમિશ્ર, ધનેશ્વર, ધર્માનંદ, જિનહર્ષગણિ, લક્ષ્મણસૂરિ, નરચંદ્ર, પૂર્ણસરસ્વતી, ત્રિપુરારિ; **અભિજ્ઞાનશાકુન્તલ** પર અભિરામ, બાલગોવિંદ, ડમરુ વલ્લભ, ઘનશ્યામ, કાટ્ય

વેમ, નારાયણ, પ્રાકૃતાચાર્ય, રાઘવ, રામભદ્ર, શંકર, શ્રીકૃષ્ણનાથ, શ્રીનિવાસ, વેંકટાચાર્ય, વિદ્યાસાગર; **અચ્યાભાણ (શ્રૃંગારતિલક)** પર રામચંદ્ર, અભિરામ, ઘનશ્યામ, લક્ષ્મીકુમાર, તાતાચાર્ય, લક્ષ્મણસૂરિ, નારાયણ ભટ્ટ, પૂર્ણસરસ્વતી, રાઘવાચાર્ય, રામચંદ્ર, વીર રાઘવ; **ઉષારાગોદય: કંસવધ, કર્પૂરમંજરી** પર અનન્તદાસ, ધર્મચંદ્ર, ધર્મદાસ, વિદ્યાસાગર, કૃષ્ણસૂરિ, નૃસિંહરાજ, પીતાંબર, વાસુદેવ; **દાનકેલિકૌમુદી** પર જીવગોસ્વામી, રઘુનાથદાસ; **નાગાનન્દ** પર આત્મારામ, શિવરામ, શ્રીનિવાસાચાર્ય; **પ્રબોધચંદ્રોદય** પર આદ્યનાથ, અપ્પય્ય દીક્ષિત, દેવરાજ, ગણેશ, ઘનશ્યામ, રામદાસ, રુદ્રદેવ, સુબ્રહ્મણ્યસુધી; **પ્રસન્નરાઘવ** પર લક્ષ્મણ, લક્ષ્મીધર, નરસિંહ, વેંકટાચાર્ય; **પ્રિયદર્શિકા** પર કૃષ્ણમાચાર્ય,; **બાલરામાયણ** પર વિદ્યાસાગર, લક્ષ્મણસૂરિ, **મહાવીરચરિત** પર આત્મારામ, વીરરાઘવ; **માલતીમાધવ** પર ભાવપ્રકાશ, ધરાનંદ, જગદ્ધર, વિદ્યાસાગર, માનાંક, નારાયણ, પૂર્ણસરસ્વતી, પ્રાકૃતાચાર્ય, રાઘવ ભટ્ટ ત્રિપુરારિ; **માલવિકાગ્નિમિત્ર** પર કાટ્યવેમ, મૃત્યુંજય, નીલકંઠ, પરીક્ષિત, તર્કવાચસ્પતિ, શ્રીકંઠ, વીરરાઘવ; **મુદ્રારાક્ષસ** પર અભિરામ, ઢુંઢિરાજ, ગ્રહેશ્વર, વિદ્યાસાગર, પ્રાકૃતાચાર્ય, તર્કવાચસ્પતિ, વટેશ્વર, વટેશ્વરમિશ્ર; **મૃચ્છકટિક** પર ધરાનંદ, ગણપતિ, લલ્લા દીક્ષિત, પૃથ્વીધર, શ્રીનિવાસાચાર્ય, વિદ્યાસાગર; **રત્નાવલી** પર ભીમસેન, ગોવિંદ, વિદ્યાસાગર, ન્યાયપંચાનન, લક્ષ્મણસૂરિ, મુદ્ગલદેવ, પ્રાકૃતાચાર્ય, શિવ, ઐય્યર; **વિક્રમોર્વશીય** પર અભયચરણ, કાટ્યવેમ, એમ. આર. કાલે, રામમય, રંગનાથ, તારાનાથ; **વિદ્ધશાલભંજિકા** પર ઘનશ્યામ, વિદ્યાસાગર, નારાયણ, સત્યવ્રત, વાસુદેવ; **વેણીસંહાર** પર ઘનશ્યામ, જગદ્ધર, લક્ષ્મણસૂરિ, તર્કવાચસ્પતિ, **સંકલ્પસૂર્યોદય** પર નારાયણ, રામાનુજાચાર્ય; તથા **હાસ્યાર્ણવ** પર મહેન્દ્રનાથની ટીકાઓનો પ્રતીકાત્મક રીતે નામોલ્લેખ કરી શકાય.

આ અને આવી નાટકો પર લખાયેલી ટીકામાં નાટકોનાં પારિભાષિક અંગો જેવાં કે સંધિ, સંધ્યંગો, અર્થપ્રકૃતિઓ, અવસ્થાઓ, રસ, છંદ, અલંકાર વગેરે પર આ ટીકાકારો પ્રકાશ ફેંકતા હોય છે તથા હૃદયંગમ રીતે ચર્ચા-આલોચના કરી વિવેચક-આલોચકનું બેવડું કાર્ય કરે છે. નાટકકારોની જેમ આ ટીકાકારોનું વ્યક્તિત્વ રંગીલું છે. તથા તેમની ટીકા વાંચવામાં અનેરો આનંદ પડે છે, કારણ કે તેઓએ સાહિત્યશાસ્ત્રનો શાસ્ત્રીય તથા ઊંડો અભ્યાસ કર્યો હોય છે; જેના પરિપાકરૂપે તેઓની સમજૂતિ, સૂચનો, વ્યંજના, પાઠાન્તરોની સમીક્ષા, ધ્વનિનું વિવરણ, છંદ, અલંકારોનું માર્મિક અભ્યાસપૂર્ણ વિવેચન, નાટ્યશાસ્ત્રીય વિવેચન ઉપરાંત રજૂ કરતા હોય છે. આધુનિક વિવેચકોની જેમ તેઓ કૃતિમાંથી સંકેતો શોધે છે, સમજાવે છે, તથા તીવ્ર, કટાક્ષાત્મક વિવરણો રજૂ કરે છે.

સંસ્કૃત નાટકસાહિત્ય આમ તો ઘણું વિશાળ છે છતાં પણ વાંચવા માટે, અધ્યાપન માટે તથા અભિનય માટે અમુક જ નાટકો પસંદ કરાય છે. આવું હોવા છતાં પણ સંસ્કૃતમાં ઘણાં નાટકો વિવિધ પ્રકારનાં ઉપલબ્ધ થાય છે. તેથી, સંસ્કૃત નાટકના અભ્યાસી માટે તેના પરની ટીકાઓ રસિક, જ્ઞાનપ્રદ તથા ઊંચા પ્રકારના વિવેચનનું દર્શન કરાવનારી છે. આ ટીકાકારો ગમે તેવા ખ્યાતનામ નાટકકારોના દોષો બતાવે છે, ક્ષતિમાં સુધારા કરી વિવેચનક્ષમ પાઠાંતરો વગેરે રજૂ કરી, મુદ્દાસર ગુણદોષની ચર્ચા કરે છે. જ્યારે આપણે સંસ્કૃત નાટક, નાટ્યશાસ્ત્ર તથા વિવેચનનો વિચાર કરીએ ત્યારે આવી સુંદર ટીકાઓ પ્રત્યે આપણે દુર્લક્ષ ન સેવી શકીએ. ઉદાહરણ તરીકે

'અભિજ્ઞાનશાકુન્તલચર્ચા'માં **नान्यन्ते ततः प्रविशति सूत्रधारः** પર ચર્ચા કરતા અનર્ઘરાઘવ, વીરચરિત, માલતીમાધવ, વેણીસંહાર, વીણાવાસવદત્તા, બાલરામાયણ, માલવિકાગ્નિમિત્ર, પ્રબોધચંદ્રોદયની મદદ લઈ બહુરૂપે, પૂર્ણ સરસ્વતી તથા નાટચશાસ્ત્રનો ઉલ્લેખ કરી, પૂર્ણસરસ્વતીની ટીકા કરી નાન્દી પર જાણે શાસ્ત્રીય નિબંધ ન હોય તેમ ઉપર્યુક્ત ટીકાના પૃ. ૨–૮માં નાન્દી વિષે ઊહાપોહ કર્યો છે. આ ટીકાકારો બહુશ્રુત તથા શાસ્ત્રીય જ્ઞાન ધરાવનારા હતા તે વાત આ દૃષ્ટાંતથી પુરવાર થાય છે. પરંતુ દુર્ભાગ્યની વાત તો એ છે કે આજે નાટકો શીખવતાં આ ટીકાઓની નરી ઉપેક્ષા સેવાય છે. એટલું જ નહીં પણ પાઠ્ય પુસ્તકો આવી ઉપયોગી ટીકા વગર છપાય છે તથા તેવાં પુસ્તકોનું અધ્યયન-અધ્યાપન કરાય છે! નાટકો પર લખાતી ટીકામાં નાન્દી, તેના વિવિધ પ્રકારો નાટકમાં તેનું મહત્ત્વ, નાટકમાં દૃશ્યમાન ક્ષતિઓ, સંધિ, સંધ્યંગો, નાટચાલંકારો, અવસ્થાઓ, અર્થપ્રકૃતિઓ, રસ, છંદ, નાટચભૂષણો વગેરેની સુંદર, ઝીણવટભરી તલસ્પર્શી છણાવટ કરવામાં આવે છે. આવા ટીકાકારો અભિજ્ઞાનશાકુન્તલ, ઉત્તરરામચરિત, મુદ્રારાક્ષસ, માલતીમાધવ, માલવિકાગ્નિમિત્રમાંથી દૃષ્ટાંતો ટાંકે છે ત્યારે સંધ્યંગો, નાટચભૂષણો, અલંકારો વગેરે જે કોયડા સમાન જણાય છે તે બધું ટીકાની મદદથી સમજવામાં સુગમ બને છે.

આ ટીકાકારો નાટ્યશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્રના શાસ્ત્રીય જ્ઞાન ઉપરાંત પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્ય તથા અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાંથી પણ સામગ્રી પીરસે છે. આ ટીકાકારો બીજા ટીકાકારો-માંથી ઉદ્ધરણો ટાંકે છે, બીજાં નાટકોમાંથી અવતરણો આપે છે, સમાન વાક્ય, વાક્યાંશરચના વગેરેનું દર્શન કરાવે છે, પ્રાચીન ગ્રંથો, લેખકો, કોશો વગેરેનો નિર્દેશ કે ઉદ્ધરણો ટાંકે છે. આ કોટિના સમર્થ ટીકાકારો તે ઘનશ્યામ, પૂર્ણસરસ્વતી તથા ઘનશ્યામની વિદુષી પત્નીઓ સુંદરી અને કમળા.

નાટક પરની લખાયેલી આવી ટીકામાં જે કેટલીક માહિતી આપવામાં આવે છે તે જોઈએ. ઘનશ્યામે ભવભૂતિના ઉત્તરરામચરિત પર "સંજીવ"નામની ટીકા રચી છે. ટીકાકારમાં અહં-કારનું તત્ત્વ દૃષ્ટિગોચર થાય છે. ટીકા લખતાં લખતાં તેઓ પાઠાન્તરો આપે છે તથા તેમની સામે બીજા પ્રકારની સમજૂતી હતી તેમ લાગે છે. ઘનશ્યામમાં કાવ્યશાસ્ત્ર અને નાટ્યશાસ્ત્રના જ્ઞાન ઉપરાંત શબ્દશાસ્ત્ર તથા ભાષાવિષયક ક્ષેત્ર પણ તેની નજર સમક્ષ હતા તેવું ટીકાના પરિશીલન પરથી લાગે છે. અહીં તેઓ દેશી-દશ્ય શબ્દો તથા અન્ય લેખકોના નામનો ઉલ્લેખ કરે છે. વ્યક્તિના ઉલ્લેખો તથા કૃતિના નામો પરથી અજ્ઞાત વ્યક્તિ કે કૃતિઓ વિષે જાણવા મળે છે. ટીકામાં તેમણે દેશ્ય[1] શબ્દોનો ઉલ્લેખ કર્યો છે:—

अकस्मात् (५), अनुकृति (४८), उअराछी (५१), उहण्ड (१२३), एकलिअ (१०२), एक्कली (१०३), कन्हि (४६), करवत (८८), गजबल (४३), गलगल (१४४), घोलतो (१२४), थरेण (८५), चलोमन्ह (१३९), धडकी (१९), भरतो (५५), भावुजि (५), रण (१४५), वन्हत (१३३), पाजर (४५), वाजन्त्री (१४३), सहाण (१०६). તેવી જ રીતે રાજશેખરની વિદ્ધશાલભંજિકાની ટીકા પ્રાણપ્રતિષ્ઠામાં નિમ્નલિખિત દેશ્ય શબ્દોની નોંધ કરી છે:—ओज्झरन्ति (१५८), ओल्लम् (५५), खिड्डकिअ (खिडकी) (३७), खेलविह (१२१),

૧ કૌંસમાં મૂકેલા આંકડા ટીકાના પૃષ્ઠો બતાવે છે.

चह्मिजन्तु (१७५), चोक्क (५६), तनिज्जन्तु (१७५), तमपर (५३) तेन्त (८७), तण्टा (८७), दुत्तोलि (९९), धक्किज्ज (१०८), पट (२२३), पज्हरै (१०६), पुल्लअ (४२), पुत्तलिअ (१०६) भर्मरिओ (८५), भानावली (१२१), भानविह-भमविह (१२१), रिंछोलि (१६८), वक्कर (१३१), वहिअलि (४३), वहिर (१७५), वहिरिल्लिक् (२१७), वेद (१६७), सिक्किवि (१०८), सिप्पि (१०८), हिन्दोल (५०), हिन्दोलिक (५१), વળી, ઉત્તરરામચરિતની ટીકા સંજીવમાં નિમ્નલિખિત નામો જોવા મળે છે:—अगस्त्य अभिधन, अमर (३), अमरमाल (१९), अमरशेष (५५), आगमतन्त्र (८९), ईश्वरकृष्णमिश्र (६८), उत्तररामायण (१३), उभयरूपकोश (५९), एकाक्षरकोश (६४), कपिल (४९), कामन्दक (४१), काव्यचिन्तामणि (११६), काव्यदीपिका (७७), कुंकुमकवि (४०), केदार (१८), केशव (४), गाथासप्तशती (८५), गोवर्धन (८५), गौडपादाचार्य (८३), चक्षुरूप (८९), छान्दोग्योपनिषद् (३३), जय (१०७), त्रिकाण्डशेष (५४), त्रिरूपकोश (३४), दण्डिन् (४४), दयालव (१३५), द्विरूपकोश (४७), धनंजय (११५), धन्वन्तरि (१३३), धरणि (७८), ध्वनिमञ्जरी (१४०), नन्दार्जुन (१०२), नन्दी (७३), नानार्थमञ्जरी (८७), मामनिधान (१४१), नाममाला (२३), नामाभिधान (४१), नामार्णव (८०), नीलकंठ (१०), पदमाला (९१), पदार्थमाला (५९), पद्ममाला (५९), पद्मिनीप्रकरण (५९), पुराण (९२), प्रभाकरमिश्र (८४), बाण (१५०), बिल्हण (१२१), बोधायन (७०), भट्टिकाव्य (२२), भर्तृमीढ (३०), भर्तृहरि (४४), भारतचम्पू (१५), भारवि (३९), भोजचम्पू (४), मकुट (६३), मण्डनमिश्र (४४), मयसिद्धान्त (१३४), महानाटक (१८), महाभारत (९७), महिम्नस्तोत्र (४), माठर (४६), मुद्राराक्षस (६९), मूककवि (१०९), मृत्युञ्जय (८४), मेदिनी (२६), यादव (३४), रत्नकोश (५१), रत्नमाला (११४), रभस (२०), रामायण (५७), रुद्र (४), रूपकादर्श (८८), लिङ्गपुराण (६१), लीलाधर (८०), लोलम्ब (१४४), वरदन्त (८२), वररुचि (६५), वस्तुनिर्णय (१३५), वामन (१५), वाल्मीकि (३), विक्रमार्क (४), विक्रमचरित (२१), वेणीसंहार (१३५), वेदनिघंटु (९), वैजयन्ती (५०), शब्दमञ्जरी (१०), शब्दार्णव (४६), शाश्वत (५५), शिवगीता (१२), शृङ्गारमञ्जरी (६४), श्रीनाथ (८५), श्रीसूक्तभाष्य (१३४), श्रीहर्ष (४२), समयपद्धति (६३), समासनिघण्टु (९४), संसारावर्त (१०), सार्वभौम (९४), साहित्यमण्डन (९५), हनूमत्नाटक (५२), हरदत्त (१३४), हलायुध (७), हारावलि (१०), हासमिश्र (३), हेमचन्द्र (३६), हेमकोश (३५).

આ સૂચિ ઘણી મનોરંજક, ઉપયોગી, જ્ઞાનપ્રદ તથા ટીકાકારની વિદ્વતાની પ્રતિનિધિરૂપ છે. સૌથી વધુ આશ્ચર્યકારી વાત તો એ છે કે ઘનશ્યામે આ ટીકા તેના કહેવા પ્રમાણે અત્યંત મનાય નહીં એવા અલ્પ સમયમાં લખી હતી: 'श्रीरामनवमीस्थितजागरणे एव आरब्धपरिपूरिते उत्तररामचरितसञ्जीवनाख्यटिप्पणे[1] ।' ઉપર્યુક્ત નામો તથા ભાષાકીય અભ્યાસ પુરવાર કરે છે કે ટીકાકારે સાહિત્યિક તથા ભાષાકીય અધ્યયન ઘણું સારું તથા વિપુલ માત્રામાં કર્યું છે તેમ જ તેઓની સ્મરણશક્તિ ઇર્ષા કરવા જેવી હોવી જોઈએ, જે આ પ્રકારની ટીકાઓની શ્રેષ્ઠતા

---

૧ શ્રી રામનવમીના જાગરણમાં જ શરૂ કરી પૂરી કરાયેલી ઉત્તરરામચરિતની સંજીવન નામની ટીકામાં.

પ્રતિપાદિત કરે છે. વ્યક્તિ વિષયક કે કૃતિ સંબંધી ઉલ્લેખો અજ્ઞાત વ્યક્તિ કે કૃતિ વિષે થોડો પણ કામનો પ્રકાશ પાડે છે. વળી, અનુપલબ્ધ કૃતિમાંથી અવતરણો કૃતિ વિષે સારો પ્રકાશ ફેંકે છે, જેમ કે—

अनुवर्तते प्रतीक्षते इति माठरः । (९)
स्त्यायते उपचीयते इति माठरः । (४६)
दलति स्फुरति इति माठरः । (७१)
आचामति चूषति इति माठरः । (८५)
धिनोति प्रीणयसि इति माठरः । (११८)
दलति दीर्यति इति माठरः । (१४१)

આ અવતરણો એટલું તો જરૂર સૂચવે છે કે આ કૃતિ કોઈ ધાતુપાઠ હતી. તેવી જ રીતે કેદારના કોશમાંથી નિમ્નલિખિત અવતરણો આપ્યાં છે :—

वृत्तं आचरितं अतीतपद्यचरितवर्तुले इति केदारः । (१८)
रहस्यं तु मन्त्रे च इति केदारः । (३४)
अहो भो हे किमर्घ्यंगमुखः संबोधनार्थकः इति केदारः । (३६)
इव उपमायां च अलीके इति केदारः । (७४)
भयोत्पादनहेतोर्या प्रतिमा सा विभिषीका इति केदारः । (१०६)
विघसो भोजनशेषः इति केदारः । (११०)
अथागस्त्यवसिष्ठयोः मैत्रावरुणिमैत्रावरुणौ इति केदारः । (११८)
शिरोंबुवचनेषु कं इति केदारः । (१२५)
यथैव वा व यद्वच्च यथा वा इति केदारः । (१३४)
परि स्यात् परितोऽर्थेऽपि इति केदारः । (१५७)

આ પ્રમાણે કપિલના કોશમાંથી અઢાર ઉદ્ધરણો અને નન્દીના કોશમાંથી અગ્યાર ઉદ્ધરણો ટાંક્યાં છે. ટીકામાં ઘનશ્યામે ઘણા બધા કોશોનો નિર્દેશ કર્યો છે અને તેથી આ દષ્ટિએ તેની ટીકા સૂક્ષ્મ પરિશીલન માગી લે છે. ટીકામાં લેખક વિશેનું આ અવતરણ જોઈએ :

विपुलं चक्षुषि विस्तृतं नितम्ब इति गौडपादाचार्याः । (८२)

અહીં બહુવચનનો પ્રયોગ સૂચવે છે કે લેખક એક સન્માન્ય વ્યક્તિ હતી. માંડૂક્યકારિકાના સુપ્રસિદ્ધ કર્તા ગૌડપાદ આપણી નજર સમક્ષ આવે છે. માંડૂક્યકારિકા તથા સાંખ્યકારિકામાં આ અવતરણ જોવા મળતું નથી. શું ગૌડપાદે ત્રીજી કૃતિ રચી હતી ? આપણે શું તેનાથી અજ્ઞાત છીએ ? શું તે આપણી પાસે નથી ? આ ઉદ્ધરણ આ રીતે આપણને વિચાર કરતા કરી મૂકે છે.

સંસ્કૃત નાટકો પર ટીકા લખનારા કવિની ક્ષતિઓ, સુધારા વગેરે બતાવે છે. ભૂલો બતાવતા લખે છે : कवेः प्रमादः, असङ्गतं वदन्ति पण्डितंमन्याः केचित् (१५) ટીકાકારો પૂર્વ

નાટકોનો પ્રભાવ તથા અનુકરણ પણ બતાવે છે.[૧] ઘણે સ્થળે તેઓએ રાજશેખર પર કાલિદાસનો પ્રભાવ બતાવ્યો છે.

રાજશેખરકૃત વિદ્ધશાલભંજિકાની ટીકાની રચયિતા કમલા અને સુંદરી ઘનશ્યામની વિદુષી પત્નીઓ છે. આ બે સન્નારી વિષે જરા વધુ લખું. સંસ્કૃત સાહિત્ય અને ખાસ કરીને નાટકો પર ટીકા લખનારા ઘણું ખરું પુરુષો જ હોય છે. આ બે સ્ત્રીઓએ રાજશેખરની વિદ્ધશાલભંજિકા પર સાથે મળી ચમત્કારતરંગિણી નામની ટીકા લખી છે. વીરરાઘવ અને જગદ્ધરે પણ વિદ્ધશાલકભંજિકા પર ટીકા રચી છે. તેઓની ટીકા સારી હોવા છતાં પણ ચમત્કારતરંગિણીમાં આ બે સ્ત્રી લેખિકાઓએ સંયુક્ત રીતે ટીકા લખી ઘણું ઉપયોગી કાર્ય કર્યું છે. આ બન્ને સ્ત્રીઓ ઉત્તરરામચરિતાદિના ટીકાકાર ઘનશ્યામની પત્નીઓ છે. પત્ની ઉપરાંત શિષ્યા પણ છે. કાલિદાસના શબ્દોમાં તેઓ गृहिणी सचिवः सखी मिथः प्रियशिष्या ललिते कलाविधौ.[૨] ઉક્તિને સાર્થક કરે છે. બન્નેમાં વિદ્વત્તા, કવિપ્રતિભા, વિવરણદક્ષતા તથા લખાણની સરળતા અને સ્પષ્ટતા છે. બન્ને લેખિકાની ભેગી ટીકા ચમત્કારતરંગિણીનું ટીકા-સાહિત્યમાં સ્મરણીય સ્થાન તથા મોભો છે. તેઓએ એક નાટિકા પર પણ ટીકા લખી છે.

બન્નેના જીવન વિષે જરા ઊંડા ઉતરીએ. સુંદરીનું લગ્ન કમલા કરતાં પહેલાં થયું. તે જ્યારે ૧૧ થી ૧૯ની વયની હશે ત્યારે લગ્ન થયું. ઘનશ્યામ જ્યારે લગભગ ૩૦ના હતા ત્યારે તેઓ ફરીથી નાની વયની કમલા સાથે પાણિગ્રહણથી જોડાય છે. ખરેખર ઘનશ્યામને પરણી તેઓ **વિદ્વત્તા** અને **કવિતા**ને પરણી એમ કહીએ તો ખોટું નથી. ઘનશ્યામ પાસેથી તેઓને સ્ફુરણા મળી, પ્રેરણા મળી. તેઓ ઘનશ્યામ વિષે લખે છે : श्रीमान् कवीनां कविः, पुंभावैकसरस्वती भुवि घनश्यामो विजेजीयते । (૧૮) બહુ કુશળતાપૂર્વક તથા નિપુણતા સાથે તેઓ સપત્ની કવિતાને ટોણો મારે છે—

लज्जा नौ रहसि प्रकाशमपि हा नाथेन्दुं मुखम् (?) ।
चुम्बन्ती न विलज्जसे सुकविते धन्या सपत्नी ह्यसि ॥ (૨૭)
અને
शय्यायां नवरम्भयोरिव मुदा पार्श्वद्वयेऽप्यावयोः
सत्योस्त्वे भजते सुवृत्तपदगीः शय्यारुचिं वल्लभः ।
नैनं वृद्धतमापि मुञ्चसि कथंकारं परं नात्मवत्
त्वं जानासि नवोढयोः सुकविते नास्तेऽनुकम्पा तव ॥ (૨૮)

આ બન્ને લલનાઓએ પતિ પાસેથી કાલિદાસ અને ભવભૂતિની કૃતિની ટીકા કરવા પ્રેરણા લીધી હતી. ટીકામાં તેઓ વ્યાકરણવિષયક ચર્ચા પણ કરે છે. ઘનશ્યામની જેમ ઘણા લેખકોમાંથી ઉદ્ધરણો આપે છે. તેઓ વિશાળ કોશસાહિત્યથી પણ પરિચિત હોય તેવું જાણવા મળે છે. સંસ્કૃત તથા પ્રાકૃત વ્યાકરણ પર તેમનું પ્રભુત્વ, કવિત્વશક્તિ, વિદ્વત્તા, પાંડિત્ય, સંસ્કૃત ભાષા પર

---

૧ ચમત્કારતરંગિણી પૃ. ૩૪, રાજશેખર વિષે ૧-૩૯ બ, ૬૩, ૯૦, ૧૨૩, ૧૬૨, ૧૬૪, ૬૨, ૭૨, ૧૮૮ વગેરે.

૨ કાલિદાસ : રઘુવંશ સ. ૮, શ્લો. ૬૭અ

प्रभुत्व टीकामांथी फलित थाय छे. चमत्कारतरंगिणी नामकरण पण हृदयंगम तथा आकर्षक छे. चमत्कारतरंगिणीनो प्रारंभ घणी सुंदर रीते कर्यो छे.

अयि सन्तो भवत्पादपद्मरागावली सखी ।
स्नुषयोः आवयोः भाले जीयात्कुङ्कुमरेखयोः ॥ (चम. ३)

आगळ लखे छे: स्नुषाभ्यां विवृतिः कृता (चम. २५) जे प्रतिपादित करे छे के बन्नेए भेगा मळी टीका रची छे. धनश्यामे विद्धशालभंजिका पर 'प्राणप्रतिष्ठा' रची अने त्यार पछी उत्तररामचरित पर संजीवन लखी, तेओ लखे छे: तथा च भद्रं तस्य सुमानुषस्य इति नाथचरणव्याख्यात उत्तररामचरिते (१८) जे प्रतिपादित करे छे के तेओनी सामे प्राणप्रतिष्ठा हती तथा चमत्कारतरंगिणी रची.

सुंदरी अने कमला माठरकोश (पृ. २, २४, १२, ७४, ८७, १०९, १५६,), नन्दी (३५, ५२, ९९, ११०, १५९, १६९,)मांथी धातुपाठ, तथा संसारावर्तमांथी अवतरणो आपे छे. सुंदरी अने कमला महाराष्ट्रीय छे. तांजोरनी आ बे स्त्रीओए पति पासेथी प्रेरणा लई चमत्कारतरंगिणी रची. तेओ आ टीकामां महाराष्ट्रीय शब्दो, कहेवतो तथा आदतोनो उल्लेख करे छे. जेमके:—

वसण (१३), मणके (१३), पुत्तली (१५), फणत (१६), मदाची पोळी (२२), मांजरी डोळे (२२), सांखळी (२४), मोद्याचे पहाटे (२४), चौखंडी (२५), अंगमोद्या देणे (२६), खाजे (३१), मोर मोरी (३६), कालवे (३९), बट्टमोगरा (४०), मसुरा (४२), कुरलकेस (४६), प्राकाराग्रंचारि (४८), राय आवळि (४८), गतगानी (४२), चैत्र शुद्ध तृतीया दुर्गादोलाधिरूढ गौरीपूजा (५०), कांडी (५१), करंडा, डबा (३२), वोवी (५५), महाराष्ट्रपरिधाननीवीनिवेश (५७), घर (६०), काठी (६२), टेवी (६३), चालणे (६५), स्फोड (६५), किकली (७१), कुबडी (७१), कातरी (८७), सजा (९१), दान्त (सीणा) (९१), उत्फालता (९३), छाता, जाटि (९४), चाण्डा, चांदला, टिकलि (९५), वारंवार (९६), भोम्बरा (९६), पदर (९७), गुळणि (९९), जोडवे (१०१), राखडी (१०१), तेंकायो चेलो उ (१०४), धारावारिमि (१०४), गौरी रुष्टा चेत् सौभाग्यं नैष्यति इति महाराष्ट्राणां आभाणकः (१०४), चमकून (१०५), वहटलि (११०), प्रसृतिपाश (११०), पन्हले (११०), कंकणी (११३), सणंबाचे दोरे (११७), सावलिबाई गाणेघरट्ट ब्रह्मकेलिगीतेषु सावलीबाई इति महाराष्ट्राङ्गना गायन्ति (१२२), शायी (१२३), पाटा (१२३), वसे (१२३), तुतोरे (१३०), उरसि वामं पादं निधाय इति महाराष्ट्रेषु आभाणकः (१३१), घोलसरीची माळ (१३२), अर्गलं वीणा संचरसि इति महाराष्ट्रभाषायां अर्थान्तरचमत्कारः (१३३), वहिली (१३६), विनोद (१३७), कातगोळी (१३८), रोदितु मौक्तिकानि गलन्ति महाराष्ट्रीया आभाणकः (१३९), कटिले (१४२), जघ (१४४), दोरा (१४४), तोंड (१४७), द्रोण (१५०), नलीचे तीर (१५३), गाभाद्रे (१५५), शलाकाला शलाख (१५६), कर्पूरशलानिर्माणं महाराष्ट्रप्रसिद्धम् (१५६), शर्करप्रतिमा, वर्णमर्मर (वर्णकालापचयमर्म) महाराष्ट्रा जानन्ति (१५८), पुत्तली (१५८), अपात (१५८), दवणा (१५८), खांब (१६०), लाल (१६१), शिखरिणी महाराष्ट्रभाषायां मधुरपदार्थविशेष अभिधान (१६६), खिडकी (१७५), खिळी

(१७५), बाहेर (१७५), जसे आले तसे गेले (१७७), गोष्टी (१८०), विवाहलग्न (१८१), रायकेळी (१८५), बाला (१८५), गार (१८६), जायफलं च वृक्ष (१८८), मगज (१८८), बहेचे कांठ (१८९), कंचोलि (१९०), चोळी (१९०), फिरकी (१९०), वाळा (कंगर्णी) (१९१), बुचडा (१९१), खंबैत (१९१), खंबैत झुणा (१९१), सेटी (१९९), तबक (२०३), गच्चाढी (२०६), अतः परि (२०९), जमीन (२१२), कानडा अंगमा (२२२), वची (२२२).

મહારાષ્ટ્રની આ સુપુત્રીઓએ સંસ્કૃત ગ્રંથના સ્પષ્ટીકરણ દરમ્યાન પોતાની ભાષાના શબ્દોનો પ્રયોગ કર્યો તે સ્વાભાવિક છે. આ વાત પોતાની ભાષા પ્રત્યેનો પ્રેમ તથા આદર બતાવે છે. સુંદરી અને કમલા નિર્વચનાદિમાં પતિ ઘનશ્યામને અનુસરે છે તથા ટીકામાં ગ્રંથ અને ગ્રંથકારોનો નિર્દેશ કરે છે. જેમકે:

અપ્પય્ય દીક્ષિત (૨૭), અમર (૧૦, ૯૮, ૧૪૪), કાલિદાસ (૩૦ વાર), કર્પૂરમંજરી (૧૪૨), ક્ષેમેન્દ્ર (૧૪૨), જયદેવ (૫૫), ભગવત્પાદ (૧૧, ૨૨, ૨૪, ૬૩), ભવભૂતિ (૩૮, ૩૯), મયૂર (૨૭), મહાનાટક (૩૫), માઘ (૪૯, ૧૨૯, ૧૪૦), મુરારી (૫૬, ૧૯૨), મુદ્રારાક્ષસ (૯૨), વરરુચિ (૧૬૦), શ્રી હર્ષ (૧૨, ૯૦, ૯૭, ૧૨૩, ૧૪૯). આ વિદુષી સન્નારીઓનું વાચન વિશાળ હતું પરંતુ વર્ણન પરથી લાગે છે કે આ લેખકોને લોકો પણ વાંચતા હતા. તેઓએ લેખકોની ક્ષતિઓ પણ બતાવી છે:—

મુરારીને પૃ. ૫૬ ઉપર कोकप्रीतिचकोरपारणपटुज्योतिष्मती लोचने માટે, અમર અને ક્ષેમેન્દ્રને પૃ. ૧૪૨ ઉપર તેઓના तारास्थिसञ्चय... માટે, કાલિદાસ અને ભવભૂતિને પુરાણ અને નિર્માણ શબ્દના સ્થાને માટે, પૃ. ૯૦ ઉપર શ્રી હર્ષને सोदरीनिलय માટે, પૃ. ૧૪૯ ઉપર તેઓએ પ્રાકૃત ભાષાના પ્રયોગ માટે પણ લેખકોની ઝાટકણી કાઢી છે. આ બધું તેઓના વિશાળ વાચનના પુરાવા-રૂપ છે.

ઉપર્યુક્ત ટીકાઓ અને ટીકાકારોનું મહત્ત્વ તથા ગૌરવ છે. તેઓ વ્યક્તિગત માપદંડની આલોચના ન કરતાં આધારભૂત ગ્રંથો તથા સામગ્રીને ધ્યાનમાં રાખી ટીકાઓ રચે છે. જેવી રીતે ટીકાકારોની નાટકોની ટીકામાંથી અજાણ્યા લેખકો, કોશો, તથા કૃતિઓ વિષે માહિતી મળે છે તેવી રીતે નાટ્યશાસ્ત્રીય અને સાહિત્યવિષયક ચર્ચાથી એતદ્વિષયક ગ્રંથોનું મહત્ત્વ જળવાય છે. નાટ્યદર્પણમાંથી લુપ્ત દેવીચંદ્રગુપ્ત વિષે જાણવા મળે છે, ભાવપ્રકાશિકામાંથી ભાસની સંપૂર્ણ સ્વપ્નવાસવદત્તા વિષે જાણવા મળે છે, સંજીવન તથા ચમત્કારતરંગિણીના કર્તા લખે છે તે પ્રમાણે કાલિદાસ તે ઈશ્વરકૃષ્ણ ભર્તૃમીઢ છે. સંસ્કૃત ટીકાકારોની પરંપરા ઉજ્જવળ છે. કાલાનુક્રમે આવી ટીકાઓ ભાષ્યનું ગૌરવ મેળવે છે. શંકરાચાર્ય, અભિનવગુપ્તાચાર્ય તથા સાયણાચાર્યનાં ભાષ્યો પાછળના સમય માટે પ્રમાણભૂત આધારભૂત ગ્રંથોની પદવી પ્રાપ્ત કરે છે.

જેવી રીતે આજકાલ સંસ્કૃત નાટકો શીખવતી વખતે તેના ઉપરની ટીકાઓને તિલાંજલિ અપાય છે તેવી રીતે પ્રાકૃત ભાગ પણ છોડી દેવાય છે. તેની સંસ્કૃત છાયાનું જ અધ્યયન-અધ્યાપન-પરિશીલન થાય છે. કેટલીક વાર પ્રાકૃત શબ્દોમાંથી શ્લેષ દ્વારા જ્યારે બે અર્થો નીકળતા હોય છે તે સંસ્કૃત છાયામાંથી અભિપ્રેત થતા નથી હોતાં. જેવી રીતે શૂદ્રકના મૃચ્છકટિકમાં વસન્તસેનાએ

ઉચ્ચારેલું सान्तं શકાર श्रान्तं તરીકે સમજે છે. તદુપરાંત સંસ્કૃત નાટકો કે જે પાઠ્યપુસ્તક તરીકે મુકરર થયા હોય છે તેના ઉપર લખાયેલી સંસ્કૃત ટીકા પ્રસિદ્ધ થતાં પુસ્તકોમાં દુર્લભ હોય છે. વળી, તેવા સંસ્કૃત ટીકાવાળાં પુસ્તકો પ્રત્યે આંખ આડા કાન કરવામાં આવે છે. આવી સ્થિતિ હોવા છતાં પણ કેટલાક કહેવાતા 'પંડિતંમન્યાઃ' પંડિતો સંસ્કૃતનો પ્રચાર, સેવા તથા ઉત્કર્ષ કરવાની ખેવના તથા સેવા કરતા હોવાનાં સોનેરી સોણલાં સેવતા હોય છે! ટીકાઓ તરફ કાળજી રાખવાનું નવનિર્માણ થાય તો ઘણું યોગ્ય ગણાય.

શ્રીમદ્ ગદાધરમાહાત્મ્ય અને તેનું સાંસ્કૃતિક સ્વરૂપ

નવીનચંદ્ર આચાર્ય

ખંડ ૧

ધર્મની દૃષ્ટિએ ગુજરાત એક મહત્ત્વનો પ્રદેશ છે. અહીં જુદા જુદા ભારતીય ધર્મોના અનેક મહત્ત્વનાં તીર્થસ્થળો જેવાં કે દ્વારકા, ગિરનાર, સિદ્ધપુર, બહુચરાજી, આબુ, અંબાજી, ખેડબ્રહ્મા, શામળાજી, પાવાગઢ વગેરે આવેલાં છે. આમાંનાં કેટલાંક સ્થળો પર્વત ઉપર, કેટલાંક સાગરકિનારે અને કેટલાંક નદીકિનારે આવેલાં છે. ગુજરાતના સિમાડા પર આવેલાં સાબરકાંઠા જિલ્લામાં પાંચ મહત્ત્વનાં તીર્થ સ્થળો અનુક્રમે ભૃગુ આશ્રમ, ખેડબ્રહ્મા, શામળાજી, કલનાથ અને ભુવનેશ્વર આવેલાં છે.[૧] આ સર્વમાં ભીલોડા તાલુકામાં મેશ્વો નદીના કિનારે આવેલું શામળાજી એક મહત્ત્વનું તીર્થસ્થાન છે. આ પ્રાચીન સ્થળ ધાર્મિક દૃષ્ટિએ ઘણું જ પવિત્ર મનાય છે. અહીં અનેક પ્રાચીન અવશેષો લભ્ય છે. તે સર્વ લગભગ બે હજાર વર્ષના ઇતિહાસ ઉપર પ્રકાશ ફેંકે છે.

અમદાવાદ-હિંમતનગર ઉદેપુર રાષ્ટ્રિય ધોરીમાર્ગ અને નડિયાદ-મોડાસા-શામળાજી રાજ્ય ધોરીમાર્ગ બન્ને રસ્તા શામળાજીમાં ભેગા થાય છે. અમદાવાદથી હિંમતનગરને રસ્તે શામળાજી ૧૩૩ કિ.મી. અને અમદાવાદથી મોડાસાને રસ્તે ૧૨૮ કિ.મી. છે. હિંમતનગર-ઉદેપુર રેલ્વેમાર્ગ ઉપર શામળાજી રોડ નામનું સ્ટેશન છે. ત્યાંથી લગભગ છ માઈલ દૂર આ સ્થળ છે. ગુજરાતનાં અમદાવાદ વડોદરા, ગોધરા, સૂરત, ભરૂચ, રાજકોટ વગેરે મહત્ત્વનાં સ્થળોએથી અહીં આવવા માટે સ્ટેટ ટ્રાન્સપોર્ટ બસોની સગવડતા છે. કાર્તિકી પૂર્ણિમાએ અહીં માનવ-મહેરામણ ઊમટે છે. મોટો મેળો ભરાય છે. ભારતના દૂર દૂરના પ્રદેશોમાંથી હાલમાં યાત્રાળુઓ અહીં આવે છે.

આજે શામળાજી વૈષ્ણુવ સંપ્રદાયનું એક મહત્ત્વનું સ્થાન મનાય છે. અહીં દેવગદાધર ઉર્ફે શામળિયા ભગવાનનું વિશાળ મંદિર આવેલું છે. આ મંદિર સ્થાપત્ય અને શિલ્પની દૃષ્ટિએ ઘણું જ ઉત્તમ છે. તેની દિવાલો ઉપર ચારે બાજુ સુંદર શિલ્પો, તથા રામાયણ, ભાગવત, પુરાણુ વગેરેમાંના કેટલાક પ્રસંગોનાં દૃશ્યો કંડારવામાં આવેલાં છે. મંદિર ઘણું પ્રાચીન છે. તેનો

---

૧ આ અંગે એક શ્લોક પ્રચલિત છે.

> ईडरे पंच रत्नानि भृगु-ब्रह्मा-गदाधराः ।
> चतुर्थं कलनाथश्च पंचमं भुवनेश्वरः ॥

લોકોમાં બોલાતા આ શ્લોકમાં ભાષાદોષ કે પાઠભેદ હોવાનો સંભવ છે.

અનેક વાર જીર્ણોદ્ધાર થયેલો છે. આ મંદિરની મૂર્તિ વિશે કેટલીક દંતકથાઓ પ્રચલિત છે. એક અનુશ્રુતિ એવી છે કે શામળાજી પર મુસ્લિમોનું આક્રમણ થતાં એક ભક્તે આ મૂર્તિને તળાવમાં સંતાડી દીધી, પણ કમનસીબે તે મૂર્તિને સંતાડી રાખેલી જગા ભૂલી ગયો. થોડાક વખતમાં વરસાદ થતાં તળાવમાં પાણી ભરાયું. વાત વિસારે પડી. એવામાં એક વખત એક ભીલ તળાવની બાજુમાં પોતાની જમીન ખેડતો હતો ત્યારે તેના હળ સાથે કંઈક અથડાવાનો અવાજ સંભળાયો અને એ સ્થળેથી લોહી વહેવા લાગ્યું. ભીલે કુતૂહલથી જમીન ખોદતાં તેમાંથી આ સુંદર મૂર્તિ મળી આવી. મૂર્તિને સાફ કરી વૃક્ષ નીચે મૂકી. થોડા વખત પછી તેની આસપાસ એક નાનકડું મંદિર બનાવ્યું. સમય જતાં અહીં હાલના વિશાળ મંદિરનું સર્જન થયું.

બીજી એક અનુશ્રુતિ એવી છે કે આ મંદિરમાં બે મૂર્તિઓને પધરાવતી વખતે એક પ્રશ્ન ઉપસ્થિત થયો કે આ બે મૂર્તિમાંથી અસલ મૂર્તિ કઈ? પૂજારી અને રાજવીઓ અકળાયા. આ વખતે રાજવીને રાત્રે સ્વપ્ન આવ્યું કે જે મૂર્તિમાંથી 'ગોપાલ' શબ્દ સંભળાય તેને અસલ માનવી. રાજા તરત જ પ્રતિમા પાસે આવી કાન દઈ સાંભળવા લાગ્યો, તો ભીલની પાસેથી મળી આવેલી પ્રતિમામાંથી તેને 'ગોપાલ' શબ્દ સંભળાયો. આથી એ પ્રતિમાને અસલ પ્રતિમા માની તેને મંદિરમાં પધરાવવામાં આવી.[૨]

શામળાજી એ હજારો વર્ષ પુરાણું પ્રાચીન તીર્થક્ષેત્ર છે. પહેલાં તે હરિશ્ચંદ્રપુરી નામે ઓળખાતું. પુરાણ કાલમાં તે ગદાધર ક્ષેત્ર, કરાવ્યુ ક્ષેત્ર અથવા દેવખાત તરીકે ઓળખાતું.[૩] આ ગદાધર ક્ષેત્રને લગતો 'શ્રીમદ્ મહાત્મ્ય' નામે એક સ્વતંત્ર ગ્રંથ હાલમાં ઉપલબ્ધ છે.[૪]

ઉપર્યુક્ત ગ્રંથમાં ચોવીસ અધ્યાય આપેલા છે. દરેક અધ્યાયના અંતે 'इतिश्री प्राचीन ग्रंथ संदर्भे संस्कृत सारोद्धार स्वरूपे श्रीमद् गदाधरमाहात्म्ये' એમ જણાવી અધ્યાયના વિષયનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

પ્રથમ અધ્યાયમાં ગદાધર ક્ષેત્રનું ભૌગોલિક વર્ણન કરી, રાજા હરિશ્ચંદ્ર પુત્રપ્રાપ્તિ માટે ગદાધર ક્ષેત્રમાં રાજસૂય યજ્ઞ કરવા આવે છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે. અધ્યાયમાં કુલ ૬૫ શ્લોક છે. શરૂઆતમાં અર્જુન સરસ્વતી, શંકર તથા અર્બુદારણ્ય, દંડકારણ્ય, જમ્બૂકારણ્ય, નૈમિષારણ્ય વગેરે સ્થળોએ રહેનારા મહાઋષિઓની સ્તુતિ કરવામાં આવી છે. (શ્લોક ૧ થી ૯). ત્યાર પછી રાજા હરિશ્ચંદ્ર વરુણદેવ પાસે પુત્રની ઇચ્છા પ્રગટ કરે છે

---

૨ આ દંતકથા મને મંદિરના પૂજારી પાસેથી જાણવા મળી છે.

૩ શ્રી શામળદાસ લ. રણા. (અનુ.) 'શ્રીમદ્ ગદાધર માહાત્મ્ય' પ્રસ્તાવના (ગુ. અનુવાદ)

૪ લેખક પોતાના આ ગ્રંથની પ્રસ્તાવનામાં જણાવે છે કે "આ ક્ષેત્રને લગતી પ્રાચીન હસ્તપ્રતોના પ્રત્યેક અધ્યાયને અંતે 'इतिश्री स्कंदपुराणान्तर्गतरुद्रगयामाहात्म्ये नारदशौनकसंवादे' એમ લખેલું હતું. તેથી તેની ખાત્રી માટે સુંદર પુરાણો તથા અન્ય પુરાણો વગેરે તપાસતાં સ્કંદપુરાણના મુદ્રિત ગ્રંથોમાં હસ્તપ્રતમાં લખાયેલી આનુપૂર્વી જોવા મળતી નહતી, પરંતુ પાઠભેદથી ગ્રંથનો વિષય જુદા જુદા પુરાણોમાં જડતો નથી. તેથી હસ્તપ્રતની અનુપૂર્વીને લક્ષમાં ન લેતાં હસ્તપ્રતોનું શ્રી વિદ્યાભાસ્કર શાસ્ત્રી એમ. વી. ઉપાધ્યાય પાસે સંશોધન કરાવી પોતાના પુસ્તકનું નામ 'શ્રીમદ્ ગદાધર માહાત્મ્ય' એવું સ્વતંત્ર નામ આપ્યું છે."

(શ્લો ૧૦-૨૧). વરુણદેવ રાજાએ ગુર્જરદેશમાં મેષાવતી નદીના કિનારે આવેલા ગદાધર ક્ષેત્રમાં વસતા ઔદુમ્બર ઋષિ પાસે જઈ રાજસૂય યજ્ઞ કરવાનું સૂચવે છે. (શ્લો ૨૨-૪૦) રાજા એ પ્રમાણે ઋષિ પાસે આવી રાજસૂય યજ્ઞ કરવાનું વ્રત ધારણ કરે છે. થોડાક જ સમયમાં રાજાને પુત્ર પ્રાપ્ત થાય છે. રાજા સ્વદેશ પાછો જવા વિચાર કરે છે. તે વખતે ઔદુમ્બર ઋષિ તેને તેના રાજસૂય યજ્ઞ કરવાના વ્રતને યાદ દેવડાવે છે. (શ્લો ૪૧-૬૫).

અધ્યાય બીજામાં શરૂઆતમાં રાજા હરિશ્ચંદ્ર ગદાધર ક્ષેત્ર શા કારણથી પુણ્યશાળી થયું છે તેમ જ તેનાં અન્ય તીર્થો કયાં કયાં છે વગેરે જાણવાની ઈચ્છા કરતાં ઔદુમ્બર ઋષિ તેને ગદાધર તીર્થોનો મહિમા સમજાવવાની શરૂઆત કરે છે. સૌ પ્રથમ આ ક્ષેત્રમાં પુત્રપ્રાપ્તિ માટે કોણે કોણે આવા યજ્ઞો કર્યા તેની કથા સંભળાવે છે. પ્રથમ બ્રહ્માએ આ ક્ષેત્રમાં કઠિન તપશ્ચર્યા કરી શંકરની આજ્ઞાથી 'આદિત્ય પ્રવર' નામનો યજ્ઞ કર્યો. આ વખતે ગણપતિની આરાધના કરી ક્ષેત્રપાલ અને ભૈરવોની સ્થાપના કરી, બ્રાહ્મણોનું વરુણ કર્યું. બ્રાહ્મણોના હાથપગ બ્રહ્માએ પોતાના હાથથી ધોતાં પવિત્ર પાણી આ તીર્થોમાં પડયું તેથી આ તીર્થ 'કરામ્બુ'તીર્થ તરીકે ઓળખાયું. આમ કહી ઋષિએ બ્રહ્માએ સર્જેલા 'કરામ્બુ' ક્ષેત્રનો મહિમા સમજાવ્યો (શ્લો. ૧-૩૬). આ પછી ભગવાન ગદાધરનું પ્રગટ થવું અને બ્રહ્માની વિનંતિથી આ ક્ષેત્રમાં કાયમને માટે વસવું વગેરે પ્રસંગોનું વર્ણન કરેલ છે. (શ્લો. ૩૭-૬૦).

અધ્યાય ત્રીજામાં વિષ્ણુભક્તિનો મહિમા ગાવામાં આવ્યો છે.

ચોથા અને પાંચમા અધ્યાયમાં ઐતરેય આખ્યાન દ્વારા જીવનનું રહસ્ય સમજાવ્યું છે. આ કથામાં ઐતરેય પોતાને 'ૐ નમો ગદાધરાય' મંત્ર કેવી રીતે મળ્યો વગેરે જણાવી પોતાની માતાને જીવનનું સાચું રહસ્ય સમજાવી ગદાધર વિષ્ણુનું માહાત્મ્ય જણાવે છે.

છઠ્ઠા અધ્યાયમાં ભગવાન શંકરનું કરામ્બુ ક્ષેત્રમાં વસવું, તારકાસુરના વધ માટે શંકરનું સ્કંદ નામના પુત્રનું સર્જન કરવું (શ્લો. ૧-૧૭) એ પ્રસંગોનું વર્ણન કરી અહીં કપિલેશ્વરની સ્થાપના કરવામાં આવી (શ્લો. ૧૮-૨૦) વગેરે બાબતો ચર્ચવામાં આવી છે.

સાતમા અધ્યાયમાં કપિલેશ્વર મહાદેવની પ્રતિષ્ઠા કેવી રીતે થઈ તે પ્રસંગ આલેખવામાં આવ્યો છે (શ્લો. ૧-૧૪).

આઠમા અધ્યાયમાં કરામ્બુ ક્ષેત્ર અત્યાર સુધી કેમ અપ્રસિદ્ધ રહ્યું તેનું વર્ણન કરવામાં આવ્યું છે. કરામ્બુ તીર્થે અભિમાનથી અર્ધ્ય મેળવવા માટે આગ્રહ રાખ્યો. તેથી ગણપતિએ તેને શાપ આપ્યો (શ્લો. ૧-૧૮). આનો અન્ય તીર્થોએ વિરોધ કરતાં ગણપતિએ શાપનું કારણ અને પોતાના સ્થાનનું મહત્ત્વ સમજાવ્યું (શ્લો. ૧૯-૨૫). એ પછી બ્રહ્માની વિનંતીથી કરામ્બુ ક્ષેત્રને ત્રેતાયુગમાં રાજા હરિશ્ચંદ્ર આ સ્થળે આવી રાજસૂય યજ્ઞ કરશે ત્યારે મારા શાપમાંથી મુક્તિ મળશે એવું ગણપતિએ વરદાન આપ્યું (શ્લો. ૨૬-૩૭).

નવમા અધ્યાયમાં પદ્મનાભ મુનિની દૈવશૈલ પર્વત પર તપશ્ચર્યા કરવી તથા પર્વતમાંથી પિંગા નદીનુ ઉત્પન્ન થવું (શ્લો. ૧-૮). એ પછી મેષાવતી અને પિંગાના સંગમ આગળ આવેલ નીલકંઠેશ્વર મહાદેવની કાર્તિક શુક્લ ચૌદસે પૂજાનું મહત્ત્વ, વગેરેનું વર્ણન આપેલ છે.

(૯ થી ૧૨) ત્યારબાદ આ સ્થળે શંકરની ઉપાસનાથી ધન્વંતરિને આયુર્વેદશાસ્ત્રનું જ્ઞાન થયું. (શ્લો. ૧૩-૧૬). તથા નીલ પર્વત ઉપર યમરાજે તપશ્ચર્યા કરી બ્રાહ્મણના શાપમાંથી કેવી રીતે મુક્તિ મેળવી વગેરે પ્રસંગોનું વર્ણન કરેલ છે (શ્લો. ૧૭-૩૬).

દસમા અધ્યાયમાં ચિત્રગુપ્તે ભગવાન શંકરની ઉપાસના કરી ભગવાન ગુપ્તેશ્વર મહાદેવની સ્થાપના કરી (શ્લો. ૧-૪). બ્રહ્માથી અજેયપદ પામેલ તુહિણ્ડ નામના રાક્ષસને ગદાધરે માર્યો (શ્લો. ૫-૧૮) તથા કરામ્બુ ક્ષેત્રમાં પિતૃઓના શ્રાદ્ધનું મહત્ત્વ (૧૯-૩૩) વગેરેની કથા આલેખવામાં આવી છે.

અધ્યાય અગિયારમામાં ચિત્રધ્વજ રાજવીએ પિશાચયોનિમાંથી કેવી રીતે મુક્તિ મેળવી તેનું વર્ણન કરેલ છે.

બારમા અધ્યાયમાં કેરલના 'વસુ' નામના બ્રાહ્મણને પિશાચયોનિમાંથી કેવી રીતે મુક્તિ મળી તેની કથા આલેખી પિશાચમોચની શિલાનું વર્ણન આપવામાં આવેલ છે.

તેરમા અધ્યાયમાં મેષાવતી નદીની ઉત્પત્તિની કથા કહેવામાં આવી છે. મહર્ષિ ભૃગુએ આબુ તપ કરવા ગયા તે વખતે પોતાની ગર્ભવતી પત્નીની રક્ષા કરવાનું કામ અગ્નિને સોંપ્યું (શ્લો. ૧-૩). એક વખત અચાનક 'પુલોમા' નામના રાક્ષસે અગ્નિની ગેરહાજરીનો લાભ લઈ ઋષિપત્નીનું હરણ કર્યું. માર્ગમાં ઋષિપત્નીના પેટમાંથી ગર્ભ નીચે પડી જતાં, તેમાંથી એક પ્રભાવશાળી પુત્ર ઉત્પન્ન થયો. તેણે રાક્ષસનો નાશ કરી પોતાની માતાનું રક્ષણ કર્યું. માતાના ઉદરમાંથી નીચે પડવાથી આ બાળક ચ્યવન નામે ઓળખાયો (શ્લો. ૪-૧૦). આ તપસ્વી બાળકે અગ્નિને તેની બેદરકારી બદલ શ્રાપ આપ્યો. આ શ્રાપમાંથી મુક્તિ મેળવવા, અગ્નિએ કરામ્બુ તીર્થમાં આવી તપ કર્યું. એક વખત અગ્નિદેવ જ્યારે ધ્યાનમાં મગ્ન હતા ત્યારે તેમના વાહન મેષે (ઘેટું) શૈશવ પર્વત ઉપર ચડીને ત્યાં ઋષિઓએ પોતાના માટે યજ્ઞ કરવા બનાવેલ અગ્નિકુંડની મેખલાને પોતાના શિંગડાવતી ખોદતાં તેમાંથી એક નદી પ્રગટ થઈ. આ નદી મેષના શિંગડા વડે પેદા થઈ હોવાથી તેનું નામ મેષાવતી પડ્યું[૫] (શ્લો. ૧૧-૧૭). સમય જતાં અગ્નિદેવ શાપમાંથી મુક્ત થયા (શ્લો. ૧૮-૨૦). આગળ ચાલતાં મહાનાગોની કઠિન તપશ્ચર્યાનું વર્ણન આપવામાં આવ્યું છે. એમાં શેષનાગનું કઠિન તપ નાગેશ્વર મહાદેવની સ્થાપના, નાગહ્રદકુંડ ઉપર પિતૃતર્પણનું મહત્ત્વ વગેરે પ્રસંગોની કથા અહીં આપી છે (શ્લો. ૨૧ થી ૪૮).

ચૌદમા અધ્યાયમાં નાગહ્રદની કથામાં શિખંડીની પુત્રીનું આખ્યાન અને તેના પૂર્વજન્મની કથા આલેખવામાં આવી છે. અહીં મેષી અને પિંગાના સંગમ પર આવેલ સોમનાથના મંદિરનું તથા નાગકુંડનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે. (શ્લો. ૧૫-૧૮)

પંદરમા અધ્યાયમાં ઔદુમ્બર ઋષિ રાજા હરિશ્ચંદ્રને ગદાધર તીર્થનાં કાશીવિશ્વેશ્વર, કપિલેશ્વર, નીલકંઠેશ્વર, વૈદ્યનાથ, યમેશ્વર, ગુપ્તેશ્વર, હાટકેશ્વર, પ્રયાગેશ્વર, તથા મલ્લગણેશ્વર, વગેરે તીર્થસ્થળોનો મહિમા સમજાવે છે. (શ્લો. ૧ થી ૧૮)

---

૫ હાલમાં આ નદી શામળાજીના પ્રદેશમાં મેશ્વોના નામે ઓળખાય છે.

સોળમા અધ્યાયમાં હરિશ્ચંદ્રની કરામ્બુ તીર્થમાંની પ્રવૃત્તિઓનો ચિતાર આપવામાં આવ્યો છે. રાજા હરિશ્ચંદ્રે કરામ્બુ તળાવ ઊંડું ખોદાવ્યું[૬] (શ્લો. ૯.) રાજસૂય યજ્ઞ માટે રાજાએ ઔદુમ્બર ઋષિને આચાર્યપદે સ્થાપ્યા. (શ્લો. ૧૧-૧૭) ત્યાર બાદ યજ્ઞ માટેનું સ્થળ નક્કી કરી તેના કુંડ, મંડપ, દ્રવ્ય, વગેરેની રક્ષા માટે ત્યાં તાત્કાલિક કિલ્લો બંધાવ્યો. (શ્લો- ૧૮-૧૯) અચાનક કિલ્લો તૂટી જતાં રાજાને આચાર્યપદ માટેની ઔદુમ્બર ઋષિની યોગ્યતા માટે શંકા જાગી. આથી દેવી સર્વમંગલાએ સ્વપ્નમાં આવી રાજાને જણાવ્યું કે પોતે તેની કુળદેવી છે મારી અવજ્ઞા કરી છે. તેથી મેં તારો આ કિલ્લો તોડી નાખ્યો છે. માટે સહુ પ્રથમ તું મારી સ્થાપના કર. (શ્લો. ૨૦-૩૧) રાજાએ એ પ્રમાણે પોતાની ગોત્રમતની સ્થાપના કરીને તેના આગ્રહથી રાજસૂય યજ્ઞ માટેની સર્વ સામગ્રી એકત્ર કરી. (શ્લો. ૩૨).

સત્તરમા અધ્યાયમાં રાજસૂય યજ્ઞના આરંભનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં જુદા જુદા ઋષિઓ ગૌતમ, જાતુકર્ણ, પરાશર, કૌડિન્ય, કશ્યપ, વગેરેના સ્થાનથી સમજ આપવામાં આવી છે (શ્લો. ૧ થી ૨૮).

અઢારમાં અધ્યાયમાં રાજસૂય યજ્ઞની પૂર્ણાહૂતિ તથા ગદાધર ભગવાનનો સાક્ષાત્કાર,–આ વખતે શ્રીદેવગદાધરે વરદાન આપ્યું કે હારિત અને ઔદુમ્બર ઋષિના આશ્રમમાં વસનાર સર્વનો હું ઈષ્ટદેવ થઈશ (શ્લોક ૧-૨૪) વગેરે પ્રસંગો વર્ણવેલ છે.

ઓગણીસમાં અધ્યાયમાં રાજા હરિશ્ચંદ્રે કરામ્બુતીર્થમાં હરિશ્ચંદ્રપુરી નામે નગરી વસાવી. આ વખતે કેટલાક બ્રાહ્મણો આ તીર્થમાંથી પાછા જવા માટે તૈયાર ન થતાં તેમના વસવાટની રાજાએ વ્યવસ્થા કરી. તેમના નિભાવ માટે વણિકોને વસાવ્યા. ઔદુમ્બર ઋષિના આશ્રમમાં વસનારા બ્રાહ્મણો માટે દસ હજાર વણિકો નીમ્યા અને હારિત ઋષિના આશ્રમમાં વસનારા માટે છ હજાર વણિકો નીમ્યા. વણિકોને ઉપનયન સંસ્કારના અધિકારી બનાવ્યા. ઔદુમ્બર ઋષિના આશ્રમમાં વસનાર બ્રાહ્મણો ઔદુમ્બરો કહેવાયા, અને હારિત ઋષિના આશ્રમમાં વસનારાઓ હરસૈલ બ્રાહ્મણો કહેવાયા, વગેરે સર્વ પ્રસંગોનું વર્ણન કરેલ છે.

વીસમાં અધ્યાયમાં ઔદુમ્બર બ્રાહ્મણોના ગોત્ર, પ્રવરોનું વર્ણન કરેલ છે (શ્લો. ૧-૪૯).

એકવીસમા અધ્યાયમાં હરસોલા બ્રાહ્મણોનાં ગોત્ર, પ્રવરોનું વર્ણન કરેલ છે. (શ્લો ૧-૧૫)

બાવીસમા અધ્યાયમાં નીમા વણિકોના ગોત્ર, પ્રવર અને કુલદેવીઓનું વર્ણન આપેલ છે (શ્લો. ૧-૧૮).

તેવીસમા અધ્યાયમાં હરસોલા વણિકોનાં ગોત્ર પ્રવર તથાં કુલદેવીઓનું વર્ણન છે (શ્લો. ૧-૧૭).

ચોવીસમા અધ્યાયમાં રાજા હરિશ્ચંદ્ર પોતાનું વ્રત પૂરું કરી, ગદાધર ક્ષેત્રમાં હરિશ્ચંદ્રપુરી વસાવી આનંદથી પોતાના પુત્ર તથા સાથીઓ સાથે અયોધ્યા ગયો તે પ્રસંગનું વર્ણન આપેલ છે. (શ્લો. ૧ થી ૨૭).

આમ સમગ્ર કાવ્ય એક આખ્યાન કાવ્ય છે.

---

૬ હાલમાં આ તળાવ શામળાજીમાં કરમાબાઈના તળાવના નામે ઓળખાય છે.

ખંડ. ૨

સ્થાન :

આ ગદાધર તીર્થ ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં રાજસ્થાન સરહદની નજીક મેશ્વો અને પિંગા નદીના સંગમ આગળ આવેલું છે. એની ચારે બાજુ અરવલ્લી પર્વતની હારમાળા આવેલી છે. આ પર્વતોમાંથી આ બન્ને નદીઓ ઉદ્ભવે છે અને તેથી આખો પ્રદેશ લીલોતરીવાળો રમણીય લાગે છે.

હેતુ :

આ આખ્યાનનો મૂળ હેતુ ગદાધર તીર્થની પ્રતિષ્ઠા સ્થાપવાનો અને યજ્ઞનો મહિમા ગાવાનો છે. વિષ્ણુ-ભક્તિને કેન્દ્રમાં રાખી આ સ્થળનો મહિમા ગાવામાં આવ્યો હોવાથી આગળ જતાં આ તીર્થ વૈષ્ણવ સંપ્રદાયનું એક મહત્ત્વનું કેન્દ્ર બન્યું.

પ્રાચીનતા :

આ એક ધર્મકથા છે તેથી તેમાં કોઈ રાજકીય પ્રસંગો દેખાતા નથી તેમ છતાં તેની શરૂઆત રાજા હરિશ્ચંદ્રને કેન્દ્રમાં રાખી કરવામાં આવી છે. સામાન્ય રીતે સર્વત્ર બને છે તેમ અહીં પણ સૂર્યવંશ કે ચંદ્રવંશના રાજાને ધર્મકથાનું મહત્ત્વનું પાત્ર બનાવી તેની આજુબાજુ વિવિધ પ્રસંગકથાઓ રચવામાં આવી છે. રાજા હરિશ્ચંદ્રને ઉત્તમ પુત્ર પ્રાપ્ત કરવા માટે ગદાધર ક્ષેત્રમાં જઈ રાજસૂય યજ્ઞ કરવાનું કહેવામાં આવે છે. અને એ રીતે તેની આગળ ગદાધર તીર્થનો મહિમા ગાવામાં આવ્યો છે. તેમાં બ્રહ્મા, વરુણ, યમ, ઋષિમુનિઓ સર્વેને આવરી લેવામાં આવ્યા છે.

આ કથાને અંતે, રાજા હરિશ્ચંદ્રે આ સ્થળે હરિશ્ચંદ્રપુરી વસાવી અને કેટલાક બ્રાહ્મણો અને વણિકોને વસાવ્યા એમ જણાય છે.[૭] અહીં વસેલા બ્રાહ્મણો ઉદુમ્બરો અને હરસોલા નામે ઓળખાયા. વણિકો ' નિમા 'ના નામે ઓળખાયા.

હાલમાં ગુજરાતમાં વસતા ઉદુમ્બર બ્રાહ્મણોની પ્રાચીનતા વિષે ઘણી જ અસ્પષ્ટતા છે. તેમના ઈષ્ટદેવ શામળાજી છે. તેઓ નીમા વણિકોના પુરોહિત છે તેમ છતાં સમગ્ર ભારતમાં તેમનું સ્થાન કેટલું પ્રાચીન છે તે એક સંશોધનનો વિષય છે.[૮]

---

૭ ગ. મ , અધ્યાય ૧૯, શ્લો. ૧૯-૨૪.

૮ હાલમાં જેઓ નીમા વણિકોના પુરોહિત છે એવા આભ્યંતર ઔદુમ્બરો ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં વસે છે. ગુજરાતમાં તેમનાં અધિવાસનાં ગામ ગુજરાત પંચગ્રામ નામે ઓળખાય છે: ૧ મોડાસા, ૨ ગોધરા, ૩ વીરપુર, ૪ કપડવંજ ૫ મહુધા, ૬ બાલાશીનોર. દાંતાનો એક અલગ એકમ તરીકે સમાવેશ કરેલ છે. મધ્યપ્રદેશમાં તેમનાં અધિવાસનાં ગામ માળવા પંચગામને નામે ઓળખાય છે: ઈન્દોર, ઉજ્જૈન, ખરગુણ, ધાર, અમજરા વગેરે.

ગુજરાતના કેટલાક ભાગ અને રાજસ્થાનના કેટલાક ભાગમાં આવેલા તેમના અધિવાસનાં ગામ વાગડ પંચગ્રામ તરીકે ઓળખાય છે: દાહોદ, ઝાલોદ, વાંસવાડા, સાગવાડા જયપુર, ઉદેપુર, વગેરે. ડૉ.નવીનચંદ્ર આચાર્ય (સં) ઔદુમ્બર પરિચય, પ્રકરણ ૩, ૪, ૫, ૬.

થોડાક વખત પહેલાં શામળાજીમાં દેવની મોરી આગળ થયેલા ખોદકામ પરથી જણાય છે કે આ સ્થળ ઈ. સ.ની બીજી–ત્રીજી સદીમાં બૌદ્ધ ધર્મનું કેન્દ્ર હશે. અભ્યાસ હેઠળના ગદાધર-માહાત્મ્યમાં વૈષ્ણવ સંપ્રદાયને કેન્દ્રમાં રાખવામાં આવેલ છે. બૌદ્ધ ધર્મનો બિલકુલ ઉલ્લેખ નથી. આથી સ્પષ્ટ જણાય છે કે આ ગ્રંથ ગુજરાતમાં વૈષ્ણવ ધર્મનો ઉદય થતાં રચાયો હશે, તેનાં સર્વ પાત્રો કાલ્પનિક હોય તેમ જણાય છે.

ધર્મભાવના :

સામાન્ય રીતે અભ્યાસ કરતાં જણાય છે કે વૈષ્ણવ ધર્મનો પ્રચાર વ્યાપક રીતે થાય તેમ જ યજ્ઞોનો અને તીર્થોનો મહિમા વધે એ દૃષ્ટિએ આખું કાવ્ય રચાયું છે. અહીં શંકર, વિષ્ણુ, દેવી સર્વમંગલા વગેરેનો મહિમા વર્ણવામાં આવ્યો છે એ રીતે હિંદુ ધર્મના બધા સંપ્રદાયોને ન્યાય આપવા પ્રયત્ન કરવામાં આવ્યો છે, અને આ રીતે પ્રજાની ધર્મભાવનાને વિકસાવવાનો એક સહેતુક પ્રયાસ છે. બૌદ્ધ ધર્મનો ધીરે ધીરે આ સ્થળેથી અસ્ત થતો હશે અને તેની સાથે ગુજરાતમાં શૈવ ધર્મ ભાગવત ધર્મ તથા શક્તિસંપ્રદાયનું જોર વધતાં આ તીર્થને સર્વધર્મનું કેન્દ્ર બનાવવા માટે જુદાં જુદાં સ્થળોએ આવેલાં દેવસ્થાનોના મહિમાની કથા ગ્રંથમાં આલેખી છે, અને એ રીતે પ્રજામાં ધર્મ, દાન, તપ, યજ્ઞ, શ્રદ્ધા વગેરેનો વિકાસ કરવાનો પ્રયત્ન આ ગ્રંથ દ્વારા કરવામાં આવ્યો છે.

યજ્ઞ :

કાવ્યમાં રાજસૂય[૯] અને આદિત્ય-પ્રવર[૧૦] નામના મહાયજ્ઞોનો ઉલ્લેખ છે. સંતાન-પ્રાપ્તિ માટે રાજસૂય યજ્ઞ એક ઉત્તમ ઉપાય મનાતો.[૧૧] રાજસૂય યજ્ઞમાં બ્રાહ્મણોને આચાર્ય, બ્રહ્મા, હોતા, યજ્ઞપુરુષ, ગણનાયક, ઉપહોતા, પ્રસ્તોતા, પ્રતિહોતા, ઉપદષ્ટા, નેષ્ટા, ઉન્નેતા, દષ્ટા, વગેરે તરીકેની કામગીરી બજાવવાની રહેતી. યજ્ઞપીઠના દક્ષિણ ભાગમાં સિદ્ધિ વિનાયક ગણેશની સ્થાપના કરવામાં આવતી.[૧૨]

ભક્તિ :

અહીં બે પ્રકારની આધ્યાત્મિક ભક્તિ (૧) સાંખ્યજ, (૨) યોગજ ની ચર્ચા કરે છે.[૧૩] યોગજ આધ્યાત્મિક ભક્તિ સર્વ પ્રકારની ભક્તિઓમાં ઉત્કૃષ્ટ ગણવામાં આવી છે. પ્રાણાયામ પ્રયોગને સિદ્ધ કરીને વિષ્ણુનું ધ્યાન ધરવામાં આવે તેને યોગજ ભક્તિ કહે છે.[૧૪] ટૂંકમાં, અહીં વિષ્ણુની ભક્તિનો મહિમા ગાયો છે.

ઐતરેય આખ્યાન દ્વારા 'ૐ नमो गदाधराय' મંત્રના જપનું મહત્ત્વ સમજાવવામાં આવે છે. ઐતરેય પોતાની માતાને દેહને ઘરની ઉપમા આપી જીવનનું રહસ્ય સમજાવે છે.[૧૫]

---

૯ ગ. મ., અ. ૧, શ્લો. ૪૯
૧૦ એજન, અ. ૨, શ્લો. ૩૩
૧૧ એજન, અ. ૧, શ્લો. ૪૯
૧૨ એજન, અ. ૧૭, શ્લો. ૧૮ થી ૨૬
૧૩ એજન, અ. ૩, શ્લો. ૧૪
૧૪ એજન, અ. ૩, શ્લો. ૨૦–૨૧
૧૫ એજન, અ. ૪, શ્લો. ૨૨–૨૮

દેવાલયો :

અહીં હિંદુ ધર્મના શૈવ, વૈષ્ણવ અને શાકત સંપ્રદાયનાં દેવાલયો અસ્તિત્વમાં હતાં એમ ગ્રન્થના અભ્યાસ પરથી જણાય છે. શૈવ ધર્મનાં કાશીવિશ્વેશ્વર, કપિલેશ્વર, નીલકંઠેશ્વર, વૈદ્યનાથ, યમેશ્વર, ગુપ્તેશ્વર, મુકુટેશ્વર, હાટકેશ્વર, પ્રયાગેશ્વર, મલ્લગણેશ્વર વગેરે નામનાં શિવાલયોનો ઉલ્લેખ છે.[૧૬]

વૈષ્ણવ સંપ્રદાયનાં દેવાલયોમાં દેવગદાધરનું મંદિર તથા શાકત સંપ્રદાયનાં દેવાલયોમાં 'સર્વમંગલાદેવી'ના દેવાલયનો ઉલ્લેખ છે.[૧૭]

નાગહ્રદકુંડ :

આ કુંડ મેષી અને પિંગા નદીઓના સંગમ આગળ આવેલ સોમનાથના મંદિર પાસે આવેલો હતો.[૧૮] તેમાં કાર્તિક શુકલ ચૌદશે મરનારના અસ્થિ પધરાવવામાં આવે તો મરનારના આત્માની સદ્ગતિ થતી એમ મનાતું.[૧૯]

પિશાચમોચની શિલા :

આ શિલા મેષી અને પિંગાના સંગમ આગળ આવેલી હતી.[૨૦] અહીં કાર્તિક શુકલ ચૌદસના સંગમ આગળ સ્નાન કરી શિલા પાસે નારાયણનું પૂજન કરી નારાયણબલિ આપવામાં આવે તો પ્રેતયોનિમાં રહેલા આત્માની મુક્તિ થાય છે. અત્યાર સુધી આ પિશાચમોચની શિલા આગળ નારાયણબલિનું શ્રાદ્ધ કરવા અનેક લોકો આવતા.[૨૧] હિંદુઓમાં આજે પણ આ નાગધરો અને પ્રેતશલ્યાનું મહત્વ ઓછું થયું નથી.

---

૧૬ ગ. મ., અ. ૧૫, શ્લો. ૪–૧૬

૧૭ એજન, અ. ૧૬, શ્લો. ૨૫–૨૬

૧૮ અત્યાર સુધી આ કુંડ નાગધરાના નામે ઓળખાતો પણ મેશ્વો ઉપર શ્યામ સરોવરનું સર્જન થતાં આ કુંડ પાણીમાં ડૂબી ગયો હોય તેમ લાગે છે.

૧૯ ગ. મ., અ. ૧૪, શ્લો. ૧૮–૨૦

૨૦ હાલમાં મેશ્વો ઉપર શ્યામ સરોવર થતાં આ સ્થળ તેમાં સમાવી લેવામાં આવ્યું છે.

૨૧ નારાયણબલિ શ્રાદ્ધનો ખાસ પ્રકારનો વિધિ હોય છે. આ શ્રાદ્ધ કરવા આવનાર પોતાને ત્યાંથી નીકળતી વખતે પોતાના પિશાચ યોનિમાં રહેલા સર્વ પિતૃઓ પોતાની સાથે આવવા આમંત્રણ આપે છે. રસ્તામાં શ્રાદ્ધ કરવા જનારને કોઈ આમંત્રણ આપતું નથી કે મળવા આવતું નથી. ગદાધર તીર્થમાં ગયા પછી મરનાર પ્રાણી પાછળ જે પ્રમાણે એકાદશા, દ્વાદશા અને ત્રયોદશા વગેરે શ્રાદ્ધાદિ કર્મ કરવામાં આવે છે એવી રીતે સર્વ શ્રાદ્ધ, મુંડન કરવાં પડે છે. આ વખતે પ્રેતનું માનવ આકારનું અડદના લોટનું પૂતળું બનાવીને બલિ તરીકે તેનો દાહ કરવામાં આવે છે. પતિપત્નીએ એક વસ્ત્રે સ્નાન કરવું પડે છે. આ વખતે સૌ પ્રથમ હેમાદ્રિ પ્રયોગથી દેહશુદ્ધિ કરવી પડે છે.

મારી સમજ પ્રમાણે આજથી લગભગ ચારેક વર્ષ ઉપર મોડાસાના સ્વ. શ્રી ઓચ્છવલાલ બાલકૃષ્ણ પુરાણીએ આવી વિધિસરની નારાયણ બલિ તેમના યજમાન પાસે કરાવેલી (ત્યાર પછી પણ બીજા આ સ્થળે સંભવ છે કે આવ્યા હશે) તે વખતે આ કર્મ કરાવનારને પણ કેટલોક દોષ માનીને તેમણે પોતે પણ મુંડન કરાવેલું. તેમની સાથેની મારી વાતચીતમાં તેમણે જણાવેલું કે 'બાવલું એકલા અડદના લોટનું નહિ પણ માનવ શરીરમાં જે જે દ્રવ્યો છે તે સર્વ દ્રવ્યો શરીરના જુદા જુદા અવયવો પ્રમાણે ગોઠવીને અસલ માનવ આકારનું પૂતળું બનાવવું જોઈએ.'

બ્રાહ્મણો :

સામાન્ય રીતે ધાર્મિક જીવનમાં બ્રાહ્મણોનું સ્થાન ઘણું મહત્ત્વનું મનાતું. આ ગ્રન્થમાં બ્રાહ્મણોના બે વર્ગનો ઉલ્લેખ છે: ઔદુમ્બર ઋષિના આશ્રમમાં વસનારા 'ઔદુમ્બરો' તરીકે ઓળખાતા[૨૧] તથા હારીત ઋષિના આશ્રમમાં વસનારા 'હરસોલા' તરીકે ઓળખાતા.[૨૨] ઔદુમ્બરો ચંદ્રાત્રેય, ગૌતમ, જાતુકર્ણ્ય, વત્સ, અગત્ય, મુદ્ગલ, કૌણ્ડિન્ય, અત્રિ, કશ્યપ, ભારદ્વાજ, કૌશિક વગેરે ગોત્રો ધરાવતા હતા. કેટલાક ગોત્રના બ્રાહ્મણો પાંચ પ્રવરો ભાર્ગવ, ચ્યવન, આપ્નુવાન, આર્વ, જમદગ્નિ ધરાવતા હતા જ્યારે ત્રણ પ્રવરો ધરાવનારા હતા.[૨૩] ઔદુમ્બર બ્રાહ્મણોમાં ગૌતમ ગોત્રવાળા બ્રાહ્મણો દેવગદાધરની પૂજામાં સમય પસાર કરતા હતા. જાતુકર્ણ્ય ગોત્રવાળા વેદનું અધ્યયન કરીને નિર્વાહ ચલાવતા હતા. વત્સ ગોત્રવાળા તપસ્વીઓ હતા. અગસ્ત્ય ગોત્રવાળા સ્વાશ્રયી હતા. તેઓ તપસ્વી બની બીજા ઉપર બોજ બનવા માગતા ન હતા. પરાશર ગોત્રવાળા વેદનો ઉપદેશ કરતા, મુદ્ગલ ગોત્રવાળા આકાશવૃત્તિ પર નભતા, કૌણ્ડિન્ય ગોત્રવાળા ષટ્કર્મોનું પાલન કરતા, અત્રિ ગોત્રવાળા વૈદિક અભ્યાસ કરી વનપસ્પતિ શાસ્ત્રમાં નિપુણ બનતા. કશ્યપ ગોત્રવાળા યજ્ઞયાગ કરતા. ભારદ્વાજ ગોત્રવાળા સાંગોપાંગ વેદના અભ્યાસી હતા. કૌશિક ગોત્રવાળા વધારે પડતી ઈર્ષ્યાવાળા હતા. શાંડિલ્ય ગોત્રવાળા જ્યોતિષશાસ્ત્ર દ્વારા જીવનવ્યવહાર ચલાવતા. ઉપમન્યુ ગોત્રના નીતિશાસ્ત્રના જાણકાર હતા અને વૈદક શાસ્ત્રથી પોતાનું જીવન વિતાવતાં.[૨૪]

આ સર્વ બ્રાહ્મણોની જુદી જુદી ગોત્રમાતા. ઓ હતીદા.ત. સર્વમંગલા, ચંદ્રિકા, ગોત્રડા, શ્રીમાતા, ભટ્ટયોગિની વગેરે. સર્વ બ્રાહ્મણોના ઈષ્ટદેવ ગદાધર હતા. આ સર્વમાં જે બ્રાહ્મણો પ્રતિગ્રહ લઈને પ્રાયશ્ચિત્ત કે તપસ્યા કરતા ન હતા તેઓ લોલુપ અને ઔદુમ્બરો તરીકે ઓળખાતા.[૨૫]

હરસોલા બ્રાહ્મણોમાં મુદ્ગલ, કૌશિક, ભારદ્વાજ, શાણ્ડિલ્ય, પરાશર, ગૌતમ વગેરે ગોત્ર હતાં. તેઓના ત્રણ પ્રવરો હતા. તેમની ગોત્રમાતા સર્વમંગલા હતી અને ઈષ્ટદેવ ગદાધર હતા.[૨૬]

દરેક ગોત્રના પાંચસો પાંચસો માણસો બંને ઋષિના આશ્રમમાં વસતા હતા.[૨૭] ઔદુમ્બર

---

૨૧ ગમ, અ. ૨૦

૨૨ ગ.મ, અ. ૨૧

૨૩ હાલમાં ગુજરાત માળવા અને વાગડ પંચગ્રામમાં વસતા ઔદુમ્બરોમાં–ગુજરાત પંચગ્રામમાં અગસ્ત, ગૌતમ, મુદ્ગલ, જાતુકણ્ય, કૌશિક, ચંદાત્રી, ભારદ્વાજ–માળવા પંચગ્રામમાં–મુદ્ગલ, વચ્છસ, ભારદ્વાજ, જાતુકર્ણ, ચંદાત્રી, કશ્યપ, વસિષ્ઠ વાગડ પંચગ્રામમાં–ભારદ્વાજ, ચંદાત્રી, મુદ્ગલ, કશ્યપ, વસિષ્ઠ વગેરે ગોત્ર જોવા મળે છે.

–શ્રી આભ્યંતર ઔદુમ્બર બ્રાહ્મણોની શ્રી ભાઈલાલભાઈ ભવાનીશંકર જોષીએ તૈયાર કરેલ વસ્તિપત્રકના આધારે.

૨૪ ગ.મ., અ. ૨૦ અ. ૨૦ શ્લો ૪–૪૯.

૨૫ ગ.મ. અ. ૨૦ શ્લો ૪૮

૨૬ એજન, અ. ૨૧, શ્લો ૨–૧૨

૨૭ એજન, અ. ૨૦ શ્લો ૩૮

ઋષિના આશ્રમમાં દરેક ગોત્રના બ્રાહ્મણો વસતા હતા. તેઓ ઔદુમ્બર તરીકે ઓળખાતા.[૨૮] હરિત ઋષિના આશ્રમમાં દરેક ગોત્રના પાંચસો બ્રાહ્મણો વસતા હતા. તેઓ હરસોલા કહેવાતા.[૨૯]

વણિકો

અહીં વસતા વણિકોના બે વર્ગ હતા: નીમા અને હરસોલા. નીમા વણિકો ઔદુમ્બર બ્રાહ્મણોના યજમાનો હતા. બે વણિક કુટુંબોએ એક ઔદુમ્બર કુટુંબને પોષવું તેવા નિયમ વડે તેઓ બંધાયેલ હોવાથી તેઓ નિયમસ્થ-નિમા કહેવાયા.[૨૯] કેટલાક નિમાડ પ્રાંતમાંથી તેઓ આવેલા માટે નિમા કહેવાયા એમ માને છે. પૂર્વ સમયમાં ક્ષત્રિયોનો વિનાશ થવાથી દેશમાં બળવો જાગ્યો ત્યારે વાણિયાના ગોત્રપ્રવરોના જ્ઞાનનો લોપ થવાથી તેમનાં ગોત્રપ્રવરો બ્રાહ્મણોએ તેમના પુરોહિતના ગોત્રપ્રવરો ઉપરથી વાણિયાઓના ગોત્રપ્રવરો નક્કી કર્યાં.[૩૦] તેમની કુળદેવીઓ જુદી જુદી હતી પણ ઇષ્ટદેવ તો ગદાધર હતા. સમય જતાં તેમનામાં ૩૨ ભેદ પડ્યા.

એ જ પ્રમાણે હરસોલા વણિકોનાં ગોત્રો પણ તેમના પુરોહિતના ગોત્ર પ્રમાણે નક્કી થયાં. તેઓમાં મુદ્ગલ, કૌશિક, ભારદ્વાજ, ગૌતમ, પરાશર, શાણ્ડિલ્ય એમ છ ગોત્ર હતાં. સમય જતાં તેમનામાં બાર ભેદ પડ્યા. આ બાર પ્રકારના હરસોલા વણિકોની સર્વમંગલા, જગદંબા, ચામુંડા, ધરામ્બિકા, કુલેશ્વરી, ખરોટિકા, વરોટિકા, વણેશ્વરી પીઠામ્બા, તારામ્બા, કર્ણેશ્વરી, અર્ચિકા એમ બાર કુળદેવીઓ નક્કી કરવામાં આવી.[૩૧]

લગ્નપ્રથા :

આ વખતે સામાન્ય રીતે એક પત્નીત્વની પ્રથા પ્રચલિત હોવાનો સંભવ છે. તેમ છતાં યોગ્ય પુત્ર માટે એક સ્ત્રી હયાત હોવા છતાં બીજું લગ્ન કરવાની છૂટ હશે. મંકૂકે પોતાની એક ધર્મપત્ની હૈયાત હોવા છતાં કુશલ પુત્ર મેળવવા પિંગા સાથે લગ્ન કર્યું હતુ.[૩૨]

નદીઓ :

આ ગ્રંથમાં સરયુ,[૩૩] મેષા[૩૪] અને પિંગાનો[૩૫] ઉલ્લેખ મળે છે. મેષાની ઉત્પત્તિ અગ્નિના વાહન મેષ (ઘેટા) સાથે સાંકળવામાં આવી છે.[૩૬] હરશૈલ પર્વતમાંથી નીકળે છે. પિંગા નદી દેવશૈલ પર્વતમાંથી નીકળે છે. તેના નામ માટેની અનુશ્રુતિ આ પ્રમાણેની છે કે " કાળા

---

૨૮ એજન, અ. ૨૧ શ્લો ૧૨
૨૯ અ. ૧૯, શ્લો ૪૬–૪૮
૩૦ એજન, અ. ૨૨, શ્લો ૩-૪
૩૧ ગ.મ., અ. ૨૩, શ્લો. ૫–૯
૩૨ એજન, અ. ૪, શ્લો. ૧૦–૧૧
૩૩ એજન, અ. ૧, શ્લો. ૧૪
૩૪ એજન, અ. ૯, શ્લો. ૯
૩૫ એજન, અ. ૯, શ્લો. ૫
૩૬ એજન, અ. ૧૩, શ્લો. ૧૧–૧૭

અનેક ઢંગા શરીરવાળા ઋષિમુનિઓએ આ નદીમાં સ્નાન કરતાં તે નદી સુવર્ણમય (પિંગલ) બની ગઈ. આથી તેનુ નામ પિંગા પડયું.[૩૭]

પર્વતો :

પર્વતોમાં હરશૈલ,[૩૮] દેવશૈલ,[૩૯] ત્રિશૃંગ અને નીલ[૪૦] પર્વતના ઉલ્લેખ મળે છે. આ નામના પર્વતો હાલમાં આ સ્થળે જોવા મળતા નથી.

દેશો :-

સમગ્ર ગ્રંથમાંથી કેરલ,[૪૧] કોશલ, બંગ, અંગ, કલિંગ, મગધ, સૂરશેન, મહારાષ્ટ્ર, કર્ણાટક, સૌરાષ્ટ્ર, આનર્ત, માળવા, કાન્યકુબ્જ[૪૨] વગેરેના ઉલ્લેખો મળે છે.

મનુષ્યનું નામ :

આ ગ્રંથનો અભ્યાસ કરતાં કેટલાંક દેવદેવીઓનાં, ઋષિમુનિઓનાં નામ તથા સામાન્ય સ્ત્રીઓનાં નામ જાણવા મળે છે જેની યાદી સાથે આપવામાં આવી છે. આ સર્વ નામો તપાસતાં જણાય છે. ઉપલબ્ધ નામોમાં આઠ નામ બે અક્ષરોનાં નવ નામ ત્રણ અક્ષરોનાં અને લગભગ વીસેક નામ ચાર અક્ષરનાં છે.[૪૩]

સમય જતાં :

સમય જતાં પૌરાણિક સમયનું પ્રખ્યાત ગદાધર તીર્થ ભુલાવા લાગ્યું. આઠમી–નવમી સદીમાં વૈષ્ણવ ધર્મનો પ્રચાર વધતાં આ તીર્થનો જીર્ણોદ્ધાર થયો હોવાનું જણાય છે. શામળાજી-માંથી આજે પણ નવમી-દસમી સદીનાં સ્થાપત્યોના અવશેષો અને શિલ્પો પ્રાપ્ત થાય છે. સોલંકીકાલ દરમ્યાન આ તીર્થનો મહિમા લોકોમાં ટકી રહ્યો હતો. ગુજરાત પર મુસલમાનોનું આક્રમણ થતાં આ તીર્થ પણ તેનું ભોગ બન્યું. અહીંનાં અનેક મંદિરો નાશ પામ્યાં. ધીરે ધીરે ગુજરાતમાં મુસ્લિમ સત્તા સ્થપાતાં આ તીર્થ નષ્ટપ્રાય સ્થિતિમાં આવી પડયું.

કેટલાક વખત બાદ મુગલકાલમાં ગુજરાતમાં કંઈક ધાર્મિક ક્ષેત્રે શાંતિ સ્થપાતાં વલ્લભાચાર્યે વૈષ્ણવ ધર્મનો પ્રચાર શરૂ કર્યો તેને પરિણામે આ તીર્થનો જીર્ણોદ્ધાર થયો. સોળમી સદીમાં શામળાજીના મંદિરનો જીર્ણોદ્ધાર થયાના કેટલાંક લેખો મળી આવેલ છે. વળી પાછા બાદશાહ ઔરંગઝેબના સમયમાં ધાર્મિક અત્યાચારો વધ્યા. અનેક હિંદુ મંદિરો નાશ પામ્યાં. આ મંદિર પર પણ કેટલાક મુસ્લિમ સૈનિકો ધસી આવ્યા. અનુશ્રુતિ પ્રમાણે જાણવા મળે છે કે મુસલમાન સૈનિકોએ મંદિરમાં દાખલ થઈ મંદિરની અંદરની ગરુડની મૂર્તિનું નાક ખંડિત કરતાં તેમાંથી

---

૩૭ એજન, અ. ૯, શ્લો. ૮

૩૮ ગ.મ, અ. ૪, શ્લો. ૫

૩૯ એજન, અ. ૯, શ્લો. ૫

૪૦ એજન, અ. ૧૫, શ્લો. ૭

૪૧ એજન અ. ૧૨, શ્લો. ૩

૪૨ એજન, અ. ૧૭, શ્લો. ૪–૫

૪૩ એજન, અ. ૧૭, અ. ૧૫, શ્લો. ૧૦, અ. ૪, શ્લો. ૭

અસંખ્ય ભમરાઓ ઊડયા અને મુસ્લિમ સૈનિકોને ભયંકર ડંખ મારવા લાગ્યા. આના પરિણામે સૈનિકોને મંદિરથી લગભગ ત્રણ ગાઉ દૂર પાછા હઠી જવું પડયું. આ તકનો લાભ લઈ મંદિરની મુખ્ય પ્રતિમાને કેટલાક ભક્તોએ કરામ્બુ તળાવમાં સંતાડી દીધી. સમય જતાં રાજ્યમાં શાંતિ સ્થપાતા ઈડર રાજ્ય વ્યવસ્થિત થતાં ફરી પાછી એ મૂર્તિને મંદિરમાં પધરાવવામાં આવી. મંદિરનો પુનઃ જીર્ણોદ્ધાર થયો.

મંદિરમાં પ્રતિમાની પુનઃ પ્રતિષ્ઠા કરતાં આ મંદિરના વહીવટ માટે કેટલાક વણિકોની સમિતિ નીમવામાં આવી. વર્ષો સુધી આ સમિતિ કામ કરતી રહી. મંદિર જીર્ણ થતું રહ્યું. પરિણામે હાલમાં મંદિરનો જીર્ણોદ્ધાર થયો. હાલમાં મંદિરનું ટ્રસ્ટ રજિસ્ટર થતાં સરકારી અંકુશ હેઠળ આનો વહીવટ ચાલે છે.

આજે આ તીર્થમાં ઔદુમ્બરો વસતા નથી પણ મંદિરની પૂજાનો હક્ક ઔદુમ્બર જ્ઞાતિના મંદિરના પૂજારી શ્રી શિવપ્રસાદ શામળદાસ રણા પાસે રહ્યો છે. બીજી રીતે ઔદુમ્બરોના આ દેવ ઈષ્ટદેવ હોવા છતાં તેમનો આ સ્થળ સાથે કોઈ નિકટનો સંબંધ રહ્યો નથી. યજમાનવૃત્તિ અર્થે કે નારાયણબલિ વખતે કોઈક વખત કેટલાક ઔદુમ્બર અત્રે આવે છે.[૪૪]

આજે તો આ સ્થળ ગુજરાતનું એક રમણીય યાત્રાધામ બન્યું છે. ત્યાં મેશ્વોના કિનારે સરકાર તરફથી લાખોના ખર્ચે શ્યામ સરોવરનું સર્જન થયું છે. અહીંનાં સ્થાપત્યો અને શિલ્પો અનેક પુરાતત્ત્વવિદોને આકર્ષે છે.

ટૂંકમાં પ્રાચીન હરિશ્ચંદ્રપુરી–ગદાધર ક્ષેત્ર આજે તો સાચા અર્થમાં વિષ્ણુની છત્રછાયામાં વિકસી રહ્યું છે. આજે સાચે જ ગદાધર ભગવાન ત્યાં પ્રગટ થયા હોય તેવો ભાસ થાય છે.

---

૪૪ શ્રીમદ્ ગદાધરમાહાત્મ્યનો ગ્રંથ મેળવી આપવા બદલ સાગવાડાના જોષી જટાશંકર રેવાશંકરનો તથા ઔદુમ્બરોની વસ્તી ગણતરી અંગેની પુસ્તિકા મેળવી આપવા બદલ દાહોદના શ્રી શંભુપ્રસાદ ગોપાલદાસ ભટ્ટનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું. તે સાથે આ લેખ તૈયાર કરવામાં 'જન કલ્યાણ'ના જાન્યુ. ૧૯૭૪ના અંકમાં શામળાજી અંગે શ્રી નરહરિભાઈ ન. દવેનો છપાયેલ લેખ તથા 'ઔદુમ્બર'ના નવેમ્બર ૧૯૬૧ના શામળાજી વિશેષાંકમાં છપાયેલ શામળાજી વિશેના કેટલાક લેખોનો અત્રે આધાર લેવામાં આવ્યો છે તે સર્વ લેખકોનો હું ઋણી છું.

'અંગવિજ્જા'નો સમય અને તેમાં પ્રતિબિંબિત સંસ્કૃતિ*

રસેશ જમીનદાર

માનવવિદ્યા, સમાજવિદ્યા અને વિજ્ઞાનવિદ્યાની કોઈ શાખા-પ્રશાખા એવી નથી જેના સંશોધનીય વિકાસમાં ભારતીય સંસ્કૃતિનું યોગદાન ન હોય. આદ્યૈતિહાસિક સમયથી ગઈકાલ સુધીના ભારતવર્ષના સાંસ્કારિક ઇતિહાસનાં પૃષ્ઠોનું નિરીક્ષણ કરતાં આવી પ્રતીતિ થયા વિના રહેશે નહીં. આવાં ઉદાહરણો સારુ આપણી પાસે ગુણાત્મક અને સંખ્યાત્મક એવું વિપુલ સાહિત્ય સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં સંગૃહીત છે. ઔષધવિજ્ઞાન કે આરોગ્યવિજ્ઞાનમાં શસ્ત્રક્રિયાથી[1] આરંભી અવકાશ સંશોધનની પ્રગતિમાં ઉડ્ડયન[2] સુધીની કે ગણિતમાં શૂન્યના પ્રદાનથી માંડી મંત્રોચ્ચારવડે અગ્નિ ઉત્પન્ન કરવા સુધી કે સાહિત્યમાં કથાપ્રકારોથી[3] આરંભી છંદવ્યાકરણ નાટકો આદિ અનેકાનેક પ્રકારો સુધી, ધાતુશોધન વિદ્યાથા[4] આરંભી ખગોલીય સંશોધન સુધી, વસ્ત્રવણાટની પ્રક્રિયાથી[5] શરૂ કરી અત્યંત મુલાયમ તૈયાર કરવા સુધી[6] એક પણ ક્ષેત્ર એવું નથી જેમાં ભારતીઓએ પોતાની મેધાવી શક્તિનો પરિચય વિશ્વને કરાવ્યો ન હોય. બલકે વિશ્વ-ઇતિહાસમાં એવા અનેક તબક્કાઓ છે, જ્યારે વિશ્વની અન્ય પ્રજા પોતપોતાના દેશની ભૌગોલિક સરહદોમાં

---

* તુલનાત્મક ધર્મો અને તત્ત્વજ્ઞાન વિભાગ, ગુજરાત વિદ્યાપીઠના ઉપક્રમે 'જિજ્ઞાસા' મંડળ આયોજિત સભામાં સભ્યો સમક્ષ તા. ૩૧-૮-૧૯૭૪ના રોજ રજૂ થયેલો નિબંધ સુધારા-વધારા સાથે.

૧ લોથલના ખોદકામથી જાણી શકાયું છે કે ત્યારે બાળકોને ફેફરું જેવા રોગ થતા અને તત્સંબંધી શસ્ત્રક્રિયાની જોગવાઈ હતી. (જુઓ "લોથલ ઍન્ડ ધ ઇન્ડસ સિવિલિઝશન", શિકારીપુર, રંગનાથ રાવ, ૧૯૭૩, પૃ. ૧૪૯-૫૦)

૨ અહીં અભિપ્રેત છે પુષ્પક વિમાન. આપણે ભલે આ વિમાનનું ચિત્ર જોવા મળતું નથી કે એના ભિન્ન વિભાગોનું વર્ણન પ્રાપ્ત થતું નથી. ઉત્ખનનથી એના કોઈ અવશેષ હાથ લાગ્યા નથી. 'રામાયણ'માંનો આ સાહિત્યિક નિર્દેશ એટલું તો પુરવાર કરે છે કે ત્યારે ભારતના લોકો હવામાં ઊડવાની કોઈ વૈજ્ઞાનિક પ્રક્રિયાથી પરિચિત હતા.

૩ 'પંચતંત્ર' અને 'જાતકકથા'ઓ વગેરે. ભારતમાં અરબોના આગમન પછી આ સાહિત્ય-પ્રકારનો અરબો દ્વારા પશ્ચિમમાં પ્રચાર થયો અને 'ઍરેબિયન નાઇટ્સ'નું સર્જન થયું.

૪ સુલતાનપુર(ભાગલપુર)માંથી ભગવાન બુદ્ધની સાડા સાત ફૂટ ઊંચી તાંબાની મૂર્તિ (ગુપ્ત કાલની) તથા દિલ્હીમાંથી મેહરૌલીમાંથી પ્રાપ્ય ચંદ્રગુપ્તનો ત્રેવીસ ફૂટ ઊંચો લોહસ્તંભ આ વિદ્યાના શ્રેષ્ઠ નમૂનાઓ છે. સદીઓ થઈ હજી આ બન્નેને કાટ લાગ્યો નથી.

૫ લોથલ અને સિંધુ સંસ્કૃતિમાંથી સૌ પ્રથમ આ નમૂના મળ્યા છે.

૬ ત્યારના ઢાકામાં (હાલ બંગલા દેશ) તૈયાર થતું અત્યંત બારીક મલમલનું કાપડ.

સુરક્ષિત હતી ત્યારે ભારતીઓ સાત સમુદ્રના પાણી ઉપર પ્રભુત્વ જમાવેલા નજરે પડતા હતા, અને છતાં ય બ્રિટિશ અને પશ્ચિમી ઇતિહાસજ્ઞોને એમ કહેવું પડયું કે ભારતને ઇતિહાસ-સંસ્કૃતિ જેવું કશું નથી ત્યારે એટલું જ કહેવું પડે કે ગુરુતાગ્રન્થિથી રસાયેલા એમના આ વિધાનમાં ભારત અંગેની એમની અજ્ઞાનતા અને અણુસમજ ઉપસી આવે છે.

ગણિત સાથે સીધો સંબંધ ધરાવતી વિદ્યાઓમાં[૭] પણ ભારતનું પ્રદાન વિશિષ્ટ અને અગ્રતાક્રમ સૂચવતું છે, તોપણ એટલું તો નોધવું રહ્યું કે જ્ઞાન-વિજ્ઞાનના વિકાસમાં એણે કશું ગોપનીય નથી રાખ્યું, પણ સૌજન્યશીલતાને કારણે આદાન-પ્રદાનમાં અગ્રીમ રહ્યું છે. પરિણામે બીજાનું શ્રેષ્ઠ એણે હંમેશાં સ્વીકાર્યું છે, તો પોતાનું શ્રેષ્ઠ એવું અન્યને આપ્યું પણ છે. આને કારણે ઘણી બધી બાબતોમાં પ્રારંભ ભારતે કર્યો હોય પરન્તુ જરૂર જણાઈ ત્યાં ઓપ પશ્ચિમી આપ્યો છે. ફલસ્વરૂપે એવું બન્યું કે કોઈ પણ ગ્રન્થિની કંઠી બાંધ્યા વિના ભારત નમ્રભાવે સંસ્કૃતિનું મહાકેન્દ્ર બની રહ્યું.[૮] આવી નિઃસ્પૃહી વૃત્તિનો યશ તો આધ્યાત્મિકતાને ફાળે જાય છે.[૯]

ખગોળશાસ્ત્રના સિદ્ધાન્ત (Astronomy) અને વ્યવહાર(Astrology)માં ભારતનું મહત્ત્વનું પ્રદાન છે. ધર્મ અને અધ્યાત્મ તરફ ઢળેલી વિશેષ વૃત્તિને કારણે ભારતીય પ્રજામાં ગ્રહો-તારાનક્ષત્રોની પરસ્પર સ્થિતિ જોઈ માનવ ઉપર થતી અસરોનું ભવિષ્ય ભાખવાનું વિજ્ઞાન વધારે ખેડાયું. આ વિજ્ઞાનને ફલાદેશ પણ કહેવાય છે.

ભારતીય જ્યોતિષના ત્રણ પ્રકાર છેઃ સિદ્ધાન્ત જ્યોતિષ, સંહિતા જ્યોતિષ અને હોરા જ્યોતિષ.[૧૦] આ નિબંધમાં વિશેષ સંબંધ સંહિતા પ્રકારના જ્યોતિષ સાથે છે. સંહિતા જ્યોતિષનો વિકાસ જીવનનાં વ્યાવહારિક ક્ષેત્રોમાં વિજ્ઞાનની આવશ્યકતામાંથી થયો. આથી માનવજીવન સાથે સંબંધિત અનેકાનેક વાતો સંહિતા ગ્રન્થોના વિષય તરીકે આવરી લેવાઈ છે, પણ પ્રધાન પ્રતિપાદ્ય વિષય છે કૃષિની ઉન્નતિ અને પ્રગતિ. માનવી અન્ય પ્રાણીઓની અપેક્ષાએ જિજ્ઞાસુ હોઈ આ જ્યોતિષમાં ફલિત ભાવનાનું તત્ત્વ વિશેષ છે, ફલિતાર્થ જન્મે છે નિમિત્તમાંથી.

---

૭ ખગોળવિદ્યા, જ્યોતિષ વિજ્ઞાન, ભૂગોળ વગેરેમાં.

૮ વિશ્વની અન્ય સંસ્કૃતિઓ નાશ પામી છે કે કાં તો એના સંસ્કારોનું સાતત્ય જળવાઈ રહ્યું નથી; ત્યારે ભારતની એ લોથલ સંસ્કૃતિ હજીય જીવંત છે, એના સંસ્કારોનું સાતત્ય આજે પણ વત્તાઓછા પ્રમાણમાં પ્રચારમાં છે. એની ઉદારતા અને સમન્વયી વૃત્તિને કારણે એ સંસ્કૃતિનું જીવંત કેન્દ્ર બની રહ્યું છે.

૯ આધ્યાત્મિકતા એ ભારતીય પ્રજાનું એક અલૌકિક અને અજોડ લક્ષણ છે જેને લઈને તેને ભૌતિક સંસ્કૃતિનું ઘેલું બહુ લાગ્યું નથી. આ ગુણને લીધે એ હંમેશાં સંતોષી રહી છે. એથી એનામાં શ્રદ્ધાનાં મૂળ નંખાયાં છે, જેને લીધે નિરાશાનો દુર્ગુણ વિકસ્યો નથી. આધ્યાત્મિકતાનું પ્રાબલ્ય એટલું બધું રહ્યું છે કે જેણે સંસ્કારોના સાતત્યને તથા રાષ્ટ્રની સાંસ્કૃતિક એકતાને જાળવી રાખવામાં ઉત્તમ યોગદાન બક્ષ્યું છે.

૧૦ જુઓ 'ભદ્રબાહુસંહિતા' (સંપાદક : નેમિચંદ્ર શાસ્ત્રી, હિન્દી અનુવાદ સહિત), ૧૯૫૯. પ્રસ્તાવના પૃ. ૯. આ ત્રણેય પદ્ધતિના વિવરણ માટે પણ આ ગ્રંથની પ્રસ્તાવના જોવી.

સંહિતાશાસ્ત્રની પ્રાચીનતા અથર્વવેદ જેટલી છે, તે પછી સૂત્રગ્રન્થો, પાણિનિનું વ્યાકરણ, મનુસ્મૃતિ, યાજ્ઞવલ્કય સ્મૃતિ, મહાભારત, કૌટિલીય અર્થશાસ્ત્રી, સ્વપ્નવાસવદત્ત અને હર્ષચરિત પણ સંહિતા જ્યોતિષને વર્ણવે છે. આ બધામાં મનુસ્મૃતિ આ શાસ્ત્રને વિગતે ચર્ચે છે.[૧૧]

માત્ર હિન્દુ ધર્મમાં નહીં, બૌદ્ધ અને જૈન ધર્મોમાં પણ જ્યોતિષને સ્થાન પ્રાપ્ત થયેલું છે. જૈન જ્યોતિષનો વિકાસ આગમોની દૃષ્ટિએ પરિકર્મોથી અને વિદ્યાનુવાદાંગથી થયો હોવાનું જણાય છે.[૧૨] ઉભયમાંથી વિદ્યાનુવાદાંગમાં નિમિત્ત વિદ્યાનું વિવેચન થયું છે, જ્યારે ગણિત સિદ્ધાન્તનું વિવરણ પરિકર્મોમાં નિહિત છે; નિમિત્ત જ્ઞાન આઠ અંગનું છે, જેનું વિવેચન વિગતે આગમ ગ્રન્થોમાં છે. નિમિત્ત જ્ઞાનમાં લક્ષણોને નિરીક્ષી ભૂત અને ભવિષ્યમાં થયેલી કે થવાની ઘટનાઓનું નિરૂપણ હોય છે. ન્યાયશાસ્ત્ર નિમિત્તના બે પ્રકારો વર્ણવે છેઃ કારક અને સૂચક. કારક નિમિત્ત એટલે વસ્તુને પ્રાપ્ત કરવામાં સહાયક થનાર ઘટક. દા. ત. કુંભાર, વણકર વગેરે. જેમાં વસ્તુ કે ક્રિયાની સૂચના મળે છે તેને સૂચક નિમિત્ત કહેવાય છે. દા.ત. સિગ્નલની ક્રિયા, ઘંટ વાગવાની ક્રિયા. ઉભયમાંથી સૂચક નિમિત્તનું નિરૂપણ વધારે થયું છે.[૧૩]

સૂચક નિમિત્તના આઠ પ્રકાર છેઃ વ્યંજન, અંગ, સ્વર, ભૌમ, છિન્ન, અન્તરિક્ષ, લક્ષણ અને સ્વપ્ન[૧૪] જૈનોએ અષ્ટાંગ નિમિત્ત જ્ઞાનનો વિકાસ સ્વતંત્ર રીતે કર્યો છે.[૧૫]

સંક્ષેપમાં કહીએ તો જ્યોતિષનો ઉદ્દેશ જીવનના બધા આવશ્યક વિષયો ઉપર વિવેચન-વિવરણ કરવું તે છે.

અહીં તો આપણને પ્રસ્તુત છે સૂચક નિમિત્તના આઠ પ્રકારમાંના એક પ્રકાર 'અંગ' વિશેની ચર્ચા; કેમ કે આ બધાંમાં 'અંગ' વિશેની વિદ્યા શ્રેષ્ઠ મનાય છે. જેમ સૂર્ય બધા રૂપને પારદર્શક બનાવે છે, તેમ અંગવિદ્યાથી અન્ય બધાં નિમિત્ત સ્પષ્ટ બને છે.

અંગવિદ્યા ઘણા સમયથી લોકપ્રચલિત વિદ્યા હતી અને છે. મનુસ્મૃતિ, બ્રહ્મજાલસૂત, જાતકગ્રન્થો, થાનાંગસૂત્ત, સમવાયાંગ, ઉત્તરાધ્યયનસૂત્ર, પાણિનિ વગેરેમાં અંગવિદ્યા વિશે

---

૧૧ એજન, પૃ. ૧૮

૧૨ એજન, પૃ. ૧૩ ૧૩ એજન, પૃ. ૧૫

૧૪ જુઓ "અંગવિજ્જા" (મુનિશ્રી પુણ્યવિજયજી સંપાદિત); પ્રથમ અધ્યાય, શ્લોક ૨.

૧૫ એક એવી માન્યતા રહી હતી કે અષ્ટાંગ નિમિત્ત જ્ઞાન ઉપર ગ્રીસ અને રોમની અસર હતી; પરન્તુ આ માન્યતા સ્વીકાર્ય નથી કેમ કે રાશિ ગ્રહ, નક્ષત્ર, વ્યતિપાતના સ્વરૂપે જ્યોતિષનો પ્રચાર ગ્રીકોના આગમન પૂર્વે ભારતમાં વિદ્યમાન હતો. મેકસ મ્યૂલર પણ નોંધે છે કે ભારતીઓની આકાશનું રહસ્ય જાણવાની ભાવના વિદેશી પ્રભાવથી ઉદ્ભવી ન હતી પણ સ્વતંત્ર રીતે ઉત્પન્ન થઈ હતી. (સેક્રેડ બુકસ ઑવ ધ ઈસ્ટ, પુ. ૧૩, પૃ. ૧૩૦). ફ્રેન્ચ પ્રવાસી ફ્રાન્કવીસ બર્નિયર પણ આ મતનું સમર્થન કરે છે. (જુઓ 'ભદ્રબાહુસંહિતા', પ્રસ્તાવના; પૃ. ૩૬).

વત્તાઓછા નિર્દેશો છે.[૧૬] પરન્તુ આ બધા નિર્દેશો આ વિદ્યાને નાસ્તિક ગણાવે છે,[૧૭] તેથી તે અંગેનું વિસ્તૃત જ્ઞાન આપણને ઉપલબ્ધ થતું નથી. પરિણામે અંગવિદ્યા એ શું છે તેની કોઈ માહિતી આ આસ્તિકવાદી ગ્રન્થોમાં નથી. એક માત્ર જૈનધર્મમાં એક ગ્રન્થ સચવાઈ રહ્યો છે, જે આ વિદ્યા વિશે પ્રકાશ પાડે છે. જૈનો પણ આ વિદ્યાને નાસ્તિક પ્રકારની ગણાવતા હોવા છતાંય દૃષ્ટિવાદ નામના બારમા અંગમાં મહાવીરે નિમિત્ત જ્ઞાન દર્શાવતા આ વિષયનો ઉપદેશ આપ્યો હતો.[૧૮]

આમ આ વિદ્યાનો ઉપયોગ ધાર્મિક દૃષ્ટિએ નિષિદ્ધ હોવા છતાં એનું અસ્તિત્વ અને પ્રચાર ચાલુ રહ્યાં. પરંતુ તેની વિગતોની જાણકારી આ પુસ્તકના પ્રકાશન પૂર્વે ન હતી. પ્રસ્તુત ગ્રન્થ અજ્ઞાતનામા એક જૈન મુનિએ કે મુનિઓએ લખ્યો છે.[૧૯] ગ્રન્થ પ્રાકૃત ભાષામાં છે અને ગદ્યપદ્ય બન્નેનો વિનિયોગ થયો છે. ગ્રંથનું નામ છે ‘અંગવિજ્જા પઈણ્ણય’; આગમ ગ્રન્થો ૮૪ છે. એમાં ૩૦ પ્રકીર્ણક ગ્રન્થો છે. પ્રસ્તુત ગ્રન્થ આ ત્રીસમાંનો એક છે.[૨૦] જ્યોતિષની દૃષ્ટિએ એનો સમાવેશ સંહિતાના પ્રકારમાં થયો છે. આ ગ્રન્થનું પ્રકાશન ૧૯૫૭માં ‘પ્રાકૃત ગ્રન્થ પરિષદ’ (વારાણસી) દ્વારા થયું. એનું સંપાદન કર્યું મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજે. ડૉ. મોતીચંદ્રજીએ અંગ્રેજી પ્રસ્તાવના દ્વારા, ડૉ. વાસુદેવ શરણ અગ્રવાલે હિન્દી પ્રસ્તાવના તથા સિક્કાઓ વિશે અંગ્રેજી નોંધ વડે અને મુનિશ્રી પુણ્યવિજયજીએ હિન્દી પ્રસ્તાવનામાં આ ગ્રન્થના

---

૧૬ મનુસ્મૃતિ, અધ્યા. ૬, શ્લોક ૫૦; બ્રહ્મજાલસૂત્ત, પૃ. ૧૬ થી ૧૮ (રીઝ ડેવિડ્ઝ સંપાદિત); જાતકગ્રંથો (૧, ૨૯૦, ૨, ૨૧, ૨૦૦, ૨૫૦; ૩, ૧૨૨, ૧૫૮, ૨૧૫, ૫, ૨૧૧, ૪૫૮); થાનાંગસૂત્ત, ૩, ૬-૭૮; ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યા. ૮, શ્લોક ૧૩, પૃ. ૩૧૪; પાણિનિ, ૧. ૪-૩૯, ૩. ૨-૫૩, ૪. ૩-૭૩ (તથા ઇન્ડિયા નોન ટુ પાણિનિ, પૃ ૩૨૬–૨૭)

૧૭ ઉત્પાત્ત, નિમિત્ત, નક્ષત્ર અને અંગવિદ્યાના વિજ્ઞાનોનો ઉપયોગ કરનાર પાસેથી બ્રાહ્મણોએ દક્ષિણા ના સ્વીકારવી એવું મનુસ્મૃતિ નોંધે છે. બૌદ્ધો પણ એના સાધુઓને આ વિજ્ઞાનનો ઉપયોગ ન કરવાનું સૂચવે છે. ‘બ્રહ્મજાલસૂત’માં નિમિત્ત, ઉત્પાત્ત, અંગવિદ્યા, વાસ્તુવિદ્યા, યુદ્ધવિદ્યા, નૈમિત્તવિદ્યાના વિજ્ઞાનોનો નિષેધ દર્શાવ્યો છે. જૈનો પણ આવી વિદ્યાઓ વિશે પ્રતિબંધ મૂકે છે. ઉત્પાત્ત, નિમિત્ત, મંત્ર, ચિકિત્સા, કલા, આવરણ, અજ્ઞાન, મિથ્યાપ્રવચન વગેરે વિદ્યાઓ ‘થાનાંગસૂત્ત’ પ્રમાણે પાપયુક્ત છે, માટે તેનો વ્યવહાર ન કરવો. તો ‘સમવાયાંગસૂત્ત’માં ભૌમ, ઉત્પાત, સ્વપ્ન, અન્તરિક્ષ, અંગ, સ્વર, વ્યંજન, લક્ષણ, અર્થકામ, મંત્રાનુયોગ, યોગાનુયોગ, વગેરેનો નિષેધ છે. જેઓ ‘અંગવિદ્યા’નો વ્યવહાર કરે છે તેઓ ‘ઉત્તરાધ્યયનસૂત્ર’ પ્રમાણે શ્રમણ નથી. (આ બધા વિદ્યાનોના સંદર્ભ માટે જુઓ પાદનોંધ નં. ૭).

૧૮ જુઓ, ‘અંગવિજ્જા’માંની ડૉ. વાસુદેવ શરણ અગ્રવાલની હિન્દી પ્રસ્તાવના, પૃ. ૫૭.

૧૯ પ્રસ્તુત ગ્રંથનો પ્રકાર ‘સંહિતા’નો છે. એનો સમાવેશ ‘આગમો’માં પણ થયો છે. ઉભયમાં એક કરતાં વધારે લેખકો ઘણીવાર હોય છે. આથી આ ગ્રંથ પણ સંખ્યાબંધ મુનિઓ દ્વારા રચાયો હોવાનું સંભવે. ગ્રંથના આન્તરસ્વરૂપનો અભ્યાસ પણ આ વિચારણાને સ્પર્શે છે. આ ગ્રંથમાં ક્યાંય એના રચયિતાની નોંધ નથી.

૨૦ જુઓ “પ્રાકૃત સાહિત્યકા ઇતિહાસ”, પૃ. ૧૨૩–૧૨૯.

બાહ્ય-આંતર સ્વરૂપ વિશે સંક્ષેપમાં પણ વિશદ ચર્ચાઓ કરી છે. સંપાદકશ્રીએ પાંચ પરિશિષ્ટોનું[૨૧] અર્પણ કરીને ગ્રન્થને વિશેષતઃ પંખીદર્શનન્યાયે વાચકને પ્રત્યક્ષ કર્યો છે.

ગ્રન્થનું બાહ્ય સ્વરૂપ આ પ્રમાણે છે. ગ્રન્થ ૬૦ અધ્યાયોમાં વિભાજિત છે. છેલ્લો અધ્યાય પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એમ બે ભાગમાં વહેંચાયો છે. પૂર્વજન્મ માટેના ફલાદેશનો પ્રશ્નો પૂર્વાર્ધમાં છે, તો આગામી જન્મ અંગેના પ્રશ્નો ઉત્તરાર્ધમાં. આઠ, નવ અને ઓગણસાઠમા અધ્યાયમાં અનેક પેટા વિભાગો છે; આઠમામાં ત્રીસ, નવમામાં બસો સિત્તેર, અને ઓગણસાઠના બે ગદ્ય સિવાય નવ હજાર શ્લોક છે. ભાષા મહારાષ્ટ્રી પ્રાકૃત છે.[૨૨] જૈન મુનિઓ પાદપરિભ્રમણ કરતા રહેતા હોઈ પ્રાદેશિક ભાષાઓની અસર એમના લખાણોમાં વર્તાય છે. પ્રસ્તુત ગ્રન્થમાં પણ અત્રતત્ર આવી અસર જણાય છે. આથી અર્થઘટનમાં મુશ્કેલી ઊભી થાય છે. આ ગ્રન્થમાં પ્રાકૃતના નવતર પ્રયોગો પણ છે. પરિણામે પ્રાકૃત કોશમાં નવા શબ્દો ઉમેરવા પડે તેવું આલેખન આ ગ્રન્થનું છે.

પ્રસ્તુત ગ્રન્થ ફલાદેશનો મહાકાય ગ્રન્થ છે. અહીં આ વિદ્યાના વિષય કે પદ્ધતિ અંગે વિવરણ કરવાનો કોઈ ખ્યાલ નથી. ઉદ્દેશ તો માત્ર આ ગ્રન્થમાંની સામગ્રીના આધારે તત્કાલીન અને/કે પૂર્વકાલીન ભારતીય સંસ્કૃતિનું ઉપસી શકે તેવું ચિત્ર આલેખવાનો છે.

ગ્રહ, નક્ષત્ર, તારા કે જન્મકુંડલી આધારિત ફલાદેશ આપવાનો હેતુ આ ગ્રન્થનો નથી, પણ એનું નામ સૂચવે છે તેમ મનુષ્યની સાહજિક પ્રવૃત્તિઓના નિરીક્ષણ માત્રથી તેનાં અંગોના વિવિધ પ્રકારના ભાવો ઉપરથી ફલાદેશનું નિરૂપણ કરવાનો છે. આથી મનુષ્ય ઉપરાંત એની

---

૨૧ પરિશિષ્ટ પહેલામાં અંગવિદ્યા સાથે સંબંધિત એક એવા અપૂર્ણ ગ્રંથને પ્રકાશિત કર્યો છે. આદિ–અંત વિનાના આ ગ્રંથ વિશે કોઈ નિર્ણય શકય નથી. બીજા પરિશિષ્ટમાં અંગવિદ્યાશાસ્ત્રમાં અનુસ્યૂત શબ્દોનો પરિચય આકારાદિક્રમે નિરૂપ્યો છે. સંસ્કૃત શબ્દપ્રયોગોનો પણ સંગ્રહ રજૂ થયો છે. આમ બીજું પરિશિષ્ટ શબ્દકોશની દૃષ્ટિએ મહત્ત્વનું છે. તો ક્રિયાપદનો સંગ્રહ ત્રીજા પરિશિષ્ટમાં છે. આ સંગ્રહ પ્રાકૃતવિદો માટે અમૂલ્ય ખજાના જેવો છે. ત્રણ વિભાગમાં વિભાજિત મનુષ્ય અંગોનાં નામોનો સંગ્રહ ચોથા પરિશિષ્ટમાં છે. પહેલા વિભાગમાં સ્થાન નિર્દેશ સંબંધિત અંગોની સૂચિ છે. બીજા વિભાગમાં પ્રસ્તુત ગ્રંથના લેખકે મનુષ્યના અંગોને ૨૭૦ પ્રકારોમાં વહેચ્યાં છે તેની સૂચિ રજૂ થઈ છે. આ સૂચિ પણ આકારાદિ ક્રમે છે. ત્રીજા વિભાગમાં લેખકે જે ક્રમમાં અંગનામો વર્ણવ્યાં છે તેની સૂચિ છે. આ પરિશિષ્ટ ગ્રંથના નવમા અધ્યાયનું પૃથક્કરણરૂપ છે એમ કહી શકાય. સાંસ્કૃતિક અભ્યાસની દૃષ્ટિએ આ પરિશિષ્ટ ઉપયોગી છે. છેલ્લા અને પાંચમા પરિશિષ્ટમાં સાંસ્કૃતિક નામોનો વિપુલ સંગ્રહ છે. આ સંગ્રહને મનુષ્ય, દેવદેવી, વનસ્પતિ અને પશુપક્ષી એવા ચાર વિભાગોમાં રજૂ કર્યો છે. પ્રત્યેક વિભાગમાં અનેકાનેક ઉપ-વિભાગો પણ નિર્દિષ્ટ છે, જે સંખ્યા ઓગણચાલીસ થાય છે. આ સૂચિ આકારાદિક્રમે નથી. આ પરિશિષ્ટ સાંસ્કૃતિક માહિતીના અભ્યાસ માટે મૂલ્યવાન સામગ્રી પૂરી પાડે છે. આમ કુલ ૯૬ પૃષ્ઠો દ્વારા સંપાદકશ્રીએ વાચકને સારી અનુકૂળતા કરી આપી છે.

૨૨ જૈન મુનિઓ વિહારપ્રથાને કારણે વિભિન્ન પ્રદેશોમાં વિહરતા રહેતા. આથી તે તે પ્રદેશના રૂઢિપ્રયોગોની અસર એમનાં લખાણોમાં વર્તાય છે. પરિણામે પ્રાકૃત ભાષા વિવિધ પ્રાદેશિક અસરથી વિકસતી રહી. એમાંથી છેવટે ત્રણ પ્રાદેશિક પદ્ધતિઓ વિશેષ પ્રચારમાં રહી: સૌરસેની પ્રાકૃત, પૈશાચી પ્રાકૃત અને મહારાષ્ટ્રી પ્રાકૃત.

સાથે સંબંધિત વિષયોનું વિપુલ વર્ણન અને તદ્દવિષયક વૈવિધ્યપૂર્ણ માહિતી આ ગ્રન્થમાં પ્રસ્તુત છે. તેથી મુનિશ્રી પૂણ્યવિજયજી એને ભારતીય વાઙમયનો અપૂર્વ ગ્રન્થ ગણાવે છે તથા જગતના વાઙમયમાં આટલો વિશદ ગ્રન્થ બીજો નથી એમ પણ સૂચવે છે.[૨૩]

ગ્રન્થ અંગવિદ્યાનો હોઈ મનુષ્યના શરીરના વિવિધ અંગોપાંગની ક્રિયાઓ વિશદતાથી નિરૂપી છે. કર્તાએ અંગોના આકારપ્રકાર, વર્ણ, તોલ, સંખ્યા, લિંગ, સ્વભાવ વગેરેને ધ્યાનમાં રાખીને ૨૭૦ વિભાગ પાડ્યા છે. આ વિભાગો નવમા અધ્યાયના છે અને એનું નામ 'અંગમણી' પણ ખૂબ સૂચક છે.

હસવું, રડવું, બેસવું, ઊભવું, પ્રશ્ન કરવો, નમસ્કાર કરવા, આલિંગન, ચુંબન વગેરે જેવી માનવીની ચેષ્ટાઓને અનેકાનેક ભેદપ્રકારોમાં વહેંચી તેનું વિસ્તૃત વર્ણન લેખકે કર્યું છે. આથી પ્રાકૃત વાઙમયમાં જે ક્રિયાપદોનો ઉલ્લેખ નથી તેવા ઘણાંનો સંગ્રહ આ ગ્રન્થમાં વિપુલ પ્રમાણમાં હોઈ પ્રાકૃત વ્યાકરણની દૃષ્ટિએ એનું મહત્ત્વ ઘણું છે.[૨૪] આ ઉપરાંત વર્ણો, જાતિઓ, અટકો, ગોત્રો, સંબંધ-સગપણ, કામધંધા, વ્યાપાર, સિક્કા, અધિકારીઓ, યાનવાહન, પશુ-પંખી, નગર, ઘર, સ્થાન, પ્રદેશ, આભૂષણો, વસ્ત્રો, વાસણો, રાચરચીલું, ભોજનની વિવિધ વાનગીઓ, વિવિધ પ્રકારના પીણાં, વિવિધ પ્રકારનાં તેલ, આયુધો, નદીઓ, પર્વતો, ખનિજ-સંપત્તિ, ઉત્સવો, વિવિધ રોગો, દેવદેવીઓ, નક્ષત્રો વગેરે વિશે વ્યાપક માહિતી આપણને પ્રસ્તુત ગ્રન્થમાંથી પ્રાપ્ત થાય છે.

આથી આ ગ્રન્થ એક સાથે અનેક વિદ્યાશાખાઓના સંશોધકોને આકર્ષે તેવો છે તથા તેનું અધ્યયન-સંશોધન પણ અનેકને માટે રસપ્રદ નીવડે તેવું છે. એટલું જ નહીં આ ગ્રન્થનું પૃથક્કરણાત્મક વિવરણ કરવાનું કાર્ય પણ સંખ્યાબંધ અધ્યેતાઓના સંયુક્ત પરિણામ ઉપર અવલંબે તેવું છે. આથી તો આને તત્કાલીન ભારતીય સંસ્કૃતિના નિરૂપણ માટેનો જ્ઞાનકોશ કહીએ તો જ એનું યોગ્ય મૂલ્ય આંકી શકાય.

પ્રકરણ પ્રમાણે આ ગ્રન્થને સમજવાનો પ્રયત્ન કરીએ. ભારતીય સંસ્કૃતિની વિશેષતા પ્રમાણે આ ગ્રન્થનો આરંભ અર્હત, સિદ્ધ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, જિન અને મહાવીરના નમસ્કારથી થાય છે. પહેલા અધ્યાયનો આ મુખ્ય સૂર છે. આ ઉપરાંત આ અધ્યાયમાં અંગવિદ્યાની ઉત્પત્તિ, તેનું સ્વરૂપ અને ગ્રન્થના વિવિધ અધ્યાયોની સંક્ષિપ્ત માહિહી આપી છે. બીજા અધ્યાયમાં જિન ભગવાનની સ્તુતિ વિશેષતઃ કરી છે.

ત્રીજા, ચોથા અને પાંચમા અધ્યાયમાં અંગવિદ્યાશાસ્ત્રના[૨૫] વિદ્યાર્થીઓની યોગ્યતા,

૨૩ જુઓ 'અંગવિજ્જા', પ્રસ્તાવના પૃ. ૧૧.

૨૪ એજન, પૃ. ૧૩

૨૫ આ ગ્રન્થને વિદ્યા (knowledge)નો ગ્રન્થ કહેવો કે વિદ્યાને જ શાસ્ત્ર ગણી વિજ્ઞાન-(Science)નો ગ્રન્થ તે મુશ્કેલ છે. આ ગ્રન્થમાં વિશેષતઃ તો માનવીનાં વિવિધ અંગો, તેનાં હલનચલન તથા તત્સંબંધી સંખ્યાબંધ જડચેતન ચીજવસ્તુઓનાં વિપુલ વર્ણન છે; અને આ બધાંના નિરીક્ષણથી ફળાફળનો નિર્દેશ છે. અતઃ આ ગ્રન્થને માહિતીકોશ કહી શકાય. પરન્તુ ફળાફળના વિજ્ઞાનનું વિવરણ આ પુસ્તકમાં નથી. આ પ્રકારનું વિજ્ઞાન અસ્તિત્વમાં ખસૂસ હતું પણ એની પદ્ધતિ વિશેની જાણકારી આ પુસ્તકથી થતી નથી. તેમ જ અન્ય રીતે થઈ નથી. પ્રાકૃતકોશ 'અંગવિજ્જા' નો અર્થ.

અંગવિદ્યાનું માહાત્મ્ય તથા અંગવિદ્યા, નિષ્ણાત એવા મહાપુરુષોની સ્તુતિ વર્ણ્ય વિષયો છે. છઠ્ઠા અધ્યાયમાં અંગવિદ્યાશાસ્ત્રજ્ઞ પ્રશ્ન કરનારને કેવી રીતે અવલોકે છે તે વિધિનું વર્ણન છે. તે પછીના અધ્યાયમાં અંગવિદ્યાનો જ્ઞાતા કેવો ફલાદેશ કરે છે તે વિધિ નિરૂપાય છે.

આઠમો અધ્યાય ૩૦ વિભાગોમાં વિભાજિત છે. આ અધ્યાયનું નામ છે 'ભૂમિકર્મ'. આમાં ઘણી મહત્ત્વની સામગ્રી ઉપલબ્ધ છે. અંગવિદ્યાશાસ્ત્રજ્ઞની ફલાદેશ સમયની દશ પ્રકારની વિગતો છે. ત્રેવીસ પ્રકારનાં આસનો, પર્યાસ્તિકા, એના ઉપભેદ અને તદનુસાર ફલાદેશ; એકસો આઠ આમર્ષ-સ્પર્શના પ્રકારો સત્તર પ્રકારના ટેકા લેવાની સ્થિતિ; ઉભા રહેવાનાં અઠ્ઠાવીસ ભેદ જોવાના દશ પ્રકાર; ચૌદ પ્રકારનું હસવું; સોળ પ્રકારના વંદન; વીસ પ્રકારના સંતાપ; આગમનના સોળ પ્રકાર; રડવાનાં વીસ પ્રકાર અગિયાર પ્રકાર નિર્ગમના; ચુંબનના સોળ પ્રકાર; ચૌદ પ્રકારનાં આલિંગન વગેરે તથા આ બધાં અનુસાર ફલાદેશનું નિરૂપણ આ અધ્યાયમાં છે. આ ઉપરથી માનવજીવનનાં વિવિધ પાસાંઓનું દર્શન થાય છે.[૨૬]

સૌથી ઉપયોગી મહત્ત્વનો તથા અતિ લાંબો અધ્યાય તે નવમો. એનુ નામ છે 'અંગમણિ.' આ અધ્યાયમાં બસો સિત્તેર વિભાગો છે; જેમાં પંચોતેર પ્રકારના પુરુષજાતીય અંગોના નામનો નિર્દેશ; એટલાં જ પ્રકારનાં સ્ત્રીજાતીય અંગોનો નામોલ્લેખ; અઠાવન નપુસક નામો; સત્તર પ્રકારના જમણાં અંગો; એટલા જ ડાબા અંગ; એટલા જ મધ્યમ અંગો; અઠ્ઠાવીસ અઠ્ઠાવીસ દઢ અને ચલ અંગો; સોળ સોળ પ્રકારનાં અનિવૃત્ત, વર્તમાન અને અનાગત અંગો ઉત્તમ, મધ્યમ, સાધારણ, યૌવન, પ્રૌઢ, બ્રહ્મિય ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર એમ વિવિધ પ્રકારનાં અંગોનું વર્ણન વગેરે સંક્ષેપમાં આ અધ્યાયમાં અંગને સ્પર્શતાં વિવિધ નિરૂપણોનું સિદ્ધાંતથી વર્ણન થયું છે. આ નિમિત્તે અનેક પ્રકારના મનુષ્યો, દેવો, નક્ષત્રો, પક્ષીઓ, વૃક્ષો, પુષ્પો, આભૂષણો, ભોજનપ્રકારો, સિક્કાઓ, શિલ્પો, મુગટ, હાર, વાસણો એમ સંખ્યાબંધ ચીજવસ્તુઓની એના પેટાપ્રકારો સાથેની વિસ્તૃત માહિતી નિરૂપિત છે. આ ગ્રન્થમાં આ અધ્યાય મુકુટશિરોમણિ જેવો છે. પ્રસ્તુત ગ્રન્થના સમયનિર્ણયમાં આ અધ્યાય અતિ મહત્ત્વની સામગ્રી પૂરી પાડે છે.

આભૂષણોની રોચક સૂચિ; વાસણોની—અર્થઘટનમાં મુશ્કેલી સર્જે તેવી—યાદી; મૂર્તિશાસ્ત્રના અભ્યાસ માટે ઉપયોગી, એવી વિવિધ શિલ્પોની માથું, કાન, હાથ, પગ વગેરેનાં આભૂષણો સાથેની સૂચિ; દેશવિદેશના દેવદેવીઓની સૂચિ; સાંસ્કૃતિક ચિત્રના આલેખનમાં અદ્ભુત અને અદ્વિતીય માહિતી આપે છે. ઉપરાંત આ અધ્યાયમાં ધનનું વિવરણ કરતાં સંખ્યાબંધ સિક્કાઓનો નિર્દેશ કર્યો છે, જે ગ્રન્થના સમયને નિશ્ચિત કરવામાં સહાય આપે છે. આમ નવમો અધ્યાય વિવિધ રીતે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ અધ્યાય બોંતેર પૃષ્ટ સુધી વિસ્તર્યો છે અને ૧૮૬૮ શ્લોકો ઉપર્યુક્ત સામગ્રીને આવરી લે છે.

---

૨૬ આ અને પછીના અધ્યાયોમાંની નિરૂપિત સાંસ્કૃતિક સામગ્રીનાં ઉદાહરણો માટે પ્રસ્તુત ગ્રન્થનું પરિશિષ્ટ પાંચમું અવશ્ય જોવું. આ પરિશિષ્ટમાં વિષયવાર સૂચિનું વર્ગીકરણ આપેલું છે. સંપાદકશ્રીએ આ વર્ગીકરણ એટલા બધા પરિશ્રમથી તૈયાર કર્યું છે કે જેથી ઉદાહરણો માટે ગ્રન્થના પૃષ્ઠે પૃષ્ઠે નજર દોડાવવાની જરૂર રહેતી નથી. આ લેખકે પણ સ્થળસંકોચને ધ્યાનમાં લઈ પ્રત્યેકનાં ઉદાહરણો આપવાનો લોભ જતો કર્યો છે. જિજ્ઞાસુઓએ રસરુચિવૃત્તિ અનુસાર પોતાની આવશ્યક માહિતી પરિશિષ્ટ પાંચમાંથી મેળવી લેવી.

દશમા અધ્યાયમાં પ્રશ્નકર્તાનું આગમન, એના રંગઢંગ, બેસવાની રીતભાત વગેરે આધારિત ફલાદેશનો વિચાર રજૂ થયો છે. અગિયારમો અધ્યાય પણ પ્રશ્નકર્તાની સ્થિતિ અને તદનુસાર ફલાદેશનો ચિતાર રજૂ કરે છે પરન્તુ સાંસ્કૃતિક અભ્યાસની દૃષ્ટિએ આ અધ્યાય મહત્ત્વપૂર્ણ છે. ખાસ કરીને તત્કાલીન સ્થાપત્ય સંબંધી અને અનેક શબ્દોનો સંગ્રહ અભ્યાસને મૂંઝવે તેવો છે. સ્થાપત્યશાસ્ત્રના અભ્યાસ માટે આ અધ્યાય અગત્યનો છે. બારમા અને તેરમા અધ્યાયમાં માનસિક, વ્યાવહારિક, જાતિવિષયક તથા ઔષધીય જીવનના આધારસ્વરૂપ યોનિઓનું વર્ણન છે. પંદરમા અધ્યાયમાં પક્ષીઓની કામ સંબંધી ચેષ્ટાઓ આધારિત ફલકથનનું વર્ણન છે. સત્તરમા અધ્યાયમાં આરોગ્ય સંબંધી માહિતી છે. ઉત્તમ ફળોની સૂચિ બાવીસમા અધ્યાયમાં છે. ચોવીસમા અધ્યાયમાં મનુષ્યના પ્રકાર અને પેટાપ્રકાર; એમના વિવિધ કદ, નગર, જંગલ, દ્વીપ, પર્વત ઉદ્યાન જેવાં, માનવીને રહેવાના સ્થાન વગેરેનો સમાવેશ છે. ગોત્ર વિશેની ચર્ચા પચીસમા અધ્યાયમાં છે. ભાષા, વ્યાકરણ અને નામકરણની દૃષ્ટિએ છવીસમો અધ્યાય અગત્યનો છે. સ્વરાદિ, વ્યંજનાદિ, ઉષ્માંત, વ્યંજનાન્ત, સ્વરાન્ત, સમાક્ષર, વિષમાક્ષર, એકભાષા, દ્વિભાષા કે બહુભાષાના મિશ્રણથી બનેલાં નામ આ અધ્યાયમાં વર્ણવેલા છે. પૃથ્વી ઉપર જેટલા પદાર્થો છે તે અનુસાર મનુષ્ય નામોની સૂચિ પ્રસ્તુત છે. નામકરણના ચાર ભેદોનું વર્ણન પણ છે: પ્રથમ અક્ષર લઘુ, અન્તિમ અક્ષર ગુરુ; બધા અક્ષર ગુરુ તથા અન્તિમ અક્ષર લઘુ, આ રીતે બધા અધ્યાયો વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક માહિતી પ્રસ્તુત કરે છે.

સરકારી અધિકારીઓનાં નામ સત્તાવીસમા અધ્યાયમાં છે. આ ઉપરથી તત્કાલીન વહીવટનો પરિચય થાય છે. વ્યવસાયની દૃષ્ટિએ અઠ્ઠાવીસમો અધ્યાય મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ સૂચિ ઘણી લાંબી છે પણ એને પાંચ પ્રકારમાં વહેંચી શકાય: સરકારી વ્યવસાય; વેપાર-ઉદ્યોગ; કૃષિપશુપાલન; હસ્તોદ્યોગ અને મજૂરી. આથી તે સમયે દેશની આર્થિક સ્થિતિ કેવી હતી તથા ગૃહ-ઉદ્યોગોનું શું સ્થાન હતું તે વિશે સારો પ્રકાશ આ અધ્યાય ફેંકે છે. ઓગણત્રીસમા અધ્યાયમાં સંખ્યાબંધ નગરોનું વર્ણન હોઈ તત્કાલીન ભૂગોળનો ખ્યાલ આવે છે. વસતિ પ્રમાણે વસવાટો, વ્યવસાય પ્રમાણે વસવાટો, સ્થાયી વસવાટ એમ વિવિધ પ્રકારોનું વર્ણન રસપ્રદ બની રહે છે. આથી માનવસ્વભાવ સહજ નગરસર્જનની જાણકારી પ્રાપ્ત થાય છે. કાર્યજૂથબંધી અને ઊંચનીચના ભેદભાવોનો ખ્યાલ આવે છે.

આભૂષણોનું વર્ણન ત્રીસમા અધ્યાયમાં છે. આભૂષણોના ત્રણ પ્રકાર ગણાવ્યા છે: પ્રાણીઓનાં શરીર-અવયવોમાંથી બનાવેલાં, પુષ્પ. ફળ, વૃક્ષમાંથી બનાવેલાં, શરીરમાંથી તથા ધાતુમાંથી બનાવેલાં. શરીરનાં ભિન્ન ભિન્ન અંગો માટેનાં આભૂષણોની પૃથક યાદી તેના અભ્યાસીઓને માટે આકર્ષક છે. માનવીની સૌંદર્ય દૃષ્ટિનો અને રુચિનો આથી ખ્યાલ પ્રાપ્ત થાય છે. તો એકત્રીસમો અધ્યાય વસ્ત્રોનું વર્ણન કરે છે. ધાતુમાંથી બનાવેલાં વસ્ત્રો, પ્રાણીપ્રાપ્ત સામગ્રીમાંથી બનાવેલાં તથા કૃષિ-ઉત્પાદિત ચીજોમાંથી બનાવેલાં વસ્ત્રોનું વર્ણન આહ્લાદક છે.

બત્રીસમા અધ્યાયમાં વિવિધ પ્રકારનાં ખાદ્ય-ધાનની માહિતી છે. તેત્રીસમા અધ્યાયમાં અનેક પ્રકારનાં વાહનોની સૂચિ છે. સંતતિવિષયક ફળાફળની માહિતી પાંત્રીસમા અધ્યાયમાં છે. સગર્ભાવસ્થાની માહિતી છત્રીસમા અધ્યાયમાં છે. આ બંને અધ્યાયો પ્રાકૃત ક્રિયાપદોના અભ્યાસની દૃષ્ટિએ નોંધપાત્ર છે.

સાડત્રીસમા અધ્યાયમાં સારાં-નરસાં બાર પ્રકારનાં લક્ષણોની ચર્ચા છે : વર્ણ, સ્વર, ગતિ, સ્થાન, નિર્માણ, લંબાઈ, તોલ, સત્તા, આકૃતિ, પ્રગતિ, છાયા અને સાર, આહારની માહિતી ચાલીસમા અધ્યાયમાંથી મળે છે. ખોરાકને ત્રણ પ્રકારમાં વહેંચ્યો છે : પ્રાણયોનિ; મૂલ યોનિ; ધાતુ યોનિઃ ખોરાકની, રંગની, પ્રાપ્તિ–અવસ્થાની, સ્વાદની, માંસ, ઉત્સવ સમયની વાનગીઓ, મૃત્યુ અંગેનું ભોજન, ઉજાણીની વાનગીઓ, શાકભાજી વગેરેનું વિસ્તૃત વર્ણન રસપ્રદ બની રહ્યું છે. પીણાંમાં શેરડીનો રસ, ફળફળાદિનો રસ, પાંદડાંનો રસ વગેરેનો નિર્દેશ છે. વિવિધ પ્રકારની ખાંડ અને મીઠાનો ઉલ્લેખ પણ છે. ચાલીસમો અધ્યાય ખાન-પાનની દૃષ્ટિએ રસિક બન્યો છે.

અધ્યાય એકતાલીસમાં રત-સુરત ક્રીડાઓનાં નામસંગ્રહ છે. ક્રીડાઓ ત્રણ પ્રકારની ગણાવાઈ છે : દૈવી, માનુષી, તિર્યંક્. દેવોની પ્રેમક્રીડાઓ માટે છત્ર, ભૃંગાર, જખ્ખો–પયાણ (યક્ષ નામનું અત્તર) વગેરેનો ઉપયોગ થતો. માનવીઓની રતિક્રીડામાં વસ્ત્ર, આભૂષણ, માલા, મુકુટ, કાંસકો, અત્તર, ભોજન, જોડા, સ્નાન, અંજન, અગરબત્તીનો ઉપયોગ થતો.

બેતાલીસમા અધ્યાયમાં ત્રણ પ્રકારનાં સ્વપ્નોનું વર્ણન છેઃ દૃશ્ય, અદૃશ્ય, અવત્તદીઠ (અર્થાત્ શુભ, અશુભ અને માનુષી). પ્રવાસ-યાત્રાની વિગતો અધ્યાય તેંતાલીસમાં નિરૂપાય છે. યાત્રામાં સાથે શું રાખવું તેની માહિતી છે. યાત્રામાં શુભાશુભ પરિણામનો વિચાર પણ વર્ણવ્યો છે. તે પછીનો અધ્યાય પણ પ્રસ્તુત વિષય આવરી લે છે. પિસ્તાલીસમા અધ્યાયમાં પ્રવાસી-યાત્રીના પાછા ફરવા સંબંધીનો વિચાર છે. ઘણી ચીજવસ્તુઓના નિર્દેશથી આગમનનું સૂચન દર્શાવ્યું છે. આથી વિવિધ પ્રકારની ખાદ્ય વાનગીઓ, વિવિધ પ્રકારનાં વાહનો, પ્રાકૃતિક તત્ત્વો, પશુપક્ષી, ફળફૂલ વગેરેનો પરિચય પ્રાપ્ત થાય છે. તે પછીના અધ્યાયમાં ગૃહપ્રવેશના સંદર્ભમાં શુભાશુભનો વિચાર કર્યો છે. પ્રવેશદ્વાર ઉપર અમુક પશુપક્ષીઓનું હોવું શુભ પરિણામ સૂચવે છે : અશ્વ, ઊંટ, ગર્દભ, પોપટ, મેના, વાંદરો, મોર—આ બધાં પ્રવેશદ્વારે હોય તો ગૃહપ્રવેશ માટે શુભનિશાની ગણાય. સુકાઈ ગયેલા વૃક્ષ ઉપરની નજર નિષ્ફળતાનું સૂચન કરે છે. એવું જ પરિણામ લાકડાંની ભારી ખોવાઈ જવાથી આવે છે. આમ વિવિધ પ્રકારની સફળતા અને નિષ્ફળતા તથા શુભ અને અશુભના સંદર્ભમાં ભિન્ન ભિન્ન ચીજવસ્તુઓની માહિતી પ્રાપ્ત થાય છે, જે સાંસ્કૃતિક ચિત્રને ઉપસાવવામાં ઉપયોગી બને છે.

અધ્યાય સુડતાલીસમાં રાજાઓની સૈનિકયાત્રાનું વર્ણન છે. એના ફળાફલ સંબંધી વર્ણનમાં વિવિધ પ્રકારનો નિર્દેશ પણ છે : વિજયશાલિની, આનંદદાયિની, નિરર્થક, લાંબા-સમયની, ટૂંકા સમયની, મોટા ફળવાળી, કંકાશયુક્ત, ધનલાભવાળી પ્રસન્નતાથી યાત્રાની સફળતા અને અપ્રસન્નતાથી પરાજયનું સૂચન થયું છે. અડતાલીસમા અધ્યાયમાં વિજય સંબંધી વર્ણન છે, તો ઓગણપચાસમા પરાજય સંબંધી આ બંને અધ્યાયોને પરિણામે ઋતુઓ, નગરો, ફળ ફૂલ, વૃક્ષ, વસ્ત્રાભૂષણો, વાહનાદિ, જળાશયો વગેરેનો સારો પરિચય આપણને થાય છે.

પચાસમા અધ્યાયમાં શરીરના વિવિધ રોગોની સૂચિ છે. આનું નામ 'ઉપદ્રવ' પણ સૂચક છે. રોગોમાં અંધાપો, હાથીપગ, ખંજવાળ, ખોડો, મસા, શરીરની વિવિધ ખોડખાંપણ સંબંધી, તાવ, શરદી, પથરી, ભગંદર, એડકી, જલંદર, કંઠમાળ, કાકડા, પાંડુરોગ, દાંતના વિવિધ રોગ, સન્નિપાત, કમળો, કોઢ, હાડકાં ભાગવાથી થતા રોગ વગેરેનું નિરૂપણ છે.

'દેવતાવિજય' નામના એકાવનમા અધ્યાયમાં અનેક દેવ-દેવીઓનાં નામ, તેમની થતી પૂજા-ઉપાસના વગેરેની માહિતી છેઃ યક્ષ, ગન્ધર્વ, પ્રેત, અશ્વિનીકુમારો, નક્ષત્ર, ગ્રહ, તારા, બલદેવ, વાસુદેવ, શિવ, સ્કંદ, સાગર, નદી, ઈન્દુ, અગ્નિ, બ્રહ્મા, ઈન્દ્રાણી, સમુદ્રકુમાર, વાયુકુમાર, યમ, વરુણ, સોમ વગેરે. આથી તત્કાલીન ધર્મ વિશે સારી માહિતી પ્રાપ્ત થાય છે. દેવોના પણ વિવિધ પ્રકાર ગણાવાયા છે : નગર દેવતા, સ્મશાન દેવતા, લતા દેવતા, સમુદ્ર દેવતા, નદી દેવતા, ચીજ-વસ્તુઓના દેવતા વગેરે. બાવનમો અધ્યાય પણ ધાર્મિક માહિતી પૂરી પાડે છે.

'ઉત્પાત' નામક ત્રેપનમા અધ્યાયમાં આકાશાદિ પદાર્થોના સંદર્ભમાં ફળાફળનો વિચાર રજૂ થયો છે. ચોપનમા અધ્યાયમાં સારાસાર વસ્તુઓનું કથન છે. મિત્રસાર, ધનસાર, ઐશ્વર્યસાર, વિદ્યાસાર આ ચાર સારી વસ્તુઓ છે. આ બધાનું વિગતે વર્ણન છે. પંચાવનમા અધ્યાયમાં ધન દાટવાની પ્રથા અને પ્રક્રિયાનું વર્ણન છે. આથી તત્કાલીન અર્થતંત્ર, ધનસંપત્તિ, નાણુ, ગણિત વગેરેની માહિતી મળે છે. છપ્પનમા અધ્યાયનું નામ 'નિધિસૂત્ર' છે. આ અધ્યાયમાં કિંમતી ધાતુઓ, પથ્થરો, સિક્કા વગેરેનો નિર્દેશ છે. આ અધ્યાયમાં તે સમયના પ્રચલિત સિક્કાઓનો નિર્દેશ રસપ્રદ છે. સત્તાવનમા અધ્યાયમાં સમૃદ્ધિ નાશ થવાનાં ત્રણ કારણો દર્શાવામાં છે : નાશ, ચોરાઈ જવું, ઝૂંટવી લેવું. આ ઉપરાંત આ અધ્યાયમાં વિવિધ પ્રકારનાં ઉત્તેજિત પીણાંનો નિર્દેશ પણ છે : ચોખામાંથી બનાવેલો દારૂ, દ્રાક્ષાસવ, મધુકર વગેરે. ધાતુઓમાંથી બનાવેલાં આભૂષણો, વસ્ત્રો વગેરેનો ઉલ્લેખ પણ છે. આ નિમિત્તે નગરના ભિન્ન વિભાગોની સૂચિ પણ છે.

અઠ્ઠાવનમા અધ્યાયમાં ચિન્તનનું ધર્મનું વર્ણન છે. ધાર્મિક દૃષ્ટિકોણથી જીવ-અજીવ, વિષયોનું વર્ણન છે. આ નિમિત્તે જીવન સંબંધિત મૂલ્યવાન સામગ્રીનો નિર્દેશ છે. સંસ્કૃતિના અભ્યાસની દૃષ્ટિએ આ અધ્યાય ઘણી માહિતી પ્રદાન કરે છે. ઓગણસાઠમો અધ્યાય સમયનો નિર્દેશ કરે છે. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીની ભિન્ન ભિન્ન વ્યાવહારિક બાબતોનું વર્ણન છે. આ અધ્યાયમાંની ઘણી બધી વિગતોનાં અર્થઘટન મુશ્કેલ જણાય છે. છેલ્લા અધ્યાયમાં પૂર્વકાલ અને ભવિષ્યકાલ સંબંધી વિગતો ચર્ચાઈ છે.

આમ સાંસ્કૃતિક અભ્યાસની દૃષ્ટિએ અંગવિદ્યાનું અમૂલ્ય સ્થાન છે. આમાં નિરૂપિત સામગ્રીના તુલનાત્મક અધ્યયનથી માનવજીવન અંગેની અને સંબંધિત અન્ય વસ્તુઓની વિગતે માહિતી જાણી શકાય છે. અનેક શબ્દોનાં અર્થઘટન મુશ્કેલ છે. આમાંના ઘણા શબ્દો પ્રાકૃત-કોશમાં નથી. આથી આ ગ્રંથનો અનુવાદ કરવો મુશ્કેલ છે.[૨૭] પરિણામે પ્રાકૃત ન જાણનાર માટે તો આ ગ્રંથ ઉપયોગી બનતો નથી, પરન્તુ વિવિધ વિદ્યાશાખાઓના સંશોધકજૂથે આ ગ્રંથને વિવેચનાત્મક, વિવરણાત્મક અભ્યાસ કરીને આ વિદ્યા સંબંધી કેટલીક અપ્રકટ વિગતો પ્રત્યક્ષ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

ફલાદેશના આ મહાકાય ગ્રંથના રચનાપ્રદેશ અને પ્રકાશનકાલ વિશે બહુ ઓછી જાણકારી પ્રાપ્ત થાય છે; એટલું જ નહીં આ બે મુદ્દાઓ વિશે અધ્યેતાઓએ ચર્ચા પણ બહુ કરી નથી. આ

---

૨૭ મુનિશ્રી પુણ્યવિજયજીનું એવું માનવું છે કે જ્યાં સુધી આ ગ્રન્થના શબ્દોની પરિભાષા નિશ્ચિત થાય નહીં ત્યાં સુધી એના અનુવાદનું કાર્ય મુશ્કેલ છે. (જુઓ : 'અંગવિજ્જા', પ્રસ્તાવના, પૃ. ૧૫).

ગ્રંથની પ્રસ્તાવના, અગાઉ સૂચવ્યું તેમ, ડૉ. મોતીચંદ્રજીએ અને ડૉ. વાસુદેવશરણ અગ્રવાલે પ્રદાન કરી છે; પરન્તુ ઉભયમાંથી કોઈએ આ બે મુદ્દા વિશે પરિશ્રમ લીધો જણાતો નથી.[૨૮] જેટલો તેમણે પુસ્તકમાંની સામગ્રીને પ્રકાશમાં લાવવા લીધો છે. સંપાદકશ્રીએ પણ આ વિશે કશું લખ્યું નથી.[૨૯] ૧૯૫૭માં આ ગ્રન્થના પ્રકાશન પછી પણ કોઈએ આ વિશે ચર્ચવાનું ઉચિત માન્યું હોય એવું જણાતું નથી. જોકે આ ગ્રન્થના રચનાપ્રદેશ અને પ્રકાશનકાલ વિશે કંઈક લખવું પણ અઘરું છે. આ અગાઉ નોંધ્યું તેમ ગ્રન્થનો પ્રકાર જ્ઞાનકોશ જેવો હોઈ કોઈ એકાદ અધ્યેતાનું આ કામ નથી. આ માટે તો ઇતિહાસકાર, ભાષાવિદ્, પ્રાણીશાસ્ત્રી, વનસ્પતિવિદ્, સિક્કાશાસ્ત્રી, અર્થશાસ્ત્રી, જ્યોતિષવિદ્, કલાવિશારદ, વસ્ત્રાભૂષણ નિષ્ણાત આદિ વિદ્વાનોનું જૂથ સંયુક્તરૂપે આ ગ્રન્થનું સંશોધન કરે તો એના ચોક્કસ કાલ-સ્થળ પામી શકાય, પણ ત્યાં સુધી છૂટક અને વ્યક્તિગત પ્રયત્નો થતા રહે એમાં કશું ખોટું નથી.

મારો આશય અહીં સિક્કાઓ, ભાષા, વગેરેને આધારે આ પ્રશ્નોનો ઉકેલ શોધવાનો છે. આ ઉપરાંત અન્ય સામગ્રીનો પણ સમર્થન માટે ઉપયોગ કર્યો છે.

સૌ પ્રથમ ભાષાથી આ ચર્ચાની શરૂઆત કરીએ. આપણે જોયું કે આ ગ્રન્થ મહારાષ્ટ્રી પ્રાકૃતમાં લખાયેલો છે. મહારાષ્ટ્રી પ્રાકૃત ભાષાના વિનિયોગનો આરંભ પશ્ચિમ ભારતમાં સાહિત્યિક પ્રવૃત્તિના માધ્યમ તરીકે ઈશુની પહેલી સદીથી થયો એવું વિધાન 'પ્રાકૃત ગ્રન્થ પરિષદ'ના પ્રધાન સંપાદકોએ એમના પુરોવચનમાં કર્યું[૩૦] છે. આથી એવું અનુમાની શકાય કે આ સમય પહેલાં આ ગ્રન્થની રચના થઈ હોવા સંભવે નહીં. આમ આ ગ્રન્થની પૂર્વ મર્યાદા નિશ્ચિત થાય છે.

આભૂષણો, અલંકારો, વસ્ત્રો, મૂર્તિઓ, રાચરચીલું, દેવદેવીઓ વગેરેના સંદર્ભમાં બન્ને પ્રસ્તાવનાકારો આ ગ્રન્થને કુષાણકાલીન ગણાવે છે;[૩૧] ખાસ કરીને મથુરાની કુષાણકાલીન મૂર્તિઓના પહેરવેશ અને આભૂષણો આ માટે ઉપયોગમાં લીધાં છે. આથી એવું કહી શકાય કે આ ગ્રન્થનું સર્જન ઈશુની આરંભની સદીઓમાં થયું.

---

૨૮ બન્ને વિદ્વાનો માત્ર આટલું નોંધે છે: "......અંગવિદ્યાનો સમય નિશ્ચિત કરવા કોઈ ચોક્કસ પુરાવો નથી, પણ વસ્ત્રો, રાચરચીલું અને ખત્તપક સિક્કાના ઉલ્લેખથી આ ગ્રન્થ ચોથી સદી દરમિયાન આકાર પામ્યો હોય......" (ડૉ. મોતીચંદ્રજી, અંગ્રેજી પ્રસ્તાવના પૃ. ૩૬).

"...આ પુસ્તક મૂળ કુષાણ સમયમાં લખાયું અને પછીથી ગુપ્તકાલ દરમિયાન એમાં ઉમેરા થયા..." (ડૉ. વાસુદેવ શરણ અગ્રવાલ, હિન્દી પ્રસ્તાવના, પૃ. ૯૪).

૨૯ ગ્રન્થના સંપાદકશ્રી મુનિશ્રી પુણ્યવિજયજીને ૧૯૬૫ના વર્ષમાં બે વાર રૂબરૂ મળ્યો હતો અને આ ગ્રન્થના સમય અને સ્થળ વિશે ચર્ચા કરી હતી. પ્રસ્તુત લેખકમાં આ બે મુદ્દા વિશે હું જે નિષ્કર્ષ ઉપર આવ્યો છું તેની સાથે તેઓ સંમત થયા હતા. તે પછી આ બે મુદ્દાઓ વિશે વધુ સંશોધન કર્યું છે જેનો સમાવેશ અહીં થયો છે.

૩૦ જુઓ 'અંગવિદ્યા', પ્રધાન સંપાદકોની અંગ્રેજી પ્રસ્તાવના, પૃ. ૬

૩૧ એજન, પ્રસ્તાવના પૃ. ૩૬, ૪૦, ૪૯, ૫૮-૬૦, ૬૮, ૭૦, ૭૨, ૮૩, ૯૪.

આ ગ્રન્થમાં વાહનવ્યવહારના સંદર્ભમાં વિવિધ પ્રકારની હોડીઓનાં નામ ઉલ્લિખિત છે. આમાં કોટ્ટિમ્બ અને તપ્પગ નામ ખાસ નોંધપાત્ર છે.[૩૨] 'પેરિપ્લસ'ના લેખકે ભરુચના બંદરનું વર્ણન કરતાં નોંધ્યું છે કે અહીંના સ્થાનિક માછીમારો કોટિમ્બ અને ત્રાપ્પગ નામની મોટા કદની હોડીઓનો ઉપયોગ કરતા અને તે દ્વારા છેક સુરાષ્ટ્રના દરિયાકાંઠા સુધી પહોંચતા.[૩૩] ડૉ. મોતીચંદ્રજી 'અંગવિદ્યા'માંના આ બે નામનું 'પેરિપ્લસ'ના બે ઉલ્લેખો સાથે સામ્ય દર્શાવે છે.[૩૪] આથી આપણે આ ગ્રન્થનો રચનાકાલ 'પેરિપ્લસ' સમકાલીન હોવાનું સૂચવી શકીએ. 'પેરિપ્લસ'નો સમય સામાન્યતઃ પહેલી સદીના છેલ્લા ચરણમાં મુકાય છે.[૩૫] તે 'અંગવિદ્યા' આ સમયે રચાયો હોય કે પછીનાં થોડાં વર્ષોએ.

પ્રસ્તુત ગ્રન્થમાં 'આયાગ'[૩૬]નો નિર્દેશ છે. મથુરાના ઉત્ખનનમાંથી ઘણા 'આયાગપટ્ટો' આપણને ઉપલબ્ધ થયા છે. પરન્તુ કોઈ પણ જૈન ગ્રન્થમાં આ શબ્દનો નિર્દેશ નથી.[૩૭] તેથી 'અંગવિદ્યા'માંનો 'આયાગ' શબ્દનો ઉલ્લેખ રસપ્રદ બની રહે છે. મથુરામાંથી પ્રાપ્ત આ આયાગપટ્ટોનો સમય સામાન્યતઃ શુંગ કલાના છેલ્લા તબક્કાનો મૂકી શકાય.[૩૮] આમ પુરાવશેષીય પુરાવાના પરિપ્રેક્ષ્યમાં સાહિત્યસાધનોને મૂકી એવું અનુમાની શકાય કે પ્રસ્તુત ગ્રન્થનો કર્તા આ આયાગપટ્ટોનો મહિમા પરાકાષ્ટાએ પહોંચ્યો હોય ત્યારે વિદ્યમાન અર્થાત્ ઈશુની પહેલી-બીજી સદી દરમિયાન આ ગ્રન્થ રચાયો હોય.

બીજો એક રસપ્રદ નિર્દેશ 'અષ્ટમંગલ' નામના આભૂષણનો છે.[૩૯] કુષાણોના સમય સુધી માંગલિક ચિહ્નોની સંખ્યા મુકરર થઈ ન હતી. મથુરાના બે આયાગપટ્ટોમાં[૪૦] અષ્ટમંગલ ચિહ્નો રજૂ થયાં છે. જૈન પરંપરાના આ બે પ્રાચીનતમ નમૂના છે,[૪૧] જેનો સમય ઈશુની પહેલી સદીના આરંભનો મુકાય છે. પરન્તુ નોંધપાત્ર હકીકત એ છે કે કુષાણોના સમયના

---

૩૨ એજન, પૃ. ૧૪૬, ૧૬૬.

૩૩ 'ધી પેરિપ્લસ ઑવ ધ ઇરીથ્રિયન સી. ફકરો ૪૪.

૩૪ 'અંગવિજ્જા', પ્રસ્તાવના પૃ. ૪૯

૩૫ 'પેરિપ્લસ'ના સમય વિશે એકમતિ નથી. વિદ્વાનો એનો જુદો સમય નોંધે છે. છેલ્લે આ વિશે વિગતે ચર્ચા ડૉ. રમેશચંદ્ર મજુમદારે કરી હતી, જેમાં એમણે અગાઉના બધા મતોનો નિર્દેશ કરી પોતાનું મંતવ્ય દર્શાવ્યું છે (ઇન્ડિયન હિસ્ટોરિકલ કવાર્ટર્લી, પુ. ૩૮, નં. ૨-૩, પૃ. ૮૯થી, ૧૯૬૨). હાલ પૂરતું આપણે આ ગ્રન્થને ઈશુની પહેલી સદીના અંતમાં મૂકીએ.

૩૬ 'અંગવિજ્જા', પૃ. ૧૫૨ અને ૧૬૮

૩૭ એવું મુનિશ્રી પુણ્યવિજયજીએ નોંધ્યું છે. જુઓ 'અંગવિજ્જા', પ્રસ્તાવના, પૃ. ૧૩

૩૮ શાહ, ઉમાકાન્ત પ્રે., સ્ટડીઝ ઇન જૈન આર્ટ, ૧૯, પૃ. ૭૭.

૩૯ જુઓ 'અંગવિજ્જા' પૃ. ૬૫ અને ૧૬૩

૪૦ એક છે સિંહનંદિકનું અને બીજું છે કોઈ અજ્ઞાત દાતાનું. (જુઓ : શાહ, ઉ. પ્રે. 'સ્ટડીઝ ઇન જૈન આર્ટ, આકૃતિ નં. ૧૩, ૧૧ અને ૭૯, ૮૧ અનુક્રમે).

૪૧ જુઓ અગ્રવાલ, વા. શ., 'ગાઈડ ટુ લખનૌ મ્યુઝિયમ', પૃ. ૨.

આરંભકાલ સુધી અષ્ટમંગલ ચિહ્નોના પટ્ટની નિશ્ચિતતા અંકાઈ ન હતી. આથી અગાઉ નિર્દિષ્ટ બે આયાગપટ્ટોમાંનાં અષ્ટમંગલ ચિહ્નોનો પ્રકાર કુષાણકાલ દરમિયાન મુકરર થયેલા પ્રકારથી ભિન્ન છે.[૪૨] ગમે તેમ પણ આ શબ્દોનો પ્રયોગ ઈશુની આરંભની સદી કે સદીઓમાં પ્રચારમાં આવ્યો હોઈ 'અંગવિદ્યા'નો લેખક આ સમય દરમ્યાન વિદ્યમાન હોવો જોઈએ.

આટલી ચર્ચાથી એટલું ફલિત થાય છે કે 'અંગવિદ્યા'ની રચના ઈશુની પહેલી કે બીજી સદીમાં થઈ હોવી જોઈએ. પરન્તુ આ ગ્રંથમાં કેટલાક સિક્કાઓમાં નિર્દેશ થયો છે, જે આ અટકાવીને સ્વીકારવામાં અવરોધ ઊભો કરે છે. આ ગ્રંથમાં આટલા સિક્કાઓનો ઉલ્લેખ છે: સુવર્ણમાસક, રજતમાસક, દીનાર માસક, કાર્ષાપણ, ખત્તપક, પુરાણ, સતેરક વગેરે.[૪૩] આમાંથી 'ખત્તપક' નામનો સિક્કો 'અંગવિદ્યા'ના સમયની ચર્ચામાં મહત્ત્વનો સાક્ષી બની રહે છે. એ તો સંભવિત છે કે પ્રસ્તુત ગ્રંથના કર્તાએ પોતાના પૂર્વકાલીન અને સમકાલીન સાધનોમાંથી માહિતી એકત્ર કરી હોય, તેથી આટલા બધા સિક્કાઓનો એક સાથે થયેલો નિર્દેશ એનો સમય નિશ્ચિત કરવામાં મર્યાદા મૂકે છે. બીજું લેખક પોતાના લખાણમાં ગમે તેટલો ઉદાર અને સૌજન્યપૂર્ણ હોય તોપણ સ્થાનિક બનાવોનું ચિત્રણ કર્યા વિના એ રહી શકતો નથી.

આ દૃષ્ટિએ 'ખત્તપક'નો થયેલો નિર્દેશ ધ્યાન ખેંચે છે. આથી એવું અનુમાની શકાય કે આ ગ્રંથનો કર્તા 'ખત્તપક' (=ક્ષત્રપક) સિક્કા પડાવનાર રાજા કે રાજાઓનો સમકાલીન હોવો જોઈએ; નહીં તો ભારતના એક પ્રદેશમાં રાજ્ય કરનારા રાજાના સિક્કાઓનો ઉલ્લેખ એ કરે નહીં. બીજું આ રાજાઓના સિક્કાઓ 'કાર્ષાપણ' નામે ઓળખાતા હતા એ તો આ લેખકે અન્યત્ર સાબિત કર્યું છે.[૪૪] તો પછી આવું અધિકૃત નામ પ્રયોગવાને સ્થાને નવું નામકરણ યોજવા પાછળ લેખકનો શો હેતુ હોય ? એવું કહી શકાય કે આ ગ્રંથનો લેખક આ રાજાઓના ગાઢ સંબંધમાં હોવો જોઈએ અને તેથી તેણે પ્રચલિત અધિકૃત નામ છોડી સિક્કાઓ માટે વહાલસોયું એવું નવીન નામ યોજવાનું મુનાસિબ માન્યું. 'ખત્તપક' નામનો ઉલ્લેખ આ સિવાય અન્યત્ર ક્યાંય થયો નથી.

આથી 'ખત્તપક' શબ્દનો પ્રયોગ સંભવિત ઉકેલો સૂચવે છે: (૧) કે પ્રસ્તુત ગ્રંથનો આ રાજાઓનો સમકાલીન હોવો જોઈએ તથા (૨) કે આ કર્તા આ સિક્કાઓ જ્યાં પ્રચલિત હોય તે પ્રદેશમાં રહેતો હોવો જોઈએ.

આ ઉપરાંત ગુપ્તોના ચાંદીના સિક્કા 'રુપક'નો નિર્દેશ 'અંગ-વિદ્યા'માં નથી. એટલે આ ગ્રંથ તે પૂર્વે લખાયો હોય. ગુપ્તોએ આરંભમાં માળવા (ઈ.સ. ૪૦૧માં) અને તે પછી ગુજરાત (ઈ.સ. ૪૧૫ આસપાસ) ઉપર સત્તા જમાવી ત્યારે એમણે આ પ્રદેશમાં પ્રચલિત

---

૪૨ શાહ, ઉ. પ્રે., અગાઉ મુજબ, પૃ. ૮૦ અને ૧૧૦.

૪૩ 'અંગવિજ્જા' પૃ. ૬૬, ૭૨, ૧૩૪, ૧૮૯.

૪૪ જુઓ: 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' (સંપાદકો: રસિકલાલ પરીખ અને હરિપ્રસાદ શાસ્ત્રી), ભાગ ૨, પૃ. ૧૭૭–૧૭૮, ૧૯૭૨.

ચાંદીના સિક્કાના અનુકરણમાં પોતાના ચાંદીના સિક્કા પડાવ્યા. આ સત્તાનો આરંભ ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યથી માળવામાં અને કુમારગુપ્તથી ગુજરાતમાં થયો હતો.[૪૫] આથી સ્પષ્ટ બને છે કે 'અંગવિદ્યા' તે પૂર્વે લખાયો હોવો જોઈએ.[૪૬]

આ ઉપરથી એવું સ્પષ્ટ સૂચવાય કે 'અંગવિદ્યા'નો સમય ઈશુની ચોથી સદીના પ્રથમ ત્રણ ચરણમાં ખાસ કરીને ઈ. સ. ૩૫૦ થી ૩૭૦ ની વચ્ચે મૂકી શકાય. વળી ક્ષત્રપ રાજા સાથેની ગાઢ મૈત્રી જોતાં તથા ગ્રંથની ભાષા મહારાષ્ટ્રી પ્રાકૃત છે એવું સ્વીકારતાં આ ગ્રંથની રચના પશ્ચિમ ભારતમાં ખાસ કરીને ગુજરાતમાં થઈ હોવાનું સૂચવી શકાય.[૪૭]

---

૪૫ જુઓ એજન પૃ. ૧૫૪-૧૫૫

૪૬ અહીં એ પણ નોંધવું જોઈએ કે ગુપ્તકાલથી અંગવિદ્યાની આ પદ્ધતિને સ્થાને જ્યોતિષ વિદ્યાનો આરંભ થયો. જે આજ દિન સુધી સર્વમાન્ય છે. જુઓ અશય વંડર ધેટ વૉઝ ઈન્ડિયા, ૧૯૫૯, પૃ. ૪૯૦) આથી પણ આ મંતવ્યને સમર્થન મળે છે કે અંગવિદ્યા ગ્રંથ ગુપ્તોના આરંભકાલ દરમિયાન લખાઈ ગયો હતો.

૪૭ આ ગ્રંથ ગુજરાતમાં લખાયો હોવાના મંતવ્યના સમર્થનમાં 'ઓડ' 'દુસ્સિક (દોશી) વગેરે શબ્દો નોંધી શકાય. વિશેષમાં આ ગ્રંથમાં વરાહમિહિરનો નિર્દેશ નથી; જ્યારે આથી ઊલટું વરાહમિહિરે અંગવિદ્યાશાસ્ત્રનો ઉલ્લેખ કર્યો છે. આમ આ ઉપરથી ફલિત થાય છે કે પ્રસ્તુત ગ્રંથ તેમની પૂર્વે જરૂર લખાયો હોવો જોઈએ.

વાચનાચાર્ય મુનિ તિલક પદ-સ્થાપના ચઉપઈ
(સં. ૧૩૯૪)

અગરચંદ નાહટા

જૈન ઇતિહાસનાં અહીંતહીં વિખરાયેલાં સાધનો વડે ભારતીય ઇતિહાસનાં પણ નવાં દ્વાર ખૂલે છે. સ્થળો અને રાજાઓ વગેરેના ઉલ્લેખોથી કયું ગામ અગર નગર કેટલું પ્રાચીન છે અને કયી શતાબ્દીમાં કોણ રાજકર્તા હતા, આદિ ઐતિહાસિક હકીકતો જાણવા મળે છે. જુદી જુદી ઘટનાઓને એકબીજા સાથે જોડવાથી ઇતિહાસની શૃંખલા બને છે અને ઉપેક્ષિત હકીકતો પ્રકાશમાં આવે છે. એટલા માટે નાની નાની કૃતિઓ અને સાધારણ જણાતા ઉલ્લેખોની ઉપેક્ષા કરવી જોઈએ નહીં, કારણ કે એવો કોઈ ઉલ્લેખ, નવી અને મહત્ત્વની હકીકતો પર પ્રકાશ પાડવા માટે પ્રમાણભૂત જણાય. જૈન ઐતિહાસિક રચનાઓ અને સામગ્રીનું પ્રકાશન, મૂલ્યાંકન તેમ જ ઉપયોગ બહુ ઓછાં થાય છે. આપણી ઉપેક્ષાના કારણે ઘણી સામગ્રી તો નાશ પામી છે; પણ જે પ્રાપ્ત થઈ શકે એવી સામગ્રીનું રક્ષણ અને ઉપયોગ કરવો એ આપણી ફરજ છે. હસ્તલિખિત પ્રતિઓ, ગુટકા અને જેના તરફ પૂરું ધ્યાન ગયું નથી એવા છૂટાં ફૂટકળ પાન એ સર્વને અમે મહત્ત્વ આપ્યું અને હસ્તલિખિત પ્રતિઓની શોધ કરી, તેમનો સંગ્રહ કર્યો અને એવી વિખરાયેલી સ્થિતિમાં પડેલી સામગ્રી તરફ ધ્યાન આપી, તેના સંગ્રહ અને પ્રકાશન માટે અમે પૂરા પ્રયત્ન કરીએ છીએ. પરિણામે 'ઐતિહાસિક જૈન કાવ્ય સંગ્રહ', 'ઐતિહાસિક કાવ્ય સંગ્રહ', 'બીકાનેર જૈન લેખ સંગ્રહ' આદિ ગ્રન્થોની સાથે સાથે, પત્ર-પત્રિકાઓમાં સેંકડો નિબંધ પ્રકાશિત કરવાના પ્રયત્ન કરવામાં આવ્યા છે. છતાંય, હજી અમારા ગ્રન્થાલયમાં ઘણી અપ્રગટ સામગ્રી પડી છે અને અન્ય ગ્રન્થાલયોમાંથી ઉતારેલી નોંધપોથીઓ પણ પડેલી છે.

બેત્રણ વર્ષ પહેલાં, ૧૫મી શતાબ્દીમાં લખાયેલ, વડગચ્છના સંગ્રહની ૯૨ પુસ્તિકાઓ, અમે ત્રુટિત સ્વરૂપમાં પ્રાપ્ત કરેલી, તેમાં કેટલીક ઐતિહાસિક રચનાઓ પણ હતી. તે સામગ્રી-માંથી અમે કવિ દેપાલ-રચિત 'હેમસાર રાસ' સ્વાધ્યાયમાં અને બીજો રાસ 'વરદા'માં પ્રસિદ્ધ કર્યા છે. આ લેખમાં, 'વાચનાચાર્ય મુનિ તિલક પદ-સ્થાપના ચઉપઈ' પ્રસિદ્ધ કરવામાં આવે છે.

શ્વેતાંબર જૈન ગચ્છોમાં વડગચ્છ વટવૃક્ષની માફક અનેક શાખાયુક્ત વિશાળ ગચ્છ છે. તે ગચ્છમાં, જેમને સંવત ૧૯૩૪ના જેઠ વદિ ૧૧ના દિવસે 'વાચનાચાર્ય' પદ આપવામાં આવ્યું તે વાચનાચાર્ય મુનિ તિલક થઈ ગયા. ચાહિલ દેશના આમલસર ગામમાં, આ પદાર્પણ અને પંચમીના ઉદ્યાપનના મહોત્સવ ઉજવવામાં આવ્યા હતા. તે વખતે ત્યાં, ચાહિલવંશનો દેવરાજ રાજ્ય કરતો હતો. ચૌપાઈના રચયિતાએ પ્રારંભમાં દેવસૂરિ અને પછી શેખરસ્સૂરિને નમસ્કાર

કરીને શ્રીમાલ વંશના કાલણ વગેરેની વંશપરંપરા આપી છે. મુનિ શેખરસૂરિના પટ્ટશિષ્ય શ્રીતિલકધરસૂરિના સાન્નિધ્યમાં નંદિ મહોત્સવ ઉજવવામાં આવ્યો અને તેમાં મુનિ તિલકગણિને વાચનાચાર્ય પદ આપવામાં આવ્યું હતું. ચોપાઈ બંધની ૧૭ કડીઓમાં તેના કરેલા વર્ણનરૂપે, આ પદસ્થાપના ચૌપાઈની રચના થયેલી છે. વડગચ્છની ૮૪ શાખાઓ માનવામાં આવે છે તેમાં ભદનેરવાળી શાખાના ૫૦મા સૂરિ, મુનિ શેખરસૂરિના શિષ્ય ૫૧મા શ્રીતિલકસૂરિ થયા, તેમણે મુનિ તિલકને વાચનાચાર્ય-પદ આપ્યું. સાધારણ રીતે, ગચ્છના ગુરુ-શિષ્યોનાં ઇતિહાસ અને પરંપરા પટ્ટાવલિઓમાં પ્રાપ્ત થાય છે પણ વિદ્વાન મુનિઓનાં વંશ અને પદ-સ્થાપના આદિનાં વર્ણન મળતાં નથી. આ રચનામાં મુનિ તિલક જેવા વિદ્વાનના સંબંધમાં કંઈ ઐતિહાસિક હકીકત પ્રાપ્ત થાય છે. તેથી આ ચૌપાઈનું મહત્ત્વ સ્પષ્ટ છે.

મૂલ કાવ્ય

पणमवि सामिउ **पास** जिणंदो, अनु **सिरिदिवसूरि** गणहर इंदो ।
अंबिक सामिणि हियइ धरेवि, नंदि महूथवु थुणि सुविह सेवि ॥ १ ॥

पाय-पउम **मुणि सेहरसूरे**, पणमहु दुरिय पणासइ दूरे ।
नियं कर पसरि भुवण परि पूरे, तिमिर तियरु जिम उग्गई सूरे ॥ २ ॥

महिमंडलि **सिरिमालह** वंसु, ससिकर निम्मलु लुद्ध पसंसु ।
पुव्व पुरिसु तहिं **सिरि वधमाणु**, सतह खितिहि दियइ जु दाणु ॥ ३ ॥

तसु अणुकमि **माल्हण** उप्पन्नु, **पुहवि राइ** जसु गारउ दिन्नु ।
तसु अंगुब्भमु गुणिहु पहाणु, **सहण साहु** निय कुल मह भाणु ॥ ४ ॥

तासु पुतु वसाणिहिं परिमुक्क, धेनउ गुणधर धम्मि अचुक्क ।
डाल्हउ काल्हउ दिढ़ सम्मतु, **मणिरयण सूरि** गुरु चलणह भतु ॥ ५ ॥

काल्हण संभम निब्भय **भीम**, सगुण सुसील सलज्जह सीम ।
घेल्हउ रूल्हणु पुन्न पवित, **सिरिचंदु** तिहुणिग अखलि य चित ॥ ६ ॥

अन्न दिवसि वंधव सवि मिलिय, **पुनचंद** नंदण धानिग सहिय ।
अंबिक माइ तणइ साहज्जि, उज्जमु मंड़हि धम्मह कज्जि ॥ ७ ॥

अह **वड़गछि मणिसिहर** सूरे, जसु सुमरणि नासइ दुह दूरे ।
सिंधु सवालख गूजर देसे, जसु ज़सु पसरइ सव्व पएसे ॥ ८ ॥

तसु पटि गयणंगणि नव भाणु, **सिरियतिलय** सूरि अखलिय माणु ।
सो सहगुरु अणावइ भते, काल्हण पुत उछाहिय चिते ॥ ९ ॥

पवहंतंह सहगुरु मरु पंथे, आसा सइ सिरि चंद जण दुत्थ ।
चोर चरड़ सवि दूर पणट्ठा, रक्ख करइ **अंबिक** संतुट्ठ ॥ १० ॥

महियल मंडण **चाहिल** देसो, तहि आसलसर-पवरु पएसो ।
सहगुरु तहिं पहिसारउ रंगि, सुह मुहुति दिवसिहि अइ चंगि ॥ ११ ॥

चाहिल वंसु वयंसु सुवीरु, अवतर देउराउ धरधीरु ।
तसु रजिहिं सिरितिलयहसूरि, नंदि करई गय दुक्कय दूरि ॥ १२ ॥

जेठह वदि इग्यारसि पक्खे, **तेर चउणवइ** संघ समक्खे ।
वाणारि पदि **गणि मुणितिलओ**, थापिउ मंडिउ लोयह तिलओ ॥ १३ ॥

करहि महूथवु बहु विह भंगे, वालि गायहिं नव नव रंगे ।
पंचमि तवु उजवणउ तित्थु, नम्मिउ तहिं उच्छवु सुह सत्थु ॥ १४ ॥

काल्हण पुतह **अंबिक** तुट्ठ, चडिय पमाणिहि कज्जु विसिट्ठ ।
साहम्मी वच्छलु बहु भेय, संघ पूज कारहिं सपमोया ॥ १५ ॥

दुत्थिय दीण दुहिय दय जोग, संमाणिज्जइ तहिं सवि लोग ।
धनु धनु राजधरह थिय जाय, जसु कुखि एरिस नर संजाय ॥ १६ ॥

सिरि **वड़गच्छु** वंसु **सिरिमाल**, जि मयंणगणु तेय विसालु ।
ता नंदउ जाँ महिगिरि मेरु, भवणु पयासइ जाँ ससि सूरु ॥ १७ ॥

॥ इति वाचनाचार्य मुनितिलक पदस्थापना चउपई ॥ छः ॥

ગુજરાતીનાં પરંપરાગત વ્યાકરણો અને સમાસ-નિરૂપણ

જે. સી. દવે

ગુજરાતી વ્યાકરણોમાં સમાસરચના અંગે કેવું અને કેટલું કાર્ય થયું છે તે તપાસવાનો આ લેખનો મુખ્ય હેતુ છે. આરંભનાં ગુજરાતી વ્યાકરણોથી આજ સુધી થયેલા કાર્યની નોંધ લેવાનું રસપ્રદ નીવડે તેમ છે.

અંગ્રેજોએ ગુજરાતીના વ્યાકરણની રચનાની શરૂઆત કરી અને એ રીતે વ્યાકરણ રચનાની એક પરંપરા શરૂ થઈ.[1] શરૂઆતના આ લેખકોમાં કેટલાક મિશનરીઓ હતા. વ્યાકરણરચના પાછળનું તેમનું ધ્યેય મર્યાદિત હતું, અને તે ધ્યેયને અનુસરીને જ આ પ્રકારની રચનાઓ થતી હતી. ભારતમાં ધર્મપ્રચારને અર્થે આવતા મિશનરીઓ તે તે પ્રાંતની ભાષા, રીતરિવાજ અને સાંસ્કૃતિક ભૂમિકાથી સજ્જ થવાનો પ્રયત્ન કરતા હતા. તેથી જ શરૂઆતનાં વ્યાકરણોનો ઉદ્દેશ માત્ર ભાષાપરિચય નહિ પણ સાંસ્કૃતિક ભૂમિકાનો પરિચય અને રીતરિવાજોની માહિતી આપવાનો હશે, એમ લાગે છે. રાજ્ય ચલાવવા આવતા અધિકારીઓને માટે પણ આ બાબત એટલી જ જરૂરી હશે. વ્યાકરણ રચનારની સજ્જતા પ્રમાણમાં ઓછી હશે પણ સ્થાનિક શિક્ષકો કે ભણેલા વર્ગની તેમાં મદદ મળતી હશે.

ગુજરાતી ભાષાના શિક્ષણનો પ્રબંધ થતો ગયો તેમ તેમ ભાષાશિક્ષણમાં પ્રવેશ કરનાર વિદ્યાર્થીઓને માટે વ્યાકરણોની જરૂર ઊભી થતી ગઈ તેથી કેટલાંક શાળોપયોગી વ્યાકરણો રચાવા

---

૧ ગુજરાતી ભાષાનાં અત્યાર સુધી જે વ્યાકરણો રચાયાં છે તેની માહિતી જુદા જુદા ગ્રન્થોમાંથી આ રીતે મળે છે :

(૧) 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ' (૧૮૬૭), જોસેફ વાન સામરન ટેલર, તેમની અગાઉ રચાયેલાં સાત અંગ્રેજ લેખકોનાં વ્યાકરણોનો ઉલ્લેખ પુસ્તકની શરૂઆતમાં છે.

(૨) 'Linguistic Survey of India' (આવૃત્તિ ૧, ૧૯૦૮, ભાગ ૯, ખંડ ૨, પાન ૩૩૩ થી ૩૩૬)

(૩) 'પાઠ્ય બૃહદ્ વ્યાકરણ' (બીજી આવૃત્તિ.), સં. અ. ક. ત્રિવેદી, પ્રસ્તાવના.

(૪) 'ગુજરાતીના અંગસાધક પ્રત્યયો' (૧૯૭૨), ડૉ. ઊર્મિ દેસાઈ,

(૫) 'શ્રી ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક' (જાન્યુઆરી-માર્ચ ૧૯૭૦)માં 'ગુજરાતી વ્યાકરણો' નામે તેમનો લેખ.

લાગ્યાં. ગુરુ અને શિષ્યના સંવાદરૂપે વ્યાકરણના સિદ્ધાન્તોનું નિરૂપણ કરવાની પદ્ધતિ[1], 'પ્રશ્નોત્તર વ્યાકરણ'[૨], 'બાલોપયોગી વ્યાકરણ'[૩] અને 'ગુજરાતી નાહાના છોકરાઓને નજર કરવું'[૪] જેવા પ્રયોગો સૂચવે છે કે બાળકોને પરીક્ષામાં ઉપયોગી થાય તે હેતુથી વ્યાકરણોની રચના કરવામાં આવતી હતી. અંગ્રેજી અને સંસ્કૃત વ્યાકરણનો એક મિશ્ર ઢાંચો ગુજરાતી વ્યાકરણરચના માટે તૈયાર કરાયો. એ બન્ને ભાષાના વ્યાકરણના માળખામાંથી વિદ્યાર્થી અને તેની કક્ષાને અનુરૂપ થોડા સિદ્ધાંતો લઈ, તેમાં ગુજરાતીની, મોટે ભાગે તત્સમ સામગ્રી–જે તેમાં સહેલાઈથી ગોઠવાઈ જઈ શકે તેમ હતી–તે પૂરવી એવો તેમાં ઉપક્રમ રખાયો હતો. આ સામગ્રી સરળતાથી યાદ રાખી શકાય તે રીતે રજૂ કરવામાં આવતી હતી.

ગુજરાતી વ્યાકરણરચનાની પરંપરાને આપણે બે ભાગમાં વહેંચી શકીએ :

ઈ. ૧૮૦૮ થી ઈ. ૧૯૧૯—પ્રથમ તબક્કો.

ઈ. ૧૯૧૯ થી ૧૯૬૬—બીજો તબક્કો.

રૉબર્ટ ડ્રમંડે ગુજરાતી ભાષાનું પ્રથમ વ્યાકરણ રચ્યું ત્યાંથી 'બૃહદ્ વ્યાકરણ'ની રચના થઈ ત્યાં સુધીનો પ્રથમ તબક્કો. વ્યાકરણરચનામાં કઈ કઈ બાબતોનો સમાવેશ થઈ શકે અને તેનું સૈદ્ધાંતિક માળખું કેવું હોય તે આ તબક્કામાં નક્કી થયું. ઈ. સ. ૧૯૧૯માં કમળાશંકર ત્રિવેદીએ 'બૃહદ્ વ્યાકરણ રચ્યું'. અંગ્રેજી અને સંસ્કૃતની મિશ્ર પરંપરાનું, બધાં પાસાંઓને આવરી લેતું એક વ્યાપક વ્યાકરણ રચાયું.[૫] એનું નામ બૃહદ્ વ્યાકરણ છે છતાં તેનો લગભગ અર્ધોઅર્ધ ભાગ વ્યાકરણ સિવાયનો એટલે કે ભાષાશાસ્ત્ર, ગુજરાતી ભાષાનો ઇતિહાસ, કાવ્યશાસ્ત્ર, અલંકાર છંદ, શૈલી વગેરે વિભાગોએ રોકેલો છે. 'બૃહદ્ વ્યાકરણ'માં રૂપસિદ્ધિ વગેરેમાં સંસ્કૃત વ્યાકરણનું માળખું આદર્શસ્થાને છે, તો પદપ્રકાર, વાક્યપૃથક્કરણ વગેરે બાબતમાં અંગ્રેજી(જે મૂળ લેટિન માળખાને અનુસરે છે તે)ને અનુસર્યું છે. આમ સંસ્કૃત અને અંગ્રેજીની કેટલીક તૈયાર 'ફ્રેઈમ' પ્રમાણે ગુજરાતી સામગ્રીને ઢાળવાનું કાર્ય તેમાં થયું છે. આ ઢાંચો તે પછીનાં વ્યાકરણોને માટે 'મોડેલ'નું કામ આપે છે. તે પછીનાં વ્યાકરણો મહદંશે કમળાશંકરની પરંપરાને અનુસરે છે. વ્યાકરણને વિદ્યાર્થીભોગ્ય બનાવવા તેની સામગ્રીમાં ફેરફાર કરવા સિવાય સૈદ્ધાંતિક બાબતોમાં કશો ફેરફાર થયો નથી.

ઈ. ૧૯૬૫માં જ્યૉર્જ કાર્ડોનાનું 'A Gujarati Reference Grammar' પ્રસિદ્ધ થયું. કમળાશંકરની પરંપરા કરતાં તે ગણતર રીતે જુદું પડે છે. ડૉ. પ્રબોધ પંડિત અને

---

1 'Grammar of the Goojrattee Language' (1839), Gangadhar Shastri, Phurkay,

૨ 'પ્રશ્નોત્તર વ્યાકરણ' (૧૮૭૧), ગુલાબદાસ ગોપાલદાસ

૩ 'બાલોપયોગી વ્યાકરણ' (૧૮૭૨), મોહનલાલ કલ્યાણજી

૪ 'ગુજરાતી ભાષાનું બાલવ્યાકરણ' (૧૮૩૮), ગંગાધર શાસ્ત્રી ફડકે

૫ '"બૃહદ્ વ્યાકરણ" પછીની કાર્યદિશા'એ નામે ડૉ. હરિવલ્લભ ભાયાણીનો લેખ('સંસ્કૃતિ', માર્ચ ૧૯૬૧, પાન ૮૯ થી ૯૨) વિચારવા જેવો છે.

ડૉ. ભોગીલાલ સાંડેસરા જેવા સન્નિષ્ઠ અભ્યાસીઓ સાથે બેસી ચર્ચાવિચારણા કરવાનો લાભ તેમને પ્રાપ્ત થયો છે. એટલે આ વ્યાકરણ પદ્ધતિમાં તેના તમામ પુરોગામીઓ કરતાં જુદું પડે છે. ડૉ. ટી. એન દવે, ડૉ. પ્રબોધ પંડિત, ડૉ. હરિવલ્લભ ભાયાણી અને શ્રી મીસ્ત્રીનું આ દિશામાં થયેલું કાર્ય વ્યાકરણરચનામાં એક નવો જ અભિગમ સૂચવે છે. આ બે તબક્કામાં થયેલા પ્રયાસોને સહેજ વિગતે જોઈએ.

ગુજરાતીનું પ્રથમ વ્યાકરણ

રૉબર્ટ ડ્રમંડે અંગ્રેજી ભાષા દ્વારા ગુજરાતી ભાષાનો પરિચય આપતું પ્રથમ ગુજરાતી વ્યાકરણ રચ્યું "Illustrations of the Grammatical Parts of the Guzerattee Mahrattee and English Grammar" ઈ. ૧૮૦૮માં પ્રસિદ્ધ થયું. એની પ્રસ્તાવનામાં લેખક નોંધે છે કે છપાયેલા સ્વરૂપે કે હસ્તપ્રત રૂપે તે અગાઉ કોઈ ગુજરાતી વ્યાકરણ રચાયું નથી.[૧] આ વ્યાકરણનો ઉદ્દેશ સ્પષ્ટ છે. ગુજરાત, મહારાષ્ટ્ર કે એ બન્ને સાથે એને કાંઈક સંબંધ છે: તેના માર્ગદર્શન અર્થે આ વ્યાકરણ રચવામાં આવ્યું છે.[૨] લેખક પાસે ગુજરાતી વ્યાકરણ માટેનો કોઈ માપદંડ નથી. ગુજરાત-મહારાષ્ટ્રમાં સેવાકાર્ય અર્થે આવનાર અંગ્રેજ મિશનરીઓને અહીંની ભાષા અને રીતરિવાજનો પરિચય આપવાનો લેખકનો ઈરાદો હોય તેમ લાગે છે. તેથી જ સ્વર-વ્યંજન, આંક, નામનાં સાત વિભક્તિનાં રૂપો, ત્રણ લિંગ અને સર્વનામ સાથે કહેવતો, નામું લખવાની રીત, વિસ્તૃત શબ્દકોશ (માત્ર શબ્દોના અર્થ નહિ પણ બનાવોની વિગતો અને આંકડાઓ સાથે જે વ્યાકરણનાં ૧૨૬ પાનમાંથી પૂરાં ૮૪ પાન રોકે છે.) અને છેલ્લે ૭૯ જાતિની યાદી આપેલ છે.

વિલિયમ ફૉર્બ્સ

સમયના ક્રમમાં તે પછી વિલિયમ ફૉબર્સનું "Grammar of the Goozerattee Language" આવે તેની પ્રથમ આવૃત્તિ. ઈ. ૧૮૨૯માં અને સુધારાવધારા સાથેની બીજી આવૃત્તિ ઈ. ૧૮૪૫માં બહાર પડેલી.

આ વ્યાકરણની શરૂઆત પણ ગુજરાતી મૂળ ધ્વનિઓથી થઈ છે. સ્વરના ત્રણ ત્રણ ધ્વનિઓને મૂળ ગણાવી, પરસ્પર મેળવણીથી થતા ૯ Vowel points કે Marksની વાત કરેલી છે. તે પછી ગુજરાતી લિંગનો ખ્યાલ આપી ગુજરાતી આર્ટિકલો અને અંગ્રેજીના ધોરણે ગુજરાતી પાંચ વિભક્તિઓ ગણાવી છે. કાળનાં રૂપો, સર્વનામો વગેરેની ચર્ચા કર્યા પછી આંક, હિસાબ ગણવાનો કોઠો, વેપારીની પારસી, કહેવતો, વાર્તાઓ, 'વેહવાપતરી', તલાકનામું, વારસાનામું, ઘરેણાંખત, ગણોતનામું, ભાડાખત, વેચાણખત, વીમાની ચિઠ્ઠી, વ્યાજચિઠ્ઠી, ફારગતી, કબાલો, ભરતિયું, નામાપદ્ધતિ, રોજમેળ, ખાતાવહી વગેરે નમૂનાઓ અને હિસાબો આપ્યા છે. આ

---

1 "The author has never heard that anything in a shape of a Guzerattee Grammar exists in a print or manuscript." (Preface)

૨ તે..."Chiefly intended for a Companion in the Guzerat and Mahratta provinces, and to those who have correspondence with either." (Preface)

વ્યાકરણમાં વ્યાકરણભાગ પૂરતી પરિપાટી અંગ્રેજી વ્યાકરણની છે અને તેના સમાવિષ્ટ વિષયોનું વૈવિધ્ય જોતાં એનો ઉદ્દેશ સ્પષ્ટ છે.

આ વ્યાકરણમાં સામાસિક શબ્દોની એક યાદી પ્રથમ વાર દેખાય છે.[૧] વાતચીતમાં અને ભાષામાં વખતોવખત ઉપયોગમાં આવતા શબ્દોની એક યાદી આપવામાં આવી છે. 'ભાઈબંદી', 'ખુબી ભલાઈ', 'બેશબૂરી', વગેરે શબ્દો સાથે ફારસી-અરબી પ્રત્યય અને તે પ્રત્યય લેનારા થોડા શબ્દો આપ્યા છે.

ગુજરાતી વ્યાકરણમાં સમાસના નામે મળતો આ પ્રથમ ઉલ્લેખ છે.

ગંગાધર શાસ્ત્રી ફડકેનું પ્રદાન

અગાઉનાં વ્યાકરણો કરતાં પદ્ધતિની દૃષ્ટિએ વ્યવસ્થિત ગણાય અને વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવું ગુજરાતી ભાષાનું વ્યાકરણ ગંગાધર શાસ્ત્રી ફડકે પાસેથી પ્રાપ્ત થાય છે. "સંસકૃત વ્યાકરણ ભણેલો છઉં."[૨] એમ એ પ્રસ્તાવનામાં જ જણાવે છે. વળી ગુજરાતીનું વ્યાકરણ રચતાં તેમને ગુજરાતી ભાષાની જોડણીના નિયમો બનાવવાનો વિચાર આવે છે. તે માટે એક નિયમાવલી બનાવી વિદ્વાનોને મોકલે છે. ગંગાધર શાસ્ત્રીના આ પ્રયત્નને કોઈ વિદ્વાન તરફથી કશો જવાબ મળતો નથી એ એક વિચિત્રતા કહેવાય. તે ઉપરાંત ગુજરાતીમાં 'ય'નું ચિહ્ન નહિ હોવાથી, લેખનમાં પડતી મુશ્કેલી નિવારવા સંસ્કૃતમાંથી આ ચિહ્ન તેઓ ગુજરાતીમાં લઈ આવે છે.

વ્યાકરણની પાયારૂપ ત્રણ બાબતો: વર્ણવિચાર, પદવિચાર અને વાક્યવિચાર—એ ત્રણેનો વ્યવસ્થિત વિચાર ગંગાધર શાસ્ત્રીએ કરેલો છે. શબ્દના મુખ્ય પાંચ ભેદ (નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ અને અવ્યય) ગણાવી તે દરેકના પ્રકાર પાડી તેનું વર્ણન કરેલું છે. આમ સંસ્કૃત વ્યાકરણની પદ્ધતિ ઉપર ગુજરાતી વ્યાકરણ વિશેનો ખ્યાલ ગંગાધર શાસ્ત્રીથી વ્યવસ્થિત બંધાય છે. એની મર્યાદાઓ પણ દેખીતી છે. પરીક્ષામાં ઉપયોગી થાય તે રીતે વિદ્યાર્થીઓ માટે તે લખાયેલ છે. અને તેનો રચનાર અ-ગુજરાતી છે. તત્સમ્ સામગ્રીનો ઉપયોગ આ ગ્રન્થોમાં થયેલો છે.

સમાસ નિરૂપણ

સિદ્ધનામ અને સાધિતનામ એવા બે મુખ્ય વિભાગો પાડી સાધિત નામને બે વર્ગમાં શાસ્ત્રીએ વહેંચ્યા છે: પ્રત્યયસાધિત અને સમાસનામ.

---

1 The following table of compound words will be found useful. It comprises such vocables only as frequency occurs in the language and in the course of conversation.

'Grammar of the Goozarattee Language'. (1829, pp. 62-64)

૨ 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ' (૧૮૩૯, પાન ૭).

"બે ત્રણ શબ્દ મળીને જે નામ અથવા વીશેષણ થાય છે તેહેને સમાસ નામ કેહે છે."[1] તે પછી સમાસના મુખ્ય પાંચ પ્રકાર 'અવ્યઈભાવ', 'તત્પુરુષ', 'કર્મધાર્ય', 'બહુવ્રીહિ' અને 'દ્વંદ્વ' ગણાવેલ છે. બે શબ્દના સમાસમાં "પેહેલા શબ્દની આગલની વિભક્તિ જાઅ છે.[2]" એ લક્ષણ આપી તે પાંચે પ્રકારનાં લક્ષણો અને તેનાં તત્સમ સામગ્રીમાંથી ઉદાહરણો આપેલ છે. તે પછી મોટા વ્યાકરણમાં આ વાત વધારે સ્પષ્ટતાથી સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

"સમાસ એટલે પરસ્પરાન્વયી અનેક પદોના વચમાંની વિભક્તિ જઈને અનેક શબ્દાત્મક એક શબ્દ થાય છે. પછી તે ઉપર વિભક્તિ થાય છે તેહનું નામ સમાસ."[3] અગાઉના પાંચ પ્રકાર ઉપરાંત દ્વિગુ અને મધ્યમપદલોપી એ બે નવા સમાસો ઓળખાવે છે. આમ સમાસની સંસ્કૃત પ્રમાણેનાં સમજ અને વર્ગીકરણ આપવાથી સમાસનો ખ્યાલ કાંઈક સ્પષ્ટ થાય છે. તેમાં યે ગુજરાતી સામગ્રીમાંથી આપેલાં ઉદાહરણો ખાસ ધ્યાન ખેંચે છે. 'દેવને ઉપર,' 'દેવને હેઠળ' વગેરે 'દેવ ઉપર' 'દેવ હેઠળ' બને છે અને 'તેને કાજે' 'તે કાજે' બને છે. આ બધાં 'અવ્યઈ ભાવ'નાં ઉદાહરણો છે.[3]

અહીં એક મુદ્દો ખાસ નોંધવો જોઈએ. આ ઉદાહરણોને અવ્યયીભાવ સમાસનાં ઉદાહરણો ગણવા પાછળની તર્કસરણીમાં બળ રહેલું છે. સંસ્કૃતમાં 'યથાશક્તિ' જેવા અવ્યવીભાવ સમાસોમાં 'યથા' એ ઘટક અવ્યવ છે અને આખો સમાસ પણ અવ્યવ તરીકે વપરાય છે. તે જ પ્રમાણે ગુજરાતીમાં 'દેવની ઉપર' અને 'દેવ ઉપર' એ બે પ્રયોગોને સરખાવતાં 'દેવ ઉપર' એ પ્રયોગને સમાસ તરીકે લઈ શકાય. અને 'ઉપર' એ પદ ક્રિયાવિશેષણ હોઈ તથા 'દેવ ઉપર' એ પણ ક્રિયાવિશેષણ તરીકે વપરાતું હોઈને આખા સમાસને આપણે સંસ્કૃત અનુસાર અવ્યવીભાવ ગણી શકીએ. ફડકેએ આપેલાં ગુજરાતી અવ્યવીભાવ સમાસનાં ઉદાહરણો પાછળ જો આ પ્રકારની વિચારસરણી હોય તો તેની શાસ્ત્રીયતા માટે તે જરૂર પ્રશંસાપાત્ર ગણાય. દુર્ભાગ્યે આ વિચારબિંદુ તે પછીથી ગુજરાતી વ્યાકરણની પરંપરામાં કશો પણ સ્વીકાર પામતું નથી.

૧૮૪૭ થી ૧૮૬૭ સુધીમાં વિલિયમ કલાર્કસન, એડવર્ડ લૅકી, ટી. સી. હોપ વગેરેનાં રચેલ ગુજરાતી વ્યાકરણો પ્રસિદ્ધ થયેલ છે. આમાંના કોઈ અંગ્રેજો માટેનાં તો કોઈ ગુજરાતી વિદ્યાર્થીઓ માટેનાં છે. સમાસ પ્રકરણની બાબતમાં કોઈનું કાર્ય ઉલ્લેખપાત્ર નથી. ૧૮૫૯ માં પ્રસિદ્ધ થયેલ રુસ્તમ ભરુચાના 'ગુજરાતી વ્યાકરણ'માં ફડકેની પરંપરા પ્રમાણે સમાસના પાંચ પ્રકારોનો ઉલ્લેખ થયેલો છે. કવિ નર્મદાશંકર-રચિત બે વ્યાકરણો: ' 'વર્ણવિચાર' (૧૮૬૫) અને 'શબ્દવિચાર' (૧૮૬૬)માં પ્રગટ થાય છે. સમાસ વિશે તેમાં કશો વિચાર કરવામાં આવ્યો નથી.

જોસેફ વાન સામરન ટેલર

ઈ. ૧૮૬૭માં, ટેલરનું 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ' પ્રસિદ્ધ થયું. અત્યાર સુધી પ્રગટ થયેલાં તમામ વ્યાકરણોમાં એ વધારે વ્યાપક છે, અને સૈદ્ધાંતિક બાબતને વધારે સારી રીતે અને

---

૧ 'ગુજરાતી ભાષાનું બાલ વ્યાકરણ' (૧૮૩૮, પાન ૧૩)

૨ 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ' (૧૮૩૯, પાન ૭૭)

૩ એજન (પાન ૭૯)

સમજીને મૂકવામાં આવી છે. ગુજરાતીભાષી વિદ્યાર્થીઓ માટે રચાયેલું આ પ્રથમ અંગ્રેજ લેખકનું વ્યાકરણ છે. સમાસ પ્રકરણ તેમાં વધારે વિગતથી આપેલું છે.

"જ્યારે બે શબ્દ એકત્ર એવા આવે કે તેઓ મળી એક શબ્દ જેવા થઈ જાય છે ત્યારે-સમાસ થયો કહેવાય છે...સામાસિક શબ્દો સંસ્કૃતમાં ઘણા, ગુજરાતીમાં થોડા–કવિતામાં વત્તા, ગદ્યમાં ઓછા આવે છે."[1]

સમાસનું વર્ગીકરણ સમાસમાં જોડાયેલા અવયવના વ્યાકરણી પરિમાણ ઉપરથી કરવાનું રાખ્યું હોય તેમ લાગે છે. એ માટેનાં નામો પણ સૂચક છે. જેમ કે બે કે અધિક વિશેષ્ય નામ (દ્વંદ્વ), બેવડાયેલાં નામ (દ્વિરુક્ત પ્રયોગો), વિશેષણ અને વિશેષ્યના સમાસ, વિશેષણાર્થે વિશેષ્ય(ષષ્ઠી તત્પુરુષ), અનેક શબ્દ મળીને થતું વિશેષણ, સર્વનામ અને વિશેષ્ય, સંખ્યાવાચક વિશેષણ, બે શુદ્ધ વિશેષણ, વચ્ચેના અધ્યાહાર પદવાળા (મધ્યમપદલોપી) એ રીતે વર્ગીકરણ કરેલું છે. છેલ્લે સૂચવ્યું છે કે, "સમાસનો વર્ગ કે રીતિ ઠરાવવામાં અર્થનું ધોરણ રાખવું જોઈએ."[2] આ વ્યાકરણની નવી આવૃત્તિમાં સમાસનું પ્રકરણ ફરી લખ્યું છે.

"મનમાં વિચાર પૃથક્ હોય તો શબ્દ પૃથક્ બોલિયે છિયે; પણ જો મનમાં વિચાર સંયુક્ત જેવા થાય, તો શબ્દ પણ સંયુક્ત કરી વાપરિયે છિયે. શબ્દનો એવો સંયોગ (सम् = સાથે, आस् = રહેવું) કહેવાય છે; અને સંયુક્ત થયેલા શબ્દ સામાસિક કહેવાય છે."[3] તે સાથે તેમાં એક બીજી નોંધ પણ મૂકેલી છે. "સંસ્કૃતમાંથી લીધેલા ઘણા સામાસિક શબ્દની સાથે... ઘણા શબ્દ સંસ્કૃતના નિયમ પ્રમાણે ગોઠવાઈને ગુજરાતીમાં નવા ચાલે છે. જો વિદ્યાની વૃદ્ધિ સાથે ભાષાનો અભ્યાસ પણ ચાલે, તો વર્ષોવર્ષ નવા નવા સામાસિક શબ્દ ગોઠવવામાં આવશે."[4] તે પછી દ્વંદ્વ, તત્પુરુષ, કર્મધારય, દ્વિગુ, મધ્યમપદલોપી, અવ્યયીભાવ અને બહુવ્રીહિ સમાસ ગણાવી તે દરેકના લક્ષણો અને પેટાપ્રકાર સમજાવી તત્સમ સામગ્રીમાંથી કેટલાંક ઉદાહરણો આપેલ છે.

આ વ્યાકરણમાં અગાઉ આપેલ વર્ગીકરણની પદ્ધતિ છોડી દઈ સમાસ માટેનાં તત્સમ નામો સ્વીકારી લીધાં છે. ગુજરાતી ભાષાની સમાસ જેવી સામગ્રીનું પણ સંસ્કૃત વ્યાકરણની ધાટી પર નિરૂપણ કરવાની પરંપરા સ્થપાતી જાય છે; અને તે માટે તત્સમ સામગ્રી જ વધુ કામમાં આવે અને તદ્દભવ નહિ એ વસ્તુ લક્ષ બહાર રહેવા પામે છે. ઈ. ૧૮૭૦માં આ જ લેખકનું 'ગુજરાતી ભાષાનું લઘુવ્યાકરણ' પ્રગટ થાય છે.

ટેલર પછીનાં વ્યાકરણો

ટેલર પછી હરગોવિંદદાસ કાંટાવાળા અને લાલશંકર ત્રવાડી–રચિત વ્યાકરણ નોંધપાત્ર ગણાય તેવું છે. ચાલતી પરંપરા કરતાં સમાસ પર તેમણે આગવી ઢબે વિચાર કરેલો છે. સમાસના તેમણે મુખ્ય ત્રણ ભેદો પાડ્યા છે, અને તેના આઠ પેટાવિભાગ ગણાવેલ છે.

---

૧ 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ', (૧૮૬૭, પાન ૧૩૫)

૨ એજન (પાન ૧૩૬)

૩ 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ' (૧૮૬૮, પાન ૧૪૫) ૪ એજન, (પાન ૧૪૬)

"સમાસમાં કોઈ વાર છેલ્લો શબ્દ મુખ્ય હોય છે, કોઈ વાર બધા શબ્દ મુખ્ય અને કોઈ વાર સમાસમાંનો કોઈ શબ્દ મુખ્ય ન છતાં કોઈ જુદો જ શબ્દ મુખ્ય થાય છે."[1]

આ વ્યાકરણમાં તદ્ભાવ સામગ્રીનો ઉપયોગ ઠીક થયો છે. તેનો ઉપયોગ કરનારને તરત કેટલીક મુશ્કેલીઓ દેખાવા લાગે છે, કારણ કે તત્સમ સામગ્રીની પેઠે એને સીધે સીધી મૂળ ચોકઠામાં પૂરી દઈ શકાતી નથી. ગુજરાતી સામાસિક પદમાં પ્રથમ અવયવમાં કેટલોક વિકાર થાય છે તે તરત જ લેખકોના ધ્યાન પર આવેલ છે.

"...પહેલા શબ્દમાં -ઓ,-ઉં હોય તો છેલ્લા શબ્દને પ્રત્યય લાગતાં -ઓ, -ઉં બદલાઈને 'આ' થશે." ..."ખરૂં જોતાં સમાસના પહેલા શબ્દમાં કાંઈ વિકાર થવો ન જોઈએ."[2] એમ કહી ત્રીજી વિભક્તિનો પ્રત્યય 'હાથેપગે' 'કાનેકોટે' તેમ જ બહુવચનમાં "છૈઆંછોકરાં" પ્રત્યય ચાલુ રહે છે તેની નોંધ લીધી છે. દ્વંદ્વ સમાસની વાત કરતાં બે અવયવના અર્થ કરતાં તેમાં કાંઈક વધુ સમાયેલ છે તેની ચર્ચા કરી છે. જેમ કે 'શેઠશાહુકાર' (અને બીજા પણ ખરા જ). 'ખીચડીખીચડી', 'શાકબાક', 'પેટીપટારાં' 'ઘરેણુંગાંઠું' જેવાં જોડકાંની નોંધ લઈ તેમને દ્વંદ્વના વર્ગમાં મૂકવાનું સૂચવ્યું છે.

ઈ. ૧૮૭૧માં પ્રસિદ્ધ થયેલું ગુલાબદાસ ગોપાળદાસ-રચિત 'પ્રશ્નોત્તર વ્યાકરણ' એ રીતે નોંધપાત્ર છે કે તેમાં અક્ષરવિચાર, શબ્દવિચાર, વાક્યવિચાર વગેરે સાથે કવિતાવિચારનું પણ એક પ્રકરણ જોડેલું છે. ખરી રીતે કવિતાવિચાર એ વ્યાકરણના ક્ષેત્રમાં આવતી બાબત નથી, એ કાવ્યમીમાંસાનો વિષય છે. છતાં આજ લગી ગુજરાતી વ્યાકરણો કાવ્ય, અલંકાર વગેરે બાબતો પર પણ વિચાર કરતાં રહ્યાં છે.

અભ્યાસક્રમ અનુસાર રચાયેલાં તે સમયનાં કેટલાંક વ્યાકરણોમાં સમાસ વિશે ખાસ ઉલ્લેખ મળતો નથી. મહીપતરામ નીલકંઠ, પૂર્ણાનંદ ભટ્ટ, ડી. ડી. દલાલ, વગેરે સમાસની સામાન્ય સમજૂતી આપી તેના મુખ્ય વર્ગો ગુમાવી દે છે અને ઉદાહરણો તત્સમ સામગ્રીમાંથી આપે છે. ભગવાન શિવશંકર ભટ્ટ તેમના વ્યાકરણમાં સમાસપ્રકરણને અંતે એક નોંધ મૂકે છે: "સંસ્કૃતમાં સમાસ ઘણા છે અને નવા પણ ઘણા બનાવી શકાય તેમ જ ગુજરાતીમાં કેટલાક સંસ્કૃત સમાસ વારંવાર વપરાય છે."[3] એમ કહી તદ્ભવ સામગ્રીનાં ઉદાહરણો નોંધે છે. જેમ કે 'માબાપ', 'ધણીધણીઆણી', 'સાચુંજૂઠું', 'દાળચોખા', 'ઘીગોળ'. Clair Tisdall તેમના વ્યાકરણ-(Simplified Grammar of Gujarati Language, ૧૮૯૨)માં વર્ગીકરણને સ્પર્શ્યા સિવાય થોડાક સામાસિક શબ્દો આપી દે છે. દ્વિરુક્ત પ્રયોગોની સાથે નિરર્થક ઘટક જેવાં કે 'હરવુંફરવું'ની પણ તે નોંધ લે છે.

જોસેફ ટેલરના પુત્રનું લખેલ વ્યાકરણ ('The Students Gujarati Grammar,' 1893) સમાસનાં પરંપરાગત ઉદાહરણો નોંધે છે તે પછી "In order to

---

૧ 'નવું ગુજરાતી ભાષાનું વ્યાકરણ' (૧૮૬૯, પાન ૧૩૬)

૨ એજન (પાન ૧૪૦)

૩ 'ગુજરાતી વ્યાકરણનાં મૂળતત્ત્વ' (૧૮૯૦, પાન ૧૦૫)

express intensity of meaning" દ્વિરુક્તિનો આશ્રય લેવામાં આવે છે તેની વિગત નોંધી છે. સમાસની દૃષ્ટિએ તેમને 'આમ્રેડિત' વર્ગમાં મૂકેલા છે. તે પછી જાંગીરજી નસરવાનજી પાલીસવાલા ('શાળોપયોગી વ્યાકરણ,' ૧૮૯૫) સમાસના સાત વર્ગો ગણાવ્યા પછી છેલ્લે એક 'મિશ્ર સમાસ'નો ઉલ્લેખ કરે છે; તેનાં ઉદાહરણ તરીકે 'સકલગુણનિધાન,' 'જૈનધર્મપ્રવર્તકસભા' જેવા શબ્દો આપે છે. મંચેરશા પાલનજી કૈકોબાદ ('Principles of Gujarati Grammar,' 1904) સમાસના મુખ્ય વર્ગો સાથે ક્રિયાના સમાસોનો પણ ઉલ્લેખ કરે છે. 'ઉઠબેસ,' 'આવજા,' 'રઢામીટ' વગેરે ક્રિયાસમાસોને દ્વંદ્વના વર્ગમાં મૂકવાનું તે સૂચવે છે. તેમણે દ્વિરુક્ત પ્રયોગો અને તેના વર્ગીકરણનું એક પ્રકરણ પણ સમાસ પછી જોડેલું છે. આમ ટેલર પછી સંસ્કૃત વર્ગીકરણોમાં ગણાવેલ સમાસના મુખ્ય મુખ્ય વર્ગોને ગુજરાતીની તત્સમ સામગ્રીનાં ઉદાહરણોથી સમજાવવાની એક પરંપરા શરૂ થયેલી દેખાય છે. તે સાથે તદ્‌ભવ સામગ્રી અને તેના વિશ્લેષણમાં રહેતી અસંગતિઓ તરફ સંનિષ્ઠ લેખકોનું ધ્યાન અવશ્ય ગયું છે. પરંતુ તેના ઉકેલ માટે આગળ કોઈએ વિચાર નથી કર્યો. એનું કારણ એ પણ હોઈ શકે કે આ વ્યાકરણો અમુક અભ્યાસક્રમને જ ધ્યાનમાં રાખીને લખાતાં હતાં.

કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી

વ્યાકરણરચનાની આ પરંપરામાં કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીનું પ્રદાન ખાસ નોંધવું જોઈએ. તેમના સમાસ-નિરૂપણનો માપદંડ અને પદ્ધતિનો ખ્યાલ તેમના આ વિધાનમાંથી જ મળી રહે છે:

"...ગુજરાતીમાં સમાસનો પ્રયોગ સંસ્કૃતમાંથી દાખલ થયેલો છે, તેથી તેનું વિવેચન તેને અનુસાર થવું જોઈએ."[૧]

કમળાશંકરની કાર્યદિશાનું સૂચન એમાંથી મળી રહે છે. આ દિશાને ધ્યાનમાં રાખી 'બૃહદ્ વ્યાકરણ'માં પણ સમાસ-પ્રકરણનું નિરૂપણ કરેલું છે. સંસ્કૃત ભાષા માટે વિચારવામાં આવેલું સમાસનું લગભગ આખું જ માળખું ગુજરાતી વ્યાકરણના આદર્શ તરીકે મૂકવામાં આવ્યું છે. સંસ્કૃત વ્યાકરણોની પેઠે તેમણે પણ સમાસના મુખ્ય પાંચ વર્ગ ગણાવેલ છે: દ્વંદ્વ, તત્પુરુષ, બહુવ્રીહિ, અવ્યયીભાવ અને સુપ્સુપ્. તે સાથે દરેકના પેટાભાગો, તેનાં લક્ષણો અને ઉદાહરણ આપેલ છે. તે ઉપરાંત ફારસી-અરબી શબ્દોના સમાસનાં કેટલાંક ઉદાહરણો ઉપર્યુક્ત વર્ગીકરણમાં કયા કયા વિભાગમાં આવે છે તેની પણ એક જુદી યાદી આપી છે.[૨] તેમણે ઉપયોગમાં લીધેલી સામગ્રી સંસ્કૃત તત્સમ સામગ્રી છે. ગુજરાતી આંશિક રૂપાખ્યાનવાળી ભાષા હોવાથી એ સામગ્રીનો વિનિયોગ કરતાં કેટલીક મુશ્કેલી પણ પડી છે. ખાસ કરીને દ્વંદ્વ સમાસના પેટાભાગો ગણાવતાં તેમને એ મુશ્કેલીનો ખ્યાલ આવ્યો છે. કમળાશંકરે વ્યાકરણમાં સમાવિષ્ટ કરેલ તમામ વિષયો પર વિગતપૂર્ણ સમજૂતી આપી છે. આમ સંસ્કૃત અને અંગ્રેજીની મિશ્ર પરંપરા પ્રમાણે એક વિગતપૂર્ણ વ્યાકરણગ્રન્થ ગુજરાતીમાં પ્રાપ્ત થાય છે.

---

૧ 'ગુજરાતી ભાષાનું મધ્યવ્યાકરણ' (૧૯૧૭, પાન ૧૮૧)

૨ 'બૃહદ્ વ્યાકરણ' (૧૯૧૯, પાન ૨૯૭–૩૦૦)

પરંતુ તે પછી ગુજરાતી વ્યાકરણોમાં કોઈ નવી બાબત વિચારવાની રહી ન હોય તેવી સ્થિતિ પ્રવર્તે છે. 'બૃહદ્ વ્યાકરણ' એટલે વિચારવાનું અંતિમ બિંદુ એ સ્થિતિ લગભગ આવી રહે છે. તે પછી અભ્યાસક્રમ અનુસાર વ્યાકરણો તો ઘણાં રચાયાં છે પરંતુ આ પછી તેમની પાસે વિચારવાની કોઈ નવી દિશા હોય એમ દેખાતું નથી. અમુક સામગ્રીને રોચકરૂપે મૂકવી એ સિવાય ગુજરાતી વ્યાકરણમાં જાણે કે નવું કશું કરવાનું રહ્યું નહોતું.

વ્યાકરણ-રચનામાં નવી દૃષ્ટિ

અર્વાચીન ભાષાવિજ્ઞાનનો ઉદય થતાં ભાષાને જોવા-તપાસવાનું આપણું દૃષ્ટિબિંદુ બદલાઈ ગયું. ભાષાવિજ્ઞાને પાયાનો એક સિદ્ધાન્ત આપ્યો છે. દરેક ભાષાને પોતાનું આગવું બંધારણ હોય છે અને તે તે ભાષાના ધ્વનિતંત્ર, રૂપતંત્ર, વાકયતંત્ર વગેરેની લાક્ષણિકતાઓ તે તે ભાષાની સામગ્રીને આધારે તારવવી જોઈએ. તે માટે કોઈ બીજી ભાષાનું માળખું ઉપયોગમાં લેવું ન જોઈએ. આ નવી દૃષ્ટિ પર ડૉ. ટી. એન. દવેનો આ વિચાર ચિંત્ય છે:

"જે ભાષાનું વ્યાકરણ રચવું હોય તે ભાષાનો સ્વતંત્ર અને સંપૂર્ણ અભ્યાસ ભાષાશાસ્ત્રીની દૃષ્ટિએ થવો જોઈએ, અને તેને પરિણામે તરી આવતાં પ્રમેયોને નિયમબદ્ધ વર્ગીકરણ દ્વારા પ્રતિપાદિત કરવાં જોઈએ. એટલે કે ગુજરાતી ભાષાના વ્યાકરણ માટે ગુજરાતી ભાષાના બધા પ્રયોગો, બધા વર્ણો, બધાં પ્રમેયો સમજવાં. પછી તેમનું વર્ગીકરણ કરવું. પછી નિયમાવલીઓ રચવી. બીજી ભાષાઓનાં વ્યાકરણો ગમે તેવાં શાસ્ત્રીય અને સંપૂર્ણ જણાય તો પણ તેના નિયમોની, વર્ગીકરણોની, પ્રમેયોની આંધળિયા અનુકરણ કરવાની પ્રથા છોડી દેવી."[૧]

આ ઉપરાંત 'Language of Maha-Gujarat'માં ગુજરાતી ભાષાનો ઇતિહાસ તપાસતાં તેમણે છેલ્લે વ્યાકરણ અને તેની અપેક્ષાઓ વિશે કેટલીક મનનીય ચર્ચા કરી છે. તે જ રીતે ઈ. ૧૯૫૫માં ડૉ. હરિવલ્લભ ભાયાણી અને શ્રી અમૃતલાલ યાજ્ઞિક-રચિત એક લઘુ વ્યાકરણ નોંધપાત્ર છે. એ શાળોપયોગી છે એ તેની મર્યાદા છે પરંતુ પરંપરાગત વ્યાકરણની ખામીઓ તેમાં સ્પષ્ટ રીતે બતાવેલી છે અને તે ખામીઓને દૂર કરવાનો ઉપાય પણ તેમાં નીચેના શબ્દોમાં સૂચવેલો છે:

"ગુજરાતીને સ્વતંત્ર બંધારણ અને આગવું વ્યક્તિત્વ ધરાવતી ભાષા તરીકે સ્વીકારીને તેને વિશે સ્વતંત્ર વિચાર કરવામાં આવે, તથા તેનાં સ્વરૂપ અને કાર્ય વિશેનો ભેદ ધ્યાનમાં રાખીને ભાષાસામગ્રીનું વર્ણન અને વર્ગીકરણ કરવામાં આવે તો તેના વ્યાકરણની ગૂંચોનો જરૂર ઉકેલ આવે."[૨]

ઈ. ૧૯૬૦માં શ્રી. કે. કા. શાસ્ત્રી સમાસ પ્રકરણનો જુદી ઢબની વિચાર કરવાનું શરૂ કરે છે. સંસ્કૃતથી સ્વતંત્ર રીતે પણ ગુજરાતી ભાષાએ પોતાની સમાસપદ્ધતિ સાધી હોવાનું તેમનું

---

૧ "ગુજરાતી વ્યાકરણની રચના" એ લેખ ('બુદ્ધિપ્રકાશ', પુસ્તક ૯૨; અંક ૧, જાન્યુ.–માર્ચ, ૧૯૪૫, પાન ૧૧)

૨ 'સુબોધ વ્યાકરણ અને લેખન' (૧૯૫૫, પાન ૪૪-૪૫)

મંતવ્ય છે.[1] તેમ છતાં તેમણે પોતે જે સામગ્રીનો ઉપયોગ કર્યો છે તે ચર્ચાસ્પદ છે.[2] સમાસનો વિચાર કરતાં પહેલાં શબ્દ, પ્રત્યય, શબ્દજૂથ(Phrase), અને સમાસનો ખ્યાલ સ્પષ્ટ થવો જોઈએ તે અહીં થઈ શક્યો નથી. નક્કી કરેલા સૈદ્ધાંતિક માળખામાં ગુજરાતીની તદ્દભાવ સામગ્રી પૂરી દેવાથી ગુજરાતી સમાસનો કોઈ આગવો ખ્યાલ થઈ શક્યો નથી, તે આ પુસ્તકની મર્યાદા છે.

ડૉ. પંડિતનું દિશાસૂચન

ડૉ. પ્રબોધ પંડિતનો આ વિષયનો એક લેખ[3] ખાસ નોંધપાત્ર છે. ભાવિ વ્યાકરણની કાર્યદિશા તેમણે વિશદતાથી સમજાવી છે. જાતિ, વિભક્તિ, વચન વગેરેના રૂઢ થયેલા ખ્યાલોમાં ભાષામાંથી તૈયાર સામગ્રી પૂરી દેવાથી સાચું વ્યાકરણ તૈયાર થતું નથી. કોઈ પણ ભાષામાંથી ધાર્યો ખ્યાલ તો કાઢી શકાય છે, પણ એથી ભાષાનું સ્વરૂપ ભાગ્યે જ પ્રગટ થાય છે. દરેક ભાષામાં આ બધા ખ્યાલો તો હોય જ છે. ખરી રીતે ભાષાની આંતરિક રચના સમજવા માટે આ ખ્યાલો, તે તે ભાષામાં કેવી કેવી રીતે વ્યક્ત થાય છે તેની ચર્ચા વ્યાકરણે કરવી જોઈએ. આમ ચાલુ વ્યાકરણની ઉણપ બતાવી ભાષાની આંતરિક રચના સમજવા માટે કઈ રીતે કાર્ય કરવું જોઈએ, તેની ઉદાહરણ સાથે વીગતપૂર્ણ ચર્ચા કરી છે. આ સંદર્ભમાં 'વ્યાકરણ'[4]ના નામે બે ભાગમાં પ્રસિદ્ધ થયેલો લેખ પણ અભ્યાસપાત્ર છે.

ગુજરાતી સંદર્ભ વ્યાકરણ

ઈ. ૧૯૬૫માં જ્યોર્જ કાર્ડોનાએ અર્વાચીન વર્ણનાત્મક દૃષ્ટિથી ગુજરાતી ભાષાનું વ્યાકરણ[5] રચ્યું. વ્યાકરણમાં વર્ણનાત્મક પદ્ધતિ[6] એ વ્યાકરણરચના માટેની આધુનિક પ્રગતિશીલ પદ્ધતિ છે. આ પદ્ધતિમાં પ્રચલિત ભાષામાં થતા પ્રયોગોને આધારે સામગ્રી એકત્ર કરી, તેનું વ્યવસ્થિત આયોજન કરી, વિચારો વ્યક્ત કરવા માટેની જે જે ભાતો પ્રચલિત હોય છે તેનું પદ્ધતિસર વર્ણન કરવામાં આવે છે અને પુષ્કળ ઉદાહરણોથી સમજાવાય છે.

વ્યાકરણરચનાની પરંપરાગત રૂઢિનો ત્યાગ કરી કાર્ડોનાએ અહીં વર્ણનાત્મક પદ્ધતિનો આશ્રય લીધો છે. ભાષાને બોલતી સાંભળી અને સાક્ષાત્ પ્રયોગમાંથી તેમણે સામગ્રી મેળવી છે. એ રીતે એકત્ર કરેલી માહિતીમાંથી સંબંધો તારવવાનો તેમણે ઉપક્રમ રાખેલો છે. તેમનું લક્ષ ગુજરાતી ભાષાના માન્ય સ્વરૂપને વર્ણવવાનું છે, પણ તેમની એકત્રિત થયેલી સામગ્રીમાં કેટલોક પ્રાદેશિક અંશ પણ ભળેલો છે. ગુજરાતીનું ધ્વનિતંત્ર તેમણે બોલાતી ભાષાને આધારે તારવ્યું છે અને એ જ ધોરણે તેમણે શ્રુતિમત્તા અને સ્વરભારની ચર્ચા કરી છે. શબ્દ અને વિભક્તિ પ્રત્યયના જોડાણને તપાસવાનો તેમનો પ્રયત્ન સમાસની એક પાયાની બાબત તરફ વિચારવાનું એક નવું સૂચન છે. Clitics ના નામે તેમની ચર્ચામાં ઉપયોગી દિશાસૂચન છે. સમાસરચનાનું તેમણે ટૂંકું વર્ણન

૧ 'ગુજરાતી ભાષાશાસ્ત્ર' (ભાગ ૨, ખંડ ૩, ૧૯૬૦, પાન ૩૩૫-૩૩૮)

૨ 'ગુજરાતી માન્ય ભાષાનું લઘુ વ્યાકરણ' (૧૯૬૯, પાન ૭૧-૯૪)

૩ 'આંશિક રૂપાખ્યાનવાળી ભાષાના પ્રશ્નો' (સંસ્કૃતિ, ફેબ્રુઆરી, ૧૯૬૧).

૪ 'સંસ્કૃતિ' (જુલાઈ અને ઑગસ્ટ, ૧૯૭૨)

5 'A Reference Gujarati Grammar' (1965)

6 'Language and Grammars' ('An Introduction to descriptive linguistics', 1970, pp. 195-221)

આપેલું છે. ડૉ. પંડિત અને ડૉ. સાંડેસરા સાથે ચર્ચાવિચારણા કરવાની તેમણે તક મળી છે અને તેમના અભ્યાસ અને દૃષ્ટિનો લાભ આ વ્યાકરણને મળેલો છે.

કાર્ડોનાએ નિરૂપણની પદ્ધતિમાં કરેલો ફેરફાર ખૂબ મહત્ત્વનો છે. વ્યાકરણરચનાની આધુનિક દૃષ્ટિ અને પદ્ધતિ વિશે વિચારવાની તેમાં ભરપૂર સામગ્રી પડેલી છે. ગુજરાતીના વિવરણાત્મક વ્યાકરણનો એક સૂચક નમૂનો આ રીતે, એક વિદેશી દ્વારા પ્રાપ્ત થયેલ છે; જોકે સમાસ પ્રકરણ વિશે ડૉ. કાર્ડોનાનું કોઈ વિશિષ્ટ અર્પણ નથી. સંદર્ભ વ્યાકરણને અંતે પરંપરાગત વ્યાકરણની પદ્ધતિ પ્રમાણેનું ચારેક પાનાનું ટૂંકું વર્ગીકરણ તેમણે આપી દીધેલું છે.

નવી દૃષ્ટિ : નવો સૂર

ઈ. ૧૯૬૯માં ડૉ. હરિવલ્લભ ભાયાણીનું ‘ થોડોક વ્યાકરણ વિચાર ’ પ્રગટ થયું. આમ તો ડૉ. ભાયાણીના વ્યાકરણવિષયક લેખો અવારનવાર સામયિકોમાં પ્રગટ થતા રહે છે. ઉપરાંત નવી દૃષ્ટિ અને સૂઝથી, વ્યવહારું ભાષાની સામગ્રીમાંથી ઉદાહરણો લઈ, તેનું વિશ્લેષણ કરી, તેમાંથી સિદ્ધાન્ત તારવવાની પદ્ધતિએ તેમણે કેટલુંક સંશોધનકાર્ય[1] કરાવ્યું પણ છે.

‘ થોડોક વ્યાકરણ વિચાર ’માં ડૉ. ભાયાણીએ વ્યવહારની ભાષામાંથી સામગ્રી લઈ, તેનું પૃથક્કરણ કરી, તેમાંથી જ સૈદ્ધાન્તિક ખ્યાલ ઊભો કરવાની પદ્ધતિ અપનાવી છે. સમયના પ્રવાહમાં ભાષામાંથી કેટલુંક લુપ્ત થાય છે તો કેટલાંક નવાં તત્ત્વો તેમાં ઉમેરાય છે. ભાષાના પ્રચ્છન્ન વલણો અનુસાર આ વધઘટ થતી રહે છે. ભાષાનાં આ વલણોની તપાસ સમયે સમયે થતી રહેવી જોઈએ. ‘ થોડોક વ્યાકરણ વિચાર ’[2] ભાષાના આ વલણો તપાસવા-સમજવાની દિશામાં એક મહત્ત્વનો પ્રયાસ છે. ગુજરાતીની સમાસરચના પર તેમણે ઠીક ઠીક વિચાર કરેલો છે. સમાસના કેટલાક નવા વર્ગો પર તેમણે ધ્યાન દોર્યું છે તો બહુવ્રીહિ કે ઉપપદ સમાસ વિશે તેમણે જુદી જ રીતે વિચાર કરેલો છે. ટૂંકમાં ‘ થોડોક વ્યાકરણ વિચાર ’ વિચારવાની નવી દૃષ્ટિ આપે છે અને એ દિશામાં પ્રથમ પગરણ માંડી આપે છે. આમ ગુજરાતી સમાસોની વિચારણા માટે કાર્ય કરવાની પદ્ધતિ તેથી પ્રાપ્ત થાય છે.

ઉપસંહાર

રૉબર્ટ ડ્રમંડ(૧૮૦૮)થી ગુજરાતી વ્યાકરણરચનાની એક પરંપરા શરૂ થઈ. ટેલરનું વ્યાકરણ (૧૮૬૭) પ્રગટ થતાં સુધીમાં વ્યાકરણ રચવાની દિશામાં સારી પ્રગતિ થઈ. વ્યાકરણમાં સમાવેશ પામતી બાબતો અને સામગ્રી અંગે વિચારણા થઈ, અને વ્યાકરણરચનાનો એક નકશો તૈયાર થયો. કાંટાવાળા અને ત્રવાડીએ તેમના રચેલા વ્યાકરણમાં વ્યવહારું ભાષાની સામગ્રીમાંથી ઉદાહરણો આપવાની શરૂઆત કરી. એમની દૃષ્ટિ વ્યવહાર-ભાષા પર છે, એમ દેખાય છે. કમળાશંકરના ‘ બૃહદ્ વ્યાકરણ ’ સુધીમાં વ્યાકરણરચનાની એક પરિપાટી ચોક્કસ થઈ. સંસ્કૃત તત્સમ સામગ્રીનો જેમાં ઉપયોગ કરવામાં આવ્યો હોય તેવું અને સંસ્કૃત વ્યાકરણની પદ્ધતિનું ગુજરાતી વ્યાકરણ તેથી પ્રાપ્ત થયું.

૧ ‘ ગુજરાતી ભાષાના અંગસાધક પ્રત્યયો ’ (૧૯૭૨) ડૉ. ઊર્મિ દેસાઈ, અને ‘ ગુજરાતીના દ્વિરુક્ત પ્રયોગો ’ (૧૯૭૨) ડૉ. પ્રભાશંકર તેરૈયા.

૨ સુધારાવધારા સાથેની બીજી આવૃત્તિ, (૧૯૭૨)

નિરૂપણની આજની પદ્ધતિથી તપાસતાં આ વ્યાકરણરચનામાં અનેક ખામીઓ દેખાય છે. પરંતુ એ સમયની જરૂરિયાત અને સંતોષવા માટેની વ્યાકરણકારોની દૃષ્ટિ ધ્યાનમાં રહે તે જરૂરી છે.

વ્યાકરણરચનામાં જે સામગ્રીનો ઉપયોગ થતો તે સાહિત્યિક ગુજરાતીની સામગ્રી હતી. એ સમયના સર્જકો પંડિતો હતા. એમની ભાષા મુખ્યત્વે સંસ્કૃત તત્સમ સામગ્રીનો વિશેષે ઉપયોગ કરતી. આજે વ્યવહારની આટલી સરળતા અને ઘનતા છતાં ગુજરાતી ભાષાના અંતર્ગત અનેક બોલીભેદો સ્પષ્ટ રીતે જોઈ શકાય છે; જ્યારે વ્યવહારની આટલી સરળતા નહોતી અને શિક્ષણ આટલું વ્યાપક નહોતું ત્યારે બોલીભેદો વધારે દેખાતા હશે. જુદી જુદી બોલીના વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓને Standard Gujaratiથી પરિચિત બનાવવા તે આ વ્યાકરણોનો એક ઉદ્દેશ હશે એમ લાગે છે. વિદ્યાર્થીઓ અને મોટે ભાગે શિક્ષકો, ભાષાના શિષ્ટ સ્વરૂપથી પરિચિત થાય, માન્ય ભાષાનાં ધોરણો સુધી પહોંચવાનો પ્રયત્ન કરે એવો શૈક્ષણિક અભિગમ વ્યાકરણરચના પાછળ હશે એમ સમજાય છે.

આ વ્યાકરણનો ઉદ્દેશ બોલાતી ભાષાના સ્વરૂપને સ્પષ્ટ કરવાનો હોય જ નહિ. બોલાતી ભાષા, તેનું બંધારણ, રચનારીતિ વગેરેનું નિરૂપણ : એ અભિગમ જ અર્વાચીન છે. ભાષાવિજ્ઞાનનો ઉદય અને તેના અભ્યાસ સાથે આ દૃષ્ટિકોણનો વિકાસ થયો છે. આ વ્યાકરણની રચનાનું પ્રયોજન જુદું હતું. વિદ્યાર્થીઓ માન્યભાષાના સ્વરૂપની સમજ અને સજ્જતા પ્રાપ્ત કરે એ તેનો એક ઉદ્દેશ હતો. અર્વાચીન ભાષાવિજ્ઞાનના ઉદય અને અભ્યાસ સાથે વ્યાકરણરચનાનો અભિગમ બદલાય છે. ડૉ. ટી. એન. દવે એક નવું વિચારબિંદુ આપે છે ત્યાંથી નવી દૃષ્ટિ શરૂ થાય છે. કાર્ડોના સંદર્ભ-વ્યાકરણ વર્ણનાત્મક પદ્ધતિઓ રચે છે અને ત્યાંથી ‘ થોડાક વ્યાકરણ વિચાર ’ વ્યાકરણ રચનાની એક નવી આબોહવા પ્રસ્થાપિત કરે છે.

સમાસની વિચારણા અંગે થયેલ કાર્યનો વિચાર કરીએ તો આ દિશામાં સંસ્કૃત ભાષાના સમાસની સૈદ્ધાંતિક વિચારણા અને તેમાં ગુજરાતીની તત્સમ સામગ્રીનો ઉપયોગ તે સિવાય વિશિષ્ટ કહેવાય તેવું કોઈ કાર્ય થયું નથી, કે ગુજરાતી તદ્‌ભવ સામગ્રીનો ઉપયોગ થયો નથી. સંસ્કૃત વ્યાકરણે આપેલા વર્ગીકરણના માળખાને અકબંધ અપનાવી લઈને, તેમાં ગુજરાતી સામગ્રી ઢાળવા જતાં કેટલીય વિસંગતિઓ ઊભી થયેલ છે. સમાસના કેટલાક વર્ગો ગુજરાતીને લાગુ પડતા જ નથી તેથી તેવા વર્ગો ગુજરાતીમાં કૃત્રિમ લાગે છે. તો બીજી બાજુ અપનાવાયેલ માળખામાં ગુજરાતીની સામગ્રી બંધબેસતી ન થતાં પરંપરાગત વ્યાકરણોમાં તેનો અનાદર કરવામાં આવ્યો છે. વ્યાકરણ ગુજરાતીનું રચાય, સામગ્રી ગુજરાતી ભાષામાંથી મેળવાય પરંતુ મળેલી સામગ્રી બંધ બેસતી ન થતાં તેને છોડી દેવામાં આવે તે વિચિત્રતા વ્યાકરણોમાં ચાલતી રહી છે તેથી ગુજરાતીની સમાસરચનાનું સાચું ચિત્ર પ્રાપ્ત થતું નથી.

સોમસુંદરસૂરિકૃત સ્થૂલિભદ્રચરિત

વસંતરાય બી. દવે

પ્રાસ્તાવિક :

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ખાસ કરીને જૈન કવિઓએ રચેલ સાહિત્યમાં, સ્થૂલિભદ્ર-કોશ્યાના પ્રણયની તથા સ્થૂલિભદ્રના ત્યાગની કથા પ્રચલિત છે. અનેક કવિઓએ આ કથાને ત્યાગના એક શ્રેષ્ઠ ઉદાહરણરૂપે તત્કાલીન સમાજ સમક્ષ રજૂ કરી હશે એમ આજે મળી આવતી આ કથાની હસ્તપ્રતો પરથી લાગે છે.

કોશ્યાના હૃદયભાવોને વ્યક્ત કરતી પંચોતેર કડીની 'સ્થૂલિભદ્ર ચરિત્રમ્' નામની આ રસપ્રદ કૃતિની રચના સોમસુંદરસૂરિની છે.

પ્રતવર્ણન અને સંપાદનપદ્ધતિ :

આ કૃતિનું સંપાદન લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદના હસ્તપ્રત ગ્રન્થભંડારમાંની બે હસ્તપ્રતો પરથી કરવામાં આવેલ છે. આમ છતાં, કેટલાક ગ્રન્થપાઠ સંદિગ્ધ રહી જવા પામ્યા છે, તેનો નિર્દેશ પાદનોંધમાં કરવામાં આવ્યો છે.

પ્રત અ—પુણ્યવિજયજી સંગ્રહના ક્રમાંક ૮૪૬૦ના પત્ર નં. ૧૭૬ થી ૧૭૮ ઉપર આ કૃતિ આલેખાયેલી છે. ગુટકાના સ્વરૂપે અન્ય કૃતિઓની સાથે રહેલી આ પ્રતિના પત્રનું માપ ૧૦.૮" × ૪.૬"નું છે. પ્રત્યેક પત્ર પર આશરે ૧૭ પંક્તિઓ છે. પત્રનો ક્રમાંક જમણી બાજુએ હાંસિયામાં લાલ શાહીથી દર્શાવવામાં આવ્યો છે. પ્રત સારી હાલતમાં છે. પ્રતિને અંતે 'ઇતિશ્રી સ્થૂલિભદ્રચરિતં સમાપ્તઃ' લખેલું છે. ગ્રન્થપાઠ માટે આ પ્રતને મુખ્ય ગણવામાં આવી છે.

પ્રત બ—લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં સ્થિત લા. દ. ભંડારના ૪૩૯૯ ક્રમાંકવાળા ગુટકામાં બીજી કૃતિઓની સાથે પૃષ્ઠ ૪૩૯ થી ૪૪૧ સુધીમાં આ કૃતિ ઉતારેલી છે. તેના પત્રનું માપ ૯.૩" × ૬.૮"નું છે. દરેક પત્ર પર આશરે ૨૦ પંક્તિઓ લખાયેલી છે. પ્રતિના અક્ષરો સારા છે. પ્રતિના પત્રની વચ્ચે ફૂદડી નથી. પ્રતિના ખૂણા કપાયેલા છે. પ્રતિને અંતે 'ઇતિ શ્રી સ્થૂલિભદ્રવેલી સમાપ્ત' લખેલું છે. આ પ્રતમાંથી જરૂરી પાઠભેદો ગ્રન્થપાઠમાં નોંધવામાં આવ્યા છે.

સામાન્યતઃ 'વેલિ' નામક કાવ્યો વિવાહવર્ણનપ્રધાન હોય છે એવું પ્રો. મંજુલાલ મજમુદારનું મંતવ્ય છે. હકીકતમાં આજે ઉપલબ્ધ 'વેલિ' કાવ્યોમાં બહુ થોડાં વિવાહ-વર્ણનવાળાં કાવ્યો છે. સ્વામી નરોત્તમદાસે 'વેલિ' કાવ્યનું એક વિશિષ્ટ લક્ષણ ગણાવતાં કહ્યું છે કે, જેના ચારેય ચરણમાં ક્રમશઃ ૧૬-૧૫-૧૬-૧૫ માત્રા હોય અને જેની ગતિ વીરરસની હોય તે 'વેલિકાવ્ય'. વળી, 'વેલિ' કાવ્યોના વિષયમાં ઐતિહાસિક વ્યક્તિઓનાં ગુણવર્ણનો

જોવા મળે છે. કેટલીક વેલિઓ પૌરાણિક વ્યક્તિઓ વિશે લખાઈ છે તો, કેટલીક જૈન ધર્મ સંબંધમાં લખાયેલી છે. આજે મળી આવેલી વેલિઓમાં સૌથી પ્રાચીન વેલિ તરીકે શ્રી અગરચંદ નાહટા ઈ. સ. ૧૫૨૦ના અરસામાં રચાયેલ કવિ વાછાની ' ચિહુગતિવેલિ 'ને ગણાવે છે.[૧]

ઉપર્યુક્ત લક્ષણોના સંદર્ભમાં પ્રસ્તુત કૃતિને તપાસતાં જણાય છે કે આ કૃતિમાં ' વેલિ 'ના લક્ષણોની લગભગ ગેરહાજરી છે. આથી પ્રત ' અ 'ને અંતે ઉલ્લેખાયેલ ' ચરિત્ર ' નામ જ મારા મતે ઉચિત જણાય છે.

કાવ્યના કર્તા : સોમસુંદરસૂરિ

કૃતિના રચયિતાએ ૭૨ મી ગાથામાં પોતાના નામનો અને રચ્યાસંવતનો ઉલ્લેખ કર્યો છે :

ચંદ્રગચ્છ ગુરુરાય પસાઇ સિરિ સોમસુંદરસૂરિ,
એકાસીએ કવિત એ કીધું અતિ ઘણુ આણંદપૂરિ. ૭૨૦

સોમસુંદરસૂરિનો જન્મ સં. ૧૪૩૦માં પાલનપુરમાં થયો હતો. સં. ૧૪૩૭માં આચાર્ય જયાનંદસૂરિ પાસે દીક્ષા લીધી હતી. ત્યાર બાદ વીસ વર્ષની આકરી તપશ્ચર્યાને અંતે સં. ૧૪૫૭માં સૂરિપદ પ્રાપ્ત થયેલું. કવિનો સ્વર્ગવાસ સં. ૧૪૯૯માં થયો. સોમસુંદરસૂરિએ સંસ્કૃતમાં ' ભાષ્યત્રયચૂર્ણિ ', ' કલ્યાણકસ્તવ ', ' રત્નકોશ ' અને ' નવસ્તવી ' નામે રચનાઓ કરી છે, અને ગુજરાતી ગદ્યમાં ઉપદેશમાલા-બાલાવબોધ (સં. ૧૪૮૫); યોગશાસ્ત્ર, ષડાવશ્યક, આરાધના પતાકા, નવતત્ત્વ, ષષ્ઠિશતક (સં. ૪૯૯૬), વગેરે પર બાલાવબોધો કર્યા છે. આ ઉપરાંત, શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈના જણાવ્યા અનુસાર ' આરાધના રાસ '(સં. ૧૪૫૦) ' અર્બુદકલ્પ, નેમિનાથ નવરસ ફાગ '(સં. ૧૪૮૦)ની રચનાઓ પણ કવિએ કરી છે.[૨]

કાવ્યબંધ :

૭૫ કડીના આ કાવ્યનો પદબંધ કંઈક અંશે અનિયમિત છે. પહેલા અને ત્રીજા ચરણમાં ૧૫ માત્રાઓ અને બીજા તથા ચોથા ચરણમાં ૧૧ માત્રાઓ છે. કોઈ ચરણમાં ૧૨ માત્રાઓ પણ છે. આ પ્રકારનો પદબંધ પ્રાકૃત-અપભ્રંશમાં ' મદનવિલાસ ' નામક છંદમાં જોવા મળે છે. આ કૃતિમાં કવિએ બીજા અને ચોથા ચરણને અંતે પ્રાસ જાળવવાનો પ્રયાસ કર્યો છે. ક્વચિત્ વર્ણાનુપ્રાસ પણ યોજે છે. (જુઓ કડી ૩, ૬, ૧૯, ૨૦, ૨૨).

સ્થૂલિભદ્રચરિત્ર : કાવ્ય તરીકે

સોમસુંદરસૂરિની આ રચના નાનકડી હોવા છતાં સ-રસ છે. કવિએ સ્થૂલિભદ્ર અને કોશ્યાની જૈનોમાં જાણીતી એવી કથાનો આધાર લઈ કોશ્યાના મનોભાવોને, તેની આંતરવેદનાને સુંદર રીતે શબ્દસ્થ કરી છે. બાર બાર વર્ષ સુધી પિયુના સમાગમમાં રહેલી કોશ્યાના લલાટે, સ્થૂલિભદ્રના સંસારત્યાગ પછી, જીવનભરનો વિરહ લખાઈ ચૂક્યો છે. કોશ્યાને માટે આ વેદના

---

૧ શ્રી નાહટા અગરચન્દ, ભારતીય કાવ્યોંકી રૂપ-પરમ્પરા, બીકાનેર, ૧૯૬૨, પૃ. ૮૦.

૨ શ્રી દેસાઈ મોહનલાલ દલીચંદ, જૈન ગુર્જર કવિઓ, ભાગ ૧, પૃ. ૩૨.

અસહ્ય છે. દીક્ષા ગ્રહણ કર્યા બાદ ગુરુની આજ્ઞા લઈ ચોમાસુ ગાળવા કોશ્યાને ત્યાં આવેલ સ્થૂલિભદ્રને મનાવવામાં તેણી નિષ્ફળ નીવડે છે. નાયિકા નાયકના આ પરિવર્તનનું કારણ પૂછે છે:

બોલાવિઉ એ પ્રીઅ નવિ બોલઇ, અવીઅટ મુરત અનેરુ,
બાર વરિસનઉ નેહ ગમિઉ, સખિ એ પ્રીઅ કાહ કુણિ ફેરિઉ. ૫

અહીં નાયિકાની મનોવેદના ઘૂંટાઈને આલેખાતી જોવા મળે છે. કવિની શબ્દચિત્ર આલેખવાની શકિતનાં દર્શન તો નાયિકા નાયકની કઠોરતા માટે ઉપાલંભ આપે છે ત્યારે થાય છે. જુઓ,

ચંપક નમઇં કિ આગિ અમી હુઇ, કરડૂ જે પણિ સીજઇ,
મુગસેલીઉ કિવારઈ પહલઇ, એ પ્રી પ્રેમિ ન ભીજઇ, ૩૦

વળી, કવિએ પ્રયોજેલ ઉપમા-ઉત્પ્રેક્ષા ચિત્તાકર્ષક છે. કલ્પનાનું નાવીન્ય કવિની આગવી પ્રતિભાનું સૂચક બની રહે છે. કોઈક જગ્યાએ લયમાધુર્ય આસ્વાદ્ય બન્યું છે. ઉદાહરણ તરીકે,

ઘાટ પટોલી ચરણા ચોલી, નાગ નગોદર હાર,
કરીઅલિ કંકણ ચૂડિ ઝબૂકઈ પયનેઉર ઝમકાર. ૧૬

આમ, સમગ્ર કાવ્ય એક સુશ્લિષ્ટ રચનાની છાપ મૂકી જાય છે.

મૂળ કાવ્ય

સ્થૂલિભદ્ર ચરિત

આજ સખી મઝ સફ્લ વિહાંણુ, નયણિ મિલિઉ જવ નાહ,
કોશ્યા કહઇ વેશ અપૂરવ, કરીઅલ કમલ નિવાહ. ૧
બહિનિં બોલિવો નાહ આગલિ, કીજઇ કહિ કુણ મતી,
હાથિ દંડવો કાંધિ કાંબલીઉ, ઉઘઉ મુહિ મુહપતી. ૨ બ
ઉઢઇ કલગાવો પહિરણિ ચલોટુ, કડિ કણદોરુ દોરડી,
મલિમિલઉ મલિન મલિનવો ગાત્ર, અંગિ અંઘોલિ ન સિરિ વીણડી. ૩
ફૂલ સિરિ સોનલી પૂતલી, દેખિ અપૂરવ વેસ,
વેણીઅ વલય એકૂ ન દેખું, સીસ–કમલિ નવિ કેસ. ૪

૧.૧ બ મુજ
૨ બ નયણે મેલાઉ
૩ બ કહિ
૪ બ ઇલ; બ નવાહ
૨.૧ બ બહિન
૨ બ કીજિ હિવ
૩ બ કાંબલડી
૨ અ કણ દોરુ (નથી)
૩.૧ બ ઉઢણિ
૪ અ ઓઘુ; બ મુપતી
૩ અ મલિમિલઉ મલિન (નથી)
૪ અ આંગિ; બ અંઘોલિ ન (નથી)
બ શર
અ ન હોઇ (નથી)
૪.૧ અ પૂજલી
—
૩ બ વિલિય બ એક નવિ
—

* શ્લોક ક્રમાંક ૩ અને ૪ના ક્રમાંક અને ચરણની ગોઠવણી પ્રત ‘બ’ અનુસાર રાખેલ છે.

બોલાવિઉ એ પ્રીઅ નવિ બોલઇ, અવીઅટ મુરત અનેરુ,
બાર વરિસનઉ નેહ ગમિઉ, સખિ એ પ્રીઅ કહિ કુણિ ફેરિઉ. ૫

હું હીઅડઇ હરખી હૂંતીઅ, પ્રીઅ ભેટ વલી જાઇ લાધી,
આગઇ સોવન 'સાંઢ બારઇ કોડિ, અમ્હસિઉં ઇણઇ બાધી. ૬ બ૦

તાત મરેણુ જાણિ વૂઇરાગિઉં, લાગઉ અંગિ ઉદેગ,
મઇ મેલ્હીનઇ લીધી દીક્ષા, વેગિ વસિઉં સવેગ. ૭ બ૦

બે કર જોડી પાય નમીનઇ, ગુરુ આગલિ પ્રીઅ ઇમ ભાસિઉં,
તુમ્હે કહુ તઉં હું કોસ્યા ઘરિ જાઇ, રહૂ ચઉમાસઉં. ૮ બ૦

સિર ધૂણી સુહગુરુ ઇમ જંપઇ, વચ્છ વિમાસણુ થાઇ.
જાંગલિ માંહિ દાવાનલ જલતઉ, કહિ કિમ ઘીઇ ઉલ્હાઇ. ૯ બ૦

નિરૂવમ રૂપ એક કોસ્યાનું, બીજઉ બાલસનેહ.
ત્રીજી કુણુ મનહર ચિત્રશાલી, ચઉથઉ ધડૂકિઉ મેહ. ૧૦ બ૦

હસી કરી થૂલભદ્ર ભણઇ, ઇમ વલી વલી સિઉં કહીઇ,
બંભણપણુ અમ્હારઉ તઉ પ્રભુ, જઉ ઘીઇ દવ ઉલ્હવીઇ. ૧૧ બ૦

બાર વરસ જિણિ મયણિ મસિઉ, હું હવ તે પૂઠિવિ વિલગુ.
બલિ છલિ જિમ ભાવઇ, તિમ ધુર લગઇ તે લેખું સહૂ માગૂં. ૧૨ બ૦

અજી સપોતઇ પુણ્ય અમ્હારઇ, અમ્હ ઘરિ પ્રીઅ વલી આવિઉ,
દેવ–વિમાન જિસી ચિત્રશાલી, તિહાં ચઉમાસી રહાવિઉ. ૧૩ બ૦

૫.૧ બ બોલાવઉ; બ બોલી — ૨ અ મુરટ
૩ બ વરતુ; બ ગમુ — —
૬.૧ બ હીઇડઇ — ૨ બ લાઇ
૩ બ આગિ બ બસાઢી(વધારાનો પાઠ) — ૪ બ બારઃ બ અમ્હસઇઃ બ ણિ
૭.૧ બ મરણ બ વઇરાગિઉં (નથી)
૮.૧ બ નમિનિ — ૨ બ ભાસઉ
૩ બ કહઉ તુ — —
૯.૧ બ જંપિ — ૨ બ વિમાસ
૩ બ જંગલ; બ તુ — ૪ બ કહુ
૧૦.૩ બ મણહરાએ — ૪ બ ધડઉકૂ
૧૧.૧ — — ૨ બ કિસુ
.૩ અ બાંભણપણું; બ. તુ — ૪ બ જઇ
૧૨.૧ બ મયણ; બ. મુસુ — ૨ બ હું (નથી); બ. પૂઠિ; અ. લાગઉ
.૩ બ બલ; અ. ઢલિ; બ. ભાવિ — ૪ બ તિમ ધર લગી
૧૩.૧ બ સપોતિ — ૨ બ આવઉ
.૩ બ વિમાણુ — ૪ બ રહાવઉ

ફૂર દાલિ ઘીઅ ભોજન દિઉં, નિતુ અમીઅ મહારસ તોલઇ,
બાલાપણનું નેહ ગણઇ નવિ, મઝસિઉં હસઇ ન બોલઇ. ૧૪ બ૦

અંગિ ન ઉગટિ સુરભિ ન ચંદન, પરિમલ ફુલ તંબોલ,
ભોગવિલાસ નવીન કથારસ, ન કરઇ ટ્રેકોલ. ૧૫ બ૦

ઘાટ પટોલી ચરણા ચોલી, નાગ-નગોદર-હાર,
કરીઅલિ કંકણ ચૂડિ ઝબૂકઇ, પંચ નેઉર ઝમકાર. ૧૬ બ૦

ચંદનિ સિઉં ચિરચીઉ ઇમઇ, અંગિં પરિમલ બહુલ કપૂર,
પૂગ-પાન કસતૂરી કાજલ, સીસ સરંગ સીંદૂર. ૧૭ બ૦

નિતુ નવ નવા કરવિ સિણગાર, કિ મણિ-મોતી પરિવાલાં,
ઘડિ ખીટલા સતિલક ઝિગમિગિ, ટીલી ઝાલિઝમાલાં. ૧૮ બ૦

ગીત નાદિ નવપરિ ઉચ્ચરસિ, નાટક નિરત અપાર,
પંચમિ રાગિ વસંતિ વીણા રસિ, ભ્રમિ ન સાકિઉ ભરતાર. ૧૯ બ૦

વિનય વિવેક વલી બોલાવિઉ, વાલંભ મ કરિ અણાહ,
હું આગલિ ભરમિ તાં ભૂલી, તૂં અતિ નીઠર નાહ. ૨૦ બ૦

જં કાંઇ દીસતું ન નયણે, તાં મનિ વાત ન હુંતી,
નાદિ ભેદિ નિતુ નિતુ પ્રી આગલિ, નાચી અ નાચિ વિગૂતી. ૨૧ બ૦

પ્રીય તઇ પહિલઉ પ્રેમ પ્રકાસિઉ, ચોલમજીઠઉ રંગ,
ભીતરિ રંગ પખઇ જિમ કાપડિઉ, ઊમટીઉ પતંગ. ૨૨ બ૦

૧૪.૧ બ ઘ્રઇ અ	૨ બ તોલી
.૩ બ બાલપણનું; બ. ગણિ	૪ બ મુજ સુ; બ. હસિ; બ બોલી
૧૫.૩ બ નવી	૪ બ કંત (વધારાનો પાઠ); બ. કરિય
૧૬.૩ બ કરીયલ બ ઝબૂકિ	૪ બ પાયે
૧૭.૧ બ ચંદનસુ બ ચરચઇ	૨ બ ઇમ; અ અંગિ (નથી)
૩ ષ પૂગિ	૪ બ સુરંગ
૧૮.૧ —	૨ બ કિ (નથી)
૩ બ ખીટલી	૪ બ ઝગમગતાં
૧૯.૧ બ નાદ બ **નવ નવા પરસરિ**	—
૩ બ પંચમ રાગ વસંત	૪ બ સકુ
૨૦.૧ બ વિનિય વવિક કલા બોલાવું	૩ બ ભમતાં
૨૧.૧ બ જિ કાંઇ દીસતુ ચ નિયણે	—
૩ બ નાદ ભેદ	૪ બ નાચ વિનાચ
૨૨.૧ બ પ્રીય તિ બ પિહિલઉ બ પ્રકાસઉ	૨ બ મજીઠઉ
૩ બ પખી બ કાપડિ	

મઈં જાણિઉં બાહરિ ભીતરી, જિમ રંગ જિસિઉ પરિવાલી,
કંત જિસિઉં તૂં નેહ ચિણુઉઠી, ભીતરિ ભંગ જિ ધઉલી. ૨૩ બ૦

મઈં (જા)ણિઉ જિમ રંગ પટુલી, રહિસઉ થઇં ચિરકાલ,
કંત જિસિઉં તૂં નેહ–કુંસ્તુભા, ન રહિંઉ એક પખાલ. ૨૪ બ૦

આલિધાહના રંગ પાહઈં વરિ વારુ કાપડ ધઉલાં,
અધિવિચિ વિરહ પાહઈં, વરિ ઘર લગઈ ભલાં સીલવ્રત પાલિઆં. ૨૫ બ૦

ચ્યારિ માસ હૂં નવી નવી પરિ, હાવભાવ કરી ભાગી,
કિસણુ પખાણુ ન નાંગર જલ જિમ, પણિ પ્રી ટેક ન લાગી. ૨૬ બ૦

રતી ચીડિ હોમિઇં ચંદણતર, છાંડી જાઇં ભૂઅંગ,
તિણિ ભારસઇ દાઝતઇં મઝ પ્રીય, નયણે ન હુઇ વિરંગ. ૨૭ બ૦

ઉષધ ગારડ મંત્ર તણુઇ બલિ સરપિ ડસ્યા સવિ જાગઇં,
થંભણુ મોહણુ કામણુ કારણુ, એહ પ્રી કાંઇ ન લાગઇ. ૨૮ બ૦

ધમતાં લોહ તપઇ સોહાગરિ, પાવકિ પાથર પાચઇં,
ગુણુઇ ગીઅ રસિ લીણીઇ ભુઅંગમ, એ પ્રીય પ્રેમિ ન ભીજઇ. ૨૯ બ૦

ચંપક નમઇ કિ આગિ અમી હુઇ, કરડૂ જે પણિ સીજઇ,
મુગસેલીઉ કિવારઇ પલ્હલઇ, એ પ્રી પ્રેમિ ન ભીજઇ. ૩૦ બ૦

---

૨૩ પ્રત ‘બ’માં આ કડી અને તે પછીની કડી ઊલટક્રમે છે. અત્રે તેનાં પાઠાંતરો પ્રત ‘અ’ને અનુલક્ષીને આપ્યાં છે.

૧ બ મિ જાણ્યઉ એ બાહિર   ૨ બ જિમ (નથી) બ જિસુ બ પરવાલી
૩ બ જિસુ બ ચણોઠી   ૪ બ ભીતર બ ન
૨૪.૧ બ જાણઉ બ પટોલિ   ૨ બ રહસિ જિમ ચિર થાઇ
૩ બ જિસ તુ બ નેહ–કુંસુભા   ૪ બ રહું બ પખાલ
૨૬.૧ બ ચ્યાર   —
.૩ બ કસિણ અ જલ (નથી)   ૪ બ પ્રીય
૨૭.૧ બ ચીડ બ. હોમિ બ. ચંદણતુર   ૨ બ ભૂયંગ
.૩ બ ભ્રાંસી; બ. દાઝઇ; બ. તણિ
બ મઝ પ્રીય (નથી)   ૪ બ ન હુઉ રંગ
૨૮.૧ બ ગારુડ   ૨ બ ડસાં
—   ૪ બ પ્રીઅ; બ. લાગિ
૨૯.૧ બ તપિ   ૨ બ પાવિ
.૩ બ ગુણઉ; બ. રસિલીણ; બ ભુયંગ   ૪ બ મએ; બ. પ્રેમ; બ. ચારિ
૩૦.૧ બ ચંકબક નમિ:   —
.૩ બ મુગસિલીઉ   ૪ બ પ્રીય પ્રેમ; બ. ભીંજિ

કડૂ અરડૂસા ગલો ગોલૂડી, કુડા કડુપણુ છાંડઇ,
જે પણુ લીંબ મધુર હુઇ, એ પ્રી પ્રેમિ ન માંડઇ. ૩૧ બ૦

કડૂઇ તૂંબિણી ત્રું સગુલિયાં(?) હુઇ, મીઠા હુઇ આક દૂધ,
પરિમલ વલઇ લસણુ ડુંગલી, પણિ પ્રીતિ જિસઉ સમંધ. ૩૨ બ૦

સાજી સિંધવ લવણુ જલહિં, જલ ખારા ખાર પણુ મેલ્હઇ,
નીમ સહીએ પ્રીઅ હવ મઝ સિઉં, મન મનિ મેલિ નુ ખેલઇ. ૩૩ બ૦

સૂર અમીરસ ઝરઇ કિવારઇં, રાહુ દીસ જિમ દીપઇ,
જમણા જે પણુ વહઇં વિમલજલિ એ પ્રી પ્રેમિ ન છીપઇ. ૩૪ બ૦

તોરુ નામ સુણી મલીયાગિરિ હું મેલ્હીનઇ આવી,
પાથરસિઉં રસ રંગ ન પામિઉં, સાગ્હી સોરંભ મેલ્હાવી. ૩૫ બ૦

ઉરસ ઉરસ નામ સાંભલિ, સૂકડિ જઇ સરિ બઇઠી,
ઉરસ જિમ પ્રીય પ્રેમ ન મેલ્હી, હું સૂકડિ જિમ ઘીઠી. ૩૬ બ૦

સોનાં સમાં ધાન ઘી દેઇ દેઇ, ઘર ઘર વારથ ચૂકી,
એ પ્રીઅ બાખડિ ભઇંસિઇ તણી પરિ, ગઇ ચારતાં વિસૂકી. ૩૭ બ૦

ગયા નેહ ગ્યા મેહ, બાહુડઇં ગઇ લાછિ વલી આવઇ,
ઠાલાં ભરીઇ સૂકાં લહરિ દીઇ ભવના રૂસણાં ભાજઇં. ૩૮ બ૦

પરત કાજિ એતલી જિ ભગતઇં, લહઇં પાંચ જણુ મુગતિ,
મઝ ગણુપતિ જિમ બે ગિયાં, ગોફણા ગઇ ગોલડા સમેટી. ૩૯ બ૦

૩૧.૧ બ લ્હડી — ૨ બ કડૂયાં કડૂયણુ છાંડિ
.૩ બ મધુરિ; બ. હુઈ (નથી) — ૪ બ પ્રીય પ્રેમ; બ. ભાંજિ
૩૨.૧ બ — — ૨ બ ધતૂર
.૩ બ લવણુ — ૪ બ સિઉ સુગંધ
૩૩.૧ બ સિંધવ જલણુ — ૨ બ ખારા
.૩ બ નામ; બ હિવ મુઝસુ — ૪ બ મનિ
૩૪.૧ બ ઝરિ કિવારી — ૨ બ દીપિ
.૩. બ જિમણુ પણિ વહિ — ૪ બ પ્રીય પ્રેમ
૩૫.૧ અ મોરુ
.૩ બ પાથરશિ રસઉ; બ. પ્રામિઉં — ૪ બ સુરભ
૩૬.૨ બ સિર જઇ બિઠી — ૩ અ પ્રીપલી; બ. મૂકી
૩૭.૨ બ ધચૂકી — ૩ બ પ્રીય બાખડ ભિંસ
૩૮.૧ બ ગયા — ૨ બ આવિ
.૩ બ ભસાઇ; બ. લૂણાઇ — ૪ બ મૂયા કિવારિ જીવિ
૩૯.૧ બ અભગતિ; બ એતલી અ — ૨ બ જાંઇ પંચ જિણુ
.૩ બ ગયા — ૪ બ ગોફણિ

તું સુજાણુ પ્રીઅ ચઉદ પૂરવધર, હું અતિ નેહ લગૂંડી,
જિમ કોઠાર ભરિઉં ગિઉ ખાઈ, ગિઉ તીતર વન ઉડી. ૪૦ બ૦

એ પ્રી પરત લોભિ લહિ લાગઉ, હું હૂઇ ઇત અભિલાષી,
કવણિ કાજિ ચઉમાંસિ રહાવિઉ, કાંઇ ચિત્રસાલી દાખી. ૪૧ બ૦

હું અબલા ત્રીઅ મઝ પાન્હી મતિ, ખેચરિ પ્રી કીઉં ખેડું,
ખાઇ ખદોડી જાઇસિ, હવ મઇં હીઉં કરેવઉં હેઠઉં. ૪૨ બ૦

દીહઇ ખાત્ર પડિઉ વિણુ ચોરી, ઘર બાલિઉં વિણુ આગિ,
ધાડિ ન ઢીક ન બુંબ ન વાહર, રાવ કરૂં કુણુ આગઇ. ૪૩ બ૦

હવઇ હાથડે ઘસે કિસિઉં, હુઇં કહિનિ દીજઇ દોસ,
જઉ થાવાં તું સિઉં કીજઇ, કહિ કરિવ મનિ સંતોષ. ૪૪ બ૦

ચ્યારિ માસ પૂગી ચિત્રસાલી, ચાલિઉં ચતુર મુણિંદ,
તિહુઅણુ જણુ સહૂ કરઇ, ખામણાં ખામઇ ઇંદ નરિંદ. ૪૫ બ૦

ત્રિન્નિ પયાહિણુ દેઇ ખમાસણુ, વંદઇ સુંદરિ કોશ્યા,
તું નિમ્મલ કુલ વિપ્પકણુ સમ, હૂં મલ મિસિ જિસી વેશ્યા. ૪૬ બ૦

હૂં રાઇ સરિસી તું સુરગિરિ, તઇ સાસણુ સોહાવિઉ,
મન વચનિ કાય બે કર જોડી, પ્રી પગિ લાગી ખમાવિઉં. ૪૭ બ૦

૪૦.૧ બ પ્રીચ — ૨ અ નેગ; બ લૂગૂડી
.૩ બ તિલ — ૪ બ વનિ
૪૧.૧ બ પ્રીચ; બ પરતિ — ૨ બ હુઅ હરત અભિલાષી
૩ બ રહાવુ — ૪ બ ખાધી
૪૨.૧ બ ત્રીઆ સ્ત્રી પાની — ૨ બ ફેઅર પ્રીઅ બ ખેડુ
૩ બ હીઇ ખધોડી જાસિ વિહાણી — ૪ બ હીઇ કરેવું અ હેવઉં
૪૩.૧ બ દીહાડી બ પડતુ — ૨ બ બલિઉ
— — ૪ બ આગિલી
૪૪.૧ બ હિવ બ સુ — ૨ અ કહિરઇં બ દીજિ
૩ બ થાથાં બ કહિની કહિઇ — ૪ બ કરિવું
૪૫.૨ બ ચાલઉ — ૪ બ ખામિ નંદ
૪૬.૧ બ તિન બ દિઇ — ૨ બ વંદિ
૩ બ નિમ્મ બ કૃણિય — ૪ બ મલિમલિ મસિ અ સરસી (વધારાનો પાઠ)
૪૭.૧ અ સરિસી (નથી) — ૨ બ તય બ સૌહાવુ
૩ બ મનિ — ૪ બ પ્રીય બ ખમાવઇ

ત્રિણા તૂલ પાહઇ હૂં હલ્હઇ, તું ગિરિં ગુહિર ગંભીર,
મઇ બોલિઉં તે તૂમ્હે સાંભલઉ, સહિયો સાહસ ધીર. ૪૮ બ૦

હિવ સાચી દિઉ મઝ આલોઅણુ, મઇં રમતાં મન વારિઉં,
આજ પછી ઊવટિ પંગ ન ભરઉં, પાપિઇં પિંડ ન સારઉં. ૪૯ બ૦

મઇં આસ્યાતન ઘણી, અવજ્ઞા કીધી મુનિ વાલંભ,
હૂં અ ચપલિ જિસી હંસ-રોમ સમ, તું સામી થિર થંભ. ૫૦ બ૦

વલી વલી સિઉં કહી દિખાડઉ, મઇ કીધઉ અપરાધ,
ભવસાયરિ બૂડતી નામ તુમ્હ, પ્રી પુરહણુ મઇં લાધઉં. ૫૧ બ૦

નામિ તુમ્હારઇ હું નિતુ પ્રીઅ, ગુહિર મેહ જિમ ગાજઉં,
મઝ ભવ સવિ ભરતાર તું હિ, પ્રીઅ લવ કરતી અબલા લાજઉં. ૫૨ બ૦

જં કાંઇ જીવિઉ ઇણુ ભવિ તાં, તમ્હ નામ ન મેલ્હઉ,
બાપીઅડા જિમ પ્રીઅ પ્રીઅ કરઇ, અપર રંગિ નવિ ખેલિઉં. ૫૩ બ૦

મિચ્છામિ દુક્કડ દીઉં વિવહ પરિ, હું હુઇ અણુંત સંસારી,
તુમ્હે મુગતિ રમણિ મનિ વસીઆ, અણુત્તર એકાવતારી. ૫૪ બ૦

મઝ સેજ સૂતી સપનંતરિ, તું વઇરાગર આવિઉ,
હું હિઉ કઠોર વન પ્રીઅ તુમ્હારઇં, હેલાં માન મેલ્હાવિઉં. ૫૫ બ૦

૪૮.૧ બ કુલ પાઇહઇ હલુઇ
૩ અ સાંસહીઉં — ૪ અ સાંભલિ

૪૯.૧ બ સ્વામી મુજ દિઉ — ૨ બ મનિ
૩ બ ઉવઠ બ ભરૂં — ૪ બ પાપિ પિંપડ બ ભારઉં

૫૦.૨ બ સુંણિ — ૩ બ હું ચપલ બ સરે

૫૧.૪ બ તુમ્હારઉ પ્રીય પરહણ

૫૨.૧ બ તુમ્હારિ હઉ નિતુ નિતુ પ્રીય
.૩ બ મુજ પર ભવિ; અ. જિ — ૪ બ જિ પ્રીય વલિ વલિ માંગું

૫૩.૧ બ જીવું બ ઇણિ — ૨ અ મેલ્હું
.૩ બ પ્રીય કરતુ — ૪ બ અપરરંગ; બ ખેલઉં

૫૪.૧ બ મિચ્છા; અ. વિવહારિ — ૩ અ સુગતિ; બ વસીઆ

૫૫.૧ બ સૂણુંતરિઓ — ૨ બ આવું
.૩ અ હિઉ (નથી); બ. કઠો — ૪ બ માંણ
.૩ અ બહિનિ બ તુમ્હારઉં

જિમ ઘણઘાઇ વયરાગર હીરઉ, ખિરિઉ મુરિઉ નવિ ભાગઉ,
તિમ ઇણિ સાસણિ એ અભંગ, પ્રીઅ સાચઇ સંયમિ લાગઉ. ૫૬ બ૦

નવરસિ નારિ સનેહ મેહ ઘણ વરસી વરસી નવીનઉ,
પ્રીઅ ઉઢણિ ઇસી સીલ કાંબલી, તિણિ તિલ માત્ર ન ભીનઉ. ૫૭ બ૦

ભમહ ધુણહ ગુણિ રમણિ, નયણ વાણિ મયણ મહાભડ માંડિઉ,
પારાસર સરીખા પાડિયા રમણિ, પણિ પ્રીઅ રોમ ન ખંડિઉ. ૫૮ બ૦

પારવતી ગંગાધર હર નિતુ નાટારંભ કરાવિઉ,
સોલ સહસ મિલિ મુકુંદ વૃંદાવનિ નવ નવ પરિ નચાવિઉ. ૫૯ બ૦

જીણિ મયણિ ગોતમ સત પાડિઉ, અહિલા તણઉ ભરતાર,
વિશિષ્ટ રિષિ ભીલી પરણાવિઉં, ઇંદ્ર કીઉ માંજાર. ૬૦ બ૦

જેહનઇ નેમિ સિરીખા બાંધવ, મયણિ સુતે મુણિં કલિઉ,
રાજમતી કેરઇ રહનેમિ, છેહ લગઇ નાવ કલીઉ. ૬૧ બ૦

આદ્રકુંમર નંદિસેણ સરિખા, જે જિણ સાસણિ પાત્ર,
મયણરાય તે માન મેલ્હાવ્યાં, અવર કોઇ કુણ માત્ર. ૬૨ બ૦

રાઉતવટ એ વડ રાઉતની, સમ હરિ સંખ ન લેખું,
કહઇ કોશ મઝ પ્રીઅ સરીખઉ, ઇણઇ જુગિ કોઇ ને દેખું. ૬૩ બ૦

૫૬.૨ બ મુરઉ બ ભાગુ ૩ બ ઇણિ સાસણ એહ
 ૪ બ પ્રીય સાચિ સંચિમિ

૫૭.૧ બ નવરસ નાદિ નેહ ૨ બ વન વન બ વિ પરિનુ
 ૩ બ વાનઉ (વધારાનો પાઠ) ૪ બ ભીનુ

૫૮ આ કડી બ પ્રતમાં નથી.

૫૯.૨ બ કરાવું ૪ બ નચાવું

૬૦.૧ બ ગોમૂ સૂત પડિઉ ૨ બ અિહિલા
 ૩ વિશષ્ઠ રષિ બ પરિણાવુ ૪ બ ઇદ્દ

૬૧.૧ બ સરિખ બંધવ ૨ બ મયણસુત કિમ
 .૩ બ બલિહર ૪ બ લગિ બ. છલીઉ

૬૨.૧ બ આઉકુંમર ૨ બ પૂજ્ય
 .૩ બ મેલ્હાવઉ ૪ બ અવ

૬૩.૧ બ એવડી ૨ બ સપન બ. ખેલઉ
 .૩ બ કઇહિ; બ. પ્રીય બ. સરીખુ ૪ બ ઇણિ યુગિ કોએ

મઝ પ્રીઅતણૂં ચરિત રૂપારસિ, ઇંદિ ચંદિ લિહાવિઉં,
જઇ સાચઉ સારદા લિખિઉં, તોઇ સુરગુરુ પાહિ સોધાવિઉ. ૬૪ બ૦

ચઉરાસી ચઉવીસી લગઇ તાં એ વરતિસઇ ચરિત,
છએ વિગઇ આહાર કરંતઇ, મયણુ મહાભડ જીતઉ. ૬૫ બ૦

સાલિ દાલિ પરિઘલ ઘીઅ, ભોજન દૂધ દહીં પકવાન,
મઝ મનિ એવઉ વાત વિસમી, કિમ સેવ મનાવિઉ મદન. ૬૬ બ૦

થૂલિભદ્ર મુણિવર દેખણુ, રસિ રંજીઅ ઇંદ નરિંદ,
અમર ભૂઅણિ પાયાલિ પસંસઇ, ઇંદ નરિંદ ફણિંદ. ૬૭ બ૦

ચઉદ પૂરવધર ચઉપટ પનુતુ, ચઉવિહ થંભ પ્રકાસેઇ,
થૂલિભદ્ર મુંનિવર ગુણ ગાતાં, સુણતાં પાપ પણાસઇં. ૬૮ બ૦

થૂલિભદ્ર નઇ કોશા નામઇ, નવનિધિ ચઉદ રતન,
સુહ સોહગ જસ કીરતિ મતિ, બલ સંપજઇ સંપતિધન. ૬૯ બ૦

રોગ સોગ સંતાપ આ પૂરતિ, ભાજઇ ભવદુહ દાહ,
આધિવ્યાધિ તનુ તાપ ઉલ્હાઇં, નામિ સુકોશ્યા નાહ. ૭૦ બ૦

સિરિ સંભૂતવિજયસૂરિ ગણહર, ગુરુ ગિરુઓ રંજીવીઉં,
જિણિ મુણિવરિ જલતઉ દવાનલ, ઘણ રસિ ઘી ઉલ્હવીઉ. ૭૧ બ૦

૬૪.૧ બ પ્રીય તણુઉ ચરિત્ર; બ. પરિસરિઉ   ૨ બ ઇદ ચિદ લેહાવું
.૩ બ સારદાઇ   બ. તોઇ (નથી)   ૪ બ સિહિગુરયાંઇ સોજાવું

૬૫.૧ બ લગિ   બ. તાં (નથી)   ૨ બ તસિ
.૩ બ છઈ વિગિ   બ. કરતું   ૪ બ માહાભડિ જીતું

૬૬.૧ બ પરઘલ   ૨ બ દિનહ   બ દહી (નથી)
૩ બ એવડી   બ જ (વધારાનો પાઠ)   ૪ બ મનાવું

૬૭.૧ બ દેસણ   ૨ બ રંજઉ અનંદ નિરંદ
૩ બ ભવણ પાયાલય પસંસિ   ૪ બ નિરંદ

૬૮.૧ અ મલ પહુંચિ   ૨ બ ચઉવિહિ ધરમ   અ પયાસઇ
૪ બ પણાસિ

૬૯.૧ બ થૂંલિભદ્રનિ   બ નાંમિ   ૨ બ નવનધિ
૩ બ મતિ (નથી)   ૪ બ સંપજિ

૭૦.૧ બ અણઉરતિ   ૨ બ ભાંજિ દુખ જ
૪ બ કોસ્યા

૭૧.૧ બ શ્રી સંભૂવિજય   બ સૂરિ (નથી)   ૨ બ ગુર ગિરઉ
૩ બ મયણ જલ   ૪ બ ઘણઉ રસ ઘીઇ ઉલ્હવિઉ

ચંદ્ર ગચ્છ ગુરુરાય પસાઇ, **સિરિ સોમસુંદરસૂરિ,**
એકાસીએ કવિત એ કીધું, અતિ ઘણુ આણુંદ પૂરિ. ૭૨ બ૦

જેતઇં રવિ ઉગમતઇં આથિમતઇં, જે જણુ જાણુ પછાંણુઉ,
ઉંચનીચ જે શીલવ્રત પાલઇં, તે નરનારિ વખાણુઉં. ૭૩ બ૦

જનમ લગઇ હું ગામઠ ગિહિલઉ, મૂરખમાંહિ ગણેજ્યો,
એહમાંહિ અવિક્ષર કાંઈ, તે સહૂ સામિ ખમેયો. ૭૪ બ૦

કામલદે નંદન ધરણાગર, સંઘવી કુંરપાલપૂત,
ભણિતિ વનુ શ્રી મુણિવર થૂલિભદ્ર સુપ્રસન્ન ધારલદેવીકંત. ૭૫ બ૦

ઇતિ શ્રીથૂલિભદ્રચરિતં સમાપ્ત ॥ ૭ ॥

૭૨.૧ બ ચંદ્રગછિ ગિરુઆ સુપસાંઇ   ૨ બ શ્રી
૩ બ એકાસીઇં એ કવિત જ કીધઉ

૭૩.૧ બ જે ઉગમતિ નઇ આથિમતિ   ૨ બ જિણ , બ પિછાણ
૩ બ પાલિ   ૪ બ વખાણૂં

૭૪.૧ અ ગહિલઉ   ૨ બ મૂરિખમાં ગણાયા
૩ બ જિ (વધારાનો પાઠ)   ૪ બ ખમાયા

૭૫.૧ બ ધરણાગર નંદન   ૨ બ કુંમારપાલ જ પૂત
૩ બ ભણઅતિ વનઉ , બ મુણિવર (નથી)   ૪ બ થૂલિભદ્રવેલિ બ ધારલદે

બ ઇતિ શ્રી થુલિભદ્રવેલિ સમાપ્ત

શબ્દ સૂચિ

[પ્રથમ આંકડો કડી સંખ્યા સૂચવે છે. બિંદી ચિહ્ન પછીનો આંકડો ચરણ સૂચવે છે. સં. = સંસ્કૃત; દે = દેશ્ય]

અણાહ	૨૦.૨	અનાથ (सं. अनाथ)
અમર	૬૭.૩	દેવલોક
અવીઅટ	૫.૨	મનોહર
*આલિધાહ	૨૫.૧	હળદર (सं. हरिद्र)
અંઘોલિ	૩.૪	અંઘોળ; સ્નાન (दे. अंघोल)
ઉગટિ	૧૫.૧	સુગંધિત પદાર્થોનો લેપ
ઉલ્હાઇ	૯.૪	ઓલવાય (प्रा. ओल्हव)
કણુદોરુ	૩.૨	કંદોરો (सं. कटि + दोर)
કરડૂ	૩૦.૨	કોરડું
કિસણુ	૨૬.૧	કાળા (सं. कृष्ण)
કુંસ્તુભા	૨૪.૩	કસુંબલ
ખિરિઉ	૫૬.૨	ખરે છે.
ખીટલા	૧૮.૩	કાનમાં પહેરવાનું એક ઘરેણું
ખેચરિ	૪૨.૨	આકાશને
ચંદણુતર	૨૭.૧	ચંદનતરુ
ચિણુઉઠી	૨૩.૩	ચણોઠી
ચીડિ	૨૭.૧	કીડી
છલિ	૧૨.૩	છળથી
જમણા	૩૪.૩	જામેલું; થાજેલું
જાંગલિ	૯.૩	જંગલમાં
તૂલ	૪૮.૧	કપાસ (सं. तूल)
ધુર	૧૨.૪	મુખ્ય, અગ્રેસર
પખાલ	૨૪.૪	ધોવાણ; પ્રક્ષાલન
પખાણુ	૨૬.૩	પથ્થર (सं. पाषाण)
પયાહિણુ	૪૬.૧	પ્રદક્ષિણા
પાયાલિ	૬૭.૩	પાતાળમાં
પાથર	૨૯.૨	પથ્થર
પુરહણુ	૫૧.૪	વહાણુ (सं. प्रवहण)
પૂગપાન	૧૭.૩	પાનસોપારી

* आश्लिष (છાપ ઉપસવી) > आलिद्राह > आलिधाह થયું હોવાનું અનુમાન કરી શકાય.

બલિ	૧૨.૩	બળપૂર્વક
બંભણપણું	૧૧.૩	બ્રાહ્મણપણું
ભવદુહ	૭૦.૨	ભવદુઃખ
ભૂઅણિ	૬૭.૩	ભવનમાં
મયણિ	૬૦.૧	મદનથી; કામદેવથી
મસિઉ	૧૨.૧	પિડાતી
મુગસેલીઉ	૩૦.૩	મુગસેળીઓ પથ્થર (सं. मुद्गशैल)
મુરત	૫.૨	મૂર્તિ
મુરિઉ	૫૬.૨	ઓપે છે. (दे. मुरक्षीन)
મુહપતી	૨.૪	જૈન મુનિઓ મુખ પર બાંધે છે તે 'મુહપતી'.
રૂપારસિ	૬૪.૧	રૂપાંની શાહી વડે
લાછિ	૩૮.૨	લક્ષ્મી
વિપ્પ	૪૬.૩	વિપ્ર
સપોતઇ	૧૩.૧	તપે છે; પ્રકાશે છે.
સૂકડિ	૩૬.૨	સુખડ
સોરંભ	૩૫.૪	સૌરભ; સુગંધ
સોવન	૬.૩	સુવર્ણ
સાંઢ બારહ	૬.૩	સાડા બાર

માસરનાં કેટલાંક શિલ્પો

વસંતકુમાર એસ. પારેખ

લગભગ ૩૦૦૦ માણસોની વસ્તી ધરાવતુ માસર ગામ (તા. પાદરા, જિલ્લે વડોદરા), વડોદરા શહેરથી દક્ષિણ દિશામાં ૩૨ કિલોમીટર દૂર આવેલું છે. તેનું રેલ્વે સ્ટેશન માસર રોડ, વડોદરાથી દક્ષિણમાં જંબુસર તરફ જતી નેરોગેજ લાઈન પર આવેલું છે અને તેનાથી માસર ગામ એક માઈલ દૂર છે. ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસ દ્વારા પણ માસરનો પ્રવાસ કરી શકાય છે. પાદરા તાલુકાના દક્ષિણ ભાગમાં અને આખા ભરૂચમાં વ્યાપક, કપાસ ઉગાડવા માટે અનુકૂળ એવી સમૃદ્ધ કાળી જમીન પર આ ગામ વસેલું છે. ગુજરાતમાં આ પ્રદેશ 'કાનમ' તરીકે જાણીતો છે. જેમ જેમ આપણે માસર ગામ પાસે જઈએ તેમ તેમ આ ગામના ક્રમશઃ ઊંચે જતા પ્રાચીન ટેકરા નજરે પડે છે, અને આખું ગામ આ પ્રાચીન ટેકરાઓ પર વસેલું છે. આ ટેકરાઓની સ્થળ તપાસ કરતાં ત્યાંથી ૧૪"×૧૪"×૯½"×૨½"ના માપની ઇંટો મળી છે. તેનાથી આ સ્થળમાં પ્રાચીન વસવાટ હોવાના એંધાણ મળે છે. ગામમાં પ્રવેશતાં ઈ. સ. ૧૫મા શતકનાં હાલમાં વપરાતાં એક વાવ અને તળાવ નજરે પડે છે; તળાવનો ઉપયોગ જલસિંચાઈ માટે થાય છે. પ્રાચીન ઈંટોવાળા જૂના ટેકરા અને આ સ્થળેથી મળેલાં અનુગુપ્તકાલીન શિલ્પો એવું સાબિત કરે છે કે, આ ગામ પ્રાચીન ઐતિહાસિક સમયનું હોઈ શકે. પુરાવસ્તુવિદ્યાની દૃષ્ટિએ આ ટેકરાઓનું ઉત્ખનન થાય તો, ઘણા મહત્ત્વના દટાયેલા પુરાવશેષો તેમ જ અન્ય સામગ્રી પ્રાપ્ત થઈ શકે.[1]

આકસ્મિક સુખદ યોગ એવો બન્યો છે કે, અહીં વર્ણવેલાં શિલ્પો માસરના શિવમંદિરમાંથી મળ્યાં છે. આ શિલ્પો માસરમાંથી વડોદરા લાવી, વડોદરા ઇ. એમ. ઇ. સ્કૂલના દક્ષિણામૂર્તિ મંદિરના પ્રાંગણમાં પ્રદર્શિત કરવામાં આવેલાં છે. એ ૭ શિલ્પો આ પ્રમાણે છે.'

(૧) ગદાધર વિષ્ણુ, (૨) પરશુરામ, (૩) કુબેર, (૪) વીણાધર શિવ, (૫) મહિષમર્દિની, (૬) માતૃકા અંબિકા.

ગદાધર વિષ્ણુ: (ચિત્ર ૧: જુઓ આ અંકનું કવરપેજ બીજું)

રેતિયા પથ્થરમાંથી કોતરેલા આ શિલ્પનું માપ ૬૪ × ૩૬ સે.મી. છે. આ ચતુર્હસ્ત વિષ્ણુને ગદાધર કહ્યા છે, કારણ કે તેમના ઉપલા જમણા હસ્તમાં, પગ સુધી પહોંચતી લાંબા હાથાવાળી ગદા ધારણ કરેલી છે; નીચેનો જમણો હાથ અભય મુદ્રામાં છે; ઉપરના અને નીચેના ડાબા હાથમાં, અનુક્રમે ચક્ર અને શંખ ધારણ કરેલાં છે. મૂર્તિ સમભંગ સ્થિતિમાં દર્શાવેલી છે.

---

૧ મ. સ. યુનિવર્સિટી, વડોદરાના આર્કયોલોજી વિભાગના અધ્યક્ષ અને પ્રોફેસર ડૉ. રમણલાલ એન. મહેતાએ આ પ્રાચીન સ્થળનું સર્વેક્ષણ કરી તે ક્ષત્રપ સમય જેટલું પ્રાચીન હોવાનો નિર્દેશ કર્યો છે.

વિષ્ણુના મુખનો નીચેનો ભાગ સહેજ ખંડિત છે. કુષાણ પ્રકારનો, સન્મુખમાં જ્વાળાઓ દર્શાવતો ઈરાનીઓના દેવ-મુકુટ જેવો ચોરસ મુકુટ, તેના આદિત્ય સાથેના સંબંધનું સૂચન કરે છે. મુકુટના સન્મુખ-મધ્ય ભાગમાંની લંબચોરસ કલગી (એક પ્રકારનું પ્રતીક) નોંધપાત્ર છે. બન્ને ખભા પર પથરાયેલા ગુચ્છાદાર કેશ મૂર્તિની સુંદરતામાં વધારો કરે છે. વિષ્ણુએ, મધ્યમાં લંબચોરસ લટકણિયાવાળો એકાવલી હાર ધારણ કરેલો છે; કર્ણાભરણો તરીકે કર્ણફૂલો પહેરેલાં છે. જાડા દોરડા જેવા કમરે બાંધેલા કમરબંધના લટકતા છેડા, કમર નીચે વચ્ચે અર્ધવર્તુલની રચના કરે છે; અને તેની નીચે કટિવસ્ત્રનો છેક પગની પાની સુધી પહોંચતો છેડો, ધોતીની માફક લટકે છે. ગોળ મુખારવિંદ, ટૂંકી ગરદન, હડપચી અને ઓષ્ઠના ખૂબીભર્યાં વળાંક, આગળ ધસી આવતી, નાની ગોળ ચકર ફરતી, તેજસ્વી આંખો, જાડા ટૂંકા કાષ્ઠના દાંડા જેવા સ્થૂળ પગ, આ સર્વ નોંધપાત્ર છે. આવા જ પ્રકારનાં ગદાધર વિષ્ણુનાં શિલ્પ, ભિન્નપાલ[૨], તેન[૩], શામળાજી અને વડોદરા[૪]માંથી મળ્યાં છે. શૈલીની દષ્ટિએ, આ મૂર્તિ ઈ. સ. છઠ્ઠા સૈકાના પ્રારંભની ગણી શકાય.

પરશુરામ : (ચિત્ર ૨ : જુઓ આ અંકનું કવર પેજ ત્રીજું)

ઉપર્યુક્ત મૂર્તિના પ્રકારના રેતિયા પથ્થરમાં કોતરેલી આ દ્વિ-હસ્ત દેવમૂર્તિ (૮૨.૫ × ૨૧ સે. મી. માપની) ભગવાન પરશુરામની છે. સમભંગમાં ઊભેલી પરશુરામની મૂર્તિના ડાબા હાથમાં ખૂબીભર્યા વળાંકવાળી પરશુ (Axe) છે અને તેનો જમણો હાથ અભય મુદ્રામાં છે. તેણે પરંપરાગત કુષાણ શિલ્પોમાં પણ નિરૂપિત ઈરાનિયન ટોપી જેવો મુકુટ ધારણ કર્યો છે, અને તેની સન્મુખ-મધ્યમાં લંબચોરસ કલગી (પ્રતીક) છે. આગળ વર્ણવેલી વિષ્ણુમૂર્તિની જેમ જ અહીં પણ ગુચ્છાદાર વાળ ખભા પર આકર્ષક રીતે પથરાયેલા છે. તેનાં કર્ણકુંડલો, કેયૂરો અને હાર, ગદાધર વિષ્ણુના જેવાં છે. પગની પાની સુધી પહોંચતી, હળવી પહેરેલી ધોતી અને કમરને વીંટળાયેલો દોરડા જેવો આમળેલો દુપટ્ટો, આ શિલ્પસમૂહના ગદાધર વિષ્ણુના આવા જ પાતળા વસ્ત્રની યાદ આપે છે. બે પગ વચ્ચે લટકતી કટિવસ્ત્ર(lower garment)ની પાટલી તેમ જ કમરે બાંધેલા દુપટ્ટાનો એક છેડો, નાભિ-પ્રદેશ નીચે એક મોટા અર્ધવર્તુલાકાર ગાળાની રચના કરે છે.

મૂર્તિનાં ઘાટ, અંગોપાંગનું આલેખન, મુકુટ અને અલંકાર, શૈલી પરત્વે, ઉપર્યુક્ત ગદાધર વિષ્ણુને તદ્દન મળતાં આવે છે. રૂપસામ્યના અભ્યાસ પરથી આ સુંદર મૂર્તિનો સમય લગભગ ઈ.સ. છઠ્ઠી સદીનો ગણી શકાય.

---

૨ ડૉ. ઉમાકાન્ત પ્રે. શાહે, આની ચર્ચા તેમના પુસ્તક 'સ્કલ્પચર્સ ફ્રૉમ શામળાજી ઍન્ડ રોડા'(આકૃતિ નં. ૧૦)માં કરી છે.

૩ ડૉ. મંજુલાલ મજમુદારે, 'ધી હિસ્ટૉરિકલ ઍન્ડ કલ્ચરલ ક્રૉનોલૉજી ઑફ ગુજરાત'માં પણ, ભિન્નમાલ, તેન અને શામળાજીનાં વિષ્ણુ શિલ્પોનું વર્ણન કર્યું છે; પૃ. ૨૦૮, ૨૦૯, ૩૧૮; પ્લેટ્સ ૪૨, ૪૪, ૫૦.

૪ વડોદરાના ભીમનાથ મહાદેવના પ્રાંગણમાં પડેલી, અતિ ઘસાયેલી વિષ્ણુની મૂર્તિ, આશરે ઈ. સ.ના પાંચમા–છઠ્ઠા શતકની છે.

કુબેર : (ચિત્ર ૩ : જુઓ આ અંકનું કવરપેજ ત્રીજું)

આ દ્વિ-હસ્ત રેતિયા પથ્થરમાં કોતરેલી, સમભંગમાં ઊભેલી (કદ ૮૫ × ૪૨.૫ સે.મી.) મૂર્તિનું પેટ સ્થૂળ ગોળમટોળ છે અને તેણે ડાબા હાથમાં નાણાંની થેલી પકડેલી છે. તેના પરથી, ધનના દેવ કુબેરની આ મૂર્તિ છે એમ પ્રતીત થાય છે. માથા પર અંબોડાની રચના થાય એ રીતે કેશ જટામુકુટની શૈલીમાં બાંધેલા છે. ઠીંગણા અને જાડા દેહ સિવાય તેનાં અંગોપાંગ, ઉપર્યુક્ત વિષ્ણુની મૂર્તિ સાથે ગાઢ સામ્ય ધરાવે છે. કર્ણકુંડલો, હાર, હસ્ત-વલયો અને કેયૂરો કલાત્મક છે. યજ્ઞોપવીત, ડાબા ખભા પરથી શરીરની નીચેની જમણી બાજુએ પસાર થતી જણાય છે. છાતીની બરાબર નીચે, શરીરની ચારેય બાજુએ વીંટળાયેલો પટબંધ (Band) છે. કમર પર તાણીને બાંધેલા અને પગની પાનીએ પહોંચતા કટિવસ્ત્રના, બન્ને બાજુએ લટકતા બે છેડા સિવાય, આ મૂર્તિનો પહેરવેશ વિષ્ણુના જેવો છે. શૈલીની દૃષ્ટિએ, આ શિલ્પ ઈ. સ.ના છઠ્ઠા સૈકામાં મૂકી શકાય.

વીણાધર શિવ : (ચિત્ર ૪ : જુઓ આ અંકનું કવરપેજ ચોથું)

આ ચતુર્હસ્ત સુંદર વીણાધર શિવની મૂર્તિ (કદ. ૭૭.૫ × ૩૪ સેં.મી.)નો જમણો પગ સહેજ જમણી બાજુએ ઢળેલો હોઈ, તે આંશિક અભંગ મુદ્રામાં ઊભેલી છે. મૂર્તિવિજ્ઞાનની દૃષ્ટિએ, આ મૂર્તિ વિશિષ્ટ ખૂબીઓવાળી છે. શિવે ત્રાંસી રીતે, નીચલા ડાબા અને જમણા હાથોમાં વીણા પકડી છે અને ઉપલા જમણા હાથમાં સર્પ ધારણ કરેલો છે.

શિવે પહેરેલા જટામુકુટના સન્મુખ-મધ્ય ભાગમાં ગુપ્તયુગની પરંપરાની સૂચક કલગી (પ્રતીક) છે. સામાન્ય રીતે, શૈવ દેવોના કાનમાં દેખાતાં ગોળ વલયાકાર કર્ણાભરણ ઉપરાંત, શિવે રુદ્રાક્ષની માળા, કેયૂર અને હસ્તવલયો ધારણ કર્યાં છે. મૂર્તિના લલાટમાં ઊભું કોતરેલું ત્રીજું નેત્ર નોંધપાત્ર છે. શિવે ઢીંચણ સુધી પહોંચતી ધોતી પહેરી છે, તે કમરબંધથી બાંધેલી છે. શિવની પાછળ દર્શાવેલ તેમનું વાહન નંદી ગતિશીલ જણાય છે અને તેનું આલેખન અતિ બળકટ અને વાસ્તવિક છે. મૂર્તિનું સ્વરૂપ અને તેનાં અંગોપાંગો, ગદાધર વિષ્ણુના જેવાં છે. આ શિલ્પ પણ ઈ. સ. છઠ્ઠા સૈકાની કલાનો સુંદર નમૂનો છે.

મહિષમર્દિની : (ચિત્ર ૫ : જુઓ આ અંકનું મુખપૃષ્ઠ)

આ મહિષમર્દિનીની, રેતિયા પથ્થરમાં કોતરેલી ચતુર્હસ્ત મૂર્તિ (કદ ૫૭.૫ × ૫૨.૫ સે.મી.) તેના કદાવર દેહઘડતર માટે નોંધપાત્ર છે. દેવીના જટામુકુટની ટોચે સુંદર અંબોડો છે અને તેણે લંબચોરસ લટકણિયાવાળો એકાવલી હાર, કેયૂરો, કમરને વીંટળાયેલો ગોળ મોતી કે મણકાનો કમરબંધ, હસ્તવલયો અને કુંડળો ધારણ કરેલાં છે. તેનો ભારે સ્તનપ્રદેશ ધ્યાન ખેંચે છે. મહિષના સ્વરૂપનો રાક્ષસ જે મહિષાસુર, તેની છાતી સામે જોરથી બરછી ફેંકવાના કાર્યમાં રત, એવી સામાન્ય પ્રત્યાલિઢાસન મુદ્રામાં, દેવીનું આલેખન કરેલું છે. તેના ઉપલા જમણા હાથની શક્તિ અને તે જ બાજુના નીચેના હાથમાંની તલવાર વડે, તે મહિષ રાક્ષસનો સંહાર કરતી જણાય છે. ડાબા હાથો પૈકી ઉપલા હસ્તમાં ઘંટ અને નીચલા વડે પ્રાણીસ્વરૂપે નિરૂપિત મહિષ રાક્ષસનું જડબું પકડયું છે. તેનો જમણો પગ, મહિષની પીઠ ઉપર મૂકીને, તેણે પ્રાણીને દબાવ્યું

છે. તેનું વાહન સિંહ, રાક્ષસને સંહાર કરવાના કાર્યમાં દેવીને મદદ કરતો જમણી બાજુ પર દૃષ્ટિગોચર થાય છે.

માસર સમુહનાં બીજાં શિલ્પોની પેઠે આ શિલ્પનાં ઉપસેલા ગાલ, ગોળ મુખારવિંદ વળાંકવાળા સુંદર નાના ઓષ્ઠ અને હડપચી, સીધું નાક, આગળ ઉપસી આવેલી નાની ગોળચકર ફરતી તેજસ્વી ખૂલી આંખો, મુખ પર આનંદની અભિવ્યક્તિ અને કદાવર દેહઘડતર, આ સર્વ સૌથી આગળ તરી આવે છે. આ કલાનો સુંદર નમૂનો પણ ઈ.સ. ની છઠ્ઠી સદીમાં મૂકી શકાય.

અંબિકા : (ચિત્ર ૬ : જુઓ આ અંકનું કવરપેજ બીજું)

આ સમૂહની સૌથી ઉત્કૃષ્ટ, લલિત ત્રિભંગમાં ઊભેલી, અંબિકાની માતૃકા સ્વરૂપની મૂર્તિ, (કદ ૭૨.૫ × ૩૪ સે મી.) પણ માસરમાંથી મળેલી છે. ઉપર્યુક્ત વર્ણવેલ શિલ્પોની જેમ આ શિલ્પ પણ રેતિયા પથ્થરમાંથી કોતરેલું છે. દેવી દ્વિ-હસ્ત છે. તેણે જમણા હાથે, જમણી બાજુ કેડ પર લીધેલા બાળકનું મુખ ખંડિત છે; અને ડાબે હાથે પકડેલી વસ્તુ ઘસાઈ ગયેલી છે; છતાં તે આમ્રલુમ્બિ (Bunch of mangoes) પકડી હોય એવું વરતાય છે; આમ્રલુમ્બિ સાથેની માતૃકા અંબિકા[૫] એ જૈન પરંપરામાં ઉચ્ચ સ્થાન પામેલી છે પરંતુ આ શિલ્પમાં દેવીનું નિરૂપણ જૈન જણાતું નથી. તેનાં શિલ્પકલા, પહેરવેશ, મુકુટ, કુંડળ, આદિ આભરણો જૈનેતર જણાય છે. અંબિકાના શિરોવેષ્ટનની ટોચે મોટો કલાત્મક અંબોડો ધ્યાન ખેંચે છે. કેશગુંફનના મધ્યભાગે સન્મુખમાં સુંદર પારંપરિક કલગી (પ્રતીક) નોંધપાત્ર છે. ચુસ્ત રીતે પહેરેલા પાતળાં વસ્ત્રનો ચણિયો, ઉપરાંત શૈવ મૂર્તિઓમાં જોવા મળતાં ગોળ કુંડળો, હાંસડી પ્રકારનો હાર, કમરબંધ, હસ્તવલયો, કેયૂરો, નૂપુરો આદિ માતૃકાના આલેખનને સુંદરતર કરે છે.

આ કમનીય માતૃકા-શિલ્પ મહુડી, કોટયર્ક, શામળાજી[૬]નાં. સુંદર માતૃકા-શિલ્પોની હરોળમાં બેસી શકે એવી ગુણવત્તા ધરાવે છે. શૈલીની દૃષ્ટિએ, આ મૂર્તિ ઈસ્વી સનના છઠ્ઠા સૈકામાં મૂકી શકાય

અત્યાર સુધી, માસરને સ્પર્શતા ઐતિહાસિક અથવા પુરાવસ્તુ-વિષયક કોઈ ઉલ્લેખો મળતા નથી. અહીં પહેલી જ વાર માસર, પ્રાચીન ઐતિહાસિક સ્થળ તરીકે પ્રકાશમાં આવે છે. ઈસ્વી સનનાં છઠ્ઠીથી બારમી સદી સુધીના સમય-ગાળાનાં શિલ્પો પુરવાર કરે છે કે, ઈસ્વી સનનાં પ્રારંભનાં વર્ષોથી ઈ. સ. ૧૨-૧૩મી સદી સુધી આ ગામ ધાર્મિક અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવતું હતું. માસરમાંથી આણેલાં આ શિલ્પો માસરના તળાવ કિનારે આવેલા શિવાલયમાં રાખવામાં આવ્યાં હતાં. અત્યારે પણ આ નવા શિવાલયમાં હજી લગભગ આ જ સમયની મહિષમર્દિનીની એક સુંદર મૂર્તિ પૂજાય છે.

એ જાણવું અતિ રસભર્યું છે કે, ધ્રુવસેન ત્રીજાના (ઈ. સ. ૬૫૩-૫૪) વલભી તામ્રપત્રમાં તેમ જ કટચ્ચુરી રાજા બુદ્ધરાજ(ઈ. સ. ૬૧૦)ના તામ્રપત્રમાં ઊલ્લેખેલા જે સરસવણી ('સિરિ સમ્મિણિકા' તાલુકે પાદરા, જિલ્લે વડોદરા) ગામમાંથી ડૉ. રમણલાલ એન. મહેતાએ

---

૫ શાહ, (ડૉ.) ઉમાકાન્ત પ્રે., 'ધી આઇકોનોગ્રાફી ઑફ ધી જૈન ગૉડેસ અંબિકા'.

૬ એ જ; 'સ્કલ્પચર્સ ફ્રોમ શામળાજી એન્ડ રોડા', આકૃતિ નં. ૨૨થી ૨૩; ૨૫ થી૪૦; ૪૨ થી ૪૬.

ક્ષત્રપ-સિક્કા શોધી કાઢ્યા હતા તે ગામ, ઈશાન ખૂણામાં માસરથી ફક્ત આઠ માઈલના અંતરે આવેલું છે. જેમાંથી ઈ.સ. આઠમા શતકની સૂર્યની વિશિષ્ટ મૂર્તિ મળી છે તે પીપરી ગામ (તાલુકે પાદરા) ઉત્તર દિશામાં માસરથી દસ માઈલ દૂર આવેલું છે. વલભી રાજા શિલાદિત્ય ત્રીજા (ઈ.સ. ૬૭૬-૭૭)ના અણુસ્તુ(તા. કરજણ)માંથી મળેલા તામ્રપત્રમાં તેમ જ ગુર્જર-પ્રતિહાર રાજા જયભટ્ટ ત્રીજા (ઈ.સ. ૭૦૬)ના કાયાવતાર (કારવણ)ના તામ્રપત્રમાં ઉલ્લેખેલાં સાધી(સ્રદ્ધિકા), આંતી (અન્તિકા), આમળા (આમલકટક) અને ભદારા(ભદ્રારક) આદિ ગામો, ઉત્તર દિશામાં, માસરથી ૮-૯ માઈલના અંતરે આવેલાં છે. ઈસ્વી સન સાતમી સદીની મહિષમર્દિનીની તેમ જ ૧૧મી સદીની બ્રહ્માની મૂર્તિઓ સહિતનું, પ્રાચીન જીર્ણ ટેકરા પર વસેલું સાધી (તા. પાદરા) ગામ પણ એક પ્રાચીન ઐતિહાસિક સ્થળ હોવાનું જણાય છે.

માસર અને આજુબાજુનો પ્રદેશ પ્રાચીન ગુજરાતનાં ખેટક મંડલ, ભરુકચ્છ-વિષય અને કોરિલ્લ-પથકમાં આવેલો હોવાનાં વર્ણન મળે છે.

ઉપર્યુક્ત શિલ્પોનાં કદાવર શરીરો, સાંચી, ભારહુત અને મથુરાના યક્ષશિલ્પોની વિચારસરણીને સાથે ઠીક સંબંધ ધરાવે છે, અને કાર્લા-કણ્હેરીનાં ભાસ્કર્યોમાં પ્રતિબિંબિત થતા, પશ્ચિમ ભારતના ક્ષત્રપ યુગનો પ્રભાવ દર્શાવે છે. આહવા(જિ. ડાંગ)માંથી બે પ્રાચીન શિલ્પો (આશરે ઈ.સ. ૨૦૦-૩૦૦) પ્રાપ્ત થતાં ડૉ. ઉમાકાન્ત પ્રે. શાહે એવો મત દર્શાવ્યો છે[૬] કે, કાર્લા-કણ્હેરીથી શામળાજી સુધી આખા પશ્ચિમ ભારતમાં એક સરખી શિલ્પકલા પ્રવર્તતી હતી, અને તેમાં માનવ-આકૃતિઓના આલેખનમાં સ્થાનિક અને પ્રાદેશિક વિભાવનાઓ અને વિચારસરણીઓ પ્રમાણે પરિવર્તન થતાં રહ્યાં. તે અર્થમાં, માસરનાં શિલ્પોમાં, ભારે મસ્તકો અને શરીરો તેમ જ સ્થૂળ થાંભલા જેવા દેખાવના ટૂંકા પગ જોવા મળે છે. તેઓ, પશ્ચિમ ભારતની ક્ષત્રપ યુગની કલા-પરંપરાને અનુસરે છે; પણ તેમની વિસ્ફારિત, તીક્ષ્ણ ગોળ ચકર ફરતી નાની આંખો, ક્ષત્રપ મૂર્તિઓની મોટી ખુલ્લી આંખોથી જુદી પડે છે. શામળાજીનાં શિલ્પોની પેઠે, માસરની મૂર્તિઓનાં પહેરવેશમાં ગડીઓની વાંકીચૂકી ભાત નથી, તેઓ પશ્ચિમ ભારતીય કલાશૈલીના પાછળના સમયના નમૂના તરીકે આપણી સમક્ષ રજૂ થાય છે.

ઉપર્યુક્ત શિલ્પસમૂહનો કલાશૈલીની દૃષ્ટિએ તેમ જ તેમના રૂપસામ્યનો અભ્યાસ કરતાં, તેઓને પશ્ચિમ ભારતીય કલાના બીજા તબક્કામાં મૂકી શકાય. મોટા ગોળ મુખવાળા દેહ, ઉપસેલા ગાલ ધરાવતી માસરની મૂર્તિઓના ટૂંકા, થાંભલા જેવા સ્થૂળ પગ વગેરે લક્ષણો આ પ્રદેશમાં તથા રાજસ્થાનમાં ખૂબ સામાન્ય છે.

---

૬ શાહ (ડૉ.) ઉમાકાન્ત પ્રે., 'ગુજરાતનાં બે પ્રાચીન શિલ્પો'; સ્વાધ્યાય પુ. ૯., અંક ૪, પૃ. ૪૬૭-૪૭૨

૭ વડોદરાનાં બે ભૈરવ-શિલ્પોમાં આવી આંખોનું નિરૂપણ જોવા મળે છે. જુઓ, 'ધી હિસ્ટોરિકલ ઍન્ડ કલ્ચરલ ક્રોનોલૉજી ઑફ ગુજરાત', પ્લેટ નં. ૩૦. આ પ્રકારની આંખોનું નિરૂપણ એ ગુજરાતની કલાનું ખાસ લક્ષણ છે, એ ડૉ. એ. કે. કુમારસ્વામિએ નોંધ્યું છે; જુઓ 'હિસ્ટરી ઑફ ઇંડિયન અને ઇંડોનેશિયન આર્ટ', પૃ. ૧૦૧.

૮ શાહ (ડૉ.) ઉમાકાન્ત પ્રે., અકોટા બ્રોન્ઝીઝ, પૃ. ૬૬-૭૨

ભારતીય સંસ્કૃતિમાં નારીનું ગૌરવ

અરુણોદય ન. જાની

આન્તરરાષ્ટ્રીય મહિલાવર્ષની ઉજવણી નિમિત્તે ભારતીય સંસ્કૃતિમાં નારીનું ગૌરવ કેવી રીતે ગાવામાં આવ્યું છે તેનું આછુંપાતળું નિરૂપણ આવકાર્ય ગણાશે.

ભારતીય સંસ્કૃતિએ આરંભકાળથી જ નારીને અનન્યસામાન્ય ગૌરવ આપ્યું છે. જગતના પ્રાચીનતમ ગ્રન્થ ઋગ્વેદમાં, શ્રી, ઉષા, મેધા, શ્રદ્ધા, ઇત્યાદિ દેવીઓને ઉદ્દેશીને રચાયેલાં સૂક્તો જોવા મળે છે. એટલું જ નહિ પરંતુ આ અપૌરુષેય ગ્રન્થમાં અનેક દ્રષ્ટા ઋષિઓની નામાવલિમાં આમ્ભૃણિ મુનિની વાક્ નામની પુત્રીને જેનું દર્શન થયેલું એવું એક સૂક્ત (ઋગ્વેદ, ૧૦, ૧૨૫) પણ ઉપલબ્ધ થાય છે. આ સૂકતના દ્રષ્ટા (ખરી રીતે દ્રષ્ટ્રી) તરીકે વાગ્ આમ્ભૃણીનું નામ ઉટ્ટંકિત થયેલું છે. આ રીતે વેદકાળમાં પુરુષ ઋષિઓની સાથે સ્ત્રી ઋષિઓનું પણ ગૌરવવંતું સ્થાન અને ફાળો હતો એ નોંધપાત્ર હકીકત છે. આ સૂકતમાં 'પરમતત્ત્વ' દેવી સાથે ઐક્યનો અનુભવ કરનારી વાક્ પોતે જ જુદાં જુદાં રૂપો ધારણ કરી કેવી રીતે વિધવિધ કાર્યો કરે છે એનું તત્ત્વજ્ઞાન-સભર વર્ણન છે. તેથી જ આ સૂકત **देवीसूक्त** તરીકે જાણીતું છે અને શક્ત્યુપાસનાના બીજરૂપ હોવાથી શાક્તસંપ્રદાયમાં તે મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

વળી ઋગ્વેદકાળમાં એક ખાસ નોંધપાત્ર શબ્દ છે—दम्पती. એનો અર્થ પતિ-પત્ની એવો થાય છે. પરંતુ એનો અક્ષરશઃ અર્થ કરીએ તો दम् = મકાન[1] અને पती = બે માલિક. તેથી दम्पती એટલે એક મકાનના બે માલિક એવો વ્યુત્પત્તિલભ્ય અર્થ થાય છે. એ સૂચવે છે કે વૈદિકકાળમાં સ્ત્રીઓનો સ્થાવર જંગમ મિલકતમાં સાચા અર્થમાં સમાન હક્ક હતો.

બ્રાહ્મણકાળમાં જ્યારે યજ્ઞસંસ્થાનો વિકાસ થયો ત્યારે પણ યજ્ઞમાં પતિની સાથે પત્નીની હાજરી અનિવાર્ય મનાતી. આજે પણ ધાર્મિક કાર્યો પત્નીસહિત જ કરવામાં આવે છે. રામાયણકાળમાં સીતાજીની અનુપસ્થિતિમાં સીતાજીની 'हिरण्मयी प्रतिकृति' સાથે રાખીને જ રામને યજ્ઞની પૂર્ણાહુતિ કરવી પડી હતી. આજે પણ પત્નીની અનુપસ્થિતિમાં તેના પ્રતિનિધિ તરીકે પુરુષ પોતાની જમણી કેડમાં સોપારી ખોસીને ધાર્મિક કાર્ય પૂર્ણ કરે છે. पत्नी શબ્દની વ્યુત્પત્તિ બતાવનારું મહર્ષિ પાણિનિનું 'पत्युर्नो यज्ञसंयोगे' (૪-૧-૩૩) એ સૂત્ર પણ આ જ

---

૧ આ दम् શબ્દ ભારોપીય ભાષાનો છે. લેટિનમાં મકાન માટે domus એવો શબ્દ છે. domaine (= Eng. domain) અને domestique જેવા ફ્રેંચ શબ્દોમાં, Domäne (= Eng. domain) અને domizil જેવા જર્મન શબ્દોમાં અને domestic, domicile જેવા અંગ્રેજી શબ્દોમાં ઋગ્વેદના આ 'दम्' શબ્દનો રણકો સંભળાય છે.

વાતનું સમર્થન કરે છે.[૨] આમ પ્રાચીન કાળમાં સામાજિક તથા ધાર્મિક ક્ષેત્રે સ્ત્રીઓની પુરુષસમતા સ્વીકારવામાં આવી જ હતી. આના કરતાં ઉચ્ચ બીજો કયો સમાન હક્ક હોઈ શકે?

ઉપનિષત્‌કાળમાં પુરુષોની માફક સ્ત્રીઓને પણ ઉપનયન સંસ્કાર અને વેદાધ્યયનનો હક્ક આપવામાં આવ્યો હતો. યમસ્મૃતિ સ્પષ્ટ કહે છે—"पुराकल्पेषु नारीणां मौञ्जीबन्धनमिष्यते" અભ્યાસ પૂર્ણ કર્યા પછી લગ્ન કરી ગૃહસ્થજીવન વીતાવવાનું ઇચ્છનારી સ્ત્રીઓને सद्योवधू એવી સંજ્ઞા આપવામાં આવતી. સ્ત્રીઓને માટે લગ્ન તે જમાનામાં પણ ફરજિયાત ન હતું. અત્યન્ત મેધાવિની સ્ત્રી જો ઇચ્છે તો આજીવન બ્રહ્મચર્ય ધારણ કરી વેદાભ્યાસ અને બ્રહ્મજ્ઞાનમાં જ સમસ્ત જીવન વીતાવતી. આવી સ્ત્રીઓ ब्रह्मवादिनी તરીકે ઓળખાતી. ઉપનિષદની ગાર્ગી એ આવી જ એક પ્રખર બ્રહ્મવાદિની હતી. જનક રાજાના દરબારમાં ભરાયેલી તત્ત્વજ્ઞાનની સંસદમાં યાજ્ઞવલ્કચ જેવા પ્રખર બ્રહ્મજ્ઞાનીને "તીખા બાણ જેવા" બે પ્રશ્નો તેણે આત્મવિશ્વાસપૂર્વક પૂછ્યા હતા.

મહાભારતકાળમાં દ્રૌપદી પણ અત્યન્ત બુદ્ધિમતી અને ચતુર હતી એમ સ્પષ્ટ જણાય છે. દ્યૂતમાં સર્વસ્વ ગુમાવી દેનાર યુધિષ્ઠિરે જ્યારે પોતાના ભાઈઓને અને છેવટે દ્રૌપદીને હોડમાં મૂકી અને હારી ગયા ત્યારે દ્રૌપદીને દાસી તરીકે દુઃશાસન દરબારમાં ખેંચી લાવ્યો. આ પ્રસંગે ત્યાં હાજર રહેલા ભીષ્મ, દ્રોણ, ધૃતરાષ્ટ્ર અને શકુનિ જેવા પ્રખર મુત્સદ્દીઓને દ્રૌપદીએ પ્રશ્ન કર્યો—"યુધિષ્ઠિરે પોતાના ભાઈઓને અને મને ક્યારે હોડમાં મૂકી? પોતે હારી જતાં પહેલાં કે પછી? જો પોતે હારી ગયા પછી અમને હોડમાં મૂક્યા હોય (અને પરિસ્થિતિ ખરેખર તેવી જ હતી) તો એક હારી ગયેલી વ્યક્તિને બીજાને હોડમાં મૂકવાનો અધિકાર છે ખરો?" એક કુશળ બૅરિસ્ટરની અદાથી દ્રૌપદીએ કરેલ આ પ્રશ્નનો ઉત્તર કોઈ આપી શક્યું નહિ! મહાભારતકાળમાં આવી હતી ભારતીય નારીની પ્રતિભા. યમ સાથે આવી જ કુશળતાથી ચર્ચા કરી મૃત્યુના મુખમાંથી પોતાના પતિને પાછો લઈ આવવાનો સતી સાવિત્રીનો અમર અને અજોડ ઇતિહાસ પણ એ જ મહાભારતના પૃષ્ઠોમાં અંકિત થયો છે.

ઐતિહાસિક કાળમાં આદ્ય શંકરાચાર્ય અને પોતાના પતિ મંડનમિશ્રના યુગનિર્ણાયક શાસ્ત્રાર્થના ગંભીર અને જવાબદારીપૂર્ણ પ્રસંગે મધ્યસ્થ નિર્ણાયકનું સ્થાન શોભાવનારી મહાપંડિતા भारतीને આપણે સરસ્વતીના અવતાર તરીકે બિરદાવી તેનું યથાર્થ ગૌરવ કર્યું છે. તે જ પ્રમાણે સર્વતન્ત્રસ્વતન્ત્ર અને ષડ્દર્શનવ્યાખ્યાકાર શ્રી વાચસ્પતિમિશ્રના ભગીરથ કાર્યમાં સંપૂર્ણ સહકાર આપનારી તેમની પત્ની ભામતીનું નામ બ્રહ્મસૂત્રની વ્યાખ્યારૂપ પોતાની ટીકા (જે અદ્વિતીય મનાય છે) સાથે જોડી તે ટીકાને भामती એવું નામ આપનાર વાચસ્પતિમિશ્રે પોતાની પત્નીનું જ નહિ પરંતુ સમગ્ર નારીજાતનું ગૌરવ કર્યું છે, એમ કહીએ તો જરાય

---

૨ पति શબ્દનું સ્ત્રીલિંગમાં 'પત્ની' એવું રૂપ વ્યાકરણ દૃષ્ટિએ કેવી રીતે બને છે તે દર્શાવતા પાણિનિ કહે છે કે સ્ત્રીલિંગમાં पति શબ્દને નકારાદેશ થાય છે यज्ञ જોડે સંબંધ હોય તો. पति + ई =, पत्न् + ई = पत्नी. પત્ની શબ્દનો અર્થ આ રીતે "तत्कृतयज्ञस्य फलभोक्त्री" એવો થાય છે. दम्पत्योः सहाधिकारात्—દંપતીનો સાથે અધિકાર હોવાથી (ભટ્ટોજિદીક્ષિત).

આમ પત્ની = પતિની સહધર્મચારિણી.

અતિશયોક્તિ નહિ ગણાય. ગણિતજ્યોતિષના ક્ષેત્રે લીલાવતીનું નામ પણ એટલું જ પ્રખ્યાત છે.

છત્રપતિ શિવાજી મહારાજનાં માતુશ્રી જીજાબાઈ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ વગેરે સ્ત્રીરત્નોએ ભારતવર્ષનું ગૌરવ વધારવામાં બહુ મોટો ફાળો આપ્યો છે.

વર્તમાન યુગમાં પણ શ્રીમતી કસ્તુરબા, ભારતના બુલબુલની સ્પૃહણીય ઉપાધિ ધરાવનાર શ્રીમતી સરોજિની નાયડૂ, શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત વગેરેએ પણ પોતપોતાના ક્ષેત્રમાં અનુપમ કાર્યો કર્યાં છે.

મ. સ. યુનિવર્સિટી જેવી નવજાત વિદ્યાપીઠને નવ નવ વર્ષ સુધી પોતાની મુત્સદ્દીગીરી અને કુશળ સંચાલનથી માત્ર પગભેર જ કરવાની નહિ પરંતુ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવવાની પ્રખર સેવા કરનારાં પ્રથમ મહિલા ઉપકુલપતિ શ્રીમતી હંસાબહેન મહેતા અને અણુસત્તામાં તથા અવકાશ યુગમાં ભારતને પ્રવેશ કરાવી સમગ્ર વિશ્વમાં ભારતનો ડંકો વગાડનાર આપણાં પ્રથમ મહિલા વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધી આપણા દેશનું અનુપમ જીવંત ગૌરવ છે.

આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષમાં જો આપણે એમ કહીએ કે સ્ત્રીઓનું ગૌરવ ભારતવર્ષે જેટલું કર્યું છે એટલું બીજા કોઈ દેશે કર્યું નથી, તો તે જરાય ખોટું નથી. ખાસ કરીને શક્તિ-ઉપાસનાનો પ્રચાર કરનારા તન્ત્રશાસ્ત્રમાં સ્ત્રીઓનું ગૌરવ ઉચ્ચતમ શિખરે લઈ જવામાં આવ્યું છે. માર્કંડેય પુરાણાંતર્ગત દુર્ગાસપ્તશતી તો તમામ સ્ત્રીઓને દેવીરૂપ જ ગણાવે છે. તે કહે છે "હે દેવિ ! સમસ્ત વિદ્યાઓ અને ત્રણે લોકની સમસ્ત સ્ત્રીઓ તારા જ ભેદો છે."[૩] પાંચરાત્ર આગમોમાં જેનો સમાવેશ કરવામાં આવ્યો છે તે લક્ષ્મીતન્ત્રમાં લક્ષ્મીજી પણ આ જ વસ્તુ બીજી રીતે કહે છે—"હું વનિતામાં વાસ કરું છું તેથી નારી સર્વજગન્મયી છે."[૪]

વળી તન્ત્રશાસ્ત્રમાં નારીની કુમારી અને પરિણીતા એ બંને અવસ્થાઓનું પણ ખૂબ ગૌરવ કરવામાં આવ્યું છે. શક્તિ ઉપાસનામાં જેમ કુમારીપૂજન જાણીતું છે તેમ સીમન્તિની[૫] (સુવાસિની—સુહાસિની = સોવાસણ કે સૌભાગ્યવતી) એટલે કે પરિણીતા સધવા સ્ત્રીનું પૂજન પણ એટલું જ પ્રશસ્ત મનાયું છે. લક્ષ્મીતન્ત્રમાં લક્ષ્મીજી કહે છે—"મેં અભિનિવેશપૂર્વક સીમન્તિની(સોવાસણ)નું રૂપ ધારણ કર્યું છે. તેથી મને રાજી રાખવાની ઇચ્છાવાળા યોગીએ મન, વચન કે કર્મથી ક્યારેય સ્ત્રીની નિન્દા કરવી નહિ."[૬]

---

૩ विद्याः समस्तास्तव देवि भेदाः ।
स्त्रियः समस्ताः सकला जगत्सु । (દુર્ગાસપ્તશતી, ૧૧-૫)

૪ वनितायामहं तस्मान्नारी सर्वजगन्मयी । (લક્ષ્મીતન્ત્ર, ૪૩.૬૩)

૫ सीमन्तिनी શબ્દ सीमन्त = સેંથો એ ઉપરથી 'સેંથાવાળી' એટલે કે 'સૌભાગ્યવતી' એ અર્થમાં વપરાયો છે. સોવાસણ સ્ત્રી સુંદર વસ્ત્રો ધારણ કરતી હોવાથી તેને સુ-वासिनी અને સુંદર હાસ્યના સ્વભાવવાળી હોવાથી સુ-हासिनी પણ કહેવાય છે.

૬ आत्तं सीमन्तिनीरूपं मया साभिनिवेशया ।
चिकीर्षुर्मत्प्रियं योगी लक्ष्मीतन्त्रविचक्षणः ॥
न स्मरेत् कामिनीनिन्दां कर्मणा मनसा गिरा ।
(લક્ષ્મીતન્ત્ર, ૪૩.૬૧-૬૨ab)

લક્ષ્મીજી ઇન્દ્રને આગળ જતાં કહે છે—"હે ઇન્દ્ર ! જેમ નારાયણમાં કે મારામાં પાપ નથી, જેમ ગાયમાં કે વેદાન્તવેત્તા બ્રાહ્મણમાં પાપ નથી તેમ હે ઇન્દ્ર ! સ્ત્રીમાં પણ પાપ નથી. જેમ ગંગા પાપરહિત છે અને જેમ સરસ્વતી અને અરુણા નદી પવિત્ર છે તેમ સીમન્તિની પવિત્ર છે.[૭] તેમને આધારે (= તેમના દ્વારા જ) હું ત્રણે લોકની જનની કહેવડાવું છું. સ્ત્રી તો ત્રૈલોક્યને ઉત્પન્ન કરનારું અને તમામ કામનાઓની સમૃદ્ધિ કરનારું મારું જ સ્વરૂપ છે.[૮]

આ રીતે તન્ત્રશાસ્ત્રે નારીને દેવીના સર્વોચ્ચ સ્થાને સ્થાપીને જે રીતે ગૌરવ કર્યું છે તેવું બીજા કોઈ દેશમાં બીજા કોઈ ગ્રન્થે કર્યું હોય એવું જાણવામાં નથી આવ્યું.

અંતમાં મનુમહારાજની જાણીતી પંક્તિ સાથે આ લેખ પૂર્ણ કરવામાં આવે છે—**यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ॥** (મનુસ્મૃતિ, ૩.૫૬) "જ્યાં નારીઓનું સન્માન થાય છે ત્યાં દેવો પ્રસન્ન થાય છે."

---

૭ यथा नारायणे नास्ति मयि वा शक्र किल्बिषम् ।
यथा गवि यथा विप्रे यथा वेदान्तवेदिनि ॥
वनितायां तथा शक्र दुरितं नैव विद्यते ।
अकल्मषा यथा गङ्गा यथा पुण्या सरस्वती ॥
अरुणा ह्यापगा यद्वत्तथा सीमन्तिनी वरा ।

(લક્ષ્મીતન્ત્ર, ૪૩.૬૭–૬૯ab)

૮ यदस्मि जननी नाम त्रयाणां जगतामहम् ।
तदिदं नार्यवष्टम्भात् सा हि मे परमं बलम् ।
त्रैलोक्यजननी देवी सर्वकामसमृद्धिनी ॥
मत्तनुर्वनिता साक्षाद्योगी कस्मान्न पूजयेत ।

(લક્ષ્મીતન્ત્ર, ૪૩, ૬૯cd–૭૧ab)

ગ્રન્થાવલોકન

સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં રીતિવિચાર : લેખક અને પ્રકાશક: રાજેન્દ્ર નાણાવટી, સૂરત; પૃ. ૭૨, મૂલ્ય પાંચ રૂપિયા.

રાજેન્દ્ર નાણાવટી કૃત "સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં રીતિવિચાર "ને હું હૃદયથી સત્કારું છું. 'પ્રાસ્તાવિક 'માં લેખક જણાવે છે તે પ્રમાણે સંસ્કૃત કાવ્યશાસ્ત્રની પરંપરાઓ સવા-દોઢ હજાર વર્ષોમાં ધીમે ધીમે સાકાર થઈ અને તેમાં તેમને મતે "આવી વિચારણાઓના સંપ્રદાયો પણ અસ્તિત્વમાં આવ્યા છે"(પૃ. ૧), જેમાંનો એક તે રીતિસંપ્રદાય. લેખકે પોતાની પુસ્તિકામાં આ રીતિસંપ્રદાયને તેના ઉગમ અને વિકાસના સંદર્ભમાં ખૂબ ઝીણવટથી તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે. આ 'રીતિ' અને 'style-શૈલી'ના વિચારો કેટલે અંશે એકબીજામાં ભળેલા છે અથવા કેટલે અંશે તેમને જુદા તારવી શકાય એ જાણવાનો પણ તેમણે પ્રયત્ન કર્યો છે. તેઓ જણાવે છે તેમ રીતિની 'સંકલ્પના ખરેખર તો ધીમે ધીમે સ્પષ્ટ થતી આવે છે અને વામને રીતિને કાવ્યનો આત્મા કહ્યો ત્યાર પછી પણ કાવ્યમાં રીતિના સ્થાન વિશે સતત વિચાર થતો રહ્યો છે.' (પૃ. ૧-૨). રીતિઓની સંખ્યા, તેમનો ગુણવિચાર સાથેનો અંતરંગ સંબંધ, રીતિ માટેના બીજા પર્યાયપ્રયોગો, વગેરે બધું એના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં વિચારી, મૂલવીને લેખકે પોતાના અભ્યાસવિષયને યોગ્ય રીતે છણ્યો છે. તેઓ જણાવે છે તેમ, "આ બધામાંથી રીતિનો જ દોર જુદો તારવીને એકસૂત્રે બતાવવાનું કામ થોડુંક મુશ્કેલ છે. જો કે ઐતિહાસિક દૃષ્ટિએ વિવિધ અલંકારગ્રન્થોમાં રીતિ કે તત્સંબંધી ગુણો વિશે કેવા ખ્યાલો બંધાયેલા છે તે જોતાં જવાથી રીતિસંપ્રદાયનો પરિચય મેળવવાનું કામ કંઈક સરળ બનાવી શકાય ખરું." (પૃ. ૨). લેખક પોતાના ધ્યેયને નિષ્ઠાપૂર્વક વળગી રહેલા જણાય છે અને ફક્ત ૭૧ પૃષ્ઠોમાં તેમણે ખૂબ સઘન અભ્યાસનોંધનું તારણ આપ્યું છે જેથી સંસ્કૃત અલંકારશાસ્ત્રની પરંપરાઓ અંગેના ગુજરાતીમાં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોમાં એક મહત્ત્વનો ઉમેરો થયો છે. એમણે પોતાના અભ્યાસ માટે મૂળ સંસ્કૃત ગ્રન્થો અને તેના અનુસંધાનમાં ઉપયોગી જણાય તેવી અંગ્રેજી, હિન્દી, કે ગુજરાતી ભાષાની બધી જ ઉપલબ્ધ સામગ્રીનો પરામર્શ કર્યો છે. ભરતથી માંડીને વામન સુધીનો અને પછી વામનોત્તર રીતિવિચાર,—જેમાં કુન્તક, ધ્વનિકાર, મમ્મટ, વિશ્વનાથ અને જગન્નાથનો સમાવેશ થાય છે,—વ્યવસ્થિત રીતે કરીને લેખકે છેલ્લે કેટલીક ગેરસમજોનું નિરાકરણ કરવાનો ખૂબ સરસ અને સફળ પ્રયાસ કર્યો છે. લેખકની નિષ્ઠા, મૂળ ગ્રન્થોનું તેમનું સઘન અધ્યયન, ચોક્કસ વિચારોની સુરેખ તારવણી અને ખૂબ સ્પષ્ટ અને અસરકારક રજૂઆત વગેરે વિષે બે મત હોઈ શકે જ નહિ. તેમની વિદ્વત્તા, ઝીણવટ અને આગવી રજૂઆત સ્વયંસ્પષ્ટ છે. પુસ્તકની આ ઊંચી ગુણવત્તાના સ્વીકારપૂર્વક હું એમણે ખૂબ ઝીણું કાંત્યું હોવાથી થોડું ઝીણું વણવાનો પ્રયાસ કરીશ તો તે અસ્થાને નહિ લેખાય.

પૃ. ૧—લેખક નોંધે છે:—"...આવા પાંચ સંપ્રદાયો ગણાવાય છે. **કાળક્રમાનુસાર** તેમનાં નામ આ પ્રમાણે છે."—પ્રથમ તો 'સંપ્રદાય' શબ્દ બહુ પસંદ કરવા યોગ્ય નથી.

એના બદલે 'પરંપરાઓ' વધુ વ્યાપક અને વધુ સ્વીકાર્ય ગણી શકાય. વળી, "કાળક્રમાનુસાર" તે કઈ રીતે? કાળક્રમ કઈ રીતે નક્કી કરશો? ભામહને નામે અલંકાર સંપ્રદાય કેટલાક વિદ્વાનોએ ગણાવ્યો માટે તેને પહેલો ગણવો? તો પછી ભરતના નાટ્યશાસ્ત્રમાં જણાતો 'રસસંપ્રદાય' કેમ પહેલો ન ગણવો? વાસ્તવમાં ભરતમાં 'કાવ્ય' એટલે કે 'અનભિનેય કાવ્ય'ના સંદર્ભમાં પણ રસ, ગુણ, દોષ, અલંકારો વગેરેનો વિચાર થયો છે. એટલે કયી પરંપરા બરાબર ક્યારે, કોણે, કઈ રીતે પ્રવર્તિત કરી, અથવા ક્યારે બરાબર તેને સાકાર થયેલી ગણવી એ વિષે ચોક્કસ વિધાનો કરવાં સલામત નથી.

પૃ. ૧. પેરા–૨—"રીતિસિદ્ધાન્તનો ઉદ્ભવ થયો ત્યારે..."—ઉપર જણાવ્યું તેમ કોઈ પણ વિચારપરંપરાના ચોક્કસ ઉદ્ભવ વિષે બહુ આત્મવિશ્વાસ સાથે બોલી શકાય નહિ. હા, આપણી જાણ પ્રમાણે જે તે વિચારના સમર્થકોની યાદી આપી શકાય. 'રીતિ' વિચારનો ઉદ્ભવ પણ વામનથી જ થયો એમ માનવાને કોઈ કારણ નથી. રીતિવિચારનું સાગ્રહ સમર્થન કરનારા પૂર્વાચાર્યોના ઉપલબ્ધ ગ્રન્થોમાં વામનના ગ્રન્થની ગણના કરાવી શકાય; એટલું જ. એટલે રીતિઓને "કાવ્યનો આત્મા કહીને રીતિસંપ્રદાય પ્રવર્તાવનાર"માંના આચાર્યોમાં વામનને આપણી જાણ પ્રમાણે સૌથી પુરાણા આલંકારિક કહી શકાય.

પ્રકરણ ૨માં ભરતે કરેલા ગુણવિચારનો લેખક પરિચય આપે છે. (પૃ. ૩થી ૧૪). પ્રકરણના આરંભમાં કાવ્યમીમાંસાના ત્રીજા અધ્યાયની કથાનો ઉલ્લેખ લેખકે એ પાછળની પુરાણી પરંપરાનો અને રીતિવિચારના પ્રાદેશિકતા સાથેના નાતાનો ખ્યાલ આપવા જ કર્યો હશે. કારણ, કાલક્રમ પ્રમાણે તો રાજશેખર ભરત કરતાં ઘણા પાછળના છે. એ સંદર્ભમાં જ આગળ ચાલતાં લેખક નોંધે છે કે, "લોકમાં દેખાતી આવી.........સમાવી લીધી છે. તે કહે છે: प्रवृत्तिरिति कस्मात्..." વગેરે (પૃ. ૩, ૪). લેખકે પૃ. ૪ ઉપર ઉદ્ધરણ ટાંક્યું છે તે G.O.S. Nāṭyaśāstra (of Bharat), Vol. II. પૃ. ૨૦૫ સાથે સરખાવતાં બરાબર જણાતું નથી. તેમાં તો, "उच्यते-पृथिव्यां नानादेशवेषभाषाचारा वार्ताः ख्यापयतीति वृत्तिः प्रवृत्तिश्च निवेदने।" વગેરે, વાંચવા મળે છે. લેખકનો પાઠ મનમોહન ઘોષ પ્રમાણે પણ બરાબર નથી.

એ પછી લેખક ભરતે 'રીતિ'નો ઉલ્લેખ ન કર્યો એની પાછળના કારણની કલ્પના કરે છે (પૃ. ૫). તેઓ નોંધે છે કે, "રીતિનો ઉલ્લેખ કરવામાં ભરતને ગ્રન્થગત ઉદ્દેશના ઔચિત્યનો ભંગ થતો લાગ્યો હશે." એવું શા માટે? ગુણો રીતિનાં 'વિશેષ' રૂપ વામને જણાવ્યાં છે. તો 'રીતિ' માટે આભડછેટ રાખવાનું ભરતને કોઈ ખાસ પ્રયોજન નથી. વાચિક અભિનય દ્વારા પરંપરા સંબંધથી ગુણો નાટ્યપ્રયોગને ઉપકારક બનતા ભરતને જણાય, તો વામને પાછળથી જેમના 'વિશેષ' રૂપ ગુણોને ગણાવ્યા છે, એવી રીતિઓ માટે ભરત શા માટે નિયંત્રણ મૂકે? કાવ્યની 'રચના-પદ્ધતિ' પાઠમાં મહત્ત્વ ન ધરાવે? વાસ્તવમાં તો ગુણવિચારની અપેક્ષાએ ભરતને અથવા ભરત દ્વારા રજૂ થતી પરંપરાને રીતિ-વિચાર વજન વગરનો અથવા ગતાર્થ જણાયો હોય એવું ન બની શકે? આવો જ ખ્યાલ આનંદ અને એમના અનુયાયીઓનો હોય તે બનવા જોગ છે. કાવ્યની રચનાપદ્ધતિ પાઠમાં મહત્ત્વ ન ધરાવે એવું કહી ન શકાય.

ભરતે રીતિનો છેદ ઉરાડ્યો છે એ પાછળના કારણનો પોતાની રીતે તર્ક દોડાવ્યા પછી ભરતે જેનો વિચાર કર્યો છે એ ગુણતત્ત્વની ચર્ચા ભરતના સંદર્ભમાં લેખક આરંભે છે (**પૃ. ૫,** પેરા નં. ૨, અને આગળ). ભરતે આપેલાં દશ ગુણોનાં લક્ષણ નાટ્યશાસ્ત્રની બે વાચનાઓમાં જુદાં જુદાં મળે છે અને એમાંના ઘણાં સુસ્પષ્ટ નથી એવું લેખક નોંધે છે. આના સંદર્ભમાં લેખક નોંધે છે કે, "અભિનવગુપ્ત આ શ્લોકો ઉપરની પોતાની ટીકામાં ભરતના શબ્દોમાંથી વામનના શબ્દગુણ અને અર્થગુણ એમ બન્ને પ્રકારના ગુણોનાં લક્ષણ તારવવાનો પ્રયત્ન કરે છે, અને એમ કરવામાં એણે ઘણીવાર ભરતના શબ્દોનો દૂરાકૃષ્ટ અર્થ પણ કરવો પડચો છે; એટલે ભરતનાં લક્ષણોમાં રહેલી સંદિગ્ધતા દૂર કરવામાં અભિનવ ખપનો નથી. તેથી અભિનવગુપ્ત જે પ્રકારે ભરતનાં ગુણલક્ષણોનો અર્થ કરે છે તેના ઉદાહરણ તરીકે એકાદ શ્લોકનું જ એનું અર્થઘટન જોઈએ તો તે પૂરતું છે" (પૃ. ૫, ૬).

એક વાત તો એ કે અભિનવગુપ્ત કે કોઈ પણ પ્રાચીન આલંકારિક માટે થતો એકવચનનો પ્રયોગ આપણે માટે શોભાસ્પદ નથી. અંગ્રેજી ભાષાનું Idiom જુદું છે. આપણી ભાષામાં માનાર્થે બહુવચનનો પ્રયોગ આપણે કરીએ છીએ. અસ્તુ.

હવે બીજી વાત. અભિનવ ભરતમાં રહેલી સંદિગ્ધતા દૂર કરવામાં 'ખપનો નથી' એવું વિધાન ખૂબ સાહસિક છે, અને અસ્વીકાર્ય છે. આખા ય નાટ્યશાસ્ત્ર પરની વ્યાખ્યામાં જો આવો ભાવ ઉપસતો ન હોય તો 'ગુણવિચાર' પૂરતો એ 'ખપનો નથી' એમ કહેવું બરાબર નથી. વાસ્તવમાં ગુણ—રીતિ—વિચાર એ વામનનું brainwave ન હતું. સકળ સંસારમાં કેવળ વામને જ એ વિચાર પહેલો પ્રવર્તિત કર્યો એમ માનવું એ નરી મુગ્ધતા જ છે. વામન પાસે, ભરત પાસે અને અભિનવગુપ્ત પાસે તે વિષયનું જે વિપુલ સાહિત્ય પડેલું હશે એ વિષે આપણે કલ્પના તો જરૂર કરી શકીએ. વામને પણ એ દોર પોતાની રીતે ચાલુ રાખ્યો હશે એમ કહેવું વધારે સલામત છે. કદાચ અભિનવગુપ્તની સમજૂતી ગ્રાહ્ય ન જણાય તો પણ ઐતિહાસિક વિકાસક્રમના પરિપ્રેક્ષ્યમાં તે ઉપયોગી તો છે જ. વામન ગુણ—રીતિ—વિચારના આદ્ય પુરસ્કર્તા નહોતા. અને કદાચ તેમ હોય તો પણ તેમનો શબ્દ એ કોઈ રાજાજ્ઞા નથી. આપણે આટલે દૂરથી એ બધા આલંકારિકોના ગ્રન્થોનું મૂલ્યાંકન કરીએ ત્યારે આપણામાં તટસ્થતા હોવી જરૂરી છે. આપણે અભિનિવેશપૂર્વક, રાજશેખર કહે છે તેવા '**वामनीयाः**' બની જવાની ભાગ્યે જ જરૂર જણાય !

લેખકે ભરતના દશ ગુણોનાં લક્ષણો થાટે બન્ને વાચનાઓમાંથી મળતા પાઠાન્તરો લગભગ બધે નોંધ્યા છે અને ભાષાન્તર આપવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે પણ ભાષાન્તર કયારેક અચોક્કસ અને કયારેક મનમોહન ઘોષની અસરવાળું, તથા ઉદ્ધરણ કયારેક અધૂરું જણાયું છે. જેમ કે, શ્લોક ૧૦૩ તેમણે આપ્યો નથી. શ્લોક ૧૧૩ તરીકે જેનો ઉલ્લેખ લેખકે કર્યો છે (પૃ. ૧૨) તેનો g.o.s.માં તે સ્થળે અથવા અન્યત્ર ઉલ્લેખ જ નથી. દરેક વખતે બીજી વાચનાનો પાઠ વિચાર્યો પણ નથી. ભાષાન્તર કયારેક સુધારવા જેવું જણાય છે, જેમ કે, ૧૬.૧૦૮નું;— '**सुप्रसिद्धाभिधाना**'નો અર્થ લેખક '**પ્રસિદ્ધ અભિધાવ્યાપારવાળી**' (પૃ. ૧૦) એવો કરે છે. '**અભિધાન**' એટલે '**શબ્દ**'. **આથી '**સુપ્રસિદ્ધ શબ્દોવાળી**' એમ ભાષાન્તર કરવું બરાબર છે.**

આખુ ભાષાન્તર નીચે મુજબ મઠારવું જોઈએ—"સુપ્રસિદ્ધ શબ્દોવાળી, લોકવ્યવહારમાં વ્યવસ્થિત એવી જે રચના કાવ્યમાં કરાય તે 'અર્થવ્યક્તિ' (ગુણ છે)." એવી જ રીતે શ્લોક ૧૦૭ના ભાષાન્તરમાં, "સુશ્લિષ્ટ સંધિઓવાળા શબ્દોથી યુક્ત" એમ સુધારવું જોઈએ (પૃ. ૧૦). શ્લોક ૧૧૦ (પૃ. ૧૧)ના ભાષાન્તરમાં "દિવ્ય પાત્રોવાળુ" એ બરાબર નથી. "દિવ્ય ભાવોથી યુક્ત" એમ સુધારવું જરૂરી છે. એજ રીતે "અનેક અવસ્થાઓથી સંયુક્ત"ને બદલે "અનેક ભાવોથી યુક્ત" એમ ભાષાન્તર આપવું જોઈએ. અહીં લેખક ઉપર મનમોહન ઘોષના ભાષાન્તરની અસર જણાય છે. શ્લોક ૧૦૯નું ભાષાન્તર પણ બરાબર ગોઠવાયેલું નથી લાગતું. અભિનવગુપ્ત ભરતનાં ગુણલક્ષણોને જે રીતે સમજાવે છે એનું એકાદ ઉદાહરણ આપતાં લેખક ભરતની શ્લેષની વ્યાખ્યાના શ્લોક (૯૭, ૯૮) પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે. (પૃ. ૬, ૭). અભિનવની સમજૂતિ સ્પષ્ટ કરતાં પહેલાં લેખક વામનનો શ્લેષનો ખ્યાલ રજૂ કરે છે. આપણે આગળ એ વાત નોંધી ગયા કે વામનનું પુરોગામી સાહિત્ય પણ હોવું જોઈએ અને અભિનવગુપ્તની સામે એ સાહિત્યના ગ્રન્થો ખુલ્લા જ હશેઃ બંધ નહિ. લેખક (પૃ. ૭) ઉપર નોંધે છેઃ "અભિનવ પણ ભરતનો 'સુપ્રતિબદ્ધમ્' શબ્દ સમજાવતાં કહે છેઃ **तदेव मसृणत्वमुच्यते।...पदानां श्लिष्टता परस्परम्...सम्बन्धबन्धनतया अनेकम् एकपदम् इव भाति।**— લેખક જે આવૃત્તિનો હવાલો આપે છે તે G.O.S. IInd Edn. પૃ. ૩૩૪, ૫ ઉપર આ શબ્દો મને જડતા નથી. મને જે વંચાય છે તે (પૃ. ૩૩૫) નીચે મુજબ છે—"**अथ शब्दगुणमाह नित्यार्थे पदानां श्लिष्टता परस्परं योनिः सन्धिबन्धनतयानेकमेकपदमिव भाति तदेव मासृण्यमुच्यते।**" અને વળી, અભિનવગુપ્તના આ શબ્દો "**सुप्रतिबद्धम्**" શબ્દ સમજાવતાં લખાયેલા નથી. વાસ્તવમાં શ્લોક ૯૮ તો બીજી વાચના પ્રમાણેનો છે, જેની અભિનવગુપ્તે વ્યાખ્યા જ કરી નથી.

લેખક એના અનુસંધાનમાં (પૃ. ૭, પેરા-૨) લખે છેઃ "**વામનનો અર્થગુણ** શ્લેષ ભરતના લક્ષણમાં બતાવવામાં અભિનવે અર્થને થોડોક ખેંચવો પડે છે"..."અભિનવની વૃત્તિમાં શબ્દો પણ **લગભગ વામનના** લીધેલા છે એ જોઈ શકાશે. અભિનવના **પાછલા** અર્થગુણ અંગેના અર્થઘટન સાથે કદાચ આપણે સંમત ન થઈએ. વામનની વ્યાખ્યાની અસર નીચે એ ભરતના શબ્દોમાંથી તેને અભિપ્રેત ન હોય તેવો અર્થ પણ કાઢતો લાગે, છતાં આપણે જોયું તેમ વામનના બે પ્રકારના શ્લેષગુણનું સૂચન ભરતના ગુણલક્ષણમાં જોવું અશક્ય તો નથી જ." (પૃ. ૭).—આ બધાં વિધાનો ખૂબ સાહસપૂર્ણ જણાય છે. પ્રશ્ન એ છે કે વામનની સામે ભરતનો ગ્રન્થ હતો કે ભરતની સામે વામનનો? આપણે વામનમાં ભરતનાં ગુણલક્ષણોની છાયા તારવવા પ્રયાસ કરીએ એ ક્રમપૂર્વકનું લેખાય. વામન ગુણવિચારના આદ્ય પુરસ્કર્તા હોવાનો વહેમ જેટલો જલ્દી નિર્મૂળ થાય તેટલો આત્મલાભ થશે. અભિનવની વૃત્તિમાં શબ્દો "લગભગ વામનના" લીધેલા છે એમ કહેવા પાછળ લેખકનો શો આશય છે? વળી અર્થગુણ અંગેનું અર્થઘટન લેખક "પાછલા" તરીકે નોંધે છે. વાસ્તવમાં એનાથી તો અભિનવમાં શરૂઆત થયેલી છે. (G.O.S. આવૃત્તિ, પૃ. ૩૩૪) અભિનવગુપ્ત અર્થને ક્યાં કેટલો થોડોક ખેંચે છે, મરડે છે એ બધું બરાબર સ્પષ્ટ થવું જરૂરી છે. અભિનવગુપ્ત અર્થશ્લેષની સમજૂતી પૃ. ૩૩૪ પર આપીને **यथा उदाहृतं वामनेन** એમ નોંધે છે. એનો અર્થ એમ કરી શકાય કે પરંપરાપ્રાપ્ત અર્થગુણ શ્લેષ વામન નીચે મુજબ ઉદાહૃત કરે છે. એથી વિશેષ કંઈ નહિ.

પૃ. ૮ ઉપર પાદટીપમાં જગન્નાથનો ઉલ્લેખ છે. લેખક નોંધે છે કે, "વામનને અનુસરનાર કોઈ આલંકારિક પાસેથી કે કાવ્યપ્રકાશના કોઈ ટીકાકારમાંથી જગન્નાથે આ વ્યાખ્યાઓ **ઉપાડી** હોય એ શકય છે." જગન્નાથ આધુનિકોની માફક ઉપાડનારા ન હોતા એ વાત લેખકને સમજાવવાની હોય નહિ. આ બધું જ એ વાતને સુપુષ્ટ કરે છે કે વામન અને એમનાથી પણ પુરાણું તદ્વિષયક સાહિત્ય અત્યારે ઉપલબ્ધ હતું જે હાલ કાલગ્રસ્ત થયું હોવાથી આપણને દૃષ્ટિભ્રમ થવાનો પૂરો સંભવ છે.

લેખકે ગુણ–રીતિ–વિચારની ચર્ચાનો ઉપક્રમ એક પછી એક આલંકારિકોને ધ્યાનમાં રાખીને વિચાર્યો છે. એને બદલે એક એક ગુણ લઈને એ અંગેની જે તે આલંકારિકોની વિભાવનાનો ઐતિહાસિક સંદર્ભમાં તટસ્થ અભ્યાસ કર્યો હોત તો તે શાસ્ત્રદૃષ્ટિએ વધુ ઉપકારક થાત.

પ્રકરણ ૩, પૃ. ૧૫—લેખક નોંધે છે, "નાટ્યવિચારથી સ્વતંત્ર રીતે કાવ્યવિચાર થવા માંડ્યો તે આરંભના કાળમાં ભામહ અને દંડી થઈ ગયા. બન્ને લગભગ સમકાલીન છે. બન્નેમાં આરંભકાળની મર્યાદાઓ સ્પષ્ટ છે. બન્ને મોટે ભાગે કાવ્યનાં બાહ્ય અંગોનું વર્ણન કરે છે, અને સામાન્ય ઉક્તિ કરતાં કાવ્યની ઉક્તિ કંઈક જુદી, કંઈક વક્રતાવાળી, કંઈક સૌંદર્યવાળી હોય છે. **એવી કાવ્યતત્ત્વની આછી સમજ** બન્નેમાં દેખાય છે. કાવ્યની એમની વ્યાખ્યાઓ પણ સાદી છે."—નાટ્યવિચારથી સ્વતંત્ર કાવ્યવિચાર થવા માંડ્યો વગેરે વાત નિર્માલ્ય છે. એવી વાત દેશપાંડેએ અથવા બીજાઓએ પણ કરી માટે આપણે સ્વીકારવી જ પડે એવું અનિવાર્ય નથી. ભામાહાદિ તરફ આનંદે જે આદર વ્યક્ત કર્યો છે; એના સંદર્ભમાં લેખકનો ભામાહાદિનો ઉલ્લેખ વિચિત્ર લાગે છે. ભામાહાદિની સુંવાળી સમજ આ માટે જવાબદાર હોઈ શકે. સંસ્કૃત અલંકારશાસ્ત્ર અંગેનાં બીજા ગુજરાતી મિત્રોનાં લખાણો પણ થોડા નજરતળે કાઢવાનું લેખક રાખે તો ગેરલાભ નહિ થાય. પૃ. ૨૨ પર (પેરા ૨) લેખક નોંધે છે: "દંડીને અલંકારવાદી ગણાવવામાં થોડું ઔચિત્ય ભલે રહ્યું હોય, પણ એનું વલણ મુખ્યત્વે રીતિવાદ તરફ ઢળતું છે એમ લાગ્યા વિના રહેતું નથી." આ પછી દે(De)માંથી ઉદ્ધરણ ટાંક્યું છે. લેખકે એ વાત ખ્યાલમાં રાખવી જોઈએ કે, દંડી કે ભામહને 'અલંકારવાદી' કહેવામાં આવે ત્યારે તેઓ વ્યાપક અર્થમાં 'કાવ્યાલંકારવાદી' અથવા 'કાવ્યસૌંદર્યવાદી' એ જ છે. બાકી આ કહેવાતા અલંકારવાદીઓમાંના કોઈએ "अलंकारः काव्यस्य आत्मा" એવું કયાંય કહ્યું નથી. પૃ. ૨૪ ઉપર (પેરા ૨) એક વિધાન એવું જ અસાવધ છે: "ધ્વનિકાર પદરચનાના સમાસલક્ષણને સંઘટના કહે છે; આ જ ત્રણ ગુણો પણ સ્વીકારે છે, **પરંતુ ગુણોને અને સંઘટનાને કોઈ જાતનો સંબંધ નથી** એમ બતાવે છે." આ વિધાન આશ્ચર્યકારક રીતે ખોટું છે.

પ્રકરણ-૫ ખૂબ રોચક રીતે લખાયું છે. શૈલી અને રીતિના વિચારોને લેખકે ખૂબ સૂઝપૂર્વક સરખાવ્યા છે. **પ્રકરણ-૬**માં કુન્તક, ધ્વનિકાર, મમ્મટ, વિશ્વનાથ અને જગન્નાથ વિષેનું લખાણ ઓછીવત્તી ગુણવત્તાવાળું છે. ખાસ કરીને ધ્વન્યાલોક લેખકે સાદ્યન્ત ફરી જોઈ જવો જરૂરી છે. "વામનની યોજનામાં જ ધ્વનિમાર્ગનાં બીજ પડેલાં છે. એના સમાધિ-કાન્તિને ભેગા મૂકો અને એની સાથે પ્રસાદ ગુણના અન્વયે બીજા ગુણોનો સંબંધ જોડવા માંડો એટલે

એમાંથી ધ્વનિસિદ્ધાન્ત નીકળી આવે છે." (પૃ. ૫૭). આવાં સમીકરણો દેખાય છે તેવાં સરળ નથી હોતાં તેનો ખ્યાલ લેખકે રાખવો જોઈએ. વાસ્તવમાં આવાં વિધાનો પાછળ લેખકનો અંગત અભિનિવેશ વધારે કામ કરતો લાગે છે, ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં થયેલું તટસ્થ મૂલ્યાંકન નહિ. એવી રીતે 'વામનીયાઃ'ની અદાથી લેખકે મમ્મટને જવાબ આપવાનો પ્રયાસ (પૃ. ૬૦) કર્યો છે. "વળી ગુણો પાનકરસન્યાયે રીતિને વિશિષ્ટ કરે છે..." (પૃ. ૬૦)—વામને પાનકરસન્યાય ક્યાંય કહ્યો છે ખરો?—પૃ. ૬૧ ઉપરની પાદટીપમાં ધ્વન્યા. ૪.૧૪ પ્રમાણે રસોને કારણે બન્ધ ઉજ્જવળ બને છે એવું તારણ કાઢવાનો પ્રયાસ છે. તે પણ બરાબર નથી લાગતું. (પૃ. ૬૧)— "આ જ ત્રણેને,......એ જ ત્રણને એણે અવર, મધ્યમ અને ઉત્તમ કાવ્ય પણ કહ્યાં હોત,"— આનંદવર્ધને ક્યાંય ઉત્તમ, મધ્યમ, વગેરે શબ્દોનો પ્રયોગ નથી કર્યો તેનો ખ્યાલ રાખવો જરૂરી છે. એ પછીનો પેરા પણ વધુ ચોક્કસ લખાણરૂપ જણાતો નથી. પૃ. ૬૩ ઉપર, "આ પરથી એમ સમજાય છે...કરી શક્યો નથી." આવાં વિધાનો પણ લેખકના દુરાગ્રહને જ દ્યોતિત કરે છે.

પ્રકરણ-૬માં ગેરસમજોનું નિરાકરણ અસરકારક રીતે થયું છે. કેટલાક ગુજરાતી અભ્યાસીઓએ 'ઉભડક પરિચય' આપ્યો છે; એની સરખામણીમાં લેખકનું નિરૂપણ ખૂબ સંગીન છે.

આ જ વિષય ઉપર શ્રી અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની પુસ્તિકા પણ ગ્રન્થનિર્માણ બોર્ડે પ્રકાશિત કરી છે એનો ઉલ્લેખ પણ કરી લઉં. અનિરુદ્ધનું લખાણ "बालानां सुखबोधाय" છે, જ્યારે રાજેન્દ્રનું લખાણ "सहृदयमनः प्रीतये" છે એવું કહેવાની ભાગ્યે જ જરૂર જણાશે. ફક્ત થોડી વધુ ચોકસાઈ સધાવાની બાકી છે. પુનઃ આ પુસ્તકને હાર્દિક આવકાર આપી વિરમીશ.

તપસ્વી નાન્દી

* * *

નીરાજના : લે. ગૌરીપ્રસાદ ચૂ. ઝાલા, સં. ડૉ. રમણલાલ ચી. શાહ અને બીજાં, પ્ર. ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, નહેરુ માર્ગ, સૂરત; પૃ. ૩૫૪, મૂલ્ય પંદર રૂપિયા.

સર્વશ્રી આનંદશંકર ધ્રુવ, નર્મદાશંકર મહેતા વગેરેથી શરૂ થઈને છેક પ્રજ્ઞાચક્ષુ સુખલાલજી સુધી વિસ્તરેલી સંસ્કૃતના પ્રાજ્ઞ પંડિતોની પેઢીમાં પોતાની આગવી વિદ્યાકીય વિવેકદૃષ્ટિ અને નિરૂપણરીતિથી વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરનાર પ્રો. ગૌરીપ્રસાદ ઝાલાના નામ આગળ સ્વ. શબ્દનો પ્રયોગ કરતાં કલમ કંપે છે. સિદ્ધાંતનિષ્ઠ રસિક શિક્ષક તરીકે તથા દેશવિદેશમાં સંસ્કૃત સાહિત્ય અને સંશોધનના ક્ષેત્રમાંના તેમના અભ્યાસપૂર્ણ લેખોના વિદ્વાન તરીકે પ્રતિષ્ઠાને વરેલા એ વિદ્યાપુરુષે વિદ્યાર્થીઓ અને વિદ્વાનોનાં હૃદયમાં આદરભર્યું સ્થાન પ્રાપ્ત કરેલું. સાહિત્ય પ્રત્યેની એમની અભિજાત રુચિ ઉપરાંત સાહિત્યનાં રસસ્થાનો શોધી-બતાવી સહૃદયો કે વિદ્યાર્થીઓને સાહિત્યાભિમુખ કરવાની એમની શક્તિ માન ઉપજાવે એવી હતી.

સંસ્કૃતમાં, અંગ્રેજીમાં અને ગુજરાતીમાં તેમણે લખેલાં ગ્રંથો, વ્યાખ્યાનો, વાયુ-વાર્તાલાપો, અભ્યાસપૂર્ણ ગ્રન્થાવલોકનો અને સંપાદનો વગેરેની સંખ્યા એટલી મોટી છે કે 'પ્રો. ગૌરીપ્રસાદ ઝાલા સ્મારક સમિતિ'એ તેમનાં લખાણોની વ્યવસ્થિત સંકલના કરી તેને ચાર ગ્રંથોમાં પ્રકાશિત કરવાની યોજના ઘડી છે. તેમના કેટલાક સંસ્કૃત સાહિત્યવિષયક ગુજરાતી લેખોનો પ્રથમ સંગ્રહ 'નીરાજના' નામે પ્રકટ કર્યો છે, તે સ્તુત્ય છે.

'નિરાજના'ના મોટા ભાગના લેખો કૌમુદી, પ્રસ્થાનથી માંડી સંસ્કૃતિ, માનસી, રશ્મિ, ઊર્મિ, અખંડ આનંદ જેવાં પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રકટ થઈ ચૂક્યા છે. સામાન્ય અભ્યાસીઓ અને વિદ્વગ્ધ વિદ્વાનો સહુને સાહિત્ય–આસ્વાદનો સંતોષ ઉપરાંત વિષય વિષે નવીન રીતે વિચારવાની પ્રેરણા મળે એવી ઘણાખરા લેખોની સામગ્રી અને આલેખનરીતિ છે. 'નીરાજના'નું વિષયવૈવિધ્ય ઉપરાંત વિષયાનુરૂપ શૈલીવૈવિધ્ય પણ આકર્ષક છે.

તેમાં ઋગ્વેદનાં વિવિધ સૂક્તો કે તદંતર્ગત આખ્યાયિકા સંદર્ભ વગેરેને લગતા અભ્યસનીય મુદ્દાની શાસ્ત્રીય પણ હૃદયંગમ રીતે ચર્ચા કરતા સાત, તથા બ્રાહ્મણ અને ઉપનિષદોને લગતા ત્રણ લેખો છે. જુદાં જુદાં દૃષ્ટિબિંદુથી ચર્ચેલા ૪-૫ ગીતાવિષયક લેખો, રામાયણ, વાલ્મીકિ અને મહાભારતવિષયક, ષડ્દર્શન, દર્શનકારો, તો બીજી બાજુ ભગવાન બુદ્ધ, જાતકકથાઓ ત્રિપિટક, દીપવંસ-મહાવંસ વિષેના લેખો, તથા સાતેક કાલિદાસવિષયક લેખો છે. ગુજરાતી સંસ્કૃત અને અંગ્રેજીમાં ૭ પુસ્તકોનાં ટૂંકા પણ અભ્યાસપૂર્ણ અવલોકનોનો પણ તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સંસ્કૃત કાવ્યો–નાટકોમાં ખંડકાવ્ય, ચમ્પૂકાવ્ય, એકોક્તિ, હાસ્ય, વૈરાગ્યભાવના સ્તોત્રો વગેરેને લગતા લેખોમાં પણ પ્રો. ઝાલા સાહેબની સ્વાધ્યાયવૃત્તિની વિશિષ્ટ દૃષ્ટિનો પરિચય થાય છે.

ઋગ્વેદનાં સૂક્તોની કે મહાકાવ્યોમાંના વિષયોની પસંદગીમાં તેમની મૌલિક દૃષ્ટિની પ્રતીતિ થાય છે. તેમણે ચર્વિતચર્વણ કર્યું નથી. દરેક લેખ કદમાં નાનો હોય છે પરંતુ સંક્ષિપ્તતામાં પણ ઉપક્રમ, મુખ્યમુદ્દાનું વિશિષ્ટ વિવરણ અને સુઘટિત લક્ષ્યવેધી અંતથી લઘુલેખ સાદ્યન્ત સુવાચ્ય રમણીય બની રહે છે. 'પ્રસ્વાપિની ઉપનિષદ' (ઋ. ૭-૫૫) 'અરણ્યાની સૂક્ત' (ઋ. ૧૦-૧૪૬) એના ઉત્તમ ઉદાહરણરૂપ છે. મૂળનું ભાવસૌન્દર્ય નંદવાય નહીં એ રીતે તેઓ મૂલાનુસારી સુસ્પષ્ટ અનુવાદ આપે છે. 'અરણ્યાની સૂક્ત'નો પ્રો. ઝાલાએ કરેલો પદ્યાત્મક અનુવાદ 'વનસુંદરી ' શીર્ષક ' (પૃ.૩૦)થી આપ્યો છે તેમાં તેમનું કવિત્વકૌશલ અને પદ્યાનુસારી ભાષાન્તર કરવાની સૂઝની ઝાંખી થાય છે. આપણે આ પ્રકૃતિવિષયક ઊર્મિકાવ્યના બે જ શ્લોકોનો આસ્વાદ લઈએ :

ઢોર ચરતાં નિર્ભયે ઘર સમી વનરાઈએ,
ભાણુ ડૂબ્યે સીમમાંથી ગામ ભણી ગાડાં વળે
—તું જ વાળે તેહને, વનસુંદરી, વનસુંદરી ! ૩

જો ગાયને દે સાદ પેલો ! ને કાષ્ઠ અહીં આ કાપતો.
સાંજ ટાણે રાનમાં અસુરો થયેલો કામમાં
ફફડી ઊઠે ભણકારથી, "કોણ બોલ્યું-કોણ એ !"
વનસુંદરી, વનસુંદરી ! ૪

ડૉ. ઝાલાની વિચાર-વિવેચનપદ્ધતિ બુદ્ધિપૂત તથા તટસ્થ છે. કેટલાક લેખોમાં તેમને જે તે વિષય પરત્વે પ્રસિદ્ધ વિદ્વાનોના અભિપ્રાયથી સહેજ જુદું પડી આવતું દૃષ્ટિબિંદુ દર્શાવવાનું હોય છે ત્યાં તેઓ સૌજન્યપૂર્વક બહુ જ સરળતાથી પણ સ્પષ્ટ અને શાસ્ત્રીય રીતે પોતાના આગવા અનુમાન કે અર્થદર્શનનું ટૂંકાણમાં સમર્થન કરતા હોય છે. તેમણે કરેલાં કેટલાંક અવલોકનોમાં પણ આ મૌલિક અભિગમ અને આલોચનદૃષ્ટિ સ્પષ્ટ તરી આવે છે. કાકાસાહેબના 'ગીતાધર્મ'ના અવલોકનમાં છેલ્લે સમીક્ષક માર્મિક ટકોર કરી છે.

"સામ્યવાદી પક્ષના નેતાને હાથે આ ગીતાધર્મ લખાવાયો છે. વ્યાસે ગણપતિ પાસે સમજ્યા વિના ન લખવું એવી શરત કારવી હતી, તેવી કોઈ શરત કાકાસાહેબે પણ આ ગણેશ પાસે કરાવી હતી કે ?" (પૃ. ૨૯૭) કાકાસાહેબ બ્રહ્મનો વ્યાપક સમાજ અને બ્રહ્મોપાસનાનો સમાજની સેવા-શુદ્ધિ-સમૃદ્ધિનું કાર્ય એવો જે અર્થ કરે છે તે પ્રતિ નિર્દેશ કર્યો જણાય છે. ('સામ્યવાદી'માં 'સર્વોદયવાદી'નો અર્થ અભિપ્રેત હશે !).

તે જ પ્રમાણે ડૉ. પ્રતાપરાય મોદી કૃત 'ભગવદ્ગીતા'ના અવલોકનમાં 'દરેક અધ્યાયમાં એક અમુક યોગનો ખાસ ઉપદેશ કર્યો છે' એ મુદ્દાની મર્યાદા બતાવતાં પ્રો. ઝાલાએ જણાવ્યું છે કે; "અધ્યાયના નામમાં નજરે આવતા **योग** શબ્દ ઉપર મોદી સાહેબે મહાકાય ઈમારત બાંધી છે; પણ તેનો પાયો, શાસ્ત્રીય દૃષ્ટિએ, સબળ નથી." તે જ રીતે ॐ **तत्सत्** મન્ત્રના અર્થદર્શનની પણ અસ્પષ્ટતા બતાવી છે,

ડૉ. ભો. જ. સાંડેસરાકૃત 'પંચતંત્ર'ના અવલોકનમાં પણ તેમણે નીચેની બાબતો મુક્ત મનથી રજૂ કરી છે (૧) સંપાદન કાર્યમાં છેલ્લામાં છેલ્લી આવૃત્તિઓનો ઉપયોગ જ શાસ્ત્રીય દૃષ્ટિએ ઇષ્ટ ગણાય, (૨) પાંચમા તન્ત્રમાં બે સ્થળે વપરાયેલો શબ્દ **उत्कलापकयित्वा** છે- **मुत्कलापयित्वा** નહિ. 'વિદાય માગીને' એવું કરેલું 'ભાષાન્તર-અર્થદર્શન સંતોષકારક નથી.' (૩) પંચતંત્રની કથા (બૌદ્ધ નહિ પણ) જૈન ભિક્ષુઓને અનુલક્ષીને લખાઈ છે, એમ માનવું વધારે યોગ્ય છે. તેના સમર્થનમાં તેમણે કારણો પણ આપ્યાં છે. વિશેષમાં ભાષાન્તરમાં શંકાસ્પદ સ્થાનો કે મતભેદને અવકાશ આપે એવી ૧૦-૧૧ વિગતોની તેમણે ટૂંકી પણ મુદ્દાસાર ચર્ચા કરી છે.

તે જ પ્રમાણે શ્રી ડોલરરાય માંકડના સ્વતંત્ર વિચારપ્રેરક ગ્રન્થ The Types of Sanskrit Drama ની તેઓ વિસ્તારથી સમાલોચના કરે છે અને ભાણ ઉપરૂપકમાંથી ભાણ રૂપક નિષ્પન્ન થયાનો—રૂપકોની ઉત્કાન્તિ વિષેનો—ડૉ. માંકડે પ્રતિપાદન કરેલા મતનો તેઓ અસ્વીકાર કરે છે.

'વાલ્મીકિ રામાયણની સમીક્ષિત આવૃત્તિ,' અને 'વાલ્મીકિ રામાયણની વાચનાઓ' એ બે 'નીરાજના'ના ધ્યાનપાત્ર લેખો છે. વડોદરાની મ. સ. યુનિવર્સિટીના રામાયણ વિભાગ તરફથી રામાયણના વિવિધ કાંડોની વિવિધ હસ્તપ્રતોની તુલના દ્વારા તૈયાર કરેલી એક સમીક્ષિત આવૃત્તિ પ્રગટ કરવાનું ભગીરથ કાર્ય થયું છે. તેમાં પ્રો. ગોવિંદલાલ ભટ્ટ (બાલકાંડ) ડૉ. પી. એલ. વૈદ્ય (અયોધ્યાકાંડ), શ્રી પી.સી. દિવાનજી (અરણ્યકાંડ), અને શ્રી ડૉલરરાય માંકડ (કિષ્કિંધા)નાં વિદ્વત્તાપૂર્ણ સંપાદનકાર્યને અંજલિ આપતાં પ્રો. ઝાલાએ પોતાના મતભેદનાં દૃષ્ટિબિંદુઓ પણ રજૂ કર્યાં છે. 'સુંદરકાંડ'ની આવૃત્તિનું સંપાદનકાર્ય પ્રો. ઝાલાને સોંપવામાં આવેલું. તેમાં તેમની સૂક્ષ્મ કુશાગ્ર વિવેકબુદ્ધિ અને પારગામી સંશોધનવૃત્તિની પ્રતીતિ થયા વિના રહેતી નથી. ઉદીચ્ય અને દાક્ષિણાત્ય પૈકી કયી વાચનાઓ વધારે શ્રદ્ધેય શા માટે ગણવી જોઈએ એની આલોચના કરતાં તેમણે ડૉ. સુખઠણકર, ડૉ. યાકોબી...વગેરે વિદ્વાનોના મતોનું પણ તટસ્થ પરીક્ષણ-મૂલ્યાંકન કર્યું છે એટલું જ નહીં પણ પોતાનાં વિચારો-સૂચનો સ્પષ્ટ રીતે દર્શાવ્યાં છે. લેખની સાથે આપેલો પારિભાષિક સંજ્ઞાઓનો શબ્દકોષ અભ્યાસીઓને ઉપયોગી નીવડે એવો છે.

મુખ્યત્વે પ્રો. શેંબવણકરના અને અંશતઃ પ્રો. ઠાકોરના મુદ્દાઓની ચર્ચાને આવરી લેતા 'કાલિદાસ ક્યારે થયો' એ વિસ્તૃત લેખના અંતે લેખક એવા નિર્ણય પર આવે છે કે "કાલિદાસ ઈસવી સન પૂર્વે પહેલા શતકમાં પ્રમાર વંશના ઉજ્જયિનીના સમ્રાટ વિક્રમાદિત્યનો સમકાલીન હતો." (પૃ. ૨૨૭).

રસમીમાંસાની દૃષ્ટિએ કરેલી કાવ્યપ્રયોજન, શબ્દાલંકાર વગેરે વિષયોની ટૂંકી પણ મર્મગ્રાહી ચર્ચામાં તેમણે આપેલાં ઉદાહરણો તેમના ગુજરાતી કવિતાના ઊંડા અભ્યાસનાં તથા કાવ્યકલા પારખવાની શક્તિનાં દ્યોતક છે.

વિચારસામગ્રી અને વિવરણરીતિમાં સુયોગ્ય કક્ષાભેદ વર્તાતો હોવા છતાં તેમનાં સર્વ લખાણોમાં એક વ્યુત્પન્ન વિદ્યાપુરુષની પ્રયાસંભૂત સૂક્ષ્મ દૃષ્ટિ-ગતિની એકસૂત્રતા જળવાઈ રહેલી જોવા મળે છે. મિથ્યા પાંડિત્યનો પરિહાર કરનારી છતાં અતિ સામાન્યતામાં સરી નહીં પડનારી પ્રો. ઝાલાની ગદ્યશૈલી સહૃદય વિદ્યારસિકો અને વિદગ્ધોનું એક સરખું આકર્ષણ બની રહે છે. અલબત્ત, એક જ વિષયના જુદા જુદા વાર્તાલાપોમાં આવતી વિચારો અને વિધાનોની પુનરુક્તિ, લેખક પોતે હયાત હોત તો એવા લેખો નવેસરથી સંકલિત સ્વરૂપે લખાતાં, ટાળી શકાઈ હોત.

આ પ્રકારના બહુમૂલ્ય સંપાદન અને પ્રકાશન માટે સ્મારક સમિતિ અભિનંદનને પાત્ર છે. 'નીરાજના' ના અનુગામી ગ્રંથો જલદી પ્રસિદ્ધ થાય એવી આશા અસ્થાને નથી જ.

મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)

*　　　　*　　　　*

સાભાર સ્વીકાર

૧ **जैन धर्म का मौलिक इतिहास (दूसरा भाग) :** ले. आचार्य श्री हस्तीमलजी महाराज, प्र. जैन इतिहास समिति, आचार्य, विजय चन्दूर ज्ञान भण्डार, लालभवन, चौडा रास्ता, जयपुर (राजस्थान), पृ. ८६३ मूल्य रु. ४०=००

૨ **ગુજરાતનાં નવાં તીર્થધામો :** લે. વિજયગુપ્ત મૌર્ય : પ્ર. માહિતી ખાતુ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર, પૃ. ૯૦, કિંમત છાપી નથી.

૩ **ઘરગથ્થુ તાત્કાલિક સારવાર :** લે. શોભન, પ્ર. આયુપ્રકાશન, ૬ હરસિદ્ધ ચેમ્બર્સ, બીજે માળ, ઈન્કમટેક્ષ ઓફિસ સામે, આશ્રમરોડ, અમદાવાદ-૧૩, પૃ. : ૯૬, કિંમત રૂ. ૩=૦૦.

૪ **કન્ફ્યૂશિયસનાં બોધવચનો :** અનુ. મોહનલાલ દવે, પ્ર. સાહિત્ય અકાદેમી, રવીન્દ્રભવન, ૩૫, ફિરોઝશાહ રોડ, નવી દિલ્હી-૧, પૃ. ૧૨૭, કિંમત રૂા. ૧૦=૦૦.

૫ **કૃષ્ણ-રુક્મિણી :** લે. શ્રી યોગેશ્વરજી : પ્ર. સાહિત્ય સંગમ, બાવાસીદી, ગોપીપુરા, સૂરત-૨, પૃં. ૨૦૮, કિંમત રૂ. ૫=૦૦.

૬ **અનુવાદની સમસ્યા : એક સંગોષ્ઠી :** સં. મોહનભાઈ શંકરભાઈ પટેલ, પ્ર. કુલસચિવ, ગૂજરાત વિદ્યાપીઠ. અમદાવાદ-૩૮૦૦૧૪, પૃ. ૧૩૧, કિંમત રૂા. ૧૨=૦૦.

સ્વાધ્યાય

પુસ્તક ૧૨ : અંક ૪ ઑગસ્ટ, ૧૯૭૫

જન્માષ્ટમી વિ. સં. ૨૦૩૧

અનુક્રમ

			પૃષ્ઠાંક
૧.	સત્ય-ધર્મસ્વરૂપ શ્રીકૃષ્ણ—ઉપેન્દ્ર જ. સાંડેસરા	...	૩૬૯–૩૯૫
૨.	સંસ્કૃત નાટકો અને તેની ટીકાઓ—બિપિનચંદ્ર કાપડિયા	...	૩૯૬–૪૦૪
૩.	શ્રીમદ્‌ગદાધરમાહાત્મ્ય અને તેનું સાંસ્કૃતિક સ્વરૂપ —નવીનચંદ્ર આચાર્ય	...	૪૦૫–૪૧૬
૪.	'અંગવિજ્જા'નો સમય અને તેમાં પ્રતિબિંબિત સંસ્કૃતિ —રમેશ જમીનદાર	...	૪૧૭–૪૩૦
૫.	વાચનાચાર્ય મુનિતિલક પદ સ્થાપના ચઉપઈ (સં. ૧૩૯૪) —અગરચંદ નાહટા	...	૪૩૧–૪૩૩
૬.	ગુજરાતીનાં પરંપરાગત વ્યાકરણો અને સમાસનિરૂપણ —જે. સી. દવે	...	૪૩૪–૪૪૫
૭.	સોમસુંદરસૂરિકૃત સ્થૂલિભદ્રચરિત—વસંતરાય બી. દવે	...	૪૪૬–૪૫૯
૮.	માસરનાં કેટલાંક શિલ્પો—વસંતકુમાર એસ. પારેખ	...	૪૬૦–૪૬૪
૯.	ભારતીય સંસ્કૃતિમાં નારીનું ગૌરવ—અરુણોદય ન. જાની	...	૪૬૫–૪૬૮
૧૦.	ગ્રન્થાવલોકન :		
	(૧) સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં રીતિવિચાર	...	૪૬૯–૪૭૪
	(૨) નીરાજના	...	૪૭૪–૪૭૭
	(૩) સાભાર સ્વીકાર	...	૪૭૮

શ્રી સયાજી સાહિત્યમાલા

		રૂ. ન.પૈ.
૧	**ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી	૮=૦૦
૨	**આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર	૯=૦૦
૩	**આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ	૪=૦૦
૪	**ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક	૪=૦૦
૫	**કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી	૧૩=૦૦
૬	**અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે	૫=૫૦
૭	**ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી	૧૮=૦૦
૮	**હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા	૧૧=૦૦
૯	**માનવસર્જિત વસ્તુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ	૧૦=૫૦
૧૦	**ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા	૩=૦૦
૧૧	**શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા	૮=૦૦
૧૨	**ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા,** ભાગ ૧	૯=૦૦
૧૩	**આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર	૯=૦૦
૧૪	**કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત	૭=૫૦
૧૫	**ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા	૧૫=૫૦
૧૬	**ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા	૬=૦૦
૧૭	**મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—કરીમ મહંમદ માસ્તર	૧૭=૦૦
૧૮	**ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી	૧૩=૦૦
૧૯	**ગુજરાત: એક દર્શન** (બીજી આવૃત્તિ)—શ્રી શિવપ્રસાદ રાજગોર	૧૫=૫૦
૨૦	**પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ	૧૩=૦૦
૨૧	**પંચદશીતાત્પર્ય**—સ્વામી પ્રણવતીર્થજી	૬=૦૦
૨૨	**અખો અને મધ્યકાલીન સન્તપરંપરા**—ડૉ. યો. જ. ત્રિપાઠી	૧૪=૫૦
૨૩	**શ્રીમદ્ ભાગવત: ભાગ ૨**—સ્વ. નાગરદાસ અ. પંડ્યા	૧૧=૫૦
૨૪	**ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧**—શ્રી બાપાલાલ ગ. વૈદ્ય	૨૬=૦૦
૨૫	**આકાશના દીવા**—સ્વ. રજનીકાન્ત મોદી (બાળકો માટે)	૪=૦૦
૨૬	**માતા અને બાળક**—શ્રીમતી વત્સલા મહેતા (માતુશ્રી જમનાબાઈ ગ્રન્થમાળા, પુષ્પ ૫)	૮=૦૦
૨૭	**ગુજરાતનો પૉટરી ઉદ્યોગ**—શ્રી શાંતિલાલ પી. પુરોહિત	૮=૭૫

પ્રાપ્તિસ્થાન: **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,
રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦૦૦૧



everest/365k/ACW Guj

પોસ્ટ ઑફિસ રિકરીંગ
ડિપોઝીટ યોજનાથી
આપની વૃદ્ધાવસ્થા અને કુટુંબ
નિશ્ચિત બને છે.
આ યોજનામાં વીમા જેવા લાભો
પણ મળે છે.

નાની બચત
ઘડપણનો સહારો

વિગત માટે :
કલેકટર કચેરી. પોસ્ટ ઑફિસ
જિલ્લા બચત અધિકારી

આજે માટે
તૈયાર છો
પણ
આવતી
કાલ નો
વિચાર
કર્યો છે?



આપમેળે વધતું જતું સલામત રોકાણ

દેના બેંક કૅશ સર્ટિફિકેટ :
આપની બચતને અનેકગણી કરવાનો સરળ માર્ગ.

દેના બેંક કૅશ સર્ટિફિકેટમાં કરેલું નાણાંનું રોકાણ દસ વર્ષમાં લગભગ ત્રણગણું અને વીસ વર્ષમાં સાતગણાથી અધિક થાય છે, દા.ત. આપ હમણાં રૂ. ૩૬.૯૪ની રકમ રોકો તો દસ વર્ષમાં આપને રૂ. ૧૦૦ મળશે અથવા રૂ. ૧૩.૬૫ જેટલી સાવ નાની રકમનાં વીસ વર્ષમાં આપને રૂ. ૧૦૦ મળશે.

દેના બેંક કૅશ સર્ટિફિકેટ રૂ. ૧૦૦, રૂ. ૧,૦૦૦, રૂ. ૫,૦૦૦, રૂ. ૧૦,૦૦૦, રૂ. ૫૦,૦૦૦, રૂ. ૧,૦૦,૦૦૦ના અંકમાં, ૨૦, ૧૫, ૧૦, ૬ વર્ષ, ૬૧ મહિના, ૪ અને ૩ વર્ષના ગાળા માટે આકર્ષક વેચાણ કિંમતે મળે છે.



ના બેંકની અન્ય બચત યોજનાઓમાંથી પણ આપ પસંદગી કરી શકો છો; આમાં પણ આપને એટલા જ ઊંચાં વ્યાજના દરનો લાભ મળી શકે છે. વધુ માહિતી માટે આપની નજીકની દેના બેંક શાખાની મુલાકાત લો અને આપનાં નાણાંને આપમેળે ઉત્તરોત્તર વધવા દો.

દેના બેંક

(ગવર્નમેંટ ઑફ ઈંડિયા અંડરટેકિંગ)
હેડ ઑફિસ : હૉર્નિમેન સર્કલ,
મુંબઈ ૪૦૦૦૨૩

Ratan Batra/DB/G/277

વિજેતા બેલડી

હોડ જીતવા માટે ખેડૂત શ્રેષ્ઠ પૈકીના બે બળદની ઉત્તમ જોડને જોતરે છે. જ્યોતિ સર્વશ્રેષ્ઠ પમ્પ અને સર્વશ્રેષ્ઠ મોટરનું ઉત્પાદન કરે છે અને એ બન્નેને એક એકમમાં જોડીને એ યુનિબિલ્ટ પમ્પનું નિર્માણ કરે છે.

પમ્પ મોટરના ઉત્પાદન ક્ષેત્રમાં જ્યોતિની દાયકાઓની તાંત્રિક જાણકારી, વિશેષજ્ઞતા તેમજ ઊંડા સંશોધનના ફલસ્વરૂપ યુનિબિલ્ટ પંપ ઉત્તમ કામગીરી બજાવવામાં મોખરે છે. એ વિપુલ પાણી પૂરું પાડે છે અને ઓછામાં ઓછા વિદ્યુત ખર્ચે ચાલે છે. વધુ અનાજ ઉગાડવા આપ નચિંતપણે યુનિબિલ્ટ પર આધાર રાખી શકો છો!

જ્યોતિ યુનિબિલ્ટ

ઉત્પાદક :
જ્યોતિ લિમિટેડ, વડોદરા ૩
quality is our creed



everest/716a/JY gj

નાના ઉદ્યોગપતિઓ!



જો નાણાં
એ તમારી સમસ્યા હોય, તો

બૅન્ક ઑફ્ બરોડા
એ તેનો ઉકેલ છે.

એક વિચારથી માંડીને...
તેને પૂર્તિ કરવાના...
અને વિકસાવવાના સમગ્ર માર્ગમાં
બૅન્ક ઑફ્ બરોડા તમારી સાથે છે:

જો નાના પાયા પરનો ઉદ્યોગ શરૂ કરવા માટે અથવા વિકસાવવા માટે તમારામાં ધગશ, કુશળતા અથવા ટેકનીકલ જ્ઞાન હોય તો બૅન્ક ઑફ્ બરોડા તમને જરૂરી નાણાં ધીરશે... પુન: ચુકવણી અંગેની હળવી શરતોએ. વધુ વિગતો માટે બૅન્ક ઑફ્ બરોડાની નજીકની શાખાનો સંપર્ક સાધો.

BANK OF BARODA
અહર્નિશં સેવામહે

ચિર સમૃદ્ધિનું પ્રતીક
બૅન્ક ઑફ બરોડા

ભારતમાં અને પરદેશો — બ્રિટન, પૂર્વ આફ્રિકા, મોરીશિયસ, ફિજી ટાપુઓ અને ગિયાનામાં — મળીને ૭૦૦ ઉપરાંત શાખાઓનું જૂથ.

Shilpi BOB 25A/72 Guj.

સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ** : પુ. ૧૩, અંક ૧, દીપોત્સવી અંકથી :

—ભારતમાં....રૂા. ૨૦=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં : યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૬ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....પૌં ૨.૫૦

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ, વડોદરા, એ નામે મોકલવું.

૪. **જાહેરાતો** :

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા-૧

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે. ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ પ્રમાણેની જોડણી રાખવી આવશ્યક છે.

પ્રાચ્યવિદ્યા મન્દિર,
લોકમાન્ય ટિળક રોડ,
પો. બૉક્સ નં. ૭૫,
વડોદરા—૧.

સંપાદક

મુદ્રક : શ્રી રસિકલાલ છો. પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા; પ્રકાશક : ડૉ. અરુણોદય ન. જાની, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, સપ્ટેમ્બર, ૧૯૭૫.

ચિત્ર ૩

કુબેર

ચિત્ર ૨

પરશુરામ

[ચિત્રોની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી પારેખનો લેખ]

ચિત્ર ૪

વીણાધર શિવ

[ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી પારેખનો લેખ]